CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મધુર અદ્વૈત

(ભક્તિયોગ)

'જ્ઞાનેશ્વરીનો બારમો અધ્યાય'

વિમલા ઠકાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મધુર અદ્વૈત

(ભક્તિયોગ)

"જ્ઞાનેશ્વરીનો બારમો અધ્યાય"

વિમલા ઠકાર

સંકલન : પ્રભા મર્ચન્ટ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મધુર અદ્વૈત

વિમલ પ્રકાશન ટ્રસ્ટ

પ્રથમ સંસ્કરણ : ૨૦૦૨

મૂલ્ય : રૂા. ૫૦-૦૦

પ્રકાશક :

વિમલ પ્રકાશન ટ્રસ્ટ
સંતકૃપા,રત્નમ ટાવર્સ,
ચીફ જસ્ટિસના બંગલાની બાજુમાં, જજીસ બંગલો રોડ,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૧

પ્રાપ્તિસ્થાન :

વિમલ પ્રકાશન ટ્રસ્ટ
સંતકૃપા, રત્નમ ટાવર્સ,
ચીફ જસ્ટિસના બંગલાની બાજુમાં, જજીસ બંગલો રોડ,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૧

ટાઈપ સેટીંગ :
સિદ્ધેશ ગ્રાફીક્સ એન્ડ પ્રિન્ટર્સ,
એ/૬, શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા,
અમદાવાદ. ફોન.નં. ૫૬૨૬૨૪૦

મુદ્રક :
શ્રી ગણેશ ઓફસેટ
એ/૬, શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા,
અમદાવાદ- ૩૮૦૦૦૪ ફોન. ૫૬૨૬૨૪૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિવેદન

અદ્વૈત અધિષ્ઠિત ભક્તિના એક અનુપમ ગ્રંથ 'જ્ઞાનેશ્વરી'ના બારમા અધ્યાય 'ભક્તિયોગ'નું એક અભૂતપૂર્વ પારાયણ દીદીની અમૃતમય વાણીમાં ૧૯૮૬માં ભાવનગરમાં શ્રી વસુભાઈ -ચંદ્રાબહેનની વિજ્ઞપ્તિથી યોજાયું. એમાં ઉપસ્થિત શ્રોતાજનોએ પોતાની સઘળી ઈન્દ્રિયોની શક્તિને એના શ્રવણમાં સંક્રાન્ત કરી દીધી હતી. એ અનોખું પારાયણ 'રામનવમી વિશેષાંક' રૂપે પ્રકાશિત થયું હતું. આજે એ જ પારાયણ ચંદ્રાબહેનના અનુરોધથી "મધુર અદ્વૈત" પુસ્તકરૂપે વાચકો સમક્ષ પ્રગટ થઈ રહ્યું છે. એનો અપાર આનંદ છે. આઠસો વર્ષ પહેલાં રચાયેલું બાલયોગી જ્ઞાનેશ્વરનું શ્રીમદ્ ભગવદ્ગીતા પરનું એક ભાષ્ય આજે એક અનન્ય ચૈતન્યસંસ્પર્શ કરાવનારો પ્રભાવક ગ્રંથ બની આપણને ભાવઝકઝોર કરી મૂકે છે એ સાહિત્યજગતની જ નહિ, અધ્યાત્મવિશ્વની એક અનોખી ઘટના છે. એ માટે ગુજરાતી પ્રજા જ નહીં સમગ્ર માનવજાત શ્રી જ્ઞાનેશ્વરની જ નહીં પણ દીદીની પણ સદા ઋણી રહેશે.

જ્ઞાનેશ્વરી ગીતાના બારમા અધ્યાય "મધુર અદ્વૈત" (ભક્તિયોગ)માં ભગવાન અને ભક્તના સાયુજ્યનું ગાન છે. પણ જ્ઞાનેશ્વરે ભક્તિની મહત્તાનું ગાન ગાયું છે તે અપૂર્વ છે. ભક્ત "વૈકુંઠ નહિ આવું મુને વ્રજ વહાલું" કહી ભગવાનનું માહાત્મ્ય કરે છે તો ભગવાન પણ 'હું ભક્ત વિનાના વૈકુંઠમાં નહીં રહું' કહી ભક્ત માટેનો પોતાનો અનન્ય ભાવ અપ્રગટ રાખી શકતા નથી. શ્રી જ્ઞાનેશ્વરના શ્રીકૃષ્ણ કહે છે :

'હે અર્જુન ! જગતમાં એક ભક્ત, એક યોગી છે જેને મળવાની મને તીવ્ર ઉત્કંઠા છે.સ-ત્વ-રજ-તમથી ભરેલા આ સંસારમાં જે નિત્ય સ્વસ્થ-નિદ્વંન્દ્વ થઈ ગયા છે, જે નિસ્ત્રૈગુણ્ય થઈ ગયા છે એવા ભક્ત આ જગતમાં તીર્થરૂપ છે, તીર્થક્ષેત્ર છે, એ પવિત્ર છે. એમનું હું ધ્યાન ધરું છું. એ જ મારું દેવતા-અર્ચન છે, પૂજા છે. એમના સિવાય બીજું કોઈ સર્વાંગસુંદર નથી.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આમ ભગવાન વસે છે ભક્તહૃદયમાં તો સર્જક શ્વસે છે ભાવકહૃદયમાં. અને આનું ઉત્તમોત્તમ ઉદાહરણ છે વિમલચેતનામાં અધિષ્ઠિત "જ્ઞાનેશ્વરી" અને એટલે જ આઠસો વર્ષ જૂનો આ ગ્રંથ વિમલવાણીમાં પ્રતિષ્ઠિત થઈ, નિત્યનૂતનતાની આભા ધારે છે. 'જ્ઞાનેશ્વરી'ની રસગંગાનું રસતત્વ વિમલઅવગાહનથી એવું મહિમાવંત બની જાય છે કે એને વર્ણવવા આપણા શબ્દો અપર્યાપ્ત નીવડે. પણ 'જ્ઞાનેશ્વરી'માં શિષ્ય ગુરુને કહે છે એ શબ્દોમાં આપણે આપણી ધન્યતા વ્યક્ત કરી શકીએ : 'અમારા જ પિંડમાં રહેલી સત્તરમી કલા જગાડીને બ્રહ્મરંધ્રમાં જે અમૃત પડ્યું છે એ પીવાની શક્તિ તમે અમારામાં પેદા કરી છે. અનાહત નાદ સાંભળવાની શક્તિ પેદા કરી છે.'

જ્ઞાનેશ્વરકૃત 'જ્ઞાનેશ્વરી' જેવી વિમલહૃદયમાં વસી એ વિમલવાણી દ્વારા આપણા સર્વમાં પણ વસો એ જ અંતરની ઈચ્છા.

કારતક પૂર્ણિમા *જ્ઞાનેશ્વર પ્રેમી*

તા. ૧૯-૧૧-૨૦૦૨

અમદાવાદ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિમલવાણીમાં પડઘાયેલી જ્ઞાનેશ્વરી

જ્ઞાનેશ્વરીની અમૃતધારાને અત્યંત
મધુર બનાવીને સત્સંગીઓ તરફ
જેમણે પ્રેમથી વહાવી એ
શ્રી ચરણોમાં.....

- વસુભાઈ પરિવાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીચરણ કમળોમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મધુર અદ્વૈત

તા. ૧૪.૧૨.૧૯૮૬,
સવાર ૮-૩૦

દસ અગિયાર વર્ષ પહેલાની વાત છે. અમારા સ્વજન શ્રી વસુભાઈ પારેખ તથા એમની જીવન સહચારિણી ચંદ્રાબહેનને ઘેર અમે બેઠા હતા ત્યારે બંનેએ ઈચ્છા પ્રગટ કરી કે એકવાર યોગીઓના સમ્રાટ ભાગવત્ વરિષ્ઠ બાળયોગી સંત જ્ઞાનેશ્વરનો પરિચય- એમની અક્ષરકાયાના ચરિત્રનો પરિચય તમે લોકોને કરાવો. એ વેળા શબ્દ અપાયો હતો એ પૂરો કરવાનો શુભ દિવસ આજે આવ્યો છે.

બાર વર્ષની ઉંમરે પોતાના જયેષ્ઠ ભ્રાતા યોગી નિવૃત્તિનાથની આજ્ઞાથી જ્ઞાનેશ્વરે શ્રીમદ્ ભગવદ્ગીતાનું ભાષ્ય લખવાનું શરૂ કર્યું. તમે જાણતા જ હશો કે નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન અને મુક્તા આ ચાર જ્યારે બાળકો હતા ત્યારે જ એમના માતાપિતાને જળસમાધિ લેવી પડી હતી. કેમકે સંન્યાસ આશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં પાછા આવવાનો શાસ્ત્ર અપરાધ એમનાથી ગુરુઆજ્ઞાને કારણે થયો હતો. શ્રી જ્ઞાનદેવ આઠ વર્ષની ઉંમરે મોટાભાઈ નિવૃત્તિનાથ પાસેથી દીક્ષા પામ્યા. ચાર વર્ષોમાં ગુરુ પાસે જે સાધના અને શાસ્ત્ર અધ્યયન કરવું હતું તે કરી લીધું હતું એટલે બાર વર્ષની ઉંમરે 'ભાવાર્થ -દીપિકા'ના નામથી જ્ઞાનેશ્વરીગ્રંથનું નિર્માણ કરવાનું શરૂ કર્યું. નિવૃત્તિનાથ અને જ્ઞાનદેવનો જન્મ નાથ પરંપરામાં થયો હતો. નિવૃત્તિનાથના ગુરૂ હતા ગહિનીનાથ, એમના ગુરુ ગેબીનાથ, એમના ગુરુ ગોરક્ષનાથ, એમના ગુરુ મત્સ્યેન્દ્રનાથ આ રીતે આદિનાથ સુધી આ પરંપરા જાય છે. નાથ પરંપરામાં શિવશક્તિની આરાધના-ઉપાસના થાય છે. હઠયોગ પ્રદીપિકા અનુસાર હઠયોગની સાધના થાય છે. ગોરક્ષસંહિતા અનુસાર તંત્ર માર્ગની સાધના કરાય છે. આ રીતે નાથપંથ અને નાથ સંપ્રદાયમાં જન્મેલા જ્ઞાનદેવ આત્મજ્ઞાન-આત્મબોધના અધિકારી તો હતા જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરંતુ એની સાથે ભક્તિની માધુરીથી એમનું જીવન રસાયેલું હતું. એમના જીવનની એક એક ક્ષણ ભક્તિમંડિત હતી. એટલે જ્ઞાનેશ્વરી ગ્રંથ મહારાષ્ટ્રના વૈષ્ણવો માટે અદ્વૈત અધિષ્ઠિત ભક્તિનો એક અનુપમ ગ્રંથ છે. જ્ઞાનેશ્વરીમાં ભક્તિનો અર્થ અજ્ઞાનજનિત ભોળોભાવ નથી. એમાં વિશ્વાસ પરાયણતા માટે કોઈ અવકાશ નથી. જ્ઞાનાધિષ્ઠિત ભક્તિયોગ મહારાષ્ટ્રના વૈષ્ણવધર્મની એક વિશેષતા છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાને જોવાની બે દૃષ્ટિ છે : એક દૃષ્ટિ તો એ છે કે મહાભારતના મધ્યભાગમાં શ્રીકૃષ્ણ અર્જુન સંવાદનું એમાં નિરૂપણ છે. એનું એક પ્રાસંગિક મહત્વ છે. આ દૃષ્ટિથી જોનારા ભારતવર્ષમાં અનેક લોકો છે. પરંતુ અમારા જેવા પ્રભુપાગલોના ચિત્તમાં એક પ્રશ્ન ઊઠે છે કે અર્જુને, અર્જુન વિષાદયોગ નામના પ્રથમ અધ્યાયમાં એ પૂછ્યું હતું કે હે પ્રભુ ! હું શું કરું ? હું યુદ્ધ કરું કે ના કરું ? લડવાનું ગમતું નથી. લડવાનું કેમ ગમતું નથી એના અનેક તર્ક એણે આપ્યા અને વિષાદથી અવસન્ન-ઉદાસ થઈને રથમાંથી ઉતરી પડ્યો. આવા મોહાવિષ્ટ પોતાના સાથીને - ભાઈને વાસુદેવ એવું તો કહી શકત ને કે તારો વિષાદ ખોટો છે. ચાલ ઊઠ, ઉભો થા ! યુદ્ધ કરવું એ તારો ધર્મ છે. આ ત્રણ વાક્યોમાં જ વાત પૂરી થઈ શકત. શ્રીકૃષ્ણ અર્જુન સંવાદને કેવળ પ્રાસંગિક જ માનવામાં આવે તો 'બ્રહ્મવિદ્યાયામ્ યોગશાસ્ત્રે શ્રી કૃષ્ણાર્જુન સંવાદે' આ બધું લખવાની જરૂરત નહોતી એટલે બીજી જ દૃષ્ટિથી ગીતાને જોવી જોઈએ, જે દૃષ્ટિથી બાળયોગી જ્ઞાનેશ્વરે જોઈ છે. એવું આ ગ્રંથથી પ્રતીત થાય છે.એ દૃષ્ટિ એ છે કે અર્જુને લડવા ન લડવાનો જે પ્રશ્ન પૂછ્યો હતો એ કેવળ વ્યક્તિગત પ્રશ્ન નહોતો. એ નીતિવિષયક-તત્વજ્ઞાન વિષયક પ્રશ્ન હતો, એટલે વાસુદેવ એને બ્રહ્મવિદ્યા સુધી લઈ ગયા છે. આત્મા-અનાત્મા શું છે ? ક્ષેત્ર શું છે? ક્ષેત્રજ્ઞ કોણ છે ? સાંખ્ય શું છે ? યોગ શું છે ? વેદાંત શું છે ? જીવન જીવવાનું એક શાશ્વત શાસ્ત્ર વાસુદેવના મુખથી અહીં પ્રગટ થયું છે. આ પ્રભુ નિશ્વસિત વેદ નથી. આ તો પોતાના શ્રી મુખથી વાસુદેવે જીવનશાસ્ત્રનું વર્ણન સામાન્યમાં સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે એવી ભાષામાં કર્યું છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરંતુ સંસ્કૃત ભાષાનો પરિચય ના હોવાને કારણે બહુજન સમાજ માટે આ સાતસો શ્લોકોની ગીતા પણ દુર્બોધ થઈ ગઈ. મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વર મહારાજ જ પહેલા હતા જેમણે આધ્યાત્મ વિષય પર પ્રાકૃત ભાષામાં ગ્રંથ લખ્યો.

ગીતાની અનેક ટીકાઓ સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે. જ્યારે બહુજન સમાજ સંસ્કૃત ભાષા જાણવા માટે અધિકારી મનાતો નહોતો જેમને માટે સંસ્કૃત ભાષાનું જ્ઞાન ઉપલબ્ધ નહોતું ત્યારે એમણે જ્ઞાનેશ્વરી ગ્રંથ મરાઠીમાં લખ્યો. કહ્યું કે 'સંસ્કૃત દેવે કેલી પ્રાકૃત કાય ચોરે નિર્મેલી' સંસ્કૃત દેવભાષા કહેવાય છે તો આ પ્રાકૃત ભાષા શું ચોરોએ નિર્માણ કરી છે? એ પણ સારસ્વત છે. એ પણ સરસ્વતી તનયા છે. એટલે હું ટીકા તો લખીશ પરંતુ મરાઠીમાં જ લખીશ. ગ્રંથના આરંભમાં જ પ્રતિજ્ઞા કરે છે કે અમૃતને પણ જીતી શકે એવાં મધુર શબ્દો મારી પ્રાકૃત ભાષામાંથી મને મળશે એવો મારો વિશ્વાસ છે. સેંકડો વર્ષો સુધી મહારાષ્ટ્રના મંદિરોમાં જ્ઞાનેશ્વરીનો ગ્રંથ વંચાતો નહોતો કારણકે એ પાકૃત ભાષામાં હતો.

એક તો સંન્યાસીનું સંતાન અને બીજું પ્રાકૃત ભાષામાં અધ્યાત્મનો ગ્રંથ લખવાનો અપરાધ-આને કારણે જ્ઞાનેશ્વરની જ્ઞાનેશ્વરી શતકો સુધી મહારાષ્ટ્રની જનતાથી દૂર-દૂર રહી. અત્યારે તો એ વંચાય છે. ગુજરાતની રસિક જનતા પાસે આ ગ્રંથનો બારમો અધ્યાય વાંચવાનું સૌભાગ્ય મને સાંપડયું છે એ પ્રભુની અપરંપાર કૃપા છે.

જ્ઞાનેશ્વરનો નાથ સંપ્રદાયમાં જન્મ, આત્મજ્ઞાનના શાસ્ત્રાભ્યાસના અધિકારી, સાધના કરેલો સિધ્ધ પુરુષ, સાહિત્ય-પ્રેમી અભિજાત કવિ. વાક્યમ્ રસાત્મકમ્ કાવ્યમ્- કાવ્યની એ પરિભાષા છે કે જે વાક્ય રસાત્મક હોય તેને કાવ્ય કહેવાય. આ રસ કયાંથી આવે છે ? તો કહેવામાં આવ્યું કે 'રસાનામ્ સ વૈ રસઃ' પરમાત્મા જ રસનો સ્રોત છે રસમયી એમની કાયા છે. સંસારમાં સાહિત્યના નવ રસોની સાથે જેટલા રસ છે એનો મૂળ સ્રોત તો પરમાત્મા જ છે.

જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે વાણી માટે કવિત્વ શોભાદાયક છે કવિત્વની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાથે રસિકતા હોય. રસિકતા એટલે રસને ઓળખવાની ક્ષમતા. જ્યાં ઉપભોગની ઇચ્છા જાગ્રત થાય છે. ત્યાં રસિકતા કુંઠિત થઈ જાય છે. જે રસભિજ્ઞ લોકો છે, જે રસિક છે, એ રસને ઓળખે છે. રસ પરમાત્માની વિભૂતિ હોવાને કારણે શાસ્ત્રવિહિત જેટલું સેવનનું વિધાન છે એટલું નમ્રભાવથી અને કૃતજ્ઞતાના ભાવથી કરે છે રસને ઉપભોગનો વિષય નથી બનાવતા પછી એ રસ અન્નમાં હોય, શબ્દમાં હોય, સૃષ્ટિના પદાર્થોમાં હોય કે ઇંદ્રિયોની ગતિઓમાં હોય. રસિકતામાં પરમતત્વનો સ્પર્શ હોય- પરમાત્માની સત્તામાં ભીંજાયેલો શબ્દ હોય- એને જ્ઞાનેશ્વર મહારાજ કાવ્ય કહે છે 'રસાત્મકમ્ વાક્યમ્ કાવ્યમ્' લગભગ એની વ્યાખ્યા કરી રહ્યા હોય એવું લાગે છે. આવી જ્ઞાનેશ્વરીને આપણે હાથમાં લઈ રહ્યા છીએ.

જ્ઞાનેશ્વરીની રચના ઓવી છંદમાં થઈ છે. સાડાત્રણ માત્રાનો આ છંદ જ્ઞાનેશ્વરનો પોતાનો છે. એમના પહેલા મકુંદરાય-અમૃતરાયે મરાઠી ભાષામાં અત્યંત સુંદર ગ્રંથોની રચના કરી છે. પરંતુ આ ઓવી છંદ જ્ઞાનેશ્વરની સાહિત્ય માટેની શાશ્વત દેણ છે. અહીં એમની ઓવીઓનો યથામતિ અર્થ કરાશે એની સાથે વિમલબહેન નામની વ્યક્તિના જે વિચાર વીસ વર્ષોથી તમારી સમક્ષ રજુ થયા છે, એને જોડશો નહિ. વિમલબહેનના વિચારો અને એમની ધારણાઓને દરવાજાની બહાર રાખીને હું અંદર આવી છું. અહીં જે કહેવાશે એ બહેનને અભિપ્રેત છે એવું કૃપા કરીને માનશો નહિ.

આઠસો વર્ષો પહેલાં મહારાષ્ટ્ર નામના ભૂખંડમાં એક ક્રાન્તદર્શી કવિની વાણી-કાવ્ય ગંગા વહી એનું થોડુ રસાસ્વાદન આપણે કરીશું. હું કવિ કે સાહિત્યિક નથી. અહીં તો ઉપમા-ઉત્પ્રેક્ષા અલંકારોથી સજાયેલી-ધજાયેલી જ્ઞાનેશ્વરી છે. એક એક શબ્દનો યથાર્થ રીતે અર્થ કરવો હોય તો એક ઓવી લઈને એક દિવસ બેસીએ તો પણ સમય ઓછો પડે, એવી સમૃદ્ધ આ કાવ્યરચના છે. આપણે ભાવાર્થ દીપિકાનો ભાવાર્થ જ જોઈશું. એનાથી અધિક અધિકાર મેં મારો માન્યો નથી. બારમો અધ્યાય ભક્તિયોગ કહેવાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધ્યાત્મ એક શાસ્ત્ર છે. વિજ્ઞાન છે. એના શબ્દો સાથે રમત રમાય નહીં. અહીં ભક્તિ અને યોગ બંને શબ્દો મહત્વના છે. 'પળભરી ન્હોવે વિભક્ત તો મ્હણાવા ભક્ત' પળભર માટે પણ જે પ્રભુસત્તાથી વિભક્ત થતાં નથી એને ભક્ત કહે છે. ક્ષણવાર માટે પણ જેનું પરમસત્તા સાથેનું અનુસંધાન છૂટતું નથી, વિચ્છેદ થતો નથી એને ભક્ત કહ્યો છે. ભારતીય સંસ્કૃતિનો એકમેવ આદેશ-ઉપદેશ 'યોગી બનવું', 'યોગાવસ્થા પ્રગટ કરવી' એ છે. એ મનુષ્ય જીવનની ચરમ કૃતાર્થતા છે, ધન્યતા છે. એમનો સકળસૃષ્ટિ સાથે જે સંબંધ આવે છે એ બધા સંબંધોમાં ચિત્તની સમતા-સમત્વ કાયમ રહે છે, અખંડિત-અક્ષુણ્ણ રહે છે, નિરંતર રહે છે. 'સમત્વમ્ યોગ ઉચ્યતે' આપણે તો એ માની લીધુ છે કે સંબધ થાય ત્યાં ક્ષોભ હોય જ અને ક્ષોભ હોય એટલે ચિત્તમાં અસંતુલન આવે જ. શરીરમાં ધાતુ વૈષમ્ય, ગુણ વૈષમ્ય પેદા થાય જ. આપણે સંબંધોને સંઘર્ષનું ક્ષેત્ર માન્યું છે પરંતુ ભારતીય સંસ્કૃતિ સંબંધોને સંવાદનું ક્ષેત્ર માને છે. અંદરના સંવાદને વ્યક્ત કરવાનું ક્ષેત્ર છે સંબંધ. ભક્તિ અને યોગ બંને શબ્દોને જોડી દેશો તો એમાંથી એ જ અર્થ નીકળશે કે પ્રભુ સત્તા, પરમતત્વ પરમાત્મા જીવન સત્તા છે- એની સાથે અનુસંધાન રાખીને વ્યવહારમાં ચિત્તની સમતા અને ઈન્દ્રિયોનું સંતુલન રાખવાનું શાસ્ત્ર. ષડશાસ્ત્રોનું એક જ સાધ્ય એ છે કે મનુષ્ય જીવનમાં પશુયોનિના અનેક સંસ્કારો લઈને જન્મનારા મનુષ્યોએ પંચમહાભૂતોમાં જેવા અંતર્ભૂત સંગતિ-સંવાદ-સહયોગ છે એવા જ મનુષ્ય પોતાના સંબંધોમાં વ્યક્ત કરે, નિર્માણ કરે એવી જ સમાજ રચના કરે. આપણા બધાં જ સંબંધો જેને આપણે રાજનૈતિક આર્થિક, સામાજિક કહીએ છીએ એમાં સખ્ય-સહયોગ-સંવાદનું અમૃત પ્રગટ કરવા માટે જ મનુષ્યનો જન્મ છે.

આ અધ્યાયમાં ભક્તિયોગ આવશે મહારાજ ગુરૂ પ્રણામથી એનો પ્રારંભ કરે છે. આઠસો વર્ષ પહેલાં મહારાષ્ટ્રમાં ગુરૂ પરંપરા ઘણીજ પ્રબળ હતી. આજે જેને સામાન્ય વાકપ્રચારમાં ગુરૂ શિષ્ય કહીએ છીએ એ અહીં અભિપ્રેત નથી. શાસ્ત્રોકત ગુરૂ શિષ્ય પરંપરાનો અર્થ એક જ છે -ગુરૂ એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્યકિત છે જેની ચેતનામાંથી અહંગ્રંથિનો ભેદ તૂટી ગયો છે એમનામાંથી અહંગ્રંથિ એ રીતે નિર્મૂળ થઇ ગઇ છે જેથી ચેતના નિરહંકાર બની ગઇ છે. ચેતનાના કેન્દ્રમાં કોઇ બિંદુ નથી કે જેમાંથી 'અષ્મદ્' 'યુષ્મદ્' પ્રત્યય નિર્માણ થાય, 'અહં' 'ઇદમ્' પ્રત્યય નિર્માણ થાય ત્યાં કોઇ કેન્દ્ર કે બિંદુ નથી એવી ચેતનામાં જે વ્યકિત જીવી રહી છે એને ગુરુ નામની સંજ્ઞા આપવામાં આવી છે. એમની ચેતનામાં અહંકારનું જ્ઞાન લેશ માત્ર પણ નથી. પ્રવચન કરતી વખતે નથી એટલું જ નહિ ચોવીસ કલાક રાત્રે-દિવસે લોકાંતમાં-એકાંતમાં સંપદા-વિપદામાં માન-સન્માનની ક્ષણોમાં એમની ચેતના અહંગ્રંથિના સ્પર્શથી દૂષિત નથી થતી એને ગુરુ કહ્યાં છે આ ગુરૂપદમાં - ચેતનાનું જે એક પદ છે એમાં જીવનારી વ્યકિતના સાન્નિધ્યમાં સંસ્પર્શમાં જિજ્ઞાસુના હૃદયમાં કાંઇ સંક્રાન્ત થાય છે. ગુરુ આપતા નથી.જો શિષ્યની અભિમુખતા નમ્રતા હોય'તદ્ વિધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા' આવી ભૂમિકા હોય તો બંનેના સાન્નિધ્યમાં કાંઇક સંક્રાન્ત થાય છે, જેને લોકો આત્મબોધ કહે છે. કૃપા-અનુગ્રહ કહે છે અનુગ્રહ કરાતો નથી, અપાતો પણ નથી. અનુગ્રહ થાય છે

આપણે જ્યારે સરિતામાં ઉતરીએ છીએ ત્યારે સરિતા આપણને ભીંજવતી નથી. એટલો કર્તૃત્વભાવ સરિતાના જળમાં નથી. જળ સાથે જ્યારે આપણો સ્પર્શ થાય છે ત્યારે આપણું શરીરથી ભીંજાવુ એ એક આનુશંગિક પરિણામ છે.

જ્ઞાનેશ્વર મહારાજ ગુરૂ વંદનાથી અધ્યાયનો પ્રારંભ કરે છે. લગભગ પહેલી વીસ ઓવીઓ ગુરૂવંદનામાં જશે. જ્ઞાનેશ્વર રસિક હતા. કવિ હતા એમણે ગુરૂના દેહનો મહિમા ગાયો નથી જ્ઞાનેશ્વરીના અઢાર અધ્યાયમાં તમે જોશો તો પ્રત્યેક અધ્યાયમાં ગુરૂવંદનાની ઓવીઓ આવે છે. પરંતુ એમાં ગુરૂના દેહનો-આ પાંચભૌતિક કાયાનો મહિમા કે મહત્વ ગાયા નથી એક વાતનો મને ખેદ છે કે કેટલાંક સપ્તાહોથી યાત્રા કરતાં કરતાં ગળું બેસી ગયું છે ઓવીનો જે ગેય છંદ છે એનું જે માધુર્ય છે એ હું તમારી સેવામાં પહોંચાડી શકીશ નહિ. આવા અવાજથી જ જ્ઞાનેશ્વરીનો પ્રારંભ કરું છું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્ઞાનેશ્વર દેવ શરૂ કરે છે.'જય જય શુધ્ધે ઉદારે પ્રસિધ્ધે અનવરત આનંદે' જે શુધ્ધ છે,એનો જય હો. જે મમ્ના સ્પર્શથી મલિન નથી થતી તે શુધ્ધ છે. આપ નિત્ય શુધ્ધ ઉદાર છો. અખંડ આનંદની વર્ષા કરવાની ઉદારતા જેનામાં છે આવી જે નિત્ય શુધ્ધ અને ઉદાર દૃષ્ટિ છે એને હું પ્રણામ કરું છું. દેહને નિત્ય શુધ્ધ કહ્યો નથી જ્ઞાનેશ્વર ગુરુની દૃષ્ટિને સંબોધન કરી રહ્યા છે. પંચમહાભૂતોની કાયાને તો નિસર્ગના જે નિયમો છે તે બધા લાગુ પડે છે. એટલે આનંદની વર્ષા કરનારી ઉદાર શુદ્ધ ગુરૂ કૃપાદૃષ્ટિને વંદન કરે છે. વિષયોરૂપી સર્પોના આલિંગનમાં જેની બુદ્ધિ છે. જેના ઈન્દ્રિય-મન-પ્રાણ-ચિત્તને વિષય રૂપી સર્પનો દંશ થયો છે એને કારણે જેનાં ચિત્ત બેભાન-બેહોશ-મૂર્છિત છે એવા પ્રાણીઓની તરફ હે ગુરુમાતા ! જ્યારે તમારી દૃષ્ટિ જાય છે ત્યારે એ દૃષ્ટિમાં એવી શક્તિ છે જે ચિત્તને નિર્વિષય બનાવી દે છે. વિષયોનો દંશ જ્ઞાનથી નથી જતો. ષડ્શાસ્ત્રો વાંચો, અડસઠ તીર્થોની યાત્રા કરો પરંતુ વિષયોનો મોહ, વિષયો પ્રત્યેનું મમત્વ જતું નથી. (અજ્ઞાનનું નિરાકરણ જ્ઞાનથી થાય છે.) જ્ઞાનેશ્વર મહારાજ કહે છે ગુરૂ ચેતનામાં ગુરપદમાં સ્થિત એવી વ્યક્તિની દૃષ્ટિમાં એ શક્તિ છે. એ જ્યાં પડે ત્યાં ચિત્ત નિર્વિષય બની જાય છે.

નાથ સંપ્રદાયમાં મંત્રદીક્ષાનું મહત્વ નથી ત્યાં મહત્વ છે દૃષ્ટિદીક્ષાનું. એ સંપ્રદાયમાં જન્મેલી વ્યક્તિ માટે ગુરૂ-કૃપાદૃષ્ટિની વંદના એ કોઈ આશ્ચર્યની વાત નથી. ગુરૂકૃપા દૃષ્ટિની વંદના થઈ રહી છે. મહિમા દૃષ્ટિનો ગવાઈ રહ્યો છે. લોચનનો નહિ. સૂક્ષ્મપ્રેમી વ્યક્તિ છે. સ્થૂળનો નિષેધ કે ખંડન નથી પરંતુ સ્થૂળમાં ક્યાંય આસક્ત નથી. સ્થૂળનો મહિમા નથી સૂક્ષ્મનું ગાન છે.

એકવાર વિષયોના આલિંગનમાં બુદ્ધિ આવી ગઈ અને એના વિષનો દંશ થયો તો ચિત્તને-વૃત્તિને એક પ્રકારની મૂર્છા આવી જાય છે. બુદ્ધિ, વૃત્તિ ભ્રાન્ત -ભ્રમિત થઈ જાય છે. એ ભ્રમમાંથી બહાર કાઢનાર નિર્વિષ નિર્વિષય કરનાર તમારી જે દૃષ્ટિ છે એમાં એ શક્તિ છે જે તમારી વાણીમાં નથી. (તમે અહી શ્લેષ જોજો)કહે છે કે તમારી વાણી અને શબ્દોમાં પણ એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શક્તિ નથી, જે તમારી દૃષ્ટિમાં છે. તમારી દૃષ્ટિમાં પ્રસાદ છે. તમારી અંદર આત્મઉલ્લાસ-આત્માનંદનો જે રસ છે તે તમારી દશેન્દ્રિયોમાં સંચરે છે. તમારી સંપૂર્ણ કાયા એ રસથી ઓતપ્રોત છે. આત્માનંદના રસનો પ્રસાદ તમારી દૃષ્ટિમાં ઉતરે છે. આપણે જે આહાર કરીએ છીએ તેનું પરિણામ શ્વાસમાં ઉતરે છે. ચિત્તની દશાનું પરિણામ દૃષ્ટિમાં ઉતરે છે. (જ્ઞાનેશ્વર ગુરુને કહે છે કે તમારી અંદર તો રસકલ્લોલ છે.)

ભગવાન આદ્ય શંકરાચાર્યનું વેદાંત પણ કાશ્મીરી શૈવદર્શનનું સંતાન છે. કાશ્મીરી શૈવદર્શનમાં 'અનુપાય એવ ઉપાય' 'આત્મોલ્લાસ એવ આત્મોપલબ્ધિ' શૈવદર્શનમાં આ બંને ઘણા મહત્વના સૂત્રો છે ત્યાં એમણે કહ્યું છે જે આત્માનો સહજ ઉલ્લાસ છે એ જ ચરમ સિદ્ધિ છે અહીં મહારાજે એનો અપરોક્ષ રીતે ઉલ્લેખ કર્યો છે. હે ગુરૂદેવ ! તમારી અંદર આત્માના રસનો જે કલ્લોલ છે તેનો પ્રસાદ બધા ગાત્રોમાં બધા અવયવોમાં તમારી દૃષ્ટિમાં ઉતરે છે એટલે જયાં તમારી દૃષ્ટિ પડે છે ત્યાં સંસારના તાપ-શોક પહોંચી શકતા નથી. આધિભૌતિક -આધિદૈવિક-આધ્યાત્મિક આ ત્રિવિધ તાપ એ વ્યક્તિને સતાવી શકતા નથી. હર્ષ અને શોકનો વ્યાધિ પણ એને સતાવી શકતો નથી. આવી શક્તિ તમારી દૃષ્ટિમાં છે એ દૃષ્ટિને હું નમન કરું છું. અહીં તો ગુરૂની સાથે ગુરૂકૃપાદૃષ્ટિનો સંવાદ ચાલી રહ્યો છે.

મને ખબર નથી આ બધું તમને અનુકૂળ લાગશે કે નહિ. સામાન્યતયા પારાયણમાં વાર્તાઓ-કથાઓ આવે છે. અહીં વાર્તાઓ નહિ હોય. અહીં તો એક ગંભીર અદ્વૈતની ધારા વહી રહી છે. શાંત રસ વહી રહ્યો છે. જ્ઞાનેશ્વર મહારાજ પહેલા અધ્યાયમાં પ્રતિજ્ઞા કરે છે કે સાહિત્યિકોએ નવ રસોમાં શૃંગારને પ્રધાનરસ કહ્યો છે. હું તો શાંત રસને-જેમાં નિર્વેદ છે શમ છે એને સાહિત્યનો રસ સમ્રાટ માનું છું. એ શાંતરસ શૃંગારને પણ કેવી રીતે જીતી શકે છે એ જ્ઞાનેશ્વરીમાં હું બતાવીશ. આ મારા શબ્દો નથી. આ તો ચિદ્રત્ન કલિકા છે. આ તો હું સરસ્વતીના ભંડારમાંથી લાવ્યો છું. એકવાર જે સાંભળશે એમને આત્માનંદના સામ્રાજય પર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધિષ્ઠિત કરવાની શક્તિ જ્ઞાનેશ્વરીમાં આવશે એવી પ્રતિજ્ઞા પહેલા અધ્યાયમાં આવે છે.

હે ગુરૂદેવ ! તમારી દૃષ્ટિ તમારા ભક્તો પર પડે છે તો એમના ચિત્તને નિર્વિષ બનાવે છે. વિષયોના સ્પર્શથી- જે વિષ વ્યાપ્યું હતું એમાંથી મુક્ત કરે છે અને યોગનું સુખ આપે છે. યોગનું સુખ એટલે પોતાના સ્વરૂપનું ભાન કરાવે છે. જ્યાં ગુરૂની નજર પડી ત્યાં વિષયોના માયા મોહ હટી જાય છે. હું કોણ છું ? હું શું છું? સ્વરૂપ ભાન આવી જાય છે. 'યુજ્યતે ઈતિ યોગ' એક દૃષ્ટિક્ષેપથી જ તમે ભક્તને તમારા સ્વરૂપ સાથે જોડી દો છો એનાથી થનારું સુખ તમે એને વરદાન રૂપે આપો છો પછી વ્યક્તિના ચિત્તમાં પોતાના સ્વરૂપનો આનંદ જ આનંદ રહે છે.

પ્રત્યેક વ્યક્તિમાં-મનુષ્યમાં એક અભીપ્સા અંતર્ભૂત છે કે 'હું કોણ છું?' 'હું શું છું ?' 'મારું શું સ્વરૂપ છે ?' 'નિજપદ-નિજસ્વરૂપ શું છે ?' એને જોઉ સમજું, અને એના આનંદમાં રહું. આ જે પ્રાણોની અભીપ્સા છે એ અભીપ્સાને તમે પૂરી કરો છો. તમે તમારા પ્રિયજનોને સ્વરૂપની સાથે જે યોગ છે એનું સુખ આપો છો અને સાડા ત્રણ હાથના દેહમાં હું એ જ શાશ્વત સનાતન સત્ય છું એ પ્રકારની ઉપલબ્ધિ કરાવો છો.

નાથસંપ્રદાય માટે બીજો શબ્દ 'સિધ્ધ મત' 'નિજ યોગમાર્ગ' કહેવાય છે અનેક શબ્દોથી નાથસંપ્રદાયનું સંબોધન થયું છે. તમે નેપાળ જશો તો ત્યાં એને 'બીજમાર્ગ' કહે છે. બિહારમાં જશો તો ત્યાં 'સિદ્ધમત' 'સિદ્ધમાર્ગ' કહે છે. અનેક શબ્દોથી નાથ સંપ્રદાયનો સંકેત થાય છે. મનુષ્યજીવનમાં એક જ સિદ્ધિ અભિપ્રેત છે. હું કોણ છું ? હું શું છું ? એ સમજવું અને સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઈને જીવવું. ભક્તની આ ઈચ્છાને પણ તમે પૂરી કરો છો અને નિજરૂપની સાથે એને જોડી પણ દો છો. હે ગુરૂકૃપાદૃષ્ટિ ! તમારામાં આટલું સામર્થ્ય છે.

આધારચક્રમાં કુંડલિની નામની શક્તિ છે તમે તમારા ભક્તને તમારી કૃપાદૃષ્ટિથી દીક્ષિત કરીને પ્રેમથી આધારચક્રમાં સ્થિત કુંડલિની માતાની ગોદમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બેસાડી દો છો અને ત્યાંથી એની સોહં સિદ્ધિની યાત્રા શરૂ થાય છે. આધારચક્રમાં સ્થિત કુંડલિનીની ગોદમાં બેસાડ્યો અને કુંડલિની માતાના હૃદયાકાશમાં ઝૂલો છે એના પર બેસાડી દીધો. આ બધી યોગમાર્ગની પરિભાષા છે. એના વિસ્તારમાં ઉતરીશું નહિ, નહિ તો હઠયોગ પ્રદીપિકા પર જ એક પ્રવચન થઈ જશે. કેવળ શબ્દાર્થ બતાવીને તમને આગળ લઈ જવા માંગુ છું.

ઝૂલા ઝૂલે ઘટમાંહિ મેરો પ્રભુ ઝૂલા ઝૂલે ઘટમાંહિ
જાગ્રત સ્વપ્ન સુષુપતિ તુરિયા એ ચહુ બાગ લગાઈ
જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય દોનોં દોય બિધિ દોર હલાઈ રે....મેરો પ્રભુ
પંચકોષનકી બીછી ચદરિયા બીચ બિરાજે કન્હાઈ
હંસા સોહં ઝૂલા ઝૂલત હૈ બ્રહ્મભુવન ઝૂંઝરાઈ રે....મેરો પ્રભુ
સપ્તચક્રકી માલા પહેનાઈ બહુવિધિ ફુલ લગાઈ
તુકડ્યાદાસ બના એક ઝૂલા, આનંદ ઉર ના સમાઈ રે....મેરો પ્રભુ

આ ઝૂલો હૃદયાકાશમાં-ચિદાકાશમાં છે. આ ઝૂલો પણ કેટલો સુક્ષ્મ હશે! અને એના પર ઝૂલનારી આત્માની વિભૂતિ પણ કેટલી સૂક્ષ્મ હશે એ શબ્દોમાં કહેવાનો વિષય નથી. ઝૂલામાં સૂવાડ્યા પછી હાલરડાં તો ગાય ને? એના વિના બાળક ઊંઘે કેવી રીતે ? બાળકને નવડાવી-ધોવડાવીને પારણામાં સુવાડીએ છીએ એને અલંકાર પહેરાવીએ છીએ અને રમકડાં પણ આપીએ છીએ. હે ગુરૂદેવ ! તમે તો ભક્તને મન અને પવનના રમકડાં પણ પકડાવી દીધાં. પ્રાણાયામ કરવાનું જે વિધિવિધાન શિખવાડે છે એ એક રમકડું અને યોગશ્ચિત્તવૃત્તિ નિરોધનું બીજું રમકડું ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો. મનમાં વૃત્તિઓ ઊઠે છે એને સોહં સિદ્ધિ સાથે જોડી દેવી. આ રીતે ચિત્તવૃત્તિ નિરોધની કલા અને પ્રાણાયામનું વિધિવિધાન શિખવાડતા શિખવાડતા જ્યારે સાધકને હૃદયાકાશમાં પહોંચાડો છો ત્યારે ત્યાં જે અંગુષ્ટ માત્ર જ્યોતિ છે એનો આભાસ કરાવો છે, ઝાંખી કરાવો છો આ રીતે મન-પવનનાં રમકડાં આપીને પ્રત્યક્ષ જ્યોતિની આરતી ઉતારીને સાધકને તમે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આત્મસુખ આપો છો.

જે બ્રહ્માંડમાં છે એ પિંડમાં છે અને જે પિંડમાં છે એ બ્રહ્માંડમાં છે. આ નાથ સંપ્રદાયનું અને કાશ્મીરી શૈવ દર્શનનું એક મહત્વનું સૂત્ર છે. પિંડમાં અને બ્રહ્માંડમાં જેટલા આહત નાદ છે એને વીંધીને-ચીરીને સાધક જ્યારે આગળ વધે છે ત્યારે જે આહત નથી જે ઘર્ષણને કારણે નિર્માણ થયો નથી, એવો અનાહત નાદ તમે એને સંભળાવો છો.

હૃદયાકાશના ઝૂલામાં સાધકને ઝૂલાવતા અનાહત નાદને સાંભળવાનું સામર્થ્ય આપો છો. તમે અનાહત નાદ સંભળાવો છો.

બ્રહ્મરંધ્રમાંથી અમૃત ઝરે છે એ અમૃતસ્તન્ય છે. મા તો પાર્થિવ શરીરનું સ્તનપાન કરાવે છે. ગુરૂ જે સ્તનપાન કરાવે છે તે સાધકના પિંડમાં જે અમૃતનો કુંડ પડ્યો છે- બ્રહ્મરંધ્રમાં એક સ્રોત પડ્યો છે એને પોતાનું જ સ્તનપાન કરવાની શક્તિ સાધકમાં પેદા કરો છો.

શું કરું ? જ્ઞાનેશ્વર મહારાજને, એમના શબ્દોને સ્પર્શ કરતા પણ ભય લાગે છે. શિષ્ય કહે છે અમારા જ પિંડમાં પડેલી સત્તરમી કલાને જગાડીને બ્રહ્મરંધ્રમાં જે અમૃત પડ્યું છે એ પીવાની શક્તિ તમે અમારામાં પેદા કરો છો. અનાહત નાદ સાંભળવાની શક્તિ પેદા કરો છો. સમાધિનું સુખ શું છે, એનું રહસ્ય શું છે, એ સમજાવો છો. એટલે સાધક તમને 'મા' કહે છે. મરાઠીમાં માને અત્યંત લાડ પ્યારથી 'માઉલી' કહે છે. તમે આટલુ બધુ અમારે માટે કરો છો એટલે હે ગુરૂદેવ ! અમે તમને મા કહીએ છીએ. હવે તમને તો શું તમારી છાયાને પણ અમે નહિ છોડીએ. જ્યાં તમારા ચરણ પડે છે, જ્યાં તમારા શબ્દ ઝરે છે. જ્યાં તમારી નજર પડે છે ત્યાં સારસ્વત પેદા થાય છે. અજ્ઞાન નિરક્ષર વ્યક્તિ પણ સાહિત્ય સમ્રાટ બની જાય છે.

જ્ઞાનેશ્વર તો બાળક હતા. સામે જ નિવૃત્તિનાથ બેઠા છે. એમને કહે છે કે હે ગુરૂદેવ! તમારા શબ્દોએ તમારી દૃષ્ટિએ શક્તિ આપી છે એટલે ભગવદ્ગીતા પર ટીકા લખવાનું, એક સારસ્વત ગ્રંથ નિર્માણ કરવાનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સામર્થ્ય મારામાં આવ્યું છું. હું તો શું લખત ? ક્ષણ માટે પણ તમારી છાયા હું છોડીશ નહિ. તમારી દૃષ્ટિથી જે વ્યક્તિ દીક્ષિત થઈ છે એ વ્યક્તિમાં સકળ વિદ્યાઓની સૃષ્ટિના ધાતા બનવાની શક્તિ આવે છે.

આ આઠ નવ ઓવીઓના શબ્દોમાં અર્થ અને ભાવનો સાગર છે. એમની યોગવિદ્યાની સિદ્ધિઓની છટા છે. કાવ્યનો રસ ભરેલો છે. એનો થોડો પરિચય આ ઓવીઓમાં કરાવ્યો. આ ગતિથી ચાલીશું તો છ દિવસોમાં અધ્યાય પૂરો નહિ થાય. પરંતુ મારી ઈચ્છા હતી કે ભાવનગર જેવી અભિજાત રસિકોની નગરીમાં જ્ઞાનેશ્વર મહારાજનો થોડો પરિચય તો કરાવું. એ કઈ કોટિના કવિ ! કઈ કોટિના સાહિત્યિક ! કઈ કક્ષાના યોગી હતા. પ્રખર જ્ઞાનના અધિકારી હોવા છતાં પણ કેવી સહજતાથી પોતાની વાત એ રાખતા હતા.

હે કૃપાદૃષ્ટિ ! જેના ચિત્તમાં તમારી કરુણાનું અધિષ્ઠાન થાય છે, એની બુદ્ધિમાં સકળ વિદ્યાઓની સૃષ્ટિ રચવાની શક્તિ આવે છે. દૃષ્ટિને એ અંબા-નિજ જન કલ્પલતા કહે છે. એ નિજ જનો માટે કલ્પલતા છે. આ કલ્પલતાની નીચે બેસીને જે કોઈ સંકલ્પ હોય તે સિદ્ધ થાય છે. ઈચ્છાની પૂર્તિ થાય છે. હે ગુરૂદેવ હવે મને ગ્રંથ નિરૂપણની આજ્ઞા આપો. આજ્ઞા તો પહેલાં જ આપી હતી પરંતુ ગુરૂની વંદનાના લોભનું સંવરણ કરી શકતા નહોતા એટલે નિરૂપણની આજ્ઞા માંગે છે. આજ્ઞા માગશે તો પણ જ્ઞાનેશ્વર પોતાના નખરા તો બતાવશે જ.

ભક્તિ વિષે ગુજરાત- બંગાળમાં એવી ધારણા છે કે ભક્ત હોય તે દીન હોય. જ્ઞાનેશ્વર કહે છે લીનતા હોય પણ દીનતા નહિ. લીનતા અને વિનમ્રતાનો અર્થ પરોપેક્ષી કે પરનિર્ભર બનવું એવો નથી. આત્મનિર્ભર-આત્મવિશ્વાસ. એમના પ્રત્યેક શબ્દમાં આત્મવિશ્વાસનું-આત્મનિર્ભરતાનું લાવણ્ય છે. વિનમ્રતાનું ઐશ્વર્ય છે. એ કહે છે કે નવરસોનો સાગર જે મારા ચિત્તમાં પહેલેથી જ પડ્યો છે એ સાગરમાં કલ્લોલ આવે અભિવ્યક્ત થવાની ઊર્મિ એમાંથી ઉઠે. મારી વાણીમાં નવરસો છલકાવો એવું એ નથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહેતા. લેવા માટે પ્રાર્થના નથી કરતા, ભિક્ષા નથી માંગતા. સર્વભૂત માત્રના હૃદયમાં જે ઈશ તત્ત્વ છે એ મારા હૃદયમાં પણ છે જ. એટલે કહે છે કે નવરસોના સાગર મારામાં પડ્યો છે. તો થોડી પ્રેરણા આપો. તમારી પ્રેરણા પર્યાપ્ત છે. આગળનું હું જોઈ લઈશ. હે ગુરૂદેવ ! આજ્ઞાની સાથે સાથે આશીર્વાદ પણ આપો કે મારામાં જે નવરસોનો રત્નાકર પડ્યો છે એમાં ઉપમા, ઉત્પ્રેક્ષા, અર્થાનુપ્રાસ, અન્વય-વ્યતિરેક આ બધા રત્નો પડ્યા છે આ બધાં જ રત્નો મારી ભાષામાં પ્રગટ થાય. જ્યારે હું મુખ ખોલુ ત્યારે આ પ્રાકૃત ભાષાની પૃથ્વીમાંથી-ખીણમાંથી સુવર્ણ જેવા શુદ્ધ નિષ્કલંક શબ્દોનું સૃજન થાય. સુવર્ણ એ છે જે નિષ્કલંક રહે છે. એને અગ્નિમાં નાંખો તો વધારે ને વધારે નીખરે છે.

જ્ઞાનેશ્વરની સામે મહારાષ્ટ્રના બધાં જ પંડિતો નેવાસા ક્ષેત્રમાં શિવના મંદિરમાં જઈને બેઠા હતા. આ સંન્યાસીનો દીકરો બાર વર્ષની ઉંમરે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો અર્થ કરવા બેઠો છે. પંડિતો શંકા-ઉપેક્ષાભાવ સાથે તર્ક-કુતર્ક કરવા માટે સજ્જ થઈને બેઠા છે. આ પંડિતોની સભામાં મારે બોલવાનું છે. મારી વાણીમાંથી સુવર્ણ જેવા નિષ્કલંક શબ્દો નીકળે પીત્તળ જેવા શબ્દ ન નીકળે. આ પ્રાર્થના કરીને આશીર્વાદ માગી રહ્યા છે.

રોજ રાત્રે બાલસંત જ્ઞાનેશ્વર બોલતા અને સચ્ચિદાનંદ બાબા લખવા બેસતા. દિવસે જ્ઞાનેશ્વર મહારાજ કથા કરતા. એમણે કહ્યું કે હું જે કથા કરી રહ્યો છું એમાંથી સંવાદ નિષ્પન્ન થવો જોઈએ. સંવાદ ફલ નીકળવું જોઈએ. સંવાદ ક્યારે નિષ્પન્ન થાય ? એક વ્યક્તિ બોલે અને બીજી વ્યક્તિ સાંભળે તો સંવાદ નિષ્પન્ન થાય છે. નહિ તો સંવાદ નથી થતો. પ્રવચન -વ્યાખ્યાન-ભાષણ થઈ જાય, સંવાદ નહિ થાય. સંવાદ ત્યારે થાય છે જ્યારે બીજી તરફથી શ્રોતા ગ્રહણ કરે છે. 'વક્તા શ્રોતાસ્તુ ભગવાન, વાસુદેવો ઈતિ મે મતિ' શ્રોતા તો સ્વયં વાસુદેવ છે. સંવાદ નિપજવો જોઈએ સંવાદ નહિ થઈ શકે એવી શંકા જ્ઞાનેશ્વરને કેમ થઈ તો કહે છે કે સામે જે શ્રોતાવર્ગ બેઠો છે એ પાંડિત્ય લઈને આવ્યો હતો. વિદ્વાનજનોમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાંડિત્યની મોટી ઉપાધિ હોય છે. વ્યાધિ હોય છે. વ્યાધિ હોવાને કારણે એ સાંભળી શકતા નથી. સાંભળતા સાંભળતા જ એ તુલના કરવા લાગે છે. માધવાચાર્યે શું કહ્યું છે? નિમ્બાર્કે શું કહ્યું છે? શંકરાચાર્યે શું કહ્યું છે. ગીતાના જેટલા ભાષ્યકાર છે એ બધાની સાથે તુલના કરવા માંડશે. તુલનામાં વ્યસ્ત-ગ્રસ્ત ચિત્ત, પાંડિત્યથી પકડાયેલું- જકડાયેલું ચિત્ત હોય તો એ સાંભળી શકતું નથી એટલે આશીર્વાદ માંગી રહ્યા છે. શ્રવણ શક્તિના સામ્રાજ્ય પર હે ગુરૂદેવ! આ શ્રોતાવર્ગને બેસાડો. હું ઈચ્છું છું કે મારી કથા કેવળ પ્રવચન ના બને અમારો પરસ્પર સંવાદ થાય એટલી શક્તિ એમને તથા મને આપજો એટલી કૃપા કરજો.

હે ગુરૂ મહારાજ ! મરાઠી ભાષા ઘણી અપમાનિત છે. વિદ્વાન લોકો આ પ્રાકૃતભાષાને માનતા નથી. મરાઠી ભાષાની નગરીમાં બ્રહ્મવિદ્યાની વર્ષા થઈ જાય. આ પ્રકારનો આશીર્વાદ તમે મને આપો. જેથી શ્રોતાવર્ગમાં કોઈ પાખંડી બેઠા હશે. પાખંડ શબ્દ સમજવા જેવો છે. જે અપ્રતિષ્ઠિત તર્ક કરે છે એ પાખંડી છે. અધ્યયન કર્યા વિના પાર્શ્વભૂમિને સમજ્યા વિના કેવળ બુદ્ધિ મળી છે એટલે તર્ક કરે છે એમને પાખંડી કહ્યા. શાસ્ત્રોને માનતા નથી એટલો સ્થૂળ અર્થ ના લેશો. શાસ્ત્રનું અધ્યયન કર્યા પછી શાસ્ત્રને ના માનવાનો અધિકાર પ્રત્યેક વ્યક્તિને છે. શાસ્ત્ર બાહ્ય વિધિ, બાહ્ય ભક્તિ આપણે ત્યાં છે. રામકૃષ્ણ પરમહંસની ભક્તિ અવૈધિ ભક્તિ કહેવાય છે. એવી અવૈધિ ભક્તિ કરનારા લોકો છે. અધ્યયન પછી જે તર્ક કરે છે એ અપ્રતિષ્ઠિત તર્ક નથી. પરંતુ શાસ્ત્રોને જોવા નથી વેદો-ઉપનિષદોને પણ જોવા નથી, મૂળને પણ જોવું નથી અને આમાં શું છે ? તેમાં શું છે? એ રીતે તર્ક કરવો. શાસ્ત્ર અને ગ્રંથ કાંઈક પ્રમાણોના આધાર પર લખ્યા હોય છે. પ્રમાણોને પણ નથી જોતા. પ્રમેયને સમજવા માટે પ્રમાણોની આવશ્યકતા હોય છે. અણુવિજ્ઞાન છે. એ અણુવિજ્ઞાનના કેટલાંક પારિભાષિક શબ્દો પણ હોય છે. પદાર્થવિજ્ઞાનના પણ કેટલાંક શબ્દ હશે. એ બધાંને સમજ્યા વિના, પાંચ મિનિટમાં સમજાવવાનું કહેવું. ના સમજાય ત્યારબાદ એમ કહેવું કે તમારી વાત ખોટી છે. એ પછી અપ્રતિષ્ઠિત તર્ક કરે છે. વાદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવા માટે અધ્યયન જોઈએ. 'વાદે વાદે જાયતે તત્વ બોધ' અધ્યયનશીલતા નથી એટલે 'વાદે વાદે જાયતે વિવાદ' વિવાદ પેદા થાય છે. એમાંથી સંવાદ પેદા થતો નથી.

એટલે જ્ઞાનેશ્વર કહી રહ્યા છે કેટલાક પાખંડી લોકો અહીં બેઠા હશે એમના પાખંડને તોડવાની શક્તિ મારી વાણીમાં ઊતરે. કોઈ વાઘ કૂદી પડે એવી રીતે કૂતર્ક મારા પર કૂદી પડે તો એનો સામનો કરવાની શક્તિ પણ મારામાં હોવી જોઈએ. શ્રીકૃષ્ણના ગુણોથી મારા હૃદય તથા અવયવોને એવી રીતે ભરી દો કે આવનારા વાઘોનો પણ હું સામનો કરી શકું. તમે આ બધુ કરો એવું હું નથી કહેતો. તમારા સ્નેહ પાલવની મારી બુદ્ધિ તથા ચિત્ત પર છાયા વાંછુ છું. બીજું બધું તો હું જ નિર્માણ કરી લઈશ.

આટલી વિનવણી જ્ઞાનેશ્વરે કરી ત્યારે નિવૃત્તિનાથે અત્યંત સ્નેહથી એમની દિશામાં દૃષ્ટિક્ષેપ કર્યો. અને કહ્યું તેં મારી ઘણી વંદના કરી, સ્તવનમાં ઘણો સમય લગાડ્યો બહુ બોલવાની આવશ્યકતા નથી. તું ગીતાર્થ ક્યારે કરીશ? આવું જ્યારે ગુરૂ મહારાજે કહ્યુ ત્યારે જ્ઞાનેશ્વરે કહ્યું કે હવે મને મહાપ્રસાદ મળી ગયો. હું ગીતાનું નિરૂપણ કરીશ બધા લોકો અવધાન આપજો.

પ્રથમ શ્લોકની શરૂઆત કરતા પાંડુનૃપનો આત્મજ, સોમવંશનો વિજય ધ્વજ એવો અર્જુન કહેવા લાગ્યો

હે પ્રભુ ! મારા આગ્રહને કારણે તમે મને વિશ્વરૂપ દેખાડ્યુ હતું. એ રૂપ જોઈને હું ભયગ્રસ્ત બની ગયો હતો ત્યારે તમે કૃષ્ણનું રૂપ -તમારું જે સૌમ્યરૂપ હતું તે ધારણ કર્યું.

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ।१।

હું એ સમજી ગયો કે તમે નિર્ભ્રાન્ત રીતે વ્યક્ત પણ છો અવ્યક્ત પણ છો. ભક્તિ કરવાથી વ્યક્તમાં જે તમે છો એને પમાય છે અને યોગથી અવ્યક્તમાં જે તમે છો એને પામી શકાય છે. હે વૈકુંઠ ! જેમાંથી બધાં જ પ્રકારની કુંઠા નીકળી ગઈ છે એવા તમને પામવાના બે રસ્તા છે. અવ્યક્તમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમને યોગમાર્ગથી પમાય છે અને વ્યક્તમાં તમને ભક્તિમાર્ગથી પમાય છે.

ભક્તિમાર્ગથી તમને પામનારા તમને વધારે પ્રિય છે કે યોગમાર્ગથી તમને પામનારા ? આ બંનેમાં કોણ તમને અધિક પ્રિય છે એ આપ મને કૃપા કરીને બતાવો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૧૪.૧૨.૧૯૮૬,
બપોર ૪-૩૦

સવારના સત્રમાં અર્જુન શ્રીકૃષ્ણને પ્રશ્ન પૂછી રહ્યો હતો કે ભક્તિમાર્ગથી ચાલનાર કે યોગમાર્ગથી ચાલનાર આ બેમાં તમને કોણ વધારે પ્રિય છે ? આ પ્રશ્નની ભૂમિકા આગળ આવતી ઓવીઓમાં સ્પષ્ટ કરે છે.

અમૃતના સાગરમાં સંજીવન શક્તિ હોય છે. માની લો કે અમૃતના સાગરમાંથી કોઈએ એક ખોબો જળ લીધું અને એક ઘૂંટડો પી લીધું. એ ઘૂંટડામાં એ જ શક્તિ છે, જે સાગરમાં છે. તમારું જે વ્યાપક સ્વરૂપ છે એમાં જે શક્તિ અને વિભૂતિઓ છે એ જ સાડા ત્રણ હાથના તમારા દેહમાં પણ છે, એ તો હું સારી રીતે જાણું છું. એ તો હું જાણું છું - મારા ચિત્તમાં તો પ્રતીતિ છે કે સુવર્ણનું નાનું કણ હોય કે માળા હોય બંનેમાં સુવર્ણનો એ જ ગુણ છે. એ માટે સુવર્ણ અધિક માત્રામાં લેવાની આવશ્યકતા નથી. તમારું જે નિરાકાર-નિર્ગુણ-અવ્યક્ત-વ્યાપક સ્વરૂપ છે એમાં અને જે વ્યક્ત છે જેમાં સગુણ-સાકાર-નામ-રૂપ છે - એ એકદેશીય સ્વરૂપમાં પણ એ જ ગુણ છે, એ જ શક્તિ અને વિભૂતિ છે જે સર્વદેશીયમાં છે, એ હું બુદ્ધિથી સમજ્યો છું અને એની પ્રતીતિ પણ છે.

જ્ઞાનેશ્વર મહારાજ પ્રત્યેક શબ્દનો પ્રયોગ વિશિષ્ટ હેતુથી કરે છે. સાહિત્યિકોના સમ્રાટ, કવિઓના શિરોમણિ, યોગીઓના ચક્રવર્તી, જ્ઞાનીઓના મુકુટમણિ છે. અહી પાર્થે વાસુદેવને સંબોધન યોગપતિનું કર્યું છે. સવારે જ યોગની વ્યાખ્યા કરી હતી- ચિત્તનું સમત્વ અને ઈન્દ્રિયગત વ્યવહારમાં સંતુલન કાયમ રહે એ યોગાવસ્થા છે. આવા યોગીઓના પતિ છે, જે એમાં શ્રેષ્ઠ છે. (પ્રશ્ન પૂછ્યો છે એકેદેશીય વિષે, વ્યક્ત અને અવ્યક્ત વિષે, સગુણ અને નિર્ગુણ ભક્તિ વિષે એટલે વિશેષણનો પ્રયોગ પણ વિશિષ્ટ છે.) એવા હે યોગપતિ, મને વિશ્વરૂપ દર્શન કરાવવા માટે તમે જે રૂપ ધારણ કર્યું હતું તે ખરેખર જ તમારું રૂપ છે કે એક કૌતુક છે ? ચમત્કાર દેખાડવા માટે તમે એ સ્વરૂપ ધારણ કર્યું હતું કે સાચે જ એ વ્યાપકતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમારું ઉપાદાન છે ? પ્રશ્ન ઘણી ખૂબીથી પૂછાયો છે. અર્જુનને તો સાડા ત્રણ હાથના શરીરમાં પોતાનો સખા દેખાતો હતો. (કૃષ્ણ તો 'ભાઈ' પણ હતા ને 'મિત્ર' પણ હતા) એને થાય છે કે જે કૃષ્ણ મારી સમક્ષ અહીં ઊભા છે, આ વ્યાપકતા શું એમનું જ સત્ત્વ છે ? સગુણ અને નિર્ગુણ ભક્તિનો ફરક બતાવવા માંગે છે.

मय्यावेश्य मनो ये मां नित्युक्ता उपासते ।
श्रद्धया परयोवेतास्ते मे युक्ततमा मता : ।२।

મનુષ્ય દેહ મળ્યો છે એટલે કર્મ તો છૂટી શકતાં નથી. માટી જેમ ઘડાનું ઉપાદાન કારણ છે એવી રીતે કર્મ જ મનુષ્યકાયાનું ઉપાદાન કારણ છે. ઉપાદાન કારણ એટલે જે કારણ કાર્યમાં પ્રવેશ કરે છે. માટીનો ઘડો કુંભારે બનાવ્યો તો કુંભાર નિમિત્ત કારણ છે. માટી ઘડાના રૂપે આપણી સમક્ષ છે. એવું નથી કે ઘડો બન્યો અને માટી અલગ રહી. ઘડો બન્યો અને કુંભાર અલગ રહી ગયો. માટી એ ઉપાદાન કારણ છે. જે કાર્યમાં પ્રવિષ્ટ થઈને આપણી સમક્ષ છે. એ રીતે મનુષ્યનું પંચભૌતિક શરીર એ કર્મને કારણે છે. મનુષ્યની ઈંદ્રિયોમાં પૂર્વે કરેલા કર્મોના સંસ્કારની ગતિ પડેલી છે એટલે મનુષ્ય એક પણ ક્ષણ કર્મ કર્યા વગર રહી શકતો નથી.

કવિઓ તો ક્રાન્તદર્શી હોય છે. એ સંક્ષિપ્તમાં પોતાની વાત રજૂ કરે છે. 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ'

જેનું પ્રભુસત્તાની સાથે અનુસંધાન રહે છે એવા ભક્તનું પ્રત્યેક કર્મ પ્રભુપીત્યર્થ બની જાય છે. એ બધાં જ કર્મો પ્રભુ પ્રીત્યર્થ જ કરે છે. મનમાં અને ચિત્તમાં ઉઠનારા જે તરંગ-વૃત્તિઓ છે એ મન તો પ્રભુને વેચી દીધુ છે એટલે તો મીરાંબાઈએ ગાયું છે 'જિત બેઠાવે તીત હી બૈઠું, બેચે તો બિક જાઉં મેરી ઉનકી પ્રીત પુરાની બાર બાર યહ સુનાવું.' મનમાં ઉઠનારી વૃત્તિ એ કર્મની જનની છે. એ વૃત્તિ-વાસના પ્રભુના અનુસંધાનમાં જ છે. કહે છે કે તમારી સેવા કરવા માટે-તમારા પ્રત્યેનો પ્યાર વ્યક્ત કરવા માટે પોતાની બધી જ વૃત્તિઓની પૂજા તમારી સાથે બાંધે છે. સગુણ ભક્તની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્યાખ્યા થઈ રહી છે. ભક્તિ યોગ વિજ્ઞાન ઘણુ મઝાનું છે. ભારત બહાર ભક્તિયોગનાં દર્શન તમને ક્યાંય નહીં થાય. પરમાત્મા સર્વવ્યાપી છે: એમાં ભક્તિનું અધિષ્ઠાન છે. વિશ્વમાં દેખાતી અનેકતા-વિવિધતા-વિચિત્રતા-વિલક્ષણતા એ એકતાના સૂત્રમાં પરોવાયેલી છે. અનેકતા જીવનની સત્તાની એકતાનું પ્રસાધન છે. એકતા અદ્વૈતનું અધિષ્ઠાન છે. આ દ્વૈતના અધિષ્ઠાન પર ભક્તિનો સંચાર-વિહાર છે. મનમાં ઉઠવાવાળા બધાં જ કર્મો તમારી સાથેના અનુસંધાનને કારણે તમને જ વેચાઈ ગયા છે. શરીરથી થનારા પ્રત્યેક કર્મ પ્રભુ, તમારે માટે જ થાય છે. આ સગુણ ભક્તિ છે.

હે હરિ, આવા ભક્તો તમને પ્રાણો સાથે બાંધી દે છે. તો કહે છે કે જે સર્વવ્યાપી-સર્વમાં ઓતપ્રોત છે એને બંધાય કેવી રીતે ? અહીં ભક્તિયોગની વિશિષ્ટતા છે. જે નિરાકાર-નિર્ગુણ છે, જે સર્વમાં વ્યાપ્ત છે એનું ભક્તો એક પ્રતીક બનાવે છે, મૂર્તિ બનાવે છે. આપણે ઘરમાં પ્રતિમાને લઈ આવીએ છીએ. એને આરાધ્ય બનાવીએ છીએ. એમાં પ્રાણપ્રતિષ્ઠા પણ કરીએ છીએ. દુકાનમાં રાખેલી મૂર્તિ પ્રભુનો વિગ્રહ નથી. ઘેર લાવીને આપણા ભાવો તથા પાંચપ્રાણોથી એમાં પ્રતિષ્ઠા કરીએ છીએ. કહીએ છીએ કે તમે તો નિરાકાર-નિર્ગુણ - સર્વવ્યાપી છો. તમે મારી પાસે એના પ્રતિનિધિ બનીને બેસો. હું તમને ધૂપ-દીપ સમર્પીશ, તમારી આરતી ઉતારીશ, તમને પુષ્પ સમર્પીશ. નિર્ગુણ-નિરાકારની સાથે મારું અનુસંધાન રહેતું નથી. એટલે આ નાનકડા વિગ્રહને આરાધ્ય બનાવીને હું તમારી સાથે અનુસંધાન જોડી દઈશ. સર્વવ્યાપી સત્તાની સાથે અનુસંધાન રાખવાની શક્તિ બધામાં નથી હોતી એટલે આ એક યુક્તિ છે. અનુસંધાન કાયમ રહે, એટલે ભાવસબંધ બાંધ્યો. ઉપાસનાં માટે પાસે બેસવું પડે છે. સર્વવ્યાપિણી સત્તા સાથે બેસવા માટે મૂર્તિ તો એક પ્રતીક છે. પ્રતીક બનાવીને પોતાના ભાવો એમની સમક્ષ વ્યક્ત કરે છે. આવા સગુણ ભક્ત તમને પ્રિય છે કે પ્રણવથી પણ જે આગળ છે તે તમને પ્રિય છે ? પ્રણવ એટલે ૐ કાર. ૐ કાર એ એકાક્ષર બ્રહ્મ છે. આ ૐ કારથી પણ પરે-વાણી જેનું વર્ણન કરી શકતી નથી. તે તમને પ્રિય છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ।।३।

જ્યાં મન પહોંચે છે ત્યાં વાણી પહોંચે છે, પણ જ્યાં મન જ નથી પહોંચતુ ત્યાં વાણી કેવી રીતે પહોંચે ? જે પ્રણવથી પણ પેલે પાર છે એવું તમારું જે અવ્યક્ત સ્વરૂપ છે (એની પણ સાધના કરવાવાળા લોકો છે) જે શબ્દથી અતીત, અવાંગ મનસ્ ગોચર છે, જેને કાનથી સાંભળી શકાતું નથી, જેનું વાણીથી ઉચ્ચારણ થઈ શકતું નથી, એવું જે તમારું સ્વરૂપ છે જે વસ્તુરૂપ છે

દેહમાં તેજ તું તેજમાં તત્વ તું
શૂન્યમાં શબ્દ થઈ વેદ ભાસે

એવું તમારું તત્ત્વરૂપ છે. જેનું ક્ષરણ નથી એવું ક્ષરણાતીત, અક્ષર-અવ્યક્ત છે, જેણે બિંદુરૂપ ધારણ કર્યું એનું ક્ષરણ છે, જ્યાં પ્રારંભ છે ત્યાં અંત પણ છે. જ્યાં જન્મ છે ત્યાં મૃત્યુ પણ છે. અહીં કવિની પ્રતિભા નીખરી ઉઠી છે. કહે છે કે શબ્દનું પ્રયોજન તો વસ્તુ નિર્દેશ માટે છે. શબ્દ એ વસ્તુ કે તત્વ નથી. કેવળ નિર્દેશ કરવાની શક્તિ જ શબ્દમાં છે. હે પ્રભુ, તમારું સ્વરૂપ તો નિર્દેશ કરવાથી પણ પરે છે. દેશકાલાતીત પ્રભુનું સ્વરૂપ છે એમ બધાં કહે છે, પરંતુ અહીં તો નિર્દેશાતીત અને દેશરહિત છે. એ બંનેને જોડીને અર્થનો અનુપ્રાસ સાધ્યો છે.

ઉપમા-ઉત્પ્રેક્ષા-અન્વય અર્થાલંકાર- આ બધી સાહિત્યકારની સમૃદ્ધિ છે. નિર્દેશ-દેશ રહિત, પ્રણવાતીત-જ્યાં વાણી પહોંચી શકતી નથી એવું જે તત્વ છે. એની ઉપાસના કરવાનો જ્ઞાનીઓની પાસે કોઈ માર્ગ તો હશે જ ને ? સગુણ ભક્તિ માટે તો સર્વદેશીય સત્તાનો એકદેશીય વિગ્રહ બનાવી લીધો. પરંતુ અહીં શું બનાવશો ? શું કરશો ? ત્યારે કહે છે કે 'હું એ જ છું, હું એ જ છું!' એવા અહંભાવથી જ્ઞાની ઉપાસના કરે છે. જેવી રીતે દેહભાવ-મનોભાવ છે એવી રીતે એક બ્રહ્મભાવ છે. ઉપાસના અધ્યાસ વગર નથી થતી. જેવી રીતે નાની મૂર્તિ પર સર્વદેશીય સર્વવ્યાપી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરમાત્માનો અધ્યાસ કરો છો એવી જ રીતે તમે તમારા પર અહં નામની જે ગ્રંથિ છે એને હવે પ્રભુનો વિગ્રહ બનાવો છો, 'सर्वम् खलु ईदम ब्रह्म 'अहं ब्रह्मास्मि' तत्वमसि' આવો એના પર અધ્યાસ કરો છો. જ્ઞાનીઓ હું એ જ છું. એ રીતે ઉપાસના કરે છે. 'ચિદાનંદ રૂપ શિવોઽહં' હું દેહ નથી, હું ઈન્દ્રિયોના તરંગ નથી. હું અજર-અમર છું. જ્ઞાનીઓ સોહંભાવથી તમારી ઉપાસના કરે છે ત્યાં પણ લેશમાત્ર અહંકાર તો રહી જ જાય છે. પરંતુ એ અહં પર બ્રહ્મભાવનો અધ્યાસ છે. ચારપાંચ ઓવીઓમાં સગુણ-નિર્ગુણ ભક્તિની રીતનો મહારાજે ઉલ્લેખ કર્યો છે. જ્ઞાની અને ભક્ત એ બેમાં સાચો યોગી કોણ છે ? કોણે તમારા સાચા રૂપને-તમારા તત્ત્વને જાણ્યું, કૃપા કરીને મને એ બતાવો. અર્જુનના આ શબ્દોને સાંભળીને જગતબંધુ શ્રીકૃષ્ણ સંતુષ્ટ થયા. કહ્યું કે પ્રશ્ન પુછવાનું તું સારુ જાણે છે. બાર અધ્યાય સુધી પ્રભુ આ તો બતાવતા આવ્યા છે. દસમા-વિભૂતિયોગમાં તો બધું જ બતાવ્યું હતું. તું વારેવારે એ સાંભળવા માગે છે, એટલે વારે વારે ચતુરાઈથી પૂછીને મારી વાતને સમાપ્ત થવા દેતો નથી. આ બધું અધ્યાહાર છે. પ્રશ્ન કેવી ઢબે પૂછવો એ એક કલા છે. પોતાની પ્રતિક્રિયાઓને પ્રશ્નાર્થક બનાવવી એ પ્રશ્ન નથી. પ્રતિક્રિયાઓને વ્યક્ત કરવી તે જિજ્ઞાસા નથી. પ્રશ્ન પ્રતિક્રિયાઓથી મુક્ત બનીને પુછાય છે.

અહીં 'શ્રીકૃષ્ણ ઉવાચ્' એમ નથી કહ્યુ. 'શ્રી ભગવાન ઉવાચ્' એમ કહ્યું છે. કૃષ્ણ પાસે ભગવત્ સત્તા અભિવ્યક્ત કરવાની જે વિભૂતિ છે એ વિભૂતિનો નિર્દેશ કરવા માટે 'ભગવાન ઉવાચ્' કહ્યું છે. શબ્દના અર્થ સમજાવવા માટે જ્ઞાનેશ્વર મહારાજ એક પછી એક દૃષ્ટાંત આપતા જાય છે. શબ્દની અનંત છટાઓ છે. આ અનંત છટાઓ સુધી તો આપણે પહોંચી પણ ન શકીએ. એક દૃષ્ટાંત આપીને જ્ઞાનેશ્વર મહારાજ સંતુષ્ટ નથી થતાં.

અસ્તગિરિ પર આદિત્ય છે એ નીચે ઉતરી રહ્યા છે. ઉતરતી વખતે એમના કિરણો એમની સાથે જ ચાલ્યા જાય છે. એક પણ કિરણ પાછળ રહેતું નથી. જ્યાં પ્રભુનું નામ હશે, જ્યાં પ્રભુનો સંકેત આપનારું રુપ હશે ત્યાં તો ભક્તના હૃદયના કિરણો દોડી જાય છે, પરંતુ જ્યાં પ્રભુનું નામ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રૂપ ન હોય ત્યાં એમના સમસ્ત હૃદયની રશ્મિઓ-ઈન્દ્રિયોની વૃત્તિઓ એમના હૃદયમાં જ પાછી જાય છે. એટલે ભક્તને તો પ્રભુ સત્તાને કારણે જ આખા સંસારમાં રસ આવે છે. વિષયોનું સેવન એ કરે છે , કારણ કે એ પ્રભુ નિર્મિત છે. વિષયોમાં જે રસ છે એ તો પ્રભુની રસમયી કાયાનું પ્રતીક છે એટલે વિષયસેવનમાં -પદાર્થોના સ્પર્શમાં પ્રભુસત્તાનો સ્પર્શ થાય છે.

संनियमेन्द्रियग्रामं सर्वत्र समबुद्धय : ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ।४।

વર્ષાઋતુમાં સરિતાઓમાં પૂર આવે છે. આજકાલ વિદ્યાલયોમાં ભણતા વિદ્યાર્થીઓને ક્યારેય આ નદીનાળા અને સરિતાનું વર્ષાઋતુમાં, ગ્રીષ્મમાં, શિશિર-વસંતમાં કેવું સ્વરૂપ હોય છે એ જોવાની આંખ નથી રહી. સૃષ્ટિ સાથેનો સંબંધ વિચ્છેદ થઈ ગયો છે. વર્ષાકાળમાં સરિતા બે કાંઠે ઉછળે છે, એવી રીતે જયાં મારું નામ સંકીર્તન થાય છે ત્યાં મારા ભક્તની હૃદયસરિતામાં -શ્રદ્ધામાં પૂર આવવા લાગે છે. ક્યાં સંવરણ થાય છે અને ક્યાં પૂર આવે છે એ બંનેનો નિર્દેશ મહારાજ કરી રહ્યા છે. જેમ દિવસ જાય છે અને અરુણોદય થાય છે તેમ ભક્તના હૃદયમાં શ્રદ્ધાનો ઉદય જ થતો જાય છે. 'क्षणे क्षणे नवनवताम् उपैति' સનાતનતાનો આ ધર્મ છે. શ્રદ્ધાના ઉપાદાનથી બનેલા મનુષ્ય પ્રાણીમાં ભક્તિનો સંચાર થતાં એમની શ્રદ્ધા વર્ષાકાળમાં પાણીની ભરતી થાય એમ રોજ રોજ વધે છે.

આ તો આપણે ધ્યાનમાં રાખવા જેવી વાત છે. આપણા રોજિંદા જીવનમાં સુખ-દુઃખ આવે છે. દુઃખ-મૃત્યુ-વ્યાધિ-જર્જરતાની ક્ષણમાં શ્રદ્ધા ઘટે નહી વધે એ છે, શ્રદ્ધા. આપણને તો એમ થાય છે કે મારા જેવી ભક્તિ કરનાર નિર્દોષ વ્યક્તિ પર આટલું દુઃખ કેમ ? સુખને તો પ્રભુનો પ્રસાદ માન્યો અને દુઃખને અભિશાપ માન્યું. દુઃખને પણ પ્રભુનું વરદાન માનીને હાથ ફેલાવીને ગ્રહણ કરવું જોઈએ. સુખનું સ્વાગત હોય, દુઃખનું ગ્રહણ હોય. રોજ ભક્ત મારું ભજન કરે છે એના જીવનમાં સુખ-દુખ,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માન-અપમાન, યશ-અપયશ, હર્ષ-શોક આવે છે, પરંતુ એનાથી એમની શ્રદ્ધામાં કોઈ અંતર પડતું નથી. એ તો રોજ રોજ વધે છે ! આપણે શાને ભક્તિ સમજીએ છીએ એ જોઈ લેજો. મહારાજ ભક્તિના નામથી અહીં કઈ ચીજનો નિર્દેશ કરે છે એ પણ જોજો. સિંધુ સાથેના મિલન કાજે સરિતા પર્વત પરથી દોડતી દોડતી ચાલી આવે છે. પોતાના બંને કાંઠે સૌંદર્ય છે એને જોવા માટે પણ એ રોકાતી નથી. (સરિતાનું બીજા અધ્યાયમાં વર્ણન કરતાં મહારાજ કહે છે કે જે તૃષાતુર છે એની તૃષા સરિતા છીપાવે છે, જે શ્રાન્ત-કલાન્ત છે એનો થાક-શોક હરણ કરે છે. કિનારે જે વૃક્ષો છે એનું પોષણ કરતાં સરિતા આગળ વધે છે.) એ તો સાગરને મળવા માટે ઉત્સુક છે. સાગરને મળ્યા પછી પણ એનું વહેવાનું રોકાતું નથી. એવી રીતે મારી ઉપલબ્ધિ થયા પછી પણ મારા ભક્તોના ભજન-ઉપાસના રોકાતાં નથી. સરિતાની પાસે જળ છે. ભક્તની પાસે ભાવ છે. (પ્રત્યેક રાગ-રાગિણીમાં જાગરણની શક્તિ હોય છે.) મનુષ્યની ઈચ્છાઓ વાસનાઓ શાંત થાય છે ત્યારે પ્રભુસત્તાની સાથે સધાયેલું જે અનુસંધાન છે એને કારણે ભાવકાયાનું સર્જન થાય છે. પ્રેમનું સ્થૂળ સ્વરૂપ ભાવ છે. ભાવાતીત પ્રેમ છે. પછી શ્વાસોચ્છવાસમાં એક જ ભાવ સ્થિર રહેવા માંડે છે. આવી ભાવ-સરિતામાં પ્રેમનું જળ લઈને ભક્તના ભજન-ઉપાસના ચાલતાં જ રહે છે. મારામાં બધી જ ઈન્દ્રિયો સાથે પોતાના ચિત્તને એમણે પ્રવિષ્ટ કર્યું છે. અહીં જે સંકેત છે તે તમારા મારા જેવા માટે સામાન્ય જનો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ભક્તિ એક ઈન્દ્રિયથી કરવાનો વિષય નથી. દિવસભર ભજનો ગાયાં, રાત્રે નાચકૂદ કરી, મંદિર તીર્થક્ષેત્રોમાં ગયા, મૂર્તિની પૂજા કરી, ધૂપ-દીપ કર્યા એટલાથી જ ભક્તિ નથી થતી.

જ્ઞાનેશ્વરી તો નાથપંથમાં ઊછરેલી વેદાંતનું અધ્યયન કરેલી યોગસાધના કરેલી,એક સિદ્ધપુરુષની વાણી છે. એનો વિષય અધ્યાત્મ છે. આ ગીતામૃત નામનું જે દૂધ છે એ બધાં જ ઉપનિષદો રૂપી ગાયોનું દોહન કરીને સાંપડેલું છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જીવન જીવવાનું શાસ્ત્ર શિખવાડનારો અધ્યાત્મ ગ્રંથ છે.- બધી જ ઇંદ્રિયોનો સાથ લઈને એણે મારામાં પ્રવેશ કર્યો છે.. ઇંદ્રિયોનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો બહિર્ગામી સ્વભાવ છે. એ વિષયો તરફ દોડે છે. આપણે ભક્તિને ભાવનાનો વિષય માની લીધો છે, જ્ઞાનને બુદ્ધિનો વિષય માની લીધો છે અને એ રીતે જીવીએ છીએ. વ્યવહારના નામે આપણે આપણા વ્યક્તિત્વને છિન્નભિન્ન બનાવી દીધું છે. અને એ રીતે જીવીએ છીએ. અહીં મહારાજ કહે છે કે રાત્રિ હોય કે દિવસ મારા ભક્તના ચિતમાં કાંઇ અંતર પડતું નથી, શરીર ઇંદ્રિયો,બુદ્ધિ ચિત્તની સાથે જે પોતાને મને સમર્પિત કરે છે, એવા જે ભકત છે એને હું પરમ યોગયુકત કહું છું. ધન-દોલત સમર્પ્યા, પચ્ચાસ લાખ આપીને મંદિર બંધાવ્યું, પાંચ લાખ આપીને ઘાટ બંધાવ્યો, એ તો સદાચાર છે. મારા ભક્ત તો મને પોતાનું બધું જ સમર્પિત કરી દે છે. અર્જુનના પ્રશ્નના જવાબમાં પ્રભુએ સગુણ ભક્તોની વાત કરી નિર્ગુણની ઉપાસના કરનારાની વાત હવે કરે છે.

જે નિર્ગુણની ઉપાસના કરનારા છે તે સોહં ભાવ પર આરૂઢ થઈને મારું જે અક્ષર-અવ્યક્ત-નિરવયવ રૂપ છે એને પામે છે. એ સ્વરૂપને અવયવ નથી, ત્યાં વ્યક્તિકરણ નથી, બિંદુરૂપમાં પણ એ વ્યક્ત નથી. એમાં સ્પંદ નથી, નિષ્પંદ છે. ભેદરહિત અવ્યક્ત અક્ષર રૂપ છે- એનું કોઈ અંગ નથી જેને પકડી શકાય, જેની તરફ સંકેત કરી શકાય એવા મારા નિરવયવ રૂપને એ પામે છે.

આટલી મોટી સિતારને વગાડવા માટે આંગળીમાં નાનકડી નખી પહેરવામાં આવે છે. અહીં કહે છે કે મન રૂપી નખીનો પણ ત્યાં સ્પર્શ નથી. ઈન્દ્રિયો તો ઘણી સ્થૂળ છે. ઈન્દ્રિયોથી નથી પહોંચાતુ તો ત્યાં મનથી પહોંચીશું, મનનથી પહોંચીશું તો કહે છે કે ત્યાં મનનથી પણ નથી પહોંચાતુ ત્યાં Contemplation Reflection નથી ચાલતું. જયાં ઉર્જાઓ સઘન બનીને પદાર્થ બની ગઈ છે ત્યાં તો ઈન્દ્રિયોથી જોવાનું થાય છે, સ્પર્શ કરવાનું થાય છે, ગ્રહણ થાય છે. પરંતુ આ તો અક્ષર, અવ્યક્ત, નિરવયવ છે. બુદ્ધિની દૃષ્ટિથી એ જોઈ શકાતુ નથી. તો ચર્મચક્ષુ તો એને ક્યાં પહોંચે ? ધ્યાનનો વિષય પણ મારું સ્વરૂપ બનતું નથી. જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે ધ્યાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માટે પણ ત્યાં પહોંચવાનું અત્યંત મુશ્કેલ છે. એકદેશીયને ધ્યાન પકડી શકશે, પરંતુ જે સર્વદેશીય છે, જે વ્યક્ત જ નથી થયું એ ધ્યાનનો વિષય કેવી રીતે બને ?

બ્રહ્મસૂત્રો પર ભગવાન શંકરાચાર્યે ભાષ્ય લખ્યું છે એની ચતૂઃસૂત્રીમાં સૂત્ર આવે છે. 'ન એકાન્તેન અવિષય' બુદ્ધિ માટે એ કોઈ એકદમ અવિષય છે, એવું નથી. જ્ઞાનેશ્વર મહારાજ એનાથી એક કદમ આગળ ચાલી રહ્યા છે. એ કહે છે કે બુદ્ધિથી એને જોઈ શકાતું નથી. જે સ્વરૂપ છે તે ધ્યાનનો વિષય બની શકતું નથી.

તમે દર્પણ સમક્ષ ઊભા રહો ત્યારે તમે તમને બિંબ-પ્રતિબિંબમાં પોતાની સુવિધા માટે વિભાજિત કરો છો અને કહો છો કે મેં મને જોયો. એ રીતે ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા સ્વરૂપને તમે દૃષ્ટા અને દૃશ્યમાં વિભાજિત કરી શકો છો. સાધનાના નામે એ ક્રીડા થઈ શકે છે કે પોતાના સ્વરૂપને દૃષ્ટા અને દૃશ્યમાં વિભાજિત કરી દઈને પછી કહો કે મેં ધ્યાનમાં આત્માને -પરમાત્માને જોયા. આ વાચારંભણ માત્ર છે. અસલ વસ્તુસ્થિતિ તો એ છે કે એમની સત્તા એકદેશીય નથી. એ કોઈ પણ પ્રકારથી વ્યક્ત થયા નથી એ ધ્યાનનો વિષય બની શકતા નથી. પરમાત્મા સર્વત્ર સર્વપણે સર્વરૂપમાં છે. એમના માટે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવો ભેદ થઈ શકતો નથી. એ સદા છે જ. પ્રભુ સગુણ-નિર્ગુણ, નિરાકાર-સાકાર બધું જ છે. સર્વાધાર સર્વાકાર બન્યા છે. વિશ્વાધાર વિશ્વાકાર બન્યા છે. એ વિશ્વંભર કહેવાય છે. આ વાત સમજાતાં ચિંતનની શક્તિ શરમાઈ ગઈ. કહેવા લાગી કે હવે હું કોનું ચિંતન કરું ? કેવી રીતે ચિંતન કરું ? મારી અંદર-બહાર એ જ

બહાર કહું તો સદ્‌ગુરુ લાજે
ભીતર કહું તો જૂઠા લોલ

કબીર સાહેબ કહે છે કે હું જો એમ કહું કે પ્રભુ બહાર છે તો પ્રભુની સત્તા શરમાઈ જશે. હું કહું કે અંદર જ છે તો પણ એ વાત બરાબર નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભીતર બહાર સકલ નિરંતર
ગુરુ પરતાપે દીઠા લોલ
ઐસા લો તત ઐસા લો
કિસ બિધ કહું ગભીરા લો

કબીર સાહેબ કહે છે કે તત્વને તમે આ પ્રકારે સમજો કે બીજા પ્રકારે સમજો એ હું નથી કહી શકતો કેમ કે એ બહાર પણ છે અંદર પણ છે. બધી જગાએ છે બધાં રૂપમાં છે.

હર દેશમેં તું હર વેષમેં તું, તેરે નામ અનેક તું એક હી હૈ,
હર દેશમેં તું, હર વેષમેં તું, તેરે રુપ અનેક તું એક હી હૈ.

જો આ વાત ધ્યાનમાં આવી હોય તો એનું ચિંતન કેવી રીતે કરશો? એનું ચિંતન કરવા અલગ બનીને કેવી રીતે બેસશો પ્રત્યેક કર્મમાં એનું અનુસંધાન રાખવું એ જ એકમેવ ઉપાય છે.

મેં સવારે કહ્યું હતું કે વેદાંત દર્શનથી માંડીને અહીં જ્ઞાનેશ્વર મહારાજે મધુરાદ્વૈત રાખ્યું છે. એ મધુરાદ્વૈતના પ્રથમ પ્રવર્તક કહેવાય છે. એ ભક્તિને પંચમ પુરુષાર્થ કહે છે. એમણે ભક્તિને પૂર્ણ પુરુષાર્થ કહ્યો છે.

ધર્મ અર્થ કામ મોક્ષ સિદ્ધ કર્યા એમાં કૃતાર્થતા નથી. ચાર પુરુષાર્થોની સિદ્ધિ પોતાની અંજલિમાં લઈને જે ભક્તિપંથ પર નીકળ્યો. એનું જીવન સાર્થક છે, એ કૃતાર્થ છે. આ પંચમ પુરુષાર્થ કહેનારા અહીં કહે છે કે એનું ચિંતન થઈ શકતું નથી, કેમ કે એ સર્વત્ર છે, સર્વરૂપમાં છે, સર્વકાળમાં છે. જેને 'છે' કહું તો 'નહિ' હૈ એની છાયામાં 'હૈ' નો અર્થ છે. જ્યાં 'નાસ્તિ' કહેવાનું સંભવ છે. ત્યાં 'અસ્તિ' કહેવાનું મહત્વ છે. અસ્તિ શબ્દનો અર્થ જ સાપેક્ષ છે. 'ન અસ્તિ' એ કહી શકતા નથી. જ્યાં 'નથી'એ કહેવાનું સંભવ નથી ત્યાં 'છે' કહેવાની શું મજા છે ? આ તો ભાઈ રસિકતાનો વિષય છે. જ્ઞાનેશ્વરની પોતાની કહેવાની શૈલી છે. 'નથી' એવું કહી શકતા નથી એટલે 'છે' કહેવાનું નિરર્થક થઈ જાય છે. પરમાત્મા 'છે' કહેવાનું પણ નિરર્થક થઈ જાય છે. એટલે તમે પૂછશો કે પ્રભુભક્તિનો-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આત્મપ્રાપ્તિનો કોઈ ઉપાય છે ? સવારની વાતને યાદ કરો કાશ્મીરી શૈવ દર્શન જેનું બાળક છે વેદદર્શન, એ કહે છે 'અનુપાય એવ ઉપાય.' અનુપાય એ જ ઉપાય છે. સત્ય શું છે કેવું છે એ સમજવું પડે છે. જે સમજ છે એ જ તમારી ભક્તિ છે. સમજને જીવવી એ જ ભક્તિ છે.

જીવન જીવવાના કર્મમાં સમજને જીવવાનું કર્મ તે ભક્તિ છે: આ રીતે જ્ઞાનેશ્વર મહારાજ ભક્તિયોગની વ્યાખ્યા કરે છે. વેદાંતને - અદ્વૈતને એમણે ઘણું મધુર બનાવ્યું છે સોહંભાવ પર આરૂઢ થઈને સત્યને સમજીને એમને પકડી લીધું છે. બુદ્ધિના કારાગારમાં સત્ય કેદ નથી. એમના જીવનમાં ઈન્દ્રિયગત વ્યવહારમાં એ ઊતર્યું છે.

સગુણ અને નિર્ગુણ ભક્તિ શું છે કેવી રીતે કરાય છે. સગુણ ભક્તોમાં પરમ યોગયુક્ત પ્રભુ કોને માને છે અને નિર્ગુણ નિરાકારની ઉપાસનાનો અર્થ શું છે આશય શું છે. અહીં સુધી જ્ઞાનેશ્વર મહારાજ આપણને લાવ્યા છે આજે ગીતાના ત્રણ શ્લોક આપણે જોઈ શક્યા છીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા.૧૫.૧૨.૧૯૮૬,
સવાર ૮-૩૦

જ્ઞાન ભક્તિ અને યોગ આ ત્રણેની સિદ્ધિ જ્ઞાનેશ્વર મહારાજના વ્યક્તિત્વમાં હતી. ભગવાન આદ્ય શંકરાચાર્યે પંઢરીનગરીને મહાયોગપીઠ કહી છે. તંત્રયોગ, મંત્રયોગ, લયયોગ, નાદયોગ, હઠયોગ શાસ્ત્રોથી કદાચ આપણે પરિચિત હોઈએ. પણ આ બધાથી સ્વતંત્ર એક પંથરાજ છે. જ્ઞાનદેવે જ્ઞાનેશ્વરીના અધ્યાયોમાં આ મહાયોગને પંથરાજ કહ્યો છે. હઠયોગનો અભ્યાસ હોય, રાજયોગની અવસ્થા ઉપલબ્ધ થઈ ગઈ હોય, આત્મજ્ઞાનથી આત્મબોધ સુધી પહોંચી ગયા હોય અને ભક્તિ સહજ શીલ બની ગઈ હોય, ત્રણેથી સમન્વિત જેનું વ્યક્તિત્વ હોય એને 'મહાયોગ' સંજ્ઞા જ્ઞાનદેવે અઢારમા અધ્યાયમાં આપી છે, ઉલ્લેખ એટલા માટે કરી રહી છું કે આ શ્લોકની ટીકામાં કેટલીક હઠયોગની ક્રિયા, પ્રક્રિયાઓનું વર્ણન સાંભળવા મળશે. કુંડલિની યોગની પણ વાત આવશે. જ્ઞાનેશ્વર કેવળ મધુરાદ્વૈતના પ્રવક્તા હતા એટલું જ નહી ભક્તિને પંચમ પુરુષાર્થ કહેનારા ભાગવત વરિષ્ઠ પણ હતા. એમની જે યોગાવસ્થા હતી એની થોડી ઝાંખી આજની ઓવીઓમાં આવશે. એટલે આટલી પ્રસ્તાવના તમારી પાસે રાખી.

વૈરાગ્ય નામનો મહાપાવક અગ્નિ છે. અગ્નિમાં દહન કરવાની ક્રિયા છે. એવી રીતે પાવન કરવાની ક્રિયા પણ છે. 'પાવક' સંજ્ઞા અગ્નિ માટે અત્યંત અર્થગર્ભિત છે. વૈરાગ્ય નામનાં મહાપાવકની મદદથી વિષયોની મોટી મોટી સેનાઓને જલાવીને ભસ્મ ના કરી પણ એને પાવન કરી દીધી. અગ્નિમાં સુવર્ણ નાખવાથી સુવર્ણ નષ્ટ નથી થતું એ તો નીખરી ઉઠે છે. એવી જ રીતે વિષયો, વૈરાગ્ય નામના પાવકની સંનિધિથી એના સંસ્પર્શથી શુદ્ધ બનીને નીખરી ઉઠે છે. અહીં વૈરાગ્યનો અર્થ નકારાત્મક નથી હકારાત્મક છે. જ્ઞાનેશ્વર મહારાજ કહે છે પ્રભુ પ્રત્યે જેની અનુરક્તિ થઈ ગઈ છે એ અનુરક્તિ જ વિષયો પ્રત્યે વિરક્તિ બની જાય છે. જ્ઞાનેશ્વર મહારાજ વૈરાગ્યનો અર્થ કરે છે, પ્રભુ પ્રત્યે વિશેષ અનુરાગ. પ્રભુ પ્રત્યે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિશેષ અનુરાગ હોવાને કારણે વિષયો પ્રત્યે ઉદાસીનતા પોતાની મેળે આવી જાય છે. એ ધારણ કરવી પડતી નથી. એને માટે કાંઈ છોડવું પડતું નથી. સહેજે છૂટી જાય છે. પ્રભુ પ્રત્યે વિશેષ અનુરાગ રાખીને એમણે તો વિષયોને પાવન કરી દીધા. એમને તો પ્રત્યેક પદાર્થમાં પ્રભુનાં જ દર્શન થાય છે. વિષયોના ઉપભોગથી-વિષયોથી સુખ મળે એ માટે ઈન્દ્રિયો દોડી રહી હતી હવે એમની એ દોડવાની સંભાવના જ ન રહી. કારણ કે વિષયોમાં વિષયને નિર્માણ કરનારા વિશ્વંભરના જ દર્શન એમને થવા લાગ્યા. એટલે વિષયસેવન પ્રત્યેનો અભિગમ દૃષ્ટિ, વૃત્તિ, વ્યવહાર બદલાઈ ગયા. હવે ઈન્દ્રિયોમાં વિષય સેવન માટે આતુરતા, આવેગ, આવેશ-અભિનિવેશ નથી. સંયમની ધારણા ઈન્દ્રિયોમાં જાગ્રત થઈ ગઈ છે. અહિ ચિત્તવૃત્તિ નિરોધની વ્યાખ્યા ચાલી રહી છે. વ્યાખ્યા કરવાનો ઢંગ અલગ છે. રીત અનોખી છે.

જ્ઞાનેશ્વરી એક અદ્‌ભુત ગ્રંથ છે. મેડમ બ્લાવસ્ટ્કીએ આ ગ્રંથને જોયો હતો. ખંડાલા ઘાટમાં મહિનાઓ સુધી ગુફામાં બેસીને એમણે Voice Of Silence નામનો ગ્રંથ લખ્યો છે. એમાં એમણે ઉલ્લેખ કર્યો છે કે દુનિયાભરમાં સાધકો માટે આનાથી શ્રેષ્ઠ કોઈ ગ્રંથ નથી.

ઈન્દ્રિયોની વૃત્તિ બદલાઈ ગઈ, આતુરતા આવેશ શાંત થઈ ગયા-ઈન્દ્રિયોમાં જ્યારે ઉપશમ આવી ગયો ત્યારે જે ઈન્દ્રિયો બહિર્મુખ બનીને વિષયો પ્રત્યે દોડતી હતી તે એમના પ્રત્યે ઉદાસીન બનીને સંયમની ઘાટી પર ચઢીને હૃદય નામની ગુફામાં પહોંચી ગઈ.

જ્યારે ઈન્દ્રિયો વિષયો પ્રત્યે ઉદાસીન થઈ ગઈ

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देवद्भिरवाप्यते ।५।

વૃત્તિ અંતર્મૂખ થઈ ગઈ ત્યારે એમણે અપાનના દ્વાર પર આસનમુદ્રાનું તાળુ મારીને મૂળબંધનો કિલ્લો તૈયાર કર્યો. એ તો નિર્ગુણ નિરાકારના ઉપાસક છે. સોહંભાવ પર એમને આરૂઢ થવું છે. એટલે આરૂઢ થવાના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સોપાનનો ક્રમ બતાવી રહ્યા છે. જે યોગમાર્ગના સાધક છે એમની શ્રદ્ધા 'કાલ' પર નથી હોતી એમની શ્રદ્ધા તો 'આજ' પર આ 'ક્ષણ' પર જ હોય છે. કારણકે એમને પુરુષાર્થ કરવો છે. એક શ્વાસ ઉચ્છવાસ બનીને બહાર ગયો તો બીજો શ્વાસ અંદર જશે કે નહિ એની કોઈ શાશ્વતી નથી એની કોઈ ખાતરી નથી. એટલે યોગમાર્ગના સાધકોનું 'આ જ ક્ષણ' પર 'હમણાં' પર ઘણું જોર હોય છે. ભક્તિમાર્ગમાં તો આજે નહિ તો કાલે થશે, કાલે નહિ તો પરમદિવસે થશે એ રીતે પ્રતીક્ષા થાય છે. યોગમાર્ગના સાધક માટે, પુરુષાર્થનો પથ પકડનાર માટે 'કાલ'નથી જે કાંઈ છે તે 'આજ' છે. જીવનની સનાતનતા, શાશ્વતતા આજની એક ક્ષણમાં સમાઈને આવે છે. શાશ્વતીને એ જ ક્ષણમાં મળો -ભેટો તો મિલન સંભવ છે. કાલ સુધી રોકાશો તો મળવાનું સંભવ નથી. 'આજનો લહાવો લીજીયે રે કાલ કોણે દીઠી છે' કાલનો ભરોસો નથી ' આશાનો સંબંધ આવનારી કાલ સાથે છે. 'આજ સાથે' નથી. જેને કર્મ સ્થગિત કરવા છે, મુલતવી રાખવા છે હમણાં નહિ બપોરે કરીશ, બપોરે નહિ સાંજે કરીશ, સાંજે નહિ કાલે સવારે કરીશ એ આ રીતે ટાળતા જાય છે. આપણે તો જીવવાનું પણ ટાળીએ છીએ. જીવવામાં આપણને રસ નથી. જીવનમાં શ્રદ્ધા નથી. કલાકો સુધી વિચાર કરીએ છીએ પરંતુ કર્મ કરતા નથી. આશાનો સંબંધ કર્મના સ્થગન સાથે છે. આશાનો સંબંધ આવનારી કાલ સાથે છે. આશાનો સંબંધ જીવન જીવવાનું ટાળવા સાથે છે. એટલે મહારાજ કહે છે કે આશાનું બંધન તમને જીવવા નથી દેતું. આશાનું બંધન આપણા હાથપગને જકડી લે છે. અહીં હાથ-પગ સંકલ્પ-વિકલ્પને કહ્યા છે. મા આનંદમયીની પાસે કોઈ ભક્ત જાય અને પૂછે કે મા શું કરીએ ? મા કહેતી 'હાથ પાંવ તોડો બાબા' હાથ પગ તોડો અને પડ્યા રહો. સાંભળનારાને સમજાતું નહિ કે આ હાથપગ તોડવાનું શું છે ? આ માની ભાષા હતી. સંતોની ભાષા અવળી જ હોય છે. સવળી નથી હોતી. આશાનું બંધન તોડી નાંખવું એટલે કાલે જીવવાની આદતને છોડવી. જીવવા વિષે કલ્પના કરતા રહેવું કલ્પના સૃષ્ટિમાં ખોવાઈ જવું તરંગોમાં ખોવાઈ જવું. 'આવું થયું હોત તો ? આવું ના થયું હોત તો ? આવું થશે તો ?' આ રીતે પોતાની અંદર એક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અવાસ્તવિક કલ્પનાસૃષ્ટિ નિર્માણ કરીને એમાં મનુષ્ય ખોવાયેલો રહે છે. એને કારણે વસ્તુ સાથે સંબંધ છૂટી જાય છે. પરમતત્ત્વ 'આજમાં' છે.આ ક્ષણમાં છે હમણાં છે. આશા વાસ્તવિકતામાં જીવવા નથી દેતી, દૂર લઈ જાય છે. હાથપગ જકડી લે છે. વૃત્તિઓને જકડી લે છે આ છે આશા પાશ.

બીજુ બંધન છે ધૈર્યનો-ધૃતિનો અભાવ. ધારણા શક્તિ પુષ્ટ થાય છે ત્યારે ધૃતિ નામની શક્તિ જાગૃત થાય છે. ઘણીવાર જે કહેવામાં આવે છે તે સમજાય છે. પરંતુ જીવી શકાતું નથી કારણ કે વાતમાં જે તથ્ય હોય છે એને ધારણ કરવાની ઈન્દ્રિયોમાં શક્તિ નથી. મન અને ઈન્દ્રિયો એટલા ચંચળ છે કે એ તથ્યને ધારણ કરી શકતાં નથી. સોમાંથી નવ્વાણુ લોકોની મુશ્કેલી જ આ છે. સત્ય સમજવામાં મુશ્કેલી નથી. મારું તો આખી દુનિયામાં ફરવાનું થાય છે. સામ્યવાદી દેશ તથા લોકતંત્રવાદી દેશોને તથા ત્યાંના લોકોને જોયા છે. એ જોયા પછી એનું તારણ કાઢીને એ કહી શકું કે આ નાગાભૂખ્યા દેશમાં સામાન્યથી સામાન્ય મનુષ્યમાં પણ બુદ્ધિ અને ચિત્તની જે શક્તિ જોઈ છે એ ભારતથી બહાર બીજા દેશોમાં ઓછી જોવામાં આવી છે. રશિયા પર્શિયામાં થોડી જોવામાં આવતી હતી. આ દેશમાં સનાતન કાળથી એક સંસ્કૃતિ ચાલી આવે છે, સંસ્કારો વિના કેવળ જ્ઞાનથી ધારણાશક્તિ પુષ્ટ થતી નથી. જ્ઞાનથી અજ્ઞાનનું નિવારણ થાય છે. મોહનું નિવારણ નથી થતું. જો મોહનું નિવારણ થાત તો બીજા અધ્યાયમાં સાંખ્યયોગનું આટલું સુમધુર વિવેચન થયા પછી અર્જુનના પ્રશ્ન સમાપ્ત થઈ જાત. મોહનું નિવારણ નથી થતું. મોહના નિવારણ માટે સંસ્કારોનું ઐશ્વર્ય જોઈએ. જે ધૃતિની શક્તિ વધારે છે અને જ્ઞાન-પ્રબોધન થયા પછી એને ધારણ કરી શકે છે. અધીરતા એક પ્રકારનું અસંતુલન છે એ ઉત્કટતાનું લક્ષણ નથી. ઉત્કટતામાં એક પ્રકારની ગંભીરતા-ગહનતા હોય છે. છીછરાપણામાં અધીરાઈ હોય છે. અધૈર્ય શબ્દ એવો છે કે એને લઈને હું તમારી સાથે કલાકો વાત કરી શકું.

પ્રાકૃતમાં અપભ્રંશોનું પણ એક સૌંદર્ય છે અહીં વિષ શબ્દનું વિખ થયું છે. જ્ઞાનેશ્વર મહારાજ શબ્દોને લઘુ બનાવવામાં ઘણા કુશળ છે યોગમાર્ગે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાલનારા જે સાધકો છે એમણે પોતાની એક પણ ઈંદ્રિયમાં આવેગ કે અધૈર્ય રહેવા દીધા નથી. આહાર, નિદ્રા, ભય, મૈથુન ઈત્યાદિ જે વૃત્તિઓ છે એવી રીતે નિદ્રા પણ એક વૃત્તિ છે. એ વૃત્તિનું શોધન કરવું પડે છે. શોધનને તમારી ભાષામાં કહું તો એને વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોવું પડે છે. જો એ ના જોવાય તો કાળ નિદ્રાની વૃત્તિમાં ઘૂસી જાય છે. છ કલાકની ઉંઘ પર્યાપ્ત હોય તો આઠ કલાક સૂવાનું થાય છે. આઠ કલાકની આવશ્યક હોય દસ કલાક સૂવાનું બને છે. રાત્રે સૂઈ જવું દિવસમાં સુઈ જવું એ નિદ્રા નથી, વિષોનો ઉલ્લેખ જ્ઞાનેશ્વર અહિ કરે છે. એક તંદ્રા અને બીજી આળસ આ બંને વિષ મનુષ્યને મૂર્છામાં નાખી દે છે. એમાં ન તો મનુષ્ય મરે છે ન જીવે છે, ન તો જાગૃત છે ન તો બેહોશ છે. આંવી ત્રિશંકુ જેવી અવસ્થા હોય છે. તો કહે છે કે એમણે તો નિંદ્રાનું શોધન કરતા તંદ્રા અને પ્રમાદના કાળના વિષના દંશનું પણ શોધન કરી લીધું. સોહંભાવ પર આરૂઢ થવું એ કોઈ શબ્દપ્રયોગ નથી એ તથ્ય સુધી પહોંચવા માટે સાધના કરવી પડે છે. સાધના એટલે અભ્યાસ, અભ્યાસ એટલે ક્રિયાઓનું પુનરાવર્તન. સમજ વગર કરેલું પુનરાવર્તન યાંત્રિક છે. પુનરાવર્તનમાં સમજને કારણે પ્રાણ આવે છે. લોકો કહે છે કે અભ્યાસ એ તો યાંત્રિક ક્રિયા છે. પરંતુ એવું નથી. આવર્તન તો સમજપૂર્વક-જાગૃતિપૂર્વક કરવાનું કર્મ છે.

અપાન ધાતુની એમણે હોળી પ્રગટાવી છે (અપાન ધાતુ એટલે અધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક તાપ)અનેક પ્રકારના આધિ-વ્યાધિ અને એના નિર્માણના સ્થાનનું પણ શોધન કર્યું છે. આવી યોગાભ્યાસી વ્યક્તિના જીવનમાં એક ઘટના ઘટે છે-કુંડલિની નામની મશાલ સ્વયં પ્રગટે છે.

કુંડલિની એક શક્તિ છે. તમે પાતંજલ યોગશાસ્ત્ર, દસ ઉપનિષદો-જુઓ. એમાં તમને કુંડલિની શબ્દ નહી મળે. શ્વેતાશ્વેતર ઉપનિષદમાં 'દેવાત્મ શક્તિ'ના નામથી આ શક્તિનો ઉલ્લેખ છે, આપણામાં પાંચ પ્રાણ છે એવું સામાન્ય રીતે આપણે કહીએ છીએ. આ પાંચ પ્રાણો (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન) પર જેમણે વિજય મેળવ્યો - એને સાધી શક્યા એમના આધારચક્રમાં કુંડલિની નામની એક શક્તિ પ્રદીપ્ત થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(આ પ્રાણશક્તિનું પ્રાણાયામ અને આસનાદિથી શોધન કરવું પડે છે ત્યારે જ એ જાગ્રત થાય છે) એની પોતાની દીમિ છે. આ કુંડલિનીના પ્રકાશમાં સુષુમણામાં પ્રવેશ થાય છે. સુષુમણામાં પ્રવેશ કર્યા પછી બ્રહ્મરંધ્ર સુધી યોગીની ગતિ થાય છે. નાથપંથમાં શિવશક્તિનું સામરસ્ય એનું સંતુલન એ આત્મોલ્લાસ કહેવાય છે. આ શક્તિ ઉપર ચઢીને આપણું જે ઉત્તમાંગ મસ્તક (શિવનું સ્થાન) છે ત્યાં પહોંચે છે.

શરીરના નવ દ્વારો પર યોગીએ યમ, નિયમ, પ્રાણાયામ, પ્રત્યાહારની ચોકીઓ બેસાડી છે. એને કારણે શરીરમાં સંયતિનું સામ્રાજ્ય છે. સંયતિ એટલે સંયમની અવસ્થા. આવા સામ્રાજ્યમાં પ્રાણશક્તિ નામની જે ચામુંડાદેવી છે એને સંકલ્પ-વિકલ્પરૂપી ઘેટાનો બલિ ચઢાવે છે. સંકલ્પ-વિકલ્પને ઘેટા કહેવામાં ઘણું મોટું સૂચન-નિર્દેશ કર્યો છે કે એ તો ઘણા જ ડરપોક-કાયર-ભીરુ છે. હમણાં જ સંકલ્પ કર્યો. બીજી જ ક્ષણે એમાંથી ચળી ગયા. વિકલ્પ આવ્યો એમાં પણ ઠરવાનું બન્યું નહી. આવી ગતિવાળાને પકડીને એનું બલિદાન આપ્યું. એ બલિદાનથી પણ કામ ન થયું તો એનાથી શક્તિશાળી જે ભેંસ છે એનું નામ મન છે, એનું મસ્તક છે અહંકાર- એનો બલિ પ્રાણશક્તિને ચઢાવ્યો. આવી અવસ્થામાં ચંદ્ર-સુર્ય, ઈંડા-પિંગલા નાડીઓમાં એવું સંતુલન આવી ગયું કે અનાહત નાદ જાગ્રત થઈ ગયો. એ અનાહત નાદને લઈને જે સત્તરમી કલા છે એના જળનું પ્રાશન કર્યું. મહારાજ કહે છે કે ગુરૂકૃપાદૃષ્ટિ, હૃદયાકાશમાં અવ્યક્ત ઝૂલા પર ઝૂલાવતા એમને બ્રહ્મરંધ્રમાંથી ઝરનારું જે ચંદ્રામૃત છે એ પીવડાવે છે. યોગાભ્યાસી પોતાના પુરુષાર્થથી ત્યાં પહોંચી ગયા. ઈંડા-પિંગલા નાડીને છોડીને સુષુમ્ણામાં પ્રવેશ કરીને બધા દ્વારો તથા બધા ચક્રોને ખોલીને આ યોગી આગળ ધપે છે. ભક્ત તો ચિદાકાશમાં જે ઝૂલો હતો એના પર જ ઝૂલી રહ્યા હતા. પરંતુ આવા યોગી જ્યારે શૂન્ય સુધી પહોંચે છે, ત્યારે એમાં પ્રતિષ્ઠિત ન થતાં શૂન્યને પોતાની બગલમાં દબાવીને આગળ વધે છે. શૂન્યથી મળનારું ગગનનું જે સુખ છે એને માણવા રોકાતા નથી.

આત્માની પહેલી અભિવ્યક્તિ આકાશ તત્ત્વ છે. આ આકાશ તત્ત્વમાં શબ્દ-નાદ સૂઈ જાય છે. ધ્વનિનો લોપ થાય છે. બધા પ્રકારની ગતિઓ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અહી આવીને વિલીન થઈ જાય છે. આવા આકાશ તત્ત્વમાં ઘણો આનંદ છે. ગોરક્ષસંહિતામાં એવો ઉલ્લેખ છે કે બધા જ શૂન્યોનો જેમાં નિષ્કર્ષ છે. એવું જે ગગન છે. એ ગહન ગગનને બગલમાં દબાવીને એ બ્રહ્મ સુધી પહોંચી જાય છે. શક્તિ શિવમાં ભળવા માટે - વિલીન થવા માટે આટલો પરિશ્રમ કરે છે. શક્તિ પરિશ્રમ કરે છે પરંતુ શિવ તો નૈષ્કર્માવસ્થામાં છે. શિવ તત્ત્વ સુધી કેવી રીતે પહોંચી શકાય એ યાત્રા અહીં બતાવી છે.

પ્રત્યેક વ્યક્તિમાં નરત્વ અને નારીત્વ છે જેને શિવ અને શક્તિરૂપે આપણે ઓળખીએ છીએ એને આજનું માનસશાસ્ત્ર Male and Female element કહે છે. ચાઈનીઝ તત્ત્વદર્શનમાં 'ઈન' અને 'યાન' કહેવાય છે. બધાં જ દર્શનોમાં એ ઉલ્લેખ છે કે જેણે મનુષ્યાકૃતિમાં જન્મ લીધો છે એનામાં સાક્ષીત્વ અને ક્રિયા એ બે તત્ત્વ છે. શક્તિ અને શિવ. આ બંનેનો વિરહ એ બંધન છે. બંનેનું મિલન એ મુક્તિ છે. બંનેનું સંતુલન હોય તો આજના માનસશાસ્ત્રીઓ એને Mental health is the result of balance between male and female element આકાશ શિવનું પ્રતીક છે. જેટલી ગતિઓ છે એ બધી જ શક્તિની પ્રતીક છે. યોગીઓ આવા ગગનને છોડીને બ્રહ્મભાવમાં વિલીન થઈ જાય છે. 'સોહં' ભાવને સિદ્ધ કરવા માટે સાત ચક્રના કિલ્લાઓને વટાવતાં વટાવતાં પોતાના શરીરથી નિરવધિ પ્રયાસ કરીને આગળ ધપે છે, એ બ્રહ્મરંધ્ર સુધી પહોંચીને મને જ મેળવે છે. આવી લાંબી કષ્ટમય યાત્રાની ફળશ્રુતિ રૂપે એ મને જ પામે છે. યોગના બળથી આનાથી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત થાય છે એવું નથી, જે નિર્ગુણ -નિરાકારના રસ્તે ચાલવા માંગે છે તે કહે છે કે અમે શરણમાં નહીં જઈએ. અમે પ્રણતિનો માર્ગ નહી પકડીએ. અમે પ્રભુને જોયા નથી. ઓળખાણ પણ નથી એટલે શરૂમાં જ અમે પ્રણામ નહી કરીએ. અષ્ટાંગયોગને સાધતા સાધતા એ સમાધિ સુધી પહોંચે છે, એમને ઘણું કષ્ટ પડે છે, સગુણ ભક્તિમાં કષ્ટ નથી, ફળશ્રુતિ બંનેની એક જ છે. વિદ્વદજજનો માટે નિર્ગુણ-નિરાકારની ઉપાસનાનું વિવરણ પ્રભુએ કરી દીધું પરંતુ ગ્રંથનું પ્રયોજન એ નથી.

કૃષ્ણ અર્જુનને કહે છે. કે સકળ ભૂતોનું હિત સાધવા માટે જે ભક્તિ વગર અવ્યક્તમાં આસક્ત થઈ ગયા છે અને યોગમાર્ગ પર ચઢ્યા છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમના જીવનમાં એક વૈગુણ્ય છે.

જ્યારે આપણે કોઈ ક્રિયા-પ્રક્રિયા કરીએ છીએ ત્યારે એમાંથી શક્તિનું નિર્માણ થાય છે. એ શક્તિ ઉપભોગ વગર શાંત થતી નથી. યોગમાર્ગના સાધકને રસ્તે રિદ્ધિ-સિદ્ધિ એમનો દરવાજો રોકીને ઊભી રહે છે. રિદ્ધિ-સિદ્ધિને તો અપ્સરાઓ કહી છે. એ ઘણી મોહક હોય છે. આપણા લોકસાહિત્યમાં આપણે વાંચીએ છીએ કે અપ્સરાઓ આવી અને એ લુબ્ધ થઈ ગયા. એટલે લોકો તો સમજે છે કે અપ્સરા એટલે અત્યંત સૌંદર્યવાન સ્ત્રીઓ આવી. આ રિદ્ધિ-સિદ્ધિ શબ્દ સ્ત્રીલિંગી છે એટલે એનો અર્થ 'સ્ત્રી શરીર' નથી. રિદ્ધિ-સિદ્ધિ નામની શક્તિ એમના શરીરમાં સંચાર કરવા લાગે છે. પોતાનું કામ કર્યા વગર એની ગતિ રોકાતી નથી.

જેણે સિદ્ધિ હાંસલ કરી છે એવા પાસે તો લોકો 'આ તો સિદ્ધ પુરુષ છે, ચાલો' એ તો આપણી બીમારી મટાડી દેશે. બાળક નથી થતાં તો બાળક થશે. નોકરી નથી તો નોકરી મળી જશે. આખી દુનિયા તો લોભીનું ગામ છે એટલે આવી વ્યક્તિ પાછળ લોકો દોડે છે. પોતાનું કામ સધાય તો પૈસા આપશે. માળા પહેરાવશે- બધાં જ કામ કરશે. રિદ્ધિ-સિદ્ધિના કારણે લોકો તરફથી સુખ, સન્માન અને સંપત્તિ મળે છે એનું પણ આકર્ષણ હોય છે. બીજું શક્તિસંચારનું આકર્ષણ હોય છે જ્યારે કોઈ પણ શક્તિ શરીરમાં સંચાર કરે છે ત્યારે એનું સુખ હોય છે. બાળક યુવાન બને છે ત્યારે યૌવનની શક્તિઓનો થનગનાટ શરીરમાં હોય છે. એમાં પણ સુખ મળે છે. આ સુખ તો માદક-મોહક રૂકાવટો છે, એટલે આ એક વૈગુણ્ય છે.

જેમણે કુંડલિનીને પોતાના સંપૂર્ણ વિકાસ વગર જગાડવાનો પ્રયત્ન કર્યો છે, એમનો કામવિકાર બીજા મનુષ્યોથી શતગુણિત પ્રબળ બની જાય છે. કોઈનો ક્રોધવિકાર પ્રબળ થાય છે. જ્યારે કોઈપણ શક્તિનો સંચાર તમે કૃત્રિમ રીતથી કરાવો છો - ત્યારે એ શક્તિ શરીરની સાથે સમરસ થઈ શકતી નથી. એવા મનુષ્યમાં એક પ્રકારની મસ્તી આવી જાય છે. મસ્તી એક વિકૃતિ છે. આત્માનો સ્વભાવ સંતુલન છે. જ્યાં સંતુલનનો પ્રસાદ નથી ત્યાં અધ્યાત્મ નથી. મસ્તીમાં રહેનારા તો રસ્તા વચ્ચે અટકેલા જીવો છે. રિદ્ધિ-સિદ્ધિના કારણે કામ ક્રોધના આવેગ સતાવે છે એ બીજું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૈગુણ્ય છે. જ્યારે એ ધ્યાન ધરે છે ત્યારે વિચાર કરવાની પ્રક્રિયાનાં અંતમાં એક મહાશૂન્ય ઊભું થાય છે. શૂન્યથી પાછું પણ નથી જવાતું કે આગળ પણ નથી વધાતું. એટલે શૂન્ય સાથે ઝૂઝવું પડે છે. લડવા માટે કોઈ પ્રતિસ્પર્ધી જોઈએ. અહિં તો શૂન્ય સિવાય બીજું કાંઈ છે જ નહીં, એટલે એની સામે ઝઝૂમે છે. તરસ લાગે તો તરસને પીવો, ભૂખ લાગે તો ભૂખને ખાવ, જીવ ગભરાવા લાગે તો અંદર જે પ્રાણ છે એને જ ખાવ. આ પ્રકારની સાધના યોગીને કરવાની હોય છે. નિદ્રા ન લેવી એજ એમનું પોઢણ છે. યોગાભ્યાસ વખતે ઉત્તરોત્તર નિદ્રાને ઘટાડવી પડે છે. (પોંડીચેરીનાં માતાજી રાત્રે બે-ત્રણ કલાકથી વધારે આરામ લેતાં નહોતાં) કહેવાં એ માંગે છે કે એમને સમાધિસ્થિતિમાં જ નિંદ્રાનું પોષણ મળે છે. નિગ્રહ અને નિરોધ એમને માટે મન બહેલાવવાનું સાધન છે. ઠંડી લાગે તો ઠંડીને લપેટી લેવી. ગરમીને ઓઢી લેવી, વર્ષા વખતે વર્ષારૂપી મકાનમાં રહેવું, એ યોગી લોકો સારી રીતે જાણે છે. આ કોઈ કાવ્યોક્તિ નથી. ગંગોત્રીમાં ચારે બાજુ બરફ હોય એવે સમયે દિગંબર અવસ્થામાં યોગીને જોયા છે. પૂછયું કે ઠંડી નથી લાગતી ? જવાબ આપ્યાં કે મેં ઠંડીને તો મારા શરીર સાથે લપેટી લીધી છે.

હે અર્જુન, યોગમાર્ગ સરળ નથી. આ તો રોજનો અગ્નિપ્રવેશ છે. સતી તો એકવાર, પોતાના ભરથાર માટે, અગ્નિપ્રવેશ કરે છે. આ તો રોજેરોજનો અગ્નિ પ્રવેશ છે. એમાં એમની સાથે કોઈ નથી, હે અર્જુન, આવા વિકટ માર્ગથી તું શું કરવા જાય છે ? સગુણભક્તિનો જે સુલભ માર્ગ છે તે પકડી લે. બંને માર્ગના અંતે પ્રાપ્તિ તો મારી જ થવાની છે. મૃત્યુથી પણ તીક્ષ્ણ, અત્યંત ગરમ વિષ કોઈને પીવું પડે એવા વિષનું પ્રાશન કરવા જેવો યોગમાર્ગ છે. હે અર્જુન ! અવ્યક્તમાં આસક્ત બનીને યોગના માર્ગે જે જાય છે એમને માટે કલેશ જ કલેશ છે, દુઃખ જ દુઃખ છે, એટલું તું સમજી લેજે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા.૧૫-૧૨-૧૯૮૬

બપોર ૪-૩૦

જ્ઞાનેશ્વરે અદ્વૈતને મધુર બનાવીને બહુજનસમાજની સામે રાખ્યું છે. ભક્તિને પૂર્ણ પુરુષાર્થ અને પંચમ પુરુષાર્થ કહેનારા જ્ઞાનેશ્વર પ્રથમ પ્રવક્તા હતા. મુખ્ય વિષય ભક્તિનો હોવા છતાં પ્રસંગોપાત જે શાસ્ત્રોનું વિવેચન કરવું પડે છે એ પોતાની અનુભવસિદ્ધ અને પ્રયોગપૂત વાણીથી મહારાજ કરે છે.

દેહધારી પ્રાણી માટે 'સોહંભાવ'થી અવ્યક્તની ઉપાસના કરવી એ કેટલી દુષ્કર છે એનું વર્ણન આપણે પ્રભાતના સત્રમાં સાંભળ્યું. આ અધ્યાયના પ્રથમ ભાગમાં ઉપાસનાકાંડ આવે છે અને જે ઉત્તરાર્ધ છે એમાં ભક્તિની સાથે જ્ઞાનકાંડ આવે છે દેહધારી વ્યક્તિ માટે અવ્યક્તની ઉપાસના કેવી રીતે કલેશમય છે એનો જે થોડો અંશ રહ્યો છે, તે હવે જોઈશું.

પાંચમહાભૌતિક કાયામાં ઈન્દ્રિયો જડાયેલી છે. આ ઈન્દ્રિયગ્રામ સંસ્કારોને કારણે એકઠું થયેલ છે. આ સંસ્કારોમાં ગતિ છે. જે કર્મ અનિચ્છાથી થયું છે, જેનું ફળ પ્રાપ્ત ન થવાથી ચિત્તમાં અતૃપ્તિ રહી ગઈ છે અથવા તો જેના પ્રત્યે વિતૃષ્ણા રહી ગઈ છે આવા અતૃપ્તિ-અર્ધતૃપ્તિ-સુખ-દુઃખ- માન-અપમાનના સંસ્કાર લઈને આ શરીર આવે છે. એને કોઈ વિષય જોઈએ છે.

પ્રારબ્ધસ્ય ભોગાત્ એવં ક્ષય :

કોઈને કોઈ વિષય વગર ઉપાસના કરવી, બહિર્મુખી ઈન્દ્રિયોની સાથે જોડાયેલા સંસ્કારપુંજ ચિત્ત માટે એ ઘણું મુશ્કેલ બને છે. યોગાભ્યાસનો પ્રારંભ યોગઃ ચિત્ત વૃત્તિ નિરોધ : છે. ચિત્તમાં વૃત્તિઓનો નિરોધ થઈ શકે એટલે ઈન્દ્રિયોને નિગ્રહની શિક્ષા દીક્ષા આપવી પડે છે. નિગ્રહ મનુષ્યને દમન-આત્મપીડન જેવો લાગે છે એટલે કલેશ હોય છે. આ સારાંશ છે, દાંત વગરની વ્યક્તિને ભૂખ લાગી, એને લોખંડના ચણા ખાવા અપાય તો એ ચાવી પણ શકતો નથી કે ગળી પણ નથી શકતો. એનાથી એનું પેટ ભરાતું નથી અને પ્રાણહાનિ થવાનો સંભવ છે. એવી જ રીતે અવ્યક્તની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપાસનાને ચિત્તનો વિષય બનાવી શકાતો નથી. એમાં વિષય પણ પોતાને બનવાનું છે અને વિષયી પણ પોતાને જ બનવાનું છે, દૃષ્ટા પણ પોતે જ અને દૃશ્ય પણ પોતે જ છે. આવી કઠોર પરીક્ષા તો લોખંડના ચણા ચાવવા જેવી છે. યોગાભ્યાસમાં વચ્ચે થાકી જવાનો ભય છે. મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો એટલા થાકી જાય છે કે એમાં પ્રાણાન્ત પણ થઈ જાય છે.

કોઈ કુશળ તરવૈયો કહે કે હું મારા બાહુથી વિશાળ સમુદ્રને તરી જઈશ. સમુદ્ર તરવા માટે જ્યારે એ નીકળે છે ત્યારે એની જે દશા થાય છે એ જ દશા હે અર્જુન, નિર્ગુણ-નિરાકારને જે ઉપાસનાનો વિષય બનાવવા માગે છે એમની થાય છે. કોઈકે કહ્યું કે અમે તો ગગનમાં પગથી ચાલીશું. અરે, ભાઈ ! પગથી તો ધરતી પર ચલાય છે. ચરણોમાં સમાયેલી ગતિ અને ધરતીમાં સમાયેલી ગુરુત્વાકર્ષણની શક્તિ બંનેનો જ્યારે સંયોગ થાય છે ત્યારે ચાલવાનું કર્મ સંભવ બને છે. નિરાકાર ગગનમાં પગથી ચાલવાનું દુષ્કર છે. અવ્યક્તમાં આસક્ત બનીને એની જે ઉપાસના કરવા માંગે છે એનું કામ તો સાગરમાં બાહુથી તરવા જેવું અને ગગનમાં પગથી ચાલવા જેવું દુષ્કર છે. કોઈએ વિચાર્યું કે હું સમરાંગણમાં લડવા જઈશ, પરંતુ ત્યાં મને એક પણ ઘા પડવો જોઈએ નહીં. જે યુદ્ધમાં ઊતરે છે એની તો પોતાના સીનામાં ઘા ખમવાની તૈયારી હોવી જ જોઈએ ! નિરાકાર-નિર્ગુણની ઉપાસના કરનારે ઈન્દ્રિયોને તકલીફ પડે,મનને કષ્ટ થાય કે બુદ્ધિ થાકી જાય તો પણ શૂન્યની સાથે ઝૂઝવાની તૈયારી રાખવી જોઈએ. રણાંગણમાં જવું અને ઘા વગર પાછા ફરવું સંભવ નથી એવી રીતે કલેશ વગર યોગાભ્યાસ સંભવ નથી. કોઈકે કહ્યું કે અમે સૂર્યમંડળનો ભેદ કરીને ચાલ્યા જઈશું એ જેવી રીતે આ શરીરથી સંભવ નથી એવી રીતે કલેશ વગર યોગાભ્યાસ સંભવ નથી. તેવી રીતે શૂન્યને ઓળંગીને જવાનું દેહધારી માટે લગભગ અસંભવ છે. કોઈના ચિત્તમાં પવનની ગતિથી પણ આગળ જવાની ઈર્ષ્યા ઊઠી મન અને ચિત્ત કેવા પંગુ છે કે એ પવનની ગતિની ઈર્ષ્યા કરે છે. હે પાંડવ ! વાયુની ઈર્ષ્યા એ પંગુ ઈર્ષ્યા છે. એમાં તમે ક્યારેય હેતુની પૂર્તિ જોઈ નહી શકો. એવી રીતે દેહધારી જીવો માટે અવ્યક્તને ચીરીને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આગળ જવાની વાસના નિરર્થક છે. આવી જ કોઈકે હિંમત કરી અને ચિદાકાશમાં ગમન કરવા લાગ્યા તો ચિદાકાશને ભેદીને જવાનો પ્રયાસ ઘણો કલેશકર છે. યોગાભ્યાસ ભક્તિ જેટલો સહજ, સુલભ નથી. એ લોકસુલભ કે જનસુલભ નથી એ વાત અહીં રાખવા માંગે છે. હે પાર્થ, તેં પ્રશ્ન પૂછયો છે કે જે સગુણ ભક્તિ કરે છે તે મારું તત્ત્વ જાણે છે કે નિર્ગુણ ભક્તિ કરે છે એ જાણે છે ? તો કહીશ કે નિર્ગુણના રસ્તા પર ચાલનારા કોઈ વીર-શૂર મળી આવે તો પણ એમની યાત્રા અત્યંત કલેશકર છે, જે ભક્તિપંથથી જાય છે એને કોઈ વ્યથા કે કલેશ નથી.

આ ગ્રંથ આઠસો વર્ષ પહેલા લખાયો છે ત્યારે વર્ણાશ્રમધર્મની આજે જે દુર્વ્યવસ્થા છે તે નહોતી. પ્રત્યેક ગ્રંથમાં કેટલુંક નિરપેક્ષ સત્ય હોય છે. જ્ઞાનેશ્વર મહારાજ જેવા લખનારા હોય તો નિવેદન હોય, પ્રતિપાદનનો અભિનિવેશ જ્ઞાનેશ્વર મહારાજમાં નથી, પરંતુ જે વિષયનું પ્રતિપાદન કરવા માગે છે એના માટે પણ જે ત્રિકાલાબાધિત નિરપેક્ષ સત્ય છે એનું કેટલુંક નિવેદન થાય છે અને કેટલાકમાં દેશકાળ પરિસ્થિતિ અનુસાર અનુકૂળ ધારણાઓ-માન્યતાઓ પણ વચ્ચે વચ્ચે આવી જાય છે. જ્ઞાનેશ્વર મહારાજના ગ્રંથમાં પણ એવા પ્રસંગ આવે છે, જેમાં એવા વચન વાંચવા મળે છે જે એ સમયની સમાજની વ્યવસ્થાને માન્યતા આપનારા હોય. આવી જ આ એક ઓવી છે.

વર્ણ વિશેષને કારણે જે કોઈ કર્મ એ ભક્તને ભાગે આવે છે તે સુખપૂર્વક કરે છે, વિધિનું પાલન કરે છે અને નિષિદ્ધને છોડી દે છે. શાસ્ત્રનો અર્થ જે શાસન કરવાવાળા નિયમ છે, જે સર્વમાન્ય છે એવો નહિ કરીએ, જે સર્વને લાગુ પડે છે એને શાસ્ત્ર કહીશું. શાસ્ત્રોએ વિધિ-નિષેધનું વર્ણન કર્યું છે. એ વિધિ નિષેધોમાં કેટલાક દેશ-કાળ પરિસ્થિતિ સાપેક્ષ પણ છે, કેટલાક નિરપેક્ષ પણ છે એટલે જેનું વિધાન છે તે કરે છે અને જે નિષિદ્ધ છે એને છોડે છે. આ કરવા અને છોડવાની સાથે એક સુંદર યુક્તિ એમના હાથમાં છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

येतु सर्वाणिकर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते । ६ ।

કર્મફળ પોતાને મળે એવું એ ઈચ્છતા નથી. નિષિદ્ધ અને શાસ્ત્રવિહિત બંને કર્મ ભગવાનને અર્પણ કરે છે. એ ફળની વાંછા રાખતા નથી એટલે એમને એના કોઈ સંસ્કારો રહી જતા નથી. એમના ચિત્તમાં કર્મને માટે પ્રિયતા-અપ્રિયતા રહેતી નથી, એક પ્રકારનો સમભાવ આવે છે. ન કરવાનું અભિમાન અને કરવાનો અહંકાર ત્યાં નથી. ફળ પ્રભુને અર્પે છે એટલે જે કર્મને લઈને કાયા આવી છે એ કર્મોનો ક્ષય થાય છે. નવા કર્મોનું બંધન મારા ભક્તોના જીવનમાં થતું નથી. એ કર્મફળનાં સંસ્કારને જલાવી દે છે. હું કર્મફળનો ત્યાગ કરું છું એવા ઘમંડથી નહી. 'ઈશ્વરાર્પણઅસ્તુ' એટલું કહીને કર્મ કરે છે એટલે એમાંથી ફળ નિષ્પત્તિ થતી નથી. ફળનો કોઈ સંસ્કાર શેષ રહેતો નથી એટલે એમને ફરીવાર કાયા ધારણ કરવી પડતી નથી. એમને ફળ સંન્યાસ કર્યો છે એટલે એમનું કર્મ જ અકર્મ બની જાય છે.

આમ મને કર્મફળ સમર્પિત કરીને -ફળકર્મનો સંન્યાસ લઈને કર્મ કરતા પણ અકર્મઅવસ્થા પ્રાપ્ત કરી લીધી છે. જ્ઞાનેશ્વર મહારાજ અહીં કર્મયોગનો અર્થ કરી રહ્યા છે. કહે છે કે કર્મફળ તો પ્રભુને આપી દીધું પરંતુ કર્મ કરવાની પાછળ જે ભાવ પડ્યો છે એનું શું ? બંધન કેવળ ફળમાંથી જ નથી નીપજતું, હેતુમાંથી પણ નીપજે છે. કર્મ મુક્તિદાયક ન બનતાં બંધનાપાદક બને છે એના બે કારણ છે : એક તો ફળની વાસના અને બીજું હેતુની આસક્તિ. ભક્ત માટે હેતુ અને કાયિક, વાચિક, માનસિક જે ભાવ છે એ મન છોડીને બીજે ક્યાયં દોડતા નથી. એમના માટે મને છોડીને જીવનનું બીજું કોંઈ લક્ષ્ય નથી.

वासनात् वासुदेवस्य वासितम् भुवनत्रयम् ।
सर्वभूत निवासोऽ सि वासुदेव नमोस्तु ते ॥

જેના નિવાસથી આખું વિશ્વ સુવાસિત થયું છે એવા વાસુદેવને તત્ત્વરૂપથી જોવા હોય તો તત્ત્વરૂપથી અને મૂર્તરૂપથી જોવા હોય તો મૂર્તરૂપથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગ્રહણ કરો. આમાં પોતપોતાની ઈચ્છા અનુકૂળતાનો પ્રશ્ન છે

'આંખ ન મૂંદૌ કાન ન રૂધૌં તનિક કષ્ટ ન ધારૌ'
ખુલે નયન હંસી હંસી કર દેખૌ
સુંદર રૂપ નિહારૂં, ઉધો સહજ સમાધિ ભલી.

ગોપીઓ ઉદ્ધવને કહી રહી છે કે અમારે નાક, કાન બંધ કરવા પડતાં નથી આંખો મીંચવી પડતી નથી, કે કામકાજ છોડવાં પડતાં નથી. મન તો પ્રભુને વેચાઈ ચૂક્યું છે. એટલે ઘરનાં કામ કરતા મનમોહન માધવનાં સુંદરરૂપને ખુલ્લાં નયનથી જોઈએ છીએ. શ્યામ તો અમારી આંખોમાં સમાયા છે, આંખોથી બહાર નથી. જે આંખોની બહાર છે એ તમારે લાયક છે એને તમે લઈ જાવ. એ તો આંખોની અંદર છે

પ્રભુ કહે છે કે મારા ભક્તના કાયિક-વાચિક-માનસિક ભાવ પણ એકાંત ભાવથી મારી સાથે જોડાયેલા છે, એટલે ભાવકર્મનું ફળ પણ મદ્, અર્પણ છે. એનાથી વધારે સન્યાસ હોઈ શકે કે ? જે મત્પરાયણ બની ગયા છે એમના માટે આકર્ષણનો બીજો કોઈ વિષય નથી. તુકારામ કહે છે કે હું બંધનોને શોધવા જાઉં છું તો ક્યાંય બંધન દેખાતાં નથી, મને તો બધા જ વિષયોમાં નારાયણ જ નારાયણ દેખાય છે. એટલે ક્યાંથી બંધન લાવું અને ક્યાં મુક્તિ પાછળ દોડું ? વળી કહે છે કે જે વાસનાને કારણે જન્મ લેવો પડે છે એ વાસના જ હરિરૂપ બની ગઈ છે. બીજી જગાએ તુકારામ કહે છે કે અમે તો એવા વિઠ્ઠલના દાસ છીએ કે એમનું નામ લેતાં લેતાં પિંડમાં અમે બ્રહ્માંડનો ગ્રાસ કરીને એને પચાવી ગયા છીએ. હવે અમારે માટે જન્મ શું અને મૃત્યુ શું ? આગળ ચાલતાં કહે છે કે શેરડીમાંથી સાકર બની, હવે પાછી સાકરમાંથી શેરડી બનતી નથી. એવી જ રીતે વાસનાનું બીજ શેકાઈને પ્રભુના નામરૂપમાં સમાઈ ગયું છે. હવે અમારા માટે ગર્ભવાસ કેવો ?

હે અર્જુન ! મત્પરાયણતા એ જ એમની ઉપાસના છે. ઉપાસના કર્મ ન બનતાં એ એમનું જીવન જીવવાનું શીલ બની ગઈ છે. ઉપાસનાને આપણે કર્મ માન્યું છે. કર્મનો નિષેધ નથી, મંદિરે જવાનો પૂજા કરવાનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિષેધ નથી, પરંતુ એની પાછળ ભાવ વૃત્તિ ન હોય પ્રભુ -પરાયણ ચિત્ત ન હોય તો એ એક શારિરીક -યાંત્રિક કસરત બની જશે આપણી પાસે એ નિષ્પ્રાણ-નિસ્તેજ ક્રિયાકાંડ રહી ગયા છે. શ્રીમદ્ રાજચંદ્રે ગાયું છે,

કોઈ ક્રિયાજડ થઈ રહ્યાં, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ,

કોઈ ક્રિયાકાંડમાં અટવાય છે તો કોઈ શુષ્કજ્ઞાનમાં ચાલ્યા જાય છે, એટલે અહી કહે છે કે જે મત્પરાયણ છે એમનું જીવન જ ઉપાસનામય બની ગયું છે. એને કારણે ચોવીસ કલાક એમનું ધ્યાન, એમનું અનુસંધાન મારી સાથે જોડાયેલું છે. એટલે મને વૈકુંઠમાં ચેન નથી. વૈકુંઠમાં વસું છું એવું લોકો સમજે છે, પરંતુ મારો નિવાસ તો મારા ભક્તના હૃદયમાં છે. જે મત્પરાયણ બન્યા છે એમનું જીવન એમનું હૃદય મારું સાચું નિવાસસ્થાન બની ગયું છે. મારી સાથે એમનો પ્રેમ એવો થઈ ગયો છે કે ન તો એ મારી પાસે સંસારના સુખ માગે છે કે ન તો એ મુક્તિ માગે છે. પ્રભુની પાસે પ્રભુને છોડીને બીજું શું માંગવાનું હોય ? ભક્તિનું શીલ છે કે ભગવાનની પાસે ભગવાનને જ માગે. તુકારામ મહારાજ કહે છે કે મારે કાંઈપણ માંગવાનું હોય તો એ જ કે ગર્ભાવાસ જેટલી વાર આપવો હોય તેટલીવાર આપજો, ગર્ભાવાસથી અમે ડરતા નથી પરંતુ એક કામ કરજો જ્યાં જઈએ ત્યાં સત્સંગ જરૂર આપજો. પછી તમારું જ નામ ગુણ ગાતાં રહીશું. તમારા જ રૂપને ધ્યાયીશું. પછી તમે અમને છોડીને ક્યાં જશો ?

વાસુદેવ કહે છે કે એમને તો મારે કારણે ભોગ મોક્ષને બિચારા કહીને તુચ્છ બનાવી દીધા છે. ભક્તના કુળમાંથી ભોગ અને મુક્તિ બંને ભાગી જાય છે. આ ઘણી મોટી વાત છે. ભુક્તિની વાસના ન રહે એ તો સમજી શકાય, પરંતુ અહીં તો મુક્તિની વાસના પણ નથી. લોકોને નરસિંહ મહેતા-તુકારામની ઘણી દયા આવે છે. દરિદ્રતાને કારણે એમના ઘરમાં અન્ન નથી એનું એમને દુઃખ નથી એ તો પોતાની અંદર કાંઈક એવું ઐશ્વર્ય પામી ગયા હતા કે એમને માટે ઈહલોકના ભોગ અને પરલોકની મુક્તિ બંનેની કિંમત તૃણવત થઈ ગઈ હતી. અનન્યતાનો એમનો યોગ છે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હઠયોગ, મંત્રયોગ કે લયયોગ નહીં. એ તો જીવ, મન અને પ્રાણથી મને વેચાઈ ચૂક્યા છે. એમના માટે હું શું નથી, કરતો ? ભક્તોના જ્યાં ઘર છે ત્યાં દોડી દોડીને જઉ છું અને એમની સેવા કરું છું એટલું જ કે એ સાચો મત્પરાયણ ભક્ત હોવો જોઈએ. દિવસના ચોવીસ કલાકમાં એક કલાક ભગવાનની મૂર્તિ પાસે બેસી ગયા અને બાકીના ત્રેવીસ કલાક મન સંસારની વાસના, કામના અને ઈચ્છાઓમાં દોડી રહ્યું છે એના માટે પ્રભુ દોડશે એવું આશ્વાસન નથી. જે મને વેચાઈ ચૂક્યા છે એમના હિતનું - કલ્યાણનું જે કાંઈ કરવાનું આવે છે તે હું બધું જ કરું છું. હે ધનુર્ધર, જે બાળક માના પેટે જન્મ લે છે એને માટે મા શું નથી કરતી ? બધું જ કરે છે, કાંઈપણ કરવામાં માને લજ્જા નથી, બાળક બીમાર છે તો મા આખી રાત જાગે છે, કોઈ કહે તમે થાક્યાં છો તો લાવો હવે અમે બેસીએ, તો જવાબ વાળે છે કે મને થાક લાગ્યો નથી. આવો સંબંધ માનો સંતાન સાથે થઈ જાય છે. પોતાના શરીર-મન-પ્રાણથી એ જે કાંઈ કરી શકે છે તે કરવામાં એને આનંદ છે. વાત્સલ્યને કારણે માના શરીરમાં રક્તનું દૂધ બની જાય છે. જેવો માનો અને સંતાનનો સંબંધ છે એવો જ મારો અને મારા ભક્તનો સંબંધ છે.

મારામાંથી જ ઉત્પન્ન થયા છે, પરંતુ જે જાણતા જ નથી કે એ મારામાંથી ઉત્પન્ન થયા છે. હું જ એમનો માતા-પિતા-ધાતા-ભર્તા છું એનો જેમને ખ્યાલ નથી એમની વાત ક્ષણભર માટે બાજુએ મૂકો.

જે જાણી ચૂક્યા છે કે એ મારા જ સંતાન છે. એમના માટેં મારો પ્રેમ કેટલો ઊભરાય છે એને વ્યક્ત કરવા માટે કેટલો તરફડું છું હે અર્જુન ! એની તો તું કલ્પના પણ કરી શકીશ નહી. મારો અને ભક્તનો એવો સંબંધ છે. અજ્ઞાની, દુર્ગુણી, દુર્બળ વારેવારે ઠોકર ખાય, વિકારોને વશ પણ થાય, આવી દુર્બળતા હોવા છતાં એ જેવા છે તેવા એમનો સ્વીકાર છે. એ નથી કહ્યું કે તમે સાફ થઈને આવો. મા બાળકને માટીથી ખરડાયેલું જુએ છે તો નવડાવીને એને સાફ કરવા માટે દોડીને જાય છે, એને સાફ કરીને પોતાની ગોદમાં લે છે. એવી જ રીતે એ જેવા છે તેવા મારા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તોનો હું અંગીકાર કરું છું- એમને મારા અંગો જેટલા નિકટ માનું છું એટલે એમની બધી જવાબદારી મેં લઈ લીધી છે. મેં કળિકાળની સાથે કરાર કર્યો છે કે જેટલા મત્પરાયણ થઈને જીવવાવાળા ભક્તો છે એમની સાથે મારો સંબંધ છે. એટલે એમનાં મૃત્યુની ક્ષણે હું જ એમને લેવા જંઈશ, તારું ત્યાં કામ નથી. મૃત્યુને મારીને ભક્ત કેવી રીતે અમર બને છે એનો આમાં સંકેત છે. ત્યાં કળિકાળનું કાંઈ ચાલતું નથી કારણ કે એમણે તો દેહમાં જ પોતાના મૃત્યુને જોઈ લીધું છે. હવે મૃત્યુ એમને શું મારશે ? મૃત્યુ તો એમને મારે છે, જે દેહ હોય ત્યારે મૃત્યુના રહસ્યને સમજતાં નથી. મારા ભક્ત તો પોતાના કુળને તથા સંસારને માટે મરી ચૂક્યા છે. એ તો મારે માટે જ જીવે છે. દેહ હોવા છતાં વિદેહી બની ગયા છે.હે અર્જુન ! મારા ભકત- જે પળવાર માટે પણ મારાથી વિભકત થતા નથી એમને સંસારની ચિંતા કેવી ? સંસારની સાથે એમને શું લેવા દેવા છે ? પ્રારબ્ધ છે ત્યાં સુધી જીવવાનું છે. ઈંદ્રિયોમાં કર્મની ગતિ છે તો શાસ્ત્ર અનુસાર કર્મ કરવાનાં છે. કર્મનું ફળ બાંધે છે તો એ ફળ મને જ આપી દીધું છે. વૃતિઓ સતાવે તો વૃતિઓને એમણે મારી સાથે જોડી દીધી છે. એમને સંસારમાં ચિંતા કરવા જેવું કાંઇ નથી. હે અર્જુન ! સમર્થ-સંપત્તિવાનની સ્ત્રી કયારેય કોઇ પાસે ભિક્ષા માગવા જંતી નથી એવી રીતે મારા ભકતોને સંસારની પાસે ભિક્ષા માગવાની આવશ્યકતા નથી સંસાર આપી આપીને એમને શું આપશે? એમને ખબર છે કે 'સુખ- દુઃખ ઘટ સાથે રે ઘડિયાં' સુખ દુઃખ ઘટ સાથે જડાયેલા છે, એને ટાળી શકાતાં નથી. એટલે ન તો ફિકર છે એમને સુખની કે ન તો દુઃખની. એમનું તો એક જ ધ્યેય છે જીવવું છે. જેણે જન્મ આપ્યો છે , સંસારના રૂપે જે સામે ઊભા છે એમની સાથે તાદાત્મતા સાધવું છે તદાત્મા સાધીને એ ચાલ્યા જાય છે.

આપણને તો થાય છે કે મળશે કે નહીં, મંળશે તો કેટલું મળશે? મળે તો એનો સંગ્રહ કરવામાં અને સંગ્રહ કરેલું સાચવવામાં જ જિંદગી ચાલી જાય છે. પછી બીજું કાંઇ કરવા માટે સમય બચતો જ નથી.

ભગવાન કહે છે કે ભકત તો મારું કુટુંબ-પરિવાર-ભાર્યા-કાન્તા છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચૈતન્ય મહાપ્રભુએ અષ્ટ મહાભાવની સાધના કરી. એ ભાવમાં પોતાને કાન્તા માનીને પ્રભુની પતિભાવથી આરાધના-ઉપાસના થાય છે. એ રાગાત્મિકા મધુર ભક્તિ કહેવાય છે.મહારાષ્ટ્ર સમાજમાં જ્ઞાનેશ્વર મહારાજ વારકરી સંપ્રદાયના નિર્માતા-સંસ્થાપક હતાં. બંગાળમાં મધુર ભક્તિ જે એક રૂપે જોવા મળી એ ભક્તિને જ્ઞાનેશ્વર મહારાજે બીજું જ રૂપ આપી દીધું છે. અહીં ભકત એમ નથી કહેતા કે એ મારા પતિ છે. અહીં તો ભગવાન કહે છે કે મને કાન્તિ આપનાર એ મારી કાન્તા છે, એ મને નામ-રૂપ આરોપે છે મહારાજે વાસુદેવના મુખથી કહેવડાવ્યું છે. કે એ મારી ભાર્યા-કાન્તા- પત્ની છે. એટલે ભકતનું કાંઇ પણ કરવામાં મને લજ્જા નથી. એમને માટે રથ હાંકવો પડે કે રાજસૂય યજ્ઞમાં એંઠા પતરાળા ઉઠાવવાં પડે, ઘોડાની સેવા કરવી પડે કોઇ પણ કામ કરવામાં મને લજ્જા નથી.

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरत् ।
भवामिनचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥७।

આ ભવસાગરમાં જન્મમૃત્યુના મોટાં મોટાં મોજા ઊછળે છે. આ મોજાને જોઇને મારા ભકત ગભરાતા હશે એવું મારા મનમાં થયું (અહીં ભકતને માટે પ્રભુ શું નથી કરતા એ કહેવા માગે છે.) ભવસિંધુનો ઉન્માદ જોઇને ભલભલાના છક્કા છૂટી જાય છે તો મારા ભકત તો ડરે એ સ્વાભાવિક છે એનાથી વિકલ બનીને હે પાંડવ, જયાં મારા ભકત રહે છે ત્યાં કોઇ ને કોઇ માનવશરીરનો આશ્રય લઇને એમના ગામમાં દોડી જઉં છું. મારા સહસ્ત્રાવધિ નામ છે. આ નામની નૌકા બનાવું છું હજારોહજાર નામની નૌકા બનાવું છું.(અહીં શ્રી કૃષ્ણ શરણં મમ્ એ કહેશો તો જ મુકત થઇ જશો એમ નથી કહ્યું) મારા ભકતોને કહું છું કે આ નામરૂપી નૌકામાં બેસી જાવ તો ભવસાગર સહેલાઇથી તરી જશો. તમારે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. સંતોના દેહનો આશ્રય લઇને આ નામરૂપી નૌકાને મારા ભકતો સુધી પહોચાડું છું. હું પોતે નામમાં ઊતરીને આવું છું નામમાં મારી શકિત ઊતરીને આવે છે. તાત્પર્ય એ છે, મારા ભકતો માટે હું નામ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રૂપ નૌકા બની ગયો છું.

નામ એટલે કોઈ શબ્દ. શબ્દમાં નાદ છે, નાદમાં વાયુ-અગ્નિતત્ત્વ છે શબ્દમાં અર્થ-ભાવ છે. પદાર્થવિજ્ઞાનવેત્તાઓ પાસે જશો તો કહેશે કે સંસારના પદાર્થોનું વિશ્લેષણ કરશો તો ખબર પડશે કે પ્રાથમિક- મૂળભૂત તત્ત્વ નાદ અને પ્રકાશ છે. અહીં નામને નૌકા કહી એના માટે આજના વિજ્ઞાનનો આધાર આપવા માગો તો આપી શકો છો. Sound is basic principal

નાદ રૂપો સ્વયમ્ વિષ્ણુ નાદ રૂપો મહેશ્વરઃ

નાદાત્મિકા પરાશકિત નાદાત્મકં જગત

નામમાં જે અર્થ-રસ ભાવ છે એ ચાખીને નામ લો તો એ નૌકા છે. બેધ્યાન, અનવધાનમાં રહીને અન્યનસ્ક બનીને વ્યગ્રચિત્તથી નામ લો છો તો પ્રભુશકિત નામમાં ઊતરતી નથી. એ કેવળ મૌખિક ક્રિયા કે કંઠની કસરત નથી. એની સાથે તો હૃદય-મન-પ્રાણ બધું જ જોડાવું જોઈએ. એ સમગ્રતામાંથી ખીલનારું કર્મ છે.નામ રટણ સાથે અર્થભાવન થાય ત્યારે એ નામ-જપ કહેવાય છે. 'તદ્ જપ : તદર્થ ભાવનમ્' ત્યારે પ્રભુ સજીધજીને નામરૂપમાં ઊતરી આવે છે. સંસારથી ભવપાર થવાની વાત છે એને ઉપરછલ્લી રીતે ન લેશો. જે કુટુંબવત્સલ લોકો છે એમને નામરૂપી નૌકામાં બેસાડીને પાર કરાવું છું. કેટલાક લોકો પરિવાર સાથે ન રહેતાં એકલા રહે છે. એમની કોઈ જવાબદારી નથી. કાં તો એ બ્રહ્મચારી છે કાં તો એ સંન્યાસી બની ગયા છે એમને હું કહું છું કે મફતમાં નામની નૌકામાં ન બેસશો. જરા ધ્યાનનો પરિશ્રમ કરો, એમને ધ્યાન માર્ગે લઈ જાઉ છું. જે કુટુંબ-પરિવારવાળા પરિગ્રહી હતા એમને તો નામરૂપી નૌકામાં બેસાડયા. એકલાને ધ્યાનમાર્ગ પર ચઢાવ્યા. ધ્યાન કરતાં કરતાં થાકી ગયા અને પોતાના ધ્યાનના બળ પર ભવ પાર કરી ન શકવા સુધી આવ્યા ત્યારે પ્રેમરૂપી તૂંબડું એમને બાંધી દઉ છું જેથી કરીને તુંબડાના આધાર પર તરી શકે. જે જે શીખવા માગે છે એમને શરૂઆતમાં ડૂબે નહીં એ માટે તૂંબડું બાધું છું પછી સાયુજયતાના તટ પર લઈ આવું છું

ભક્તોના નામથી કેવળ બે પગવાળા જ વૈકુંઠમા પહોંચે એવું નથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પશુ પણ નામ સંસ્કારથી ભક્તિના વાતાવરણમાં તરી જાય છે.પોપટ-કૂતરાં-ગાય એવાં કેટલાક પશુ-પ્રાણીઓ પણ જોયા છે જે એકાદશીને દિવસે ખાવાનું આપો તો પણ ખાતા નથી. મારા નામ અને ધ્યાનને કારણે ચતુષ્પદ પ્રાણીઓ પણ ભવસાગર તરી જાય છે. એટલે જે સાચા અર્થમાં ભક્ત છે એને સંસારમાં ચિંતા કરવાની જરૂર નથી. એમનો ઉધ્ધાર કરવાવાળો હું બેઠો છું એમની આગળ પાછળ હું દોડું છું. 'ગોવિંદ ગોવિંદ' એવો જ્યારે મનને છંદ લાગે છે ત્યારે ગોવિંદમાં તથા મારામાં કોઈ ફરક રહેતો નથી એવું કહેવાની ખુમારીવાળા ભક્તો પણ છે. પ્રભુ કહે છે કે મારા ભક્તને કોઈ પણ પ્રકારની ચિંતા નથી. ચિંતા કરનારો હું એમની આગળ-પાછળ દોડું છુ. કસોટીના પ્રસંગે ભગવાન મારી આગળ-પાછળ દોડે છે એ નિવૃત્તિનાથે કહ્યું છે. કાંઈ પણ કામ કરવા ભક્ત જાય તો એમના પહેલા, આગળ-પાછળ-દોડીને એ કામ કરી આપે છે.

જીવનમાં જેટલા અનૂકૂળ સંયોગ છે એ પ્રભુની ઉપસ્થિતિની ક્ષણ છે પ્રતિકૂળતાની ક્ષણમાં આત્મનિરીક્ષણ કરીને જોઈ લેવું જોઈએ કે કયાંક અહંકાર વચમાં તો નથી આવ્યો ને ? યથાશકિત, યથામતિ, યથાબુધ્ધિ-સમજપૂર્વક કર્મ કરાય છે ત્યારે પરિસ્થિતિમાં અનૂકૂળતા પેદા થઈ જાય છે. પરિસ્થિતિની અનુકૂળતા એજ પ્રભુનો અનુગ્રહ છે. પ્રભુ સામે આવીને થોડું શ્રીફળ આપવાના છે !(એ પણ કરી શકે છે.) અહીં કહેવાનો આશય એટલો જ છે કે પરિસ્થિતિની અનુકૂળતા એ પ્રભુના અનુગ્રહનું સૌથી મોહક-સુંદર પ્રતીક છે. હું સદૈવ એનો સમૃધ્ધરતા છું એનો અર્થ શંખ-ચક્ર-ગદા-પદ્મ લઈને આગળ પાછળ દોડું છું એવો ન કરશો એમ કરીને સ્થૂળમાં ન લઈ જશો. આપણા માટે અનુકૂળતા પેદા થશે તેવી કલ્પના પણ ન હોય ત્યારે આપણાથી કંઈ થઈ જાય છે. કરાતું નથી પરિસ્થિતિની અનૂકૂળતાને પ્રભુનો અનુગ્રહ માનવાની જો વિનમ્રતા હોય તો એનો ઉધ્ધાર કરનારો, મુશ્કેલીઓમાં રસ્તો બતાવનારો, પ્રત્યવાયોને દૂર કરવામાં મદદ કરનારો, અનૂકૂળતામા અહંકાર પેદા ન થાય એવી જાગૃતિ આપનારો - હું આગળ પાછળ દોડું છુ. અંત:કરણના અવાજ રુપે ધીરેધીરે હસતાં હસતાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રભુ અંદર બેસીને કહે છે કે આ બરાબર કરો છો. આ ખોટું કરી રહ્યા છો, આ જુઠું બોલી રહ્યા છો, અનિષ્ટ તરફ જઈ રહ્યા છો એ તો અંદર-બહાર બધે જ છે. ચૈતન્યથી સૃષ્ટિ બનીછે. તો આ સૃષ્ટિમાં જે કોઈ પદાર્થ છે એ પ્રભુ નિર્મિત છે, એટલે પવિત્ર છે. એટલુ જો ચિત્તમાં આવી જાય તો જીવન જીવવાની શૈલી બદલાઈ જાય. દૃષ્ટિ બદલાય તો દર્શન બદલાય છે. વૃત્તિ બદલાય તો વર્તન બદલાય છે. ભક્તિ આતંરિક ક્રાન્તિ જ છે. દૃષ્ટિ અને વૃત્તિમાં ક્રાન્તિ એ જ ભક્તિ છે. નહીં તો ભક્તોનાં જીવન કેવી રીતે બદલાત ?

ભક્તે તો પોતાનું ચિત્ત મને આપી દીધું. એ તો મારા બની ગયા. એમની જવાબદારી ઉઠાવવાનો મારો ધર્મ થઈ પડે છે. જ્યારે લગ્ન કરીને યુવક યુવતી એકમેકના બની જાય છે ત્યારે એકમેકને સંભાળવા માટે કેટલાં તરસે છે. એવી જ રીતે જે ભક્ત પોતાની ચિત્તવૃત્તિ મને આપે છે એ પોતાના મટી ગયા, મારા બની ગયા. એમને માટે હું કાંઈ 'કરું' છું એ કહેવાનું ખોટું છે, એમનામાં અને મારામાં હવે કોઈ ભેદ રહ્યો નથી. અભેદ થઈ ગયો છે. એટલે હું એમને માટે નથી કરતો. મારા માટે કરું છું મારા સંતોષ સમાધાન માટે કરું છું. હે ધનંજય, ભક્તિના પંથથી તારે ચાલવાનું છે એટલો જ મંત્ર તું પકડી લઈશ તોયે તારા પ્રશ્નનો જવાબ તને મળી જશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૧૬-૧૨-૧૯૮૬

સવાર ૮-૩૦

ગ્રંથનો પ્રારંભ કરતી વખતે બતાવવું પડે છે કે વિષય શું છે ? પ્રયોજન શું છે ? એના અધિકારી કોણ છે ? આને અનુબંધ ચતુષ્ટય કહે છે. જ્ઞાનેશ્વર મહારાજે કહ્યું છે કે શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાત્મ પરનો ગ્રંથ છે. એમાં વેદનો સાર છે એટલે જેને અધ્યાત્મમાં રસ છે એવી વ્યક્તિ શ્રવણની અધિકારી છે. જો અધ્યાત્મમાં રસ ન હોય -આ સૃષ્ટિ શું છે ? કેવી રીતે બની ? હું કોણ છું ? શું છું ? મારો આ સૃષ્ટિ સાથે શું સંબંધ છે ? એ સંબંધને કાયા-વાચા-મનસા કેવી રીતે જીવું ? એ જાણવામાં રસ ન હોય તો ગ્રંથશ્રવણમાં આનંદ આવતો નથી. આ દેશમાં એવી પરંપરા રહી છે કે ગ્રંથનો પ્રારંભ કરતી વખતે દેવી-દેવતા-ગુરુને નમન કરાય છે.

જ્ઞાનેશ્વર મહારાજ ગ્રંથનો પ્રારંભ કરતા કહે છે કે

ૐ નમો જી આદ્યા વેદ પ્રતિપાદ્યા જય જય સ્વસંવેદ્યા આત્મારૂપા.

ગ્રંથની ફળશ્રુતિ નમનમાં છે. 'વંદના'માં છે. જે આદ્ય છે, જેનું કોઈ કારણ નથી, આખા વિશ્વનું જે આદિ કારણ છે, એમને અનાદિ-અનંત નથી કહ્યા, આદ્ય કહ્યા છે. જે સ્વયંભુ-સ્વયંસિદ્ધ-સ્વયંકારણ -સ્વયં અવિકૃત કાર્ય છે, વેદોનો જે પ્રતિપાદ્ય વિષય છે, વેદો માટે જે પ્રમેય રૂપ છે, જે સ્વસંવેદ્ય છે (જે પોતાને જાણવાની શક્તિ રાખે છે) જે જ્ઞાન સ્વરૂપ છે. (જ્ઞાન આત્માનો ગુણ કે ક્રિયા નથી જ્ઞાન આત્માનો ઉપાદાન સ્વભાવ છે) આવું જે આત્મરૂપ છે એને નમન કરું છું. પ્રણામ કરું છું. આ તો 'જ્ઞાનેશ્વરી'માં નમન થયું. પંદર વર્ષની ઉંમરે બીજો ગ્રંથ અમૃતાનુભવ, લખ્યો છે. એમાં કહ્યું છે કે એનું આખ્યાન-વ્યાખ્યાન કે પરિભાષા થઈ શકે તેમ નથી. વ્યાખ્યા ત્યારે જ થાય જ્યારે વસ્તુની બહાર પણ જીવન હોય પણ જીવનની સમગ્રતા જ જ્યાં પરમાત્મા કહેવાય છે ત્યાં પરમાત્માની વ્યાખ્યા કેવી રીતે થાય ? જે આનંદસ્વરૂપ-આનંદકંદ છે, અજન્મા છે, જેમાં ક્ષરણ નથી એવા અક્ષર છે, એવા નિવૃત્તિનાથને પોતાના ગુરુને કેવા સ્વરૂપમાં જ્ઞાનેશ્વર જુએ છે એ બહુ જ રોચક અને વિચાર-પ્રવર્તક વસ્તુ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. એમનામાં રહેલાં દૈવતને એ પ્રણામ કરે છે.

આ અધ્યાત્મ પર ગ્રંથ હોવાને કારણે ઘણો ગંભીર ગ્રંથ છે. ગમે તેટલો પણ એને સુલભ કરવા જાવ-થઈ શકે તેમ નથી. મહારાષ્ટ્ર માટે લોકભોગ્ય ભાષામાં જ્ઞાનેશ્વરે ગ્રંથ લખ્યો પણ આઠસો વર્ષ પહેલાંની મરાઠી ભાષા છે તે આજની યુનિવર્સિટીમાં મરાઠી ભાષા લઈને M.A. કરનાર માટે પણ મુશ્કેલ બને છે, કારણ કે ભાષા બદલાતી ગઈ. એનું જે શુદ્ધતમ રૂપ હતું તે આજે રહ્યું નથી. શતકોની ધૂળ એના પર ચઢી ગઈ છે. ભાષાની પદ્ધતિ અને શૈલી બદલાઈ ગઈ છે. જ્ઞાનેશ્વર અધ્યાત્મનો વિષય સમજાવી રહ્યા છે. એ જે ઊંડાણમાં જાય છે એ ઊંડાણમાં સામાન્યતઃ ઊતરાતું નથી. ગ્રંથ પારાયણ થાય છે તો એને રોચક બનાવાય છે, પરંતુ અહીં તો વિષય એટલો મૌલિક અને માર્મિક છે, ગૂઢ અને ગહન તત્ત્વ સાથે અનુબંધ રાખનારો છે કે એની સાથે અનુસંધાન રાખ્યા વગર કાંઈ પણ કહેવું મુશ્કેલ છે.

मय्येव मन आधतस्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशय : ।८।

પ્રભુ ધનુર્ધારી અર્જુનને ઘણા લાડ લડાવે છે. કહે છે કે હે પ્યારા પાર્થ! તારી પાસે બે ચીજ છે, એક છે મન અને બીજી છે બુદ્ધિ. બુદ્ધિથી તું નિશ્ચય કરી લે કે મારે ભક્તિ કરવી છે. આગળ મંત્ર આપતાં જ કહ્યું કે તું ભક્તિમાર્ગ પર જ ચાલ. હવે આ મંત્રના અનુષ્ઠાન માટે સાધન ક્યા છે એ બતાવે છે. તારા મનને એની સમસ્ત વૃત્તિઓ સાથે મને અર્પણ કરી દે અને તું બુદ્ધિમાં નિશ્ચય કરી લે. બુદ્ધિમાં નિશ્ચય નથી અને કોઈના વ્યક્તિત્વથી, કોઈની શૈલીથી, કોઈના ગીતોથી પ્રભાવિત થઈ ગયા, બધાં જ જઈ રહ્યા છે તો આપણે પણ જઈએ. એવી રીતે જવામાં બુદ્ધિનો નિશ્ચય હોતો નથી. ભાવનાના આવેગમાં- આવેશમાં- આતુરતામાં જે કરવામાં આવે છે તેમાં ધૃતિની શક્તિ લાગતી નથી. જ્યારે બુદ્ધિ નિશ્ચય કરે છે ત્યારે ધૃતિની શક્તિ ચિત્ત સાથે થઈ જાય છે. આજે નિશ્ચય કર્યો અને કાલે બદલાઈ ગયો એ નિશ્ચય નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'નિશ્ચયના મહેલમાં વસે મારો વહાલો વસે વ્રજરાજ લાડીલો હો જી !'

મારો પ્રિય વલ્લભ નિશ્ચયના મહેલમાં રહે છે એ કહેનારાની કેટલી ગતિ હશે. બુદ્ધિ અને મનનો ફરક ઓળખવાની કેવી શક્તિ હશે ! એ તમે જોઈ લેજો. ભક્તોની વાણીના સેવન માટે રસિકતા જોઈએ. બહુ સહજ સરળ રીતે કહે છે, પરંતુ એમાં ગૂઢ તત્વ ભરેલું હોય છે. બુદ્ધિ કહે છે કે મારે સંસારના સુખો જોઈએ, સમાજની પ્રતિષ્ઠા સન્માન જોઈએ. મારે પરિગ્રહ જોઈએ અને બીજી બાજુ સિદ્ધિઓને કારણે વ્યક્તિત્વને કારણે અને ગ્રંથોએ કહ્યું છે એ કારણે મન પ્રભાવિત થઈ ગયું છે એટલે અંદર દ્વંદ્વ છે. ક્યારેક બુદ્ધિનો નિશ્ચય સાથે હશે તો મન ભટકતું હશે. મન કહેશે કે, તેં ભલેને નિશ્ચય કર્યો મારે એ ન જોઈએ એટલે હું સાથે નહી ચાલું. આ પ્રકારનું દ્વંદ્વ જીવનમાં પેદા ન થાય, વ્યક્તિત્વ છિન્નભિન્ન ન થાય એ માટે બહુ જ કરુણાથી જ્ઞાનેશ્વર સમજાવે છે. બુદ્ધિથી નિશ્ચય થાય છે ત્યારે ચિત્તમાં સંકલ્પ થાય છે. સંકલ્પમાં ઘણી મોટી શક્તિ છે એટલે તો સંકલ્પ જળ છોડવાની રીત હતી. એ તો બાહ્ય પ્રતીક હતું. 'અહં કરિષ્યે' કહી દીધું અને પાછળ સંકલ્પ ન હોય, એનાથી કામ થતું નથી. અંદર સંકલ્પ થાય છે ત્યારે મનની વૃત્તિઓ ભટકતી નથી, સાથે ચાલે છે. બંને પોતામાંના અંતર્નિહિત રસને લઈને એક સાથે મારામાં પ્રેમપૂર્વક પ્રવેશ કરે છે ત્યારે મને પામે છે ત્યારે મને ઉપલબ્ધ કરે છે.

ગ્રંથપઠન વિદ્વતાનું પ્રદર્શન કરવા માટે નથી. આ ગ્રંથમાંથી આપણે શું શીખી શકીએ ? દૈનિક જીવનમાં એનાથી પરિવર્તન આવે અને એક કદમ આગળ ધપવાનું થાય તો તો કાંઈ લેખે લાગે. નવહજાર નવસો ઓવીઓની જ્ઞાનેશ્વરી વાંચી ગયા, પરંતુ એક પણ ઓવીનો અનુભવ કર્યો નહીં. પ્રતીતિ ન આવી તો પારાયણ વ્યર્થ છે. તુકારામ કહે છે કે આટલી ઓવીઓમાંથી એક જ ઓવીનો પ્રત્યય આવશે તો જીવન-પરિવર્તન ઘટી જશે, જીવન સાર્થક થઈ જશે.

અહીં એમ નથી કહેતા કે તું મને 'ઉપલબ્ધ કરીશ.' પ્રાપ્ત કરીશ. 'અપ્રાપ્તસ્ય પ્રાપણમ્' જે નથી એને પ્રાપ્ત કરવાનું હોય છે. પરમાત્મા તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંદર બેઠા જ છે એમની તો ઉપલબ્ધિ છે જ. જયારે ઉપસ્થિતિનું ભાન થાય છે ત્યારે ઉપલબ્ધિ થાય છે. પ્રાપ્તિ અને ઉપલબ્ધિમાં ઘણું મોટું અંતર છે. ભક્તિમાં-જ્ઞાનમાં યોગમાં-અધ્યાત્મમાં ન કોઈ ગંતવ્ય સ્થાન છે, ન કોઈ પ્રાપ્તવ્ય વિષય છે. જે સત્ય આપણી અંદર આપણું સ્વરૂપ બનીને બેઠું છે એને સમજવાનું છે, એને ઉપલબ્ધ કરવાનું છે એ ઉપદષ્ટા તો છે જ. જયારે એની ઉપસ્થિતિનું આપણને ભાન હોય છે ત્યારે એ અનુમંતા બને છે. ભોક્તા બને છે.

મનમાં પરિવાર જ્ઞાતિ-વંશ -દેશ- કાળ-સમાજના શતકો જૂના સંસ્કાર પડ્યા છે એ ભક્તિ કરવા દેતા નથી. જ્ઞાનને ટકવા દેતા નથી. ભાવના પ્રબળ હોય છે. લાગણીવેડા એ તો ગુજરાતની વિશિષ્ટતા છે જ. એટલે તો ગુજરાતને ઘેલી ગુજરાત કહી છે. મનની ભાવનાઓના આવેગમાં આવ્યા કે દોડ્યા એની પાછળ. બુદ્ધિનું બળ નથી એટલે પણ ભક્તિ ટકતી નથી. બુદ્ધિનું બળ હોય પરંતુ હૃદય શુષ્ક હોય ત્યાં પણ ભક્તિ ટકતી નથી. મન અને બુદ્ધિ જયારે મારામાં પ્રવેશ કરે છે ત્યારે મારી ઉપલબ્ધિ થાય છે. એમના મન અને બુદ્ધિએ મારી સત્તામાં મારાં ધામને પોતાનું ઘર બનાવ્યું છે ત્યાં રહીને એ વ્યવહાર કરે છે. પાંચ મહાભૂતમાં આવ્યા અને સંસારમાં રહેવાનું છે તો વ્યવહાર એ ત્યાંથી જ કરે છે.

જેને પોતાના ઘરની જ ખબર નથી એ ભટકનારો શું કરશે ? એની તો વણઝારા જેવી ગતિ હશે. એટલે પહેલાં નિવાસ નક્કી થવો જોઈએ. એને મારામાં જ ઘર બનાવ્યું ત્યારે મારામાં અને એનામાં કાંઈ અંતર રહ્યું કે ? એ મને પોકારે પછી એને મદદ કરું એટલું પણ અંતર રહેતું નથી. સ્મરણ માત્રથી કામના પૂર્તિ થાય છે. મારું નામ પૂરું પોકારતો પણ નથી, અર્ધું નામ ઉચ્ચારે છે અને હું દોડતો જઉ છું. દ્રૌપદીને પુરું નામ લેવું પણ ન પડ્યું. અર્ધું નામ પોકારતા દોડતા આવ્યા. એવા પ્રભુ તો પાગલપ્રેમી છે. રસમયી એમની કાયા છે. જીવનમાં એક જ રસ છે અને તે પ્રેમરસ. 'પ્રેમ' શબ્દનો એટલો દુરુપયોગ થયો છે કે એનો પ્રયોગ કરતાં ચિત્તમાં થોડો સંકોચ અને ક્ષોભ થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઘણી સુંદર અને ગંભીર ઉપમા આપીને વિષય સમજાવી રહ્યા છે. હે પ્રભુ, મન બુદ્ધિએ તો તમારી સત્તાને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું, પરંતુ શતકોથી જે અહંકારની ગ્રંથિ ચાલી આવી છે એની શું વ્યવસ્થા થશે ? આ પ્રશ્ન અર્જુનની મુખમુદ્રા પર પ્રગટ થયો હશે એટલે ભગવાન સમજાવી રહ્યા છે કે દીપકને શાંત કર્યો, ઠારી દીધો. મરાઠીમાં 'દીપક બુઝાવવો' એ શબ્દ નથી આવતો. પ્રાચીન મરાઠીમાં કહે છે કે જરા દીપકને શાંત કરો. જ્યોતિનું શમન કરો. બુઝાવવાનો સ્પર્શ પણ સહન નથી થતો. હવે તો વિજ્ઞાનનો યુગ છે ! આટલી સંવેદનશીલતા કોણ રાખશે ? અહીં તો સંવેદનશીલતા-સંકેતોનું ગળું જ ટૂંપી દેવાય છે. સંકેત-સંજ્ઞા પ્રતીકને સમજવા તથા એનો વિનિયોગ કરવા માટે અત્યંત કોમળ -ઋજુ હૃદય જોઈએ. અહીં કહે છે કે જ્યારે દીપક ઠરી જાય છે ત્યારે દીપકની જ્યોતિમાં જે તેજ છે તે ક્યાં જાય છે અર્જુન ? પ્રશ્નાર્થક ઉદ્‌બોધન છે, ઉદ્‌બોધન ઉત્તરાર્થક નથી હોતું. ક્યારેક ઉદ્‌ગારવાચક અભિવ્યક્તિમાં પણ હોય છે. અહીં એક પણ ઓવી પ્રબોધન વગર નથી. જ્ઞાનેશ્વર મહારાજે પ્રતિજ્ઞા કરી છે કે આ ગ્રંથને જિજ્ઞાસાપૂર્વક જે સાંભળશે અને ગ્રંથના અંતિમ અધ્યાય સુધી પહોંચશે એ વ્યક્તિ આત્મસંપન્ન થશે, મોક્ષની અધિકારી થશે.

દીપકને શાંત કરતા દીપકની જ્યોતિમાંથી પ્રગટ થતું તેજ જ્યોતિમાં જ સમાઈ જાય છે. જ્યારે રવિબિંબ અસ્તાચલ પર જાય છે ત્યારે સૂર્યના રશ્મિ સૂર્યની સાથે જ જાય છે એવી જ રીતે જ્યારે મન અને બુદ્ધિ પોતાના સમસ્ત રસોને લઈને એક સાથે આવે છે ત્યારે અહંકાર પણ એમની સાથે જ જાય છે. મનનો રસ વૃત્તિઓની ગતિમાં છે, બુદ્ધિનો રસ વિચાર ચિંતન-મનન કરવાની શક્તિમાં છે. જેવી રીતે જ્યોતિમાં સમાયેલું તેજ જ્યોતિની સાથે જ શાંત થાય છે તેવી જ રીતે મન અને બુદ્ધિ મારા સ્વરૂપમાં પ્રવિષ્ટ થાય છે, ત્યારે અહંકાર પણ લીન થઈ જાય છે. અહંકારનો નાશ અધ્યાત્મમાં અભિપ્રેત નથી. અહંકારનું દમન-નિગ્રહ-પીડન તેને કચડી નાંખવો, એ અભિપ્રેત નથી. અધ્યાત્મ રસિકોનો વિષય છે. અધ્યાત્મ તો એ જીવશે, જે રસિક હશે, નિગ્રહ-નિરોધ-દમન-પીડન-કરનારા, શરીરને કષ્ટ આપનારા,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચેતનાને કલેશ આપનારા જીવી શકતા નથી અને જે ભોગાસકત છે એ પણ જીવી શકતા નથી. ભોગમાં કાયા-પ્રાણ શિથિલ થઈ જાય છે. 'જીવનમ્ રસ સેવનમ્' જીવન જીવવું એ ત્યાગી કે ભોગીનું કામ નથી એ તો સંયમીનું કામ છે. શરીરમાંથી જ્યારે પ્રાણ નીકળી જાય છે ત્યારે ઈન્દ્રિયોમાંની વિભૂતિનું પ્રાણ સાથે જ નિર્ગમન થાય છે. એ શેષ રહેતા નથી. એવી જ રીતે જ્યાં મન-બુદ્ધિ છે ત્યાં અહંકાર છે. મન-બુદ્ધિ જ્યાં લીન થાય છે ત્યાં અહંકાર ટકી શકતો નથી. આપણો અહંકાર લીન નથી થતો કારણ કે બુદ્ધિનો નિર્ણય નથી અને છે તો બુદ્ધિના નિર્ણયને મને રાજીખુશીથી સ્વીકાર્યો નથી. કાં તો મનની સાથે અથવા તો બુદ્ધિની સાથે જબરજસ્તી થાય છે. એટલે અહંકારની ગ્રંથિ ફેણની માફક ઉપર ઉઠે છે અને કાંઈ કરવા જઈએ તો એ પોતાનો ડંખ મારે છે.

વાસનાત્ વાસુદેવસ્ય વાસિતમ્ ભુવનત્રયમ્ ।
સર્વભૂત નિવાસોઽસિ વાસુદેવ નમોસ્તુ તે ।।
ઈશાવાસ્યમ ઈદમ્ સર્વમ્

જે સર્વત્ર સર્વ રૂપમાં સર્વકાલમાં વ્યાપ્ત છે એવી જે મારી સત્તા છે એની ઉપાસના માટે પ્રતીકરૂપે મૂર્તિ વિગ્રહ ભલે બનાવો. એ ઉપાસનાનો વિષય છે એનું શાસ્ત્ર છે. અમદાવાદથી મુંબઈ જવા હવાઈ જહાજ બનાવો છો ને ? જહાજની ગતિ શરીર ધારણ કરી શકતું નથી. એટલે એ ગતિને ધારણ કરવા માટે ઉપકરણ બનાવ્યું છે સર્વવ્યાપી સત્તાની સાથે સંબંધ બાંધવા માટે ભલે તમે પ્રતીક બનાવ્યું. પરંતુ એ પ્રતીક તો જે સર્વમાં ઓતપ્રોત, સદા-સર્વદા છે એમનું છે. આ ઈશ્વરની-પરમાત્માની વ્યાખ્યા છે એટલે મારી સત્તામાં મારા સ્વરૂપમાં મન અને બુદ્ધિ બંનેનું નિક્ષેપણ કરો.

પ્રક્ષેપણ-નિક્ષેપણ-વિક્ષેપણ શબ્દોનું વ્યક્તિત્વ છે. એની ક્યાંથી વ્યુત્પત્તિ થઈ, એનું શું વ્યાકરણ છે, શબ્દે કઈ ભાષાથી ક્યાં સુધી યાત્રા કરી એ જોઈ લેજો. ભુવનમોહિની શારદાનો શબ્દ બ્રહ્મનો જે ભંડાર છે એનો પરિચય કરી લેજો. આજે એક પણ ભાષા આપણે શુદ્ધ બોલી શકતા નથી, એવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપણી અત્યંત કરુણ અવસ્થા છે પછી તે હિન્દી હોય કે માતૃભાષા ગુજરાતી હોય કે જેના ઉપર આપણો ઘણો પ્રેમ છે તે અંગ્રેજી હોય, જયાં ભાષા શુદ્ધ નથી ત્યાં ચિંતન ઉચ્ચારણ અને આચરણ પણ શુદ્ધ નથી થતું.

શ્રુતિમાં કહ્યું છે કે બ્રહ્મને જાણવાવાળા જે બ્રહ્મવિદ્ છે, એ બ્રહ્મ થાય છે. જે સાડા ત્રણ હાથના દેહમાં છે એ બ્રહ્મ કેવી રીતે બનશે, તર્કનિષ્ઠ લોકો આ તર્ક કરે છે. અહીં અતિવ્યાપ્તિનો આરોપ કરે છે. માની લો કે તમે આ હોલમાં બેઠા છો તમારું ચિત્ત જો તમારા ઘરમાં પહોંચી ગયું હોય તો જયાં તમારું ચિત્ત છે ત્યાં તમે છો. જે વસ્તુની સાથે તાદાત્મ્ય થઈને ચિત્ત પહોંચ્યુ છે, એ વસ્તુના આકારમય તમે બની જાવ છો કારણ કે ચિત્ત તદાકાર બન્યું છે. ગોપીઓનું ચિત્ત પ્રભુની પાસે જ રહેતું હતું એટલે ગોપીઓ ગોકુળમાં રહેવા છતા કૃષ્ણની પાસે જ હતી, સાથે જ હતી.

યે ભક્તિકી બાતે હૈ ઉધો બંદગી તેરે વશકી નહી હૈ,
યહાં સર દે કર હોતે હૈ સોદે આશિકી ઈતની સસ્તી નહી હૈ.

ભક્તિ કરવી એટલે શીશ સમર્પવું. આત્માના સંકોચમાં અહંકારની ગ્રંથિ છે -એ આત્માનો સંકોચ નીકળી ગયો. પૃથક કરવાવાળા અસ્મદ્-યુષ્મદ્ પ્રત્યય જયાંથી ઉઠે છે ત્યાં જ અંહકાર લીન થઈ ગયો, એટલે રહ્યું શું ? જ્યારે મન-બુદ્ધિ મને આપીશ ત્યારે તું તો સર્વવ્યાપી 'હું' બની જઈશ. તારી વૃત્તિ અહંકારના ખૂંટાની સાથે બંધાયેલી હતી એ મુક્ત થઈ ગઈ એટલે તારી વૃત્તિ તો બ્રહ્માકાર બની ગઈ. આત્માના સંકોચમાં અહંકારનો ઉદ્ભવ છે. અહંકારના લીન થવામાં આત્માની સત્તાનું પ્રગટીકરણ છે. (અધ્યાત્મ તો ઘણું સરળ છે તમારા સંસાર જેટલું જટિલ નથી) મન બુદ્ધિ બંનેને પ્યારથી મારી સત્તામાં લીન કરી દે આટલુ કરવાથી જ અર્જુન, તું મારા જેવો સર્વવ્યાપી બની જઈશ.

કૃષ્ણ અને અર્જુનનો પ્યારનો સંબંધ છે જ્ઞાનેશ્વર મહારાજે ભગવાનને ભગવાન ક્યાંક દુર, ઉપર છે અને ભક્ત ક્યાંક નીચે છે આવી ભૂમિકામાં નથી રાખ્યા. આ નાથ સંપ્રદાયનું અધિષ્ઠાન છે. પ્રેમથી જ્યારે તમે એકમેક સાથે વાત કરો છો અને થાય છે કે મારો સાથી મારા કથન પર વિશ્વાસ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી કરતો ત્યારે આપણે કહીએ છીએ કે મારા સમ. આમ કસમ આપીએ છીએ. અહીં જ્ઞાનેશ્વર મહારાજ ભગવાન વાસુદેવના મુખેથી કહેવડાવે છે હે પાર્થ, હું મારા સમ ખાઈને કહું છું કે મારા શબ્દોમાં કાંઈ પણ અન્યથા નથી, મન-બુદ્ધિ મને અર્પણ કરીને તું સર્વવ્યાપી બનીશ. એમાં અતિશયોક્તિ નથી. તને ખુશ કરવા માટે નથી કહેતો. હું સત્ય જ કહી રહ્યો છું, ભગવાને જોયું કે અર્જુન ગભરાઈ ગયો છે એને થાય છે કે મન-બુદ્ધિ-અહંકાર ત્રણે ગયાં ! સર્વવ્યાપી બનીશ કે નહીં એ તો ખબર નથી. આ ચિંતામાં અર્જુન પડ્યો હશે આપણે હવે અર્જુનની સાથે બેઠા છીએ. આપણે કોઈ નહેર લાવીએ એવી રીતે જ્ઞાનેશ્વર વાસુદેવની વાણી દ્વાપરથી લાવ્યા છે.

વાસુદેવ કહે છે કે હે અર્જુન ! મન બુદ્ધિ સહિત તારું ચિત્ત ચોવીસ કલાક માટે આપી શકતો નથી તો કાંઈ નહિ. મન -બુદ્ધિની સાથે વિષયોને જેને ચુંબન નથી કર્યું એવું તારું ચિત્ત મને નિમિષ માટે આપ. તું તો ચિત્ત આપીશ અને ઘડીએ ને પલકે તારું ચિત્ત વિષયોની પાછળ દોડશે તો એ નિક્ષેપણ તો નહિ જ હોય, ત્યાં સોંપવાનું તો નહિ જ થાય. પ્રભુની કરુણા તો જુઓ ! એવું નથી કહેતા કે ચોવીસ કલાક તું મારામાં ચિત્ત રાખી શકતો નથી તો જા આગળ વાત નહિ થાય, હવે તારા માટે ઉપાય નથી-એમ નથી કહેતા. કરુણા તો પ્રેમની સુગંધ-સૌરભ છે. તું નિષ્કલંક ચિત્ત સોંપી શકતો નથી તો મારા વહાલા તું એટલું કર. દિવસના આઠ પ્રહરમાંથી તું કેવળ એક નિમિષ માટે તારું ચિત્ત-મન-બુદ્ધિ મને આપી શકીશ ?

૧૯૬૨ની વાત છે. પંડિત જવાહરલાલજીનું સ્વાસ્થ્ય સારું નહોતું. બીમારીનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. જવાહરલાલના પત્ની કમલાદેવી મા આનંદમયીના શિષ્યા હતાં. એકવાર પંડિતજી મા આનંદમયીને મળવા હરદ્વાર ગયાં માને કહ્યું કે મા ઊંઘ આવતી નથી. મા એ કહ્યું કે અચ્છા, બાબા ! ઊંઘ આવશે, પરંતુ આ બચ્ચી જે કહે છે તે કરશો ? શું કરવાનું છે, મા ? જવાહરલાલજી તો વૈજ્ઞાનિક વૃત્તિવાળા બુદ્ધિશાળી માણસ. પૂછવા લાગ્યા કે મા એક ક્ષણ આપવી એટલે શું ? ચોવીસ કલાકમાં એક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખંડિત ક્ષણ માટે તમારે ભૂલી જવું પડશે કે તમે ઈંદિરાના પિતા છો. રાષ્ટ્રના પ્રધાનમંત્રી છો. એવી એક ક્ષણ મને આપશો ? માએ કહ્યું કે ક્ષણ મને ક્યારે આપશો એ નિશ્ચિત કરી લો. રાત્રે બાર વાગે કે દિવસે બાર વાગે હોય એનો વાંધો નથી. જવાહરલાલજી તો પ્રામાણિક વ્યક્તિ.આપણા જેવા પાખંડી નહીં કે હા, મા હું કરીશ, પછી એક દિવસ કર્યું અને બીજે દિવસે નહીં. કાલે મારે ત્યાં મહેમાન હતા, માથુ દુઃખતું હતું. આપણી પાસે તો દલીલો જ દલીલો છે. આત્મવંચના-આત્મછલનામાં આપણે બહુ જ કુશળ છીએ પરંતુ જવાહરલાલે એ કળા હસ્તગત કરી નહોતી. એમણે વિચારીને કહ્યું કે એક ક્ષણ તો હું કાઢીશ, પરંતુ ક્યારે કાઢીશ એ ખબર નથી. આવી આપણી હાલત છે.

ભગવાન કહે છે કે હે અર્જુન ! ચોવીસ કલાક મન વિષયો પ્રત્યે આકર્ષિત થાય તો કંઈ વાંધો નહીં. આઠ પ્રહરમાંથી એક નિમિષ મને આપ. આ જે એક નિમિષ હશે તે મારી સત્તાના સ્પર્શનું સુખ માણશે. સંવેદનશીલતા જાગ્રત હોય તો તમે પણ તમારી ક્ષણોને યાદ કરો. મા બાળકને સ્પર્શ કરે છે, સુખ થાય છે ને ? પતિ-પત્નીને સ્પર્શ કરે છે સુખ થાય છે ને ? પિતા બનીને કન્યાનો સ્પર્શ કરે છે અલગ પ્રકારનું સુખ થાય છે ને? સુખોના પ્રકાર અલગ છે. સુખ સેવન કરવાવાળી વ્યક્તિ એક જ છે. વાસુદેવ કહે છે કે એક નિમિષ માત્ર મન-બુદ્ધિ મારા સ્વરૂપમાં લીન થવાથી જે સુખ ઉત્પન્ન થશે એ સર્વેન્દ્રિયોમાં તત્ક્ષણ વ્યાપ્ત થઈ જશે. એ આંશિક સુખ નથી. એ સમગ્રમાં ક્ષણાર્ધમાં વ્યાપ્ત થનારું સુખ છે. ગ્રીષ્મ ઋતુમાં કેરી આવે છે. કેરીના રસ આગળ બધાં જ રસ ફીકા પડી જાય છે. એવી જ રીતે પરમાત્માની સત્તાના સ્પર્શથી સર્વેન્દ્રિયોમાં સુખનું એક સ્પંદન ઊઠશે એ પછી વિષયોના સુખ એને ફીકા લાગશે. એના પર અરુચિ પેદા થશે. વૈરાગ્ય કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. પ્રભુ પ્રત્યે અનુરક્તિનું વધવું એ જ વિષયો પ્રત્યે વૈરાગ્યનું પેદા થવું છે. બે અલગ અલગ ઘટનાઓ નથી. શરદઋતુ આવે છે ત્યારે સરિતાઓમાં વર્ષાઋતુમાં જે જળ ભરાયેલું હોય છે તે ઓસરવા માંડે છે. એવી જ રીતે મારા સ્પર્શની શરદઋતુ જ્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તારા ચિત્ત પર ઊતરી આવશે ત્યારે વિષયોનો જે અનિવાર્ય આવેગ છે એ ઓસરવા માંડશે,એનું આકર્ષણ ઘટી જશે. સરિતાને કહેવું નથી પડતું કે શરદઋતુ આવી છે હવે ઓસરી જા. એવી જ રીતે તારા ચિત્તને કહેવું નહિ પડે. 'અનુપાય એવ ઉપાય : ' બની જશે. તારું ચિત્ત પ્રપંચમાંથી ધીરે ધીરે નીકળી જશે. એને રસ જ નહિ આવે તો વૃત્તિ ત્યાં કેવી રીતે જશે? જ્યાં રસ આવે છે ત્યાં વૃત્તિ દોડે છે. બાર વર્ષનો બાળક આ બોલી રહ્યો છે. ઉપમાઓમાં -દૃષ્ટાંતોમાં એમનું સૃષ્ટિ નિરીક્ષણ, એમનું મનુષ્ય જીવનના સંબંધોનું અવલોકન, એમનું ગૂઢ ગહન ચિંતન જેમાંથી ભાવાર્થદીપિકા વહી રહી છે, એ અદ્‌ભુત છે. પ્રભુસત્તાના સ્પર્શની ક્ષણને એમણે પૂનમની ક્ષણ કહી છે. પૂનમ પછી કૃષ્ણપક્ષમાં ચંદ્રની કળા સહેજે ઘટતી જાય છે. એવી રીતે વિષયો તરફ આકર્ષણરૂપી તારા ચિત્તની એક એક કલા સંપૂર્ણ રીતે ઘટતી જશે. તારે કાંઈ કરવું નહીં પડે. અમાવાસ્યાને દિવસે બધી જ કલાઓ ચંદ્રમામાં જઈને વિરાજે છે. અમાવાસ્યાની રાત્રે ચંદ્ર પોતાની સત્તરમી કલામાં છે એટલે સાધકો માટે અમાવાસ્યાનો દિવસ પૂર્ણિમાની રાત્રિ કરતા અધિક મહત્વનો માનવામાં આવે છે. એનું રહસ્ય પણ છે. શશીબિંબ દિવસે દિવસે ઘટતાં ઘટતાં અમાસની રાત્રે નહિવત્ થઈ જાય છે. એવી જ રીતે તારા ચિત્તમાં આ સંસારનું આકર્ષણ, આ માયાજાળ નહિવત્ થશે. અનેકતા જ માયાજાળ છે. માયામાં એકતા અનુસ્યૂત છે એનું વિસ્મરણ થાય છે. વિવિધતા-વિચિત્રતાનું આકર્ષણ હોય છે. આજે આ ખાધું, કાલે બીજું ખાઈશ. આજે આ પહેર્યું, કાલે બીજું પહેરીશ. અન્ન-વસ્ત્રનો હેતુ તો શરીરને પોષણ મળે એ જ છે, પરંતુ મન અન્નમાં જે રસ છે એમાં આસક્ત થઈને કહે છે કે મારે વિવિધતા જોઈએ આ વિવિધતા મિથ્યા નથી. એમાં સાપેક્ષ સત્ય છે, પરંતુ જીવન એકરસતા છે, સાંદ્રતા સંકુલતા છે, એનું વિસ્મરણ થાય છે. 'આ લઉં- પેલું લઉં, આ ખરીદું- આ મારી પાસે જ રાખું.' સંગ્રહ -પરિગ્રહ વિવિધતાની માયાને કારણે છે. અનેકતાની માયા જેના ધ્યાનમાં આવી જાય છે. એના જીવનમાં એકતાના સંસ્મરણરૂપી અપરિગ્રહ આપોઆપ આવી જાય છે. એકતાનું ભાન જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાદાઈ લાવે છે પછી વ્રત લઈને છોડવું પડતું નથી, છોડવાની ક્રિયા ગંદવાડ છે. અંદરથી પકડેલું છે એટલે બહારથી છોડવું પડે છે. અંદરની પકડ ચાલી જાય તો બહારથી છોડવું પડતું નથી. તે પોતાની મેળે છૂટી જાય છે. જેમ પાનખર ઋતુમાં પાંદડા વૃક્ષને છોડી દે છે એવી રીતે વિષયો છૂટી જાય છે. જેમ જેમ મારામાં ચિત્ત પ્રતિષ્ઠિત થતું જશે તેમ તેમ ધીરે ધીરે હે પાંડુસુત, તારું ચિત્ત વૈશ્વિક બની જશે. અહંગ્રંથિથી આબદ્ધ-અવરુદ્ધ ચેતના વૈશ્વિક ચેતના બની જશે.

Instead of individual Consciousness tortured by the cocept of division grows into multinational Consciousness. નિરહંકાર થવું શૂન્ય નથી, એમાં વૈશ્વિક ચેતનાનો પ્રસાદ છે.

આ થોડી ઓવીઓમાં મહારાજે ભક્તિનું રહસ્ય રાખી દીધું છે મન અને બુદ્ધિ પરમાત્મ સ્વરૂપમાં લીન થાય છે તો અહંગ્રંથિનું વિસર્જન થઈને વૈશ્વિક ચેતનાનું જાગરણ થાય છે. ભક્તિનો ગહન અર્થ તમે જોયો ને ? આપણે ભક્તિને શું સમજી બેઠા છીએ ? ભક્તિના નામથી આપણે શું શું કરીએ છીએ ? ગૌણ ક્રિયાકાંડમાં કેવી રીતે ઉતરી જઈએ છીએ. ભાવનાઓના આવેગોમાં, ઉત્તેજનાના આવેશોમાં આપણે કેવી રીતે વહી જઈએ છીએ એ જોઈ લેજો. આ જીવન જીવવાનું શાસ્ત્ર છે. પ્રભુ કરે જ્ઞાનેશ્વર મહારાજ જે સમજાવી રહ્યા છે એ વિષયને ગ્રહણ ધારણ કરવાની શક્તિ આપણને બધાંને મળે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૧૬-૧૨-૧૯૮૬

બપોર ૪-૩૦

अथ चितं समाधातुं न शक्नोषि मयि स्थिरम्
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ।९।

પહેલાં કહ્યું હતું કે મન અને બુદ્ધિ ચિત્ત સહિત તું મને નિપેક્ષિત કર, પછી કહ્યું કે આ પણ થઈ શકતું નથી તો ઓછામાં ઓછું આઠ પ્રહરમાંથી નિમિષ તું મને આપ. નિમિષ આપવાના પરિણામ સ્વરૂપે મારી સત્તાના સ્પર્શનું સુખ તારી સમગ્રતામાં પ્રતીત થશે. એટલે ધીરે ધીરે વિષયો તરફ અરુચિ થશે અને મારા તરફ રુચિ વધતી જશે. આ સંદર્ભમાં જ્ઞાનેશ્વર કહે છે કે જેને અભ્યાસ યોગ કહે છે તે આ જ છે. આઠ પ્રહરમાંથી એક નિમિષ તમે આપો. એક નિમિષની અનેક કેવી રીતે બને છે એની તમને ખબર પણ નહિ પડે. બીજું કાંઈ નથી. અભ્યાસયોગથી એવી કઈ ચીજ છે જે નિષ્પન્ન નથી થતી ? વાઘ-સર્પની સાથે અભ્યાસયોગથી મૈત્રી થઈ શકે છે. જ્યારે અહિંસાની પ્રતિષ્ઠા ચિત્તમાં થઈ જાય છે ત્યારે એવી વ્યક્તિની સંનિધિમાં વાઘ અથવા સાપનો વેર ત્યાગ સહેજે થઈ જાય છે. વિષ ખાવાનો અભ્યાસ કોઈ કરે તો વિષનો પણ આહાર કરી શકે છે, વેદવેદાંત ઉપનિષદાદિ અને ષડ્દર્શનાદિ પર અભ્યાસથી વ્યક્તિ વિજય પામી શકે છે. અભ્યાસ કરનાર વ્યક્તિની સામે આવો મોટો વાગ્બ્રહ્મ પણ નાનો થઈ જાય છે. અભ્યાસ કરવાથી કશું ના થઈ શકે એવું નથી.

હે અર્જુન ! સત્ય સમજવાથી એક પળમાં મારું મિલન થઈ શકતું નથી અને તારું ચિત્ત ઠરતું નથી તો ધીરે ધીરે અભ્યાસ કરીને તારા ચિત્તને તું મારામાં પ્રતિષ્ઠિત કરી દે. જ્ઞાનેશ્વર મહારાજે આખા શ્લોકમાં અભ્યાસયોગનું વિવરણ બતાવ્યું છે. જો અભ્યાસ કરવા લાયક કસ તારા શરીરમાં ન હોય તો જે પ્રકારની અવસ્થામાં તું છે એમાં જ રહે. માને પોતાનું બાળક જે અવસ્થામાં હોય તેમાં પ્રિય લાગે છે. તું જેવો છું તેવો જ રહે. યોગાભ્યાસમાં ઈન્દ્રિયો અને એની વૃત્તિઓનો નિરોધ-નિગ્રહ કરવો પડે છે. તો નિગ્રહને કારણે ઈન્દ્રિયોને બંદીવાન બનાવીશ નહીં. વિષય, વિચાર, વિકારના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપભોગ છૂટતા નથી તો એને પણ છોડવા-તોડવાની જરૂર નથી. જ્ઞાતિ, પોતાના કુળનું અભિમાન પણ છૂટતું નથી તો કાંઈ વાંધો નહીં. જો કુળ-જ્ઞાતિનું અભિમાન હોય તો કુળ-ધર્મનું પાલન કર. અભિમાન રાખીશ અને ધર્મનું પાલન નહી કરે, ખોખરું અભિમાન રાખીશ તો એમાં કોઈ સત્વ નથી- આશય નથી, એવું નિરાશય અભિમાન તો વંધ્ય અભિમાન છે. કુળ, ધર્મ, અને શાસ્ત્રોએ જે વિધિ - નિષેધ કહ્યા છે એ બંનેનું પાલન કરજે. દેહાભિમાન રાખવું છે અને શાસ્ત્રોને છોડી દેવા છે ? મહારાજ અહીં બે વિકલ્પ રાખે છે. જો દેહાભિમાન સુરક્ષિત રાખવું હોય- અહંકાર, પરિવાર, જ્ઞાતિ, કુળનું સુખ, સુરક્ષા પ્રિય લાગતા હોય તો શાસ્ત્ર અનુસાર આચરણ કરો. જેમણે શાસ્ત્ર બનાવ્યા, વિધિ-નિષેધ બનાવ્યા, એમણે કાંઈક સમજી-વિચારીને બનાવ્યા છે. એનું યાંત્રિક પાલન એ સ્વધર્મ પાલન નથી. ધર્મનું પાલન કરતાં કેવી રીતે ધારણા થાય છે, ધારણ-પોષણ કરવા માટે વર્ણાશ્રમ વ્યવસ્થામાં શાસ્ત્રોએ વિધિ-નિષેધ બતાવ્યા છે એ તો જુઓ! એનું પાલન કરવાનું છે. અનુસરણ કે અનુકરણ નથી કરવાનું. અનુકરણ કરવામાં સ્વાયત્ત કર્મ થતું નથી. જો વ્યક્તિ સંકેતોને સમજીને પાલન કરે તો વિધિ-નિષેધોનું પાલન જ અહંભાવની ગ્રંથિથી મુક્ત કરી દે છે. સ્વાયત્ત અભ્યાસ થઈ શકતો નથી. મન-બુદ્ધિ આપી શકાતા નથી, અહંકાર લીન નથી થતો તો શાસ્ત્રોએ જે માર્ગ બતાવ્યો છે એ તને મારી સત્તામાં લઈ આવશે. જ્ઞાનેશ્વર પોતે અત્યંત ક્રાંતિકારી હોવા છતાં શાસ્ત્રાજ્ઞાનું પાલન એ એમની વિલક્ષણ વાત છે.

ખબર નથી તમારામાંથી કેટલા લોકો જાણે છે કે શાસ્ત્રોએ એમના માતાપિતાને દેહાંત પ્રાયશ્ચિત બતાવ્યું હતું. પોતાના બાળકો મોટા થયા એટલે માતા-પિતા એ સમયે જે પંડિત-વિદ્વાન-શાસ્ત્રી હતા, એમને યજ્ઞોપવિત માટે પૂછવા ગયા. સંન્યાસીના સંતાનનું યજ્ઞોપવિત કોણ કરે ? કહેવા લાગ્યા કે મને તો ગુરુની ગૃહસ્થાશ્રમમાં પાછા ફરવાની આજ્ઞા હતી. ગુરુએ કહ્યું હતું કે તારું પ્રારબ્ધ ગૃહસ્થાશ્રમની સાથે જોડાયેલું છે. હું પાછો ફર્યો એમાં જો કોઈ શાસ્ત્ર અપરાધ થયો હોય તો મને પ્રાયશ્ચિત કહો પણ મારાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બાળકોનું યજ્ઞોપવિત કરાવો. ત્યારે પંડિતોએ કહ્યું હતું કે તમારા માટે એક જ પ્રાયશ્ચિત છે અને તે દેહાંત. એમણે જળસમાધિ લીધી. ત્યારબાદ એમના ચારે બાળકો નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન અને મુકતા, મહારાષ્ટ્રના બધાં શાસ્ત્રજ્ઞોનું આગાર પ્રતિષ્ઠાન કહેવાતું હતું. - એવી પૈઠણ નગરીમાં ગયા. એમણે પંડિતો શાસ્ત્રજ્ઞો ને કહ્યું કે અમારા માતાપિતાને દેહાંત પ્રાયશ્ચિત આપ્યું હતું તે એમણે ઘણી જ શાંતિપૂર્વક ગ્રહણ કર્યું છે. હવે કહો કે અમારું યજ્ઞોપવિત કરશો કે નહિ ? આગળની કથામાં આપણે નહીં જઈએ, પરંતુ આટલો મોટો દેહાંતદંડ જેના માતાપિતાને આપવામાં આવ્યો એ જ્ઞાનેશ્વરનાં ચિત્તમાં ન તો શાસ્ત્રો પ્રત્યે કટુતા છે, ન તો શાસ્ત્રજ્ઞો પ્રત્યે કટુતા છે. મરાઠી, હિન્દી, ગુજરાતી તથા ભારતની અન્ય ભાષાઓમાં અનેક ગ્રંથો જોવામાં આવ્યા છે, પરંતુ આવી નિરહંકારિતા તથા વિનમ્રતા ક્વચિત જ જોવામાં આવી છે.

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥

મહારાજ કહે છે કે શાસ્ત્રોએ ગુણ કર્મ વિભાગશઃ જે વર્ણ તથા આશ્રમ વ્યવસ્થા બતાવી છે એનું પાલન કરો. પાલન કરતી વખતે શરીર, વાણી તથા મનથી એમ ન કહેશો કે હું કરી રહ્યો છું. તમે તો શાસ્ત્રોએ જે કહ્યું તેનું પાલન કરો છો.એનું કર્તૃત્વ તમારા માથે ના લેશો. કર્તા ભાવ છૂટી જાય છે તો કર્મનો પ્રપંચ પણ છૂટી જાય છે. અખાએ ગાયું છે કે 'મટે કર્તા તો છૂટે કર્મ, અખા એ જ ધર્મનો મર્મ' 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જ્યમ શ્વાન તાણે' નરસિંહ મહેતા ગાઈ ગયા છે. મન-બુદ્ધિ-ચિત્ત સમર્પિત કરવાનો પુરુષાર્થ તથા કર્તૃત્વ હતું તે તો ન થયું. હવે શાસ્ત્રજ્ઞાનું પાલન કરવાનું છે. ત્યાં 'હું કરી રહ્યો છું' એ કહેવાની જરૂર નથી. એમ કહો કે ઈન્દ્રિયોમાં જે સંસ્કારોની ગતિ પડેલી છે, એને સંસ્કારોના ભોગથી જ ક્ષય થવાનો છે. 'હું કરી રહ્યો છું' એવું ના કહેવાનું પથ્ય તો જરૂર રાખો. પરમાત્મા દ્વારા જ પાલન-પોષણ, હલન-ચલન થઈ રહ્યું છે. જે કાંઈ થઈ રહ્યું છે. એ પરમાત્મા જ જાણે, હું તો કંઈ નથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાણતો. 'હું કર્તા નથી' આટલું જો કહી શકો તો ઘર, કુલ કે દેહાભિમાન છોડવાની જરૂર નથી. ખાઓ-પીઓ, ઈન્દ્રિયોનો સહજતાથી કર્મ વ્યાપાર થવા દો. જે પરમાત્માએ વિશ્વને - આપણને નિર્માણ કર્યા છે એ જ જાણે છે કે આ બધું કેમ કેવી રીતે થાય છે. તમે તો કેવળ શાસ્ત્રનું પાલન કરી રહ્યા છે.

તમે જોજો કે આ વાત સહજ છે કે કઠણ છે. એ તો એમ કહે છે કે હું તો સરળ બનાવીને કહી રહ્યો છું, પરંતુ વાંચતી વખતે મને એવું લાગે છે કે ઉત્તરોત્તર સરળ બનવાને બદલે એ કઠણ બનતું જાય છે.

બગીચામાં કામ કરનારો માળી ક્યા છોડને, ક્યા વૃક્ષને કેટલું પાણી આપવાનું છે એ જાણે છે. જ્યાં માળી લઈ જાય છે ત્યાં જળ વિશ્રબ્ધતાથી જાય છે, એવી જ રીતે હે અર્જુન, પરમાત્મા જ્યાં લઈ જાય અને જે કર્મ તારી મારફતે કરાવે તે કરતો જા. તારો સ્વભાવ દેહ ગેહ કુળમાં રહેતા અને ઈન્દ્રિયોની બધી ગતિઓને સંતુષ્ટ કરતા સ્વભાવ અને વૃત્તિ એવા હોય જે પરમાત્મા કરાવે તે જ તારાથી થાય. હું કર્તાધર્તા કોઈ નથી. પ્રભુની મરજીથી થાય છે. આનંદમયી માની પાસે કોઈ જાય તો મા કહેતા કે 'જો હો સો' જે થવાનું છે તે થઈ જાય. પરમાત્મારૂપી માળી તમારી પાસે જે હેતુથી કરાવે તેને અત્યંત વિશ્રબ્ધ બનીને નિરાંતે કરજો. જળને કાંઈ સહન કરવું પડતું નથી. જ્યાં એનું વહન થાય છે ત્યાં જળ વહે છે. આપણા ચિત્તમાં તો ફરિયાદ હોય છે કે પ્રભુએ મારી સાથે આવું કેમ કર્યું? જ્યાં સહન કરવાનું આવ્યું ત્યાં ભક્તિ નથી. જ્યાં અંદર ફરિયાદનું ઘર્ષણ આવ્યું ત્યાં ભક્તિ નથી. મહારાજ એવી ભક્તિ બતાવી રહ્યા છે જ્યાં પરમાત્મા પાસે કોઈ અપેક્ષા નથી. પરમાત્મા જે જે કરાવે છે એમાં એ સંતુષ્ટ છે. ઘણી મોટી વાત જ્ઞાનેશ્વર મહારાજ કહી રહ્યા છે. એમનો ભક્તિયોગ તો પૂર્ણ પુરુષાર્થ છે. એ કહે છે કે ભક્તિ જેટલી મુક્તિ સંપૂર્ણ નથી. ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચારેની સિદ્ધિ પોતાની અંજલિમાં લઈને મનુષ્ય પંચમ પુરુષાર્થ-ભક્તિ કરી શકે છે. ત્યાં એવી નિરાભિમાનતા અને નિરહંકારિતા છે કે યશ મળ્યો કે અપયશ મળ્યો બંને પ્રભુની જ પ્રસાદી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.દુઃખ આવ્યું તો પ્રભુનું વરદાન છે, સુખ આવ્યું તો પ્રભુની કૃપા છે. આવી ચિત્તની અવસ્થા રહેવી ઘણી કઠણ છે.

હવે જ્ઞાનકાંડ ચાલી રહ્યો છે. ઉપાસના કાંડ સમાપ્ત થયો છે. અર્જુન તો માનતો હશે કે પ્રભુ મને સહજ સુલભ માર્ગ બતાવશે, પરંતુ પ્રભુ તો સહેલો રસ્તો બતાવતાં બતાવતાં ઊંડાણમાં ઊતારી રહ્યા છે.

પ્રભુ કહે છે કે માન કે કોઈ પંથ પરથી રથ જઈ રહ્યો છે, તો શું રથ એ ચિંતા કરે છે કે રસ્તો ખાડા ટેકરાવાળો વાંકોચૂંકો છે ? રથનો જે સારથિ છે એ જાણે છે કે સીધા રસ્તા પર ખાડા-ટેકરાવાળા રસ્તા પર રથને કેવી રીતે ચલાવવો. સારથિ આપણે નથી, પરમાત્મા છે. આપણું જીવન રથ છે, પરમાત્માને સારથિ બનાવો, રથનું કેવું સુંદર દૃષ્ટાંત છે કારણ એ છે કે અર્જુનના રથના સારથિ સ્વયમ્ ભગવાન હતાં. એ જ રથ ચલાવી રહ્યાં હતા તો પણ અર્જુનને ચિંતા થઈ. ભગવાનને એ કહે છે કે મારે નથી લડવું. ગાત્રો શિથિલ થઈ રહ્યા છે. ત્વચા દાઝી રહી છે. ગાંડીવ ધનુષ્ય મારા હાથમાંથી સરી રહ્યું છે. હું લડીશ નહીં, આવું કહીને રથમાંથી નીચે ઊતરી પડ્યો હતો. એટલે અહી કટાક્ષ છે. ઓવીનો અર્થ સમજાવી રહ્યા છે પરંતુ મને લાગે છે કે ક્યારેક જ્ઞાનેશ્વર મહારાજને અર્જુનની ઈર્ષ્યા થતી હશે. થતું હશે કે સાક્ષાત્ વાસુદેવ એનો રથ હાંકી રહ્યા હતા અને સમજાવી રહ્યા હતા. ત્યારે હું તો ત્યાં હતો નહીં. નવમા અધ્યાયમાં એક શ્લોકની વ્યાખ્યા કરતા મહારાજે કહ્યું છે કે મારી સમજમાં નથી આવતું કે અર્જુન આટલો મતિમંદ કેમ છે ? ભગવાનને કેમ આટલું કષ્ટ આપી રહ્યો છે ! નવ અધ્યાય સુધી સમજાવતા જ રહ્યા છે. રાજવિદ્યા રાજયોગ ગુહ્યવિદ્યા શિખવાડી છે તો પણ સમજતો નથી. બીજા પ્રશ્નો પૂછે છે અને મારા પ્રભુને બોલવું પડે છે. બધું સમજાવવા છતાં એ વધારે ને વધારે પ્રશ્ન પૂછી રહ્યો છે અને મારા પ્રભુને બોલવું પડે છે.

પથ ગમે તેવો હોય રથ ચલાવવાની જવાબદારી પરમાત્માની છે. જે પ્રભુએ વિશ્વનું નિર્માણ કર્યું છે અને આખા વિશ્વને સંભાળી રહ્યા છે એ મને પણ સંભાળશે એવી શ્રદ્ધાથી તું કર. ક્યારે થશે ? એની ખટપટ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવાની તારે જરૂર નથી. શું થશે કેવી રીતે થશે ? કેમ નહિ થાય ? નહિ થાય તો શું થશે ? આ બધું વિચારવાની જરૂરત નથી. 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' કર્મ કરવાનો તારો અધિકાર છે. તારો અકર્મ કે કર્મફળમાં સંગ ન હોય. પ્રવૃત્તિનો તો બોજ છે જ., એને હટાવવા માટે લોકો નિવૃત્તિનો બોજ પેદા કરે છે. સંન્યાસ અને આશ્રમોની વાત કરતાં એક જગ્યાએ મહારાજ કહે છે કે ગૃહસ્થાશ્રમનો બોજ ઓછો હતો કે સંન્યાસઆશ્રમનો બોજ વધાર્યો ! પ્રવૃત્તિના બોજને હટાવી નિવૃત્તિ લીધી અને આશ્રમ બનાવ્યો, મઠ બનાવ્યો, એને સંભાળવાનું ચાલી રહ્યું છે. પછી તો લંગોટીને ઉંદરથી બચાવવા માટે બિલાડી રાખો બિલાડીને દૂધ જોઈએ એટલે ગાય રાખો. ગાયના ચારા માટે ઘાસ જોઈએ તો ખેતર અને ખેતરને સંભાળવા માટે એક માણસ. નિવૃત્તિના નામથી એક પ્રપંચ ઊભો કરો છો. મહારાજ અહીં કટાક્ષ કરી રહ્યા છે. કહી રહ્યા છે કે પ્રવૃત્તિ પછી નિવૃત્તિ ગ્રહણ કરવાની છે એવું નથી. આ ઝંઝટને છોડી દો. પ્ર-વૃત્તિને છોડો. નિ-વૃત્તિને છોડો. વૃત્તિ રાખવી છે તો ન 'પ્ર' હોય કે ન 'નિ' હોય. ચિત્તવૃત્તિ મારા સ્મરણમાં રાખ. ફેરવી ફેરવીને વાત તો એક જ કરે છે કે તારે કાંઈને કાંઈ રાખવું જ હોય તો ચિત્તમાં મારું અખંડ સ્મરણ રાખ. મારું નામ કે સ્મરણ બોજ નથી. એનાથી કામ થઈ જશે. દેહ-મન-બુદ્ધિથી શક્તિ અનુસાર જે કાંઈ કર્મ નીપજશે એ વધારે થયું કે ઓછું થયું. સારું થયું કે ખોટું થયું, સદોષ થયું કે દોષરહિત થયું, એની શું ગુણવત્તા છે. એની ચિંતા તું ન કરીશ. ઈન્દ્રિયો માટે જ કર્મનું વિધાન છે, સંસ્કારો ગતિ તથા દેહ ધારણ કરવાને કારણે જે કર્મ નીપજે છે, એની ચિંતા ન કરીશ. આપણે ચિંતા કરીએ છીએ કારણ કે આપણા કર્મ કરતાં બીજાના કર્મ આપણને શ્રેષ્ઠ લાગે છે, આપણું કનિષ્ઠ લાગે છે. બીજાના કર્મની પ્રશંસા થાય છે, આંપણા કર્મની નથી થતી. આમ કરીને આપણે તુલનામાં જઈએ છીએ. જ્યાં સુધી તુલના નથી કરતા ત્યાં સુધી ચિંતા નથી. મારાથી આટલું જ થાય એમ હતું તે મેં કર્યું, ત્યાં ચિંતાને અવકાશ નથી, એટલે પ્રભુ કહે છે કે જેવું કર્મ થયું છે તેવું તું મને અર્પણ કરી દે. આગળની વાત હું સંભાળી લઈશ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારું કર્મ પ્રભુને પ્રિય હશે કે નહિ હોય એ પ્રકારની પણ ચિંતા કરવાની જરૂર નથી. મારાથી જે કર્મ થયું છે એનું ફળ પ્રભુ મને કેવું આપશે એ ચિંતા કરવાની જરૂર નથી. બધા પ્રકારની ચિંતા છોડીને વિશ્રબ્ધ ભાવથી, પ્રેમથી એ બધાં કર્મ મને અર્પણ કર.

અહીં 'મદ્‌ભાવન' શબ્દ આવે છે. ભાવન કરવું એટલે પુટ ચઢાવવા. જેટલા પુટ ચઢાવાય છે એટલી એની પોટેન્સી (તીવ્રતા) રહે છે. દેહરૂપી ખલમાં પ્રત્યેક કર્મનાં જે ભાવ છે એને મન-બુદ્ધિથી ઘૂંટે છે એટલે કર્મ સાથે સાથે જ પ્રભુનું સ્મરણ છે. એનાથી કર્મનું ભાવન થાય છે. કર્મ કરતા મારું સ્મરણ રહેશે અને 'મદ્‌ભાવન'નો મારા સ્મરણથી કર્મોનું ભાવન થશે. તારા વ્યક્તિત્વ પર મારા સ્મરણનો, મારા પ્રત્યેના અનન્ય ભાવનો પુટ ચઢી રહ્યો છે. હે અર્જુન ! તું આવો મદ્‌ભાવન વ્યક્તિ બનીશ તો શરીર ત્યાગ પછી સાયુજ્ય મુક્તિ પ્રાપ્ત થશે. સલોકતા, સમીપતા, સરૂપતા, સાયુજ્યતા ચાર પ્રકારની મુક્તિનું વર્ણન ભક્તિયોગમાં આવે છે. અહીં એમને સાયુજ્ય મુક્તિને 'સાયુજ્ય સદન'કહ્યું છે. ભક્ત પરમાત્મ સત્તાથી સદૈવ યુક્ત છે. દેહથી તો નથી જોડાતા, પરંતુ દેહમાં જે ચૈતન્ય છે એનાથી જોડાયેલા છે. જેવી રીતે સૂર્ય કિરણો સુર્યની સાથે નિરંતર જોડાયેલા છે એવી રીતે મારા ભક્તનું ચિત્ત- જે ચૈતન્યના રશ્મિ છે એ વૈશ્વિક ચેતનાની સાથે નિરંતર જોડાયેલું રહે છે.

અર્જુન, તું આ રીતે અખંડ ચિત્તવૃત્તિ મારામાં રાખીને કર્મ કરી શકતો નથી. મારા સ્મરણનું ભાવન તારા કર્મો પર કરી શકતો નથી. તો કાંઈ નહીં. વાસુદેવ હાર માનતા નથી. અર્જુન પ્રત્યેનો પ્રેમ એમને હાર માનવા દેતો નથી. પ્રેમ ક્યારેય હાર માનતો નથી. હાર માને એ પ્રેમ નથી. એવા હાર ન માનવાવાળા પરમ ભાગવત પુરુષને ભારતે જોયા છે. એ હતા મહાત્મા ગાંધી. નિરંતર ઘોર જનસંપર્કમાં રહેવા છતાં પોતાના હૃદયના તાર પ્રભુસત્તા સાથે જોડાયેલા રાખતા હતા. એમના પ્રેમે ક્યારેય ક્યાંય હાર માની નથી. નોઆખલીમાં ન માની, (બારડોલી ખેડા સત્યાગ્રહની તો શું વાત કરું !) હિંદુ-મુસ્લિમ રમખાણોમાં ના માની અને ગોળી સીના પર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવી તો પણ હાર ન માની. એક શ્રદ્ધા અને બીજો પ્રેમ હાર નથી માનતા. બુદ્ધિ તો બહુ જલદી હાર માને છે. વાસુદેવ હાર માનવાવાળા નહોતા.

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ।११।

હે પાંડુકુંવર ! તારાથી આ બધું નથી થતું તો તું મારુ ભજન કર. કર્મના આદિ, આરંભ તથા અંતમાં મારું સ્મરણ કરતા કર્મ કરવાનું તને મુશ્કેલ લાગતું હોય તો તને બીજો વિકલ્પ સુઝાડું છું. એ તો તું કરી શકીશ. તારે જે રીતે કરવું હોય તે રીતે કર્મ કર, પરંતુ કર્મફળનો ત્યાગ કર. મત્પ્રીત્યર્થે કર્મ નથી કરી શકતો તો કાંઈ નહીં, દેહ પ્રીત્યર્થે- જ્ઞાતિ પ્રીત્યર્થે દેશ પ્રીત્યર્થે કર્મ કરવું છે તો એ કર, પરંતુ એ કર્મનું જે ફળ છે એનો ત્યાગ કર. જો તું ફળ ગ્રહણ નહી કરે તો તારી મુક્તિનો અને મારી ઉપલબ્ધિનો માર્ગ સરળ થઈ જશે. કર્મ મને અર્પણ કરી શકતો નથી તો કાંઈ નહી ફળનો ત્યાગ કરી શકીશ ?

વૃક્ષ વધે છે,એનું થડ-શાખાઓ-ડાળીઓ વિસ્તરે છે. એના ઉપર કળી-પુષ્પ-ફળ બેસે છે. કેટલા પરિશ્રમથી એ પોતાના ઉપર ફળ-ફુલને ધારણ કરે છે, પરંતુ ક્યારેય વૃક્ષને પોતાના ફળ ખાતાં તેં જોયા છે ?એ તો જેવું ફળ પાકે છે કે એને ધરતી પર છોડી દે છે, જેને ભૂખ્યો આવીને ખાય છે. બીજનું અંકુરિત થવું, એમાંથી છોડ બનવો, એમાંથી વૃક્ષ થવું એ ફળ નિર્માણ માટે છે પરંતુ ફળ વૃક્ષો નથી ખાતા. લતા-વલ્લરીઓ પર ફૂલ ખીલે છે. કઈ લતાએ ફૂલ પોતાના પર રાખ્યા ? લતા પરના પુષ્પ પણ ધરતી પર પડે છે. લતાની એમાં કૃતકૃત્યતા-સાર્થકતા છે. વૃક્ષની સાર્થકતા કોઈ ફળ તોડીને લઈ જાય એમાં છે.

હે અર્જુન, વૃક્ષ જેવા વૃક્ષ પણ પોતાના ફળ ખાતા નથી તો તું એનાથી પણ ગયો કે તું તારા જ કર્મનું ફળ ખાવા માંગે છે. હવે અર્પણની ભાષા ભગવાને છોડી દીધી છે, બીજી ભાષાનો અંગીકાર કરે છે, તારું કર્મ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સિદ્ધ થાય અને એનું ફળ સામે આવે તો એ તારા માટે ન રાખીશ, સમાજને કે જેને આવશ્યકતા છે એને આપી દેજે. કર્મ કરવાની આ નવી દૃષ્ટિ છે . મહારાજને કર્મયોગ સમજાવવો છે. કર્મયોગનું રહસ્ય ભક્તિની સાથે સમજાવે છે, યોગરહિત જ્ઞાન હોય તો એનાથી મુક્તિ નથી. જ્ઞાનરહિત યોગ હોય તો એનાથી પણ કામ નથી ચાલતું, ભક્તિમાં જ્ઞાનનું અધિષ્ઠાન છે, ભક્તિ કર્મમાં પ્રગટ થાય છે. ભક્તિ-ભાવ-પ્રેમ તો સંબંધોમાં જ વ્યક્ત થાય છે. પ્રેમ, ભક્તિ પ્રગટ થઈને કૃતાર્થ થઈ જાય છે. 'एकोडहं बहुस्याम्' હું એકલો છું તો અનેક બનીને મારી એકતાને જોઉં. 'स अेकाकी न रेमे' એકલામાં એને આનંદ ન આવ્યો. 'स अकामयत्' એમણે ફરીથી સંકલ્પ કર્યો. એને માટે એમણે યજ્ઞ સહિત પ્રજાનું નિર્માણ કર્યું.

જ્યાં સુધી તારું કર્મ સિદ્ધ થાય ત્યાં સુધી તારું કર્તૃત્વ રાખ. કર્તૃત્વભાવ રાખવાનો તને અધિકાર છે. પરંતુ જ્યાં કર્મની સિદ્ધિ થઈ ગઈ અને ફળ આવ્યું ત્યાં એ તારા માટે હોય એવી વાસના ન રાખીશ.

તમારા ભાગ્યમાં આવ્યું એટલું ગ્રહણ કરો, મને મળવું જ જોઈએ. એવો ચિત્તમાં આગ્રહ રાખશો નહી. ચિત્તમાં ફળનો આગ્રહ ન હોય તો કોઈ કર્મ કરશે કે.? નફો મળવાનો ન હોય તો કોઈ વ્યાપાર-ધંધો કરશે કે ? કાંઈ મળવાનું જ ન હોય તો આવા કર્મનો પસારો શા માટે કરવો? એમ કહેશે.

સંતોના ઘરની ઉલટી વાતો છે આવી ઉલટી વાતો સાંભળવા તમે આટલી બધી સંખ્યામાં આવી ગયા છો.

વાસુદેવની વાત સાંભળતાં અર્જુનના મુખ પર સ્મિત આવી ગયું હશે કે પાછી આવી ગઈ એમની કર્મફળ ત્યાગની વાત. ધીરે ધીરે કહેશે કે ફળ જ મને અર્પણ કરી દે. પહેલાં કહે છે કે ફળત્યાગ કર પછી કહે છે કે અર્પણ કર. અર્જુનનું સ્મિત જોઈને વાસુદેવ ઘણી ઉતાવળથી અર્જુનને કહે છે કે મારા પ્રીત્યર્થે તું કર્મ કર એવું નથી કહેતો. વાસુદેવ ડરે છે કે અર્જુન કહેશે કે પાછી અર્પણ કરવાની, શરણાગતિની, પ્રણતિની વાત આવી ગઈ. વાસુદેવ કહે છે કે શૂન્યાવકાશમાં કર્મફળને જવા દે જેથી ચિત્તમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્મફળની વાસના ન રહે. વાસુદેવ ઘણી તીખી વાત કહી રહ્યા છે.

કોઈના ઘરમાં કન્યાનો જન્મ થયો. સમય જતાં કન્યાની વધૂ બનવા જેટલી ઉંમર થઈ. તો શું પિતાના ચિત્તમાં ક્યારેય એવો અભિલાષ ઉત્પન્ન થાય છે કે અમારે ત્યાં જન્મ થયો છે અમે સંવર્ધન કર્યું છે તો એ તો અમારે જ જોઈએ. પોતાના હાડમાંસમાંથી કન્યાને જન્મ આપ્યા પછી માતાપિતા કન્યાવિવાહ કરે છે અને પોતાના પતિ સાથે જાય એમાં ધન્યતા અનુભવે છે. એ રીતે હે અર્જુન, તું જે કર્મ કરીશ એ તારું સંતાન છે. એના પ્રત્યે અભિલાષા ન રાખીશ. તું નિષ્કામ બની જા. સંતાનને જન્મ આપવામાં જ માતાની કૃતાર્થતા છે, એ જ આનંદ છે. એવી જ રીતે કર્મ કરતી વખતે ઈન્દ્રિયોની જેટલી ગતિ છે તે કૃતાર્થ થઈ જાય છે. આંખ રૂપને જોઈને, શ્રુતિ શબ્દ સાંભળીને કૃતાર્થ થાય છે. એ જ રીતે ઈન્દ્રિયોથી કર્મ કરવામાં અભિવ્યક્તિનો આનંદ છે. કર્મ કરવામાં જીવન જીવાય છે. જીવન જીવવાનું કર્મ એ પરિપૂર્તિ છે-પરિતૃપ્તિ પણ છે. આત્મજા માટે જેવો જીવ નિરાભિલાષી રહે છે એવો જ તું તારા અશેષ કર્મો માટે નિરાભિલાષી બન. ઘણી તીખી વાત કહી છે. અર્જુન હસ્યો હશે.

અગ્નિની જવાળા પ્રગટ થાય છે તો જવાળા ઊર્ધ્વગામિની બનીને શૂન્યમાં-આકાશમાં સમાઈ જાય છે, એવી જ રીતે ઈન્દ્રિયો દ્વારા જે કર્મવહ્નિ પ્રગટ થશે એના ફળરૂપે જે જવાળા નીકળશે એને શૂન્યમાં જ જવા દે. જવાળા આકાશમાં લીન થાય છે. આકાશનો ગુણ શબ્દ છે. શબ્દમાં નાદ છે, નાદમાં અગ્નિ છે. શબ્દ આકાશમાં વિલીન થાય છે. નાદ શૂન્યમાં સમાઈ જાય છે. વહ્નિની જવાળાની ઉપમા આપીને આકાશમાં જે અગ્નિબીજ છે એનો સંકેત કર્યો છે. આત્મા જ્યોતિ છે. પ્રકાશ સ્વરૂપ છે. આત્માથી આકાશ, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, પછી પવન, ત્યારબાદ પૃથ્વી. આકાશ તત્વ અગ્નિનો સ્રોત છે. પ્રભુ કહે છે કે હે અર્જુન, તારા કર્મના ફળને વહ્નિની જવાળાની જેમ નિરુદ્દેશ શૂન્યમાં જવા દે.. ક્યાં જાય છે, કેવું ફળ મળે છે, કોને મળે છે, મારા હિસ્સામાં કેટલું આવ્યું, આટલું બધું મેં કર્યું મારા ભાગે આટલું જ આવ્યું. જો એ ગણતરી હોય તો જીવન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવવું એ કોઈ સોદો નથી. સોદાનો વિષય પણ નથી.

'યહાં સર દે કર હોતે હૈ સૌદે આશિકી ઈતની સસ્તી નહી હૈ',
જિન ખોજા તીન પાઈયાં ગહરે પાની પેઠ,
મૈં બોરી ઢૂંઢન ચલી રહી કિનારે બૈઠ

જે પામ્યા છે એ તો ઘણી ઊંડી છલાંગ મારીને પામ્યા છે, ડૂબીને પામ્યા છે. હું તો કિનારે હિસાબ કરતી બેસી જ રહી કે આટલા ઊંડા જળમાં ઊતરીશ તો શું પરિણામ આવશે, છીછરા જળમાં ઊતરીશ તો શું થશે ? આ રીતે હિસાબ લગાવનારા કિનારે બેસે છે.

'માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોનેં !
પ્રેમપંથ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે જોને !'

તારા હાથથી જેટલા કર્મ થાય એના માટે નિરાભિલાષ રહે, હિસ્સામાં જે આવે એનું સેવન ન કરીશ એમ નથી કહ્યું. મહત્વ છે ચિત્તની વૃત્તિનું. ભક્તિનો જેટલો સંબંધ વૃત્તિ સાથે છે એટલો કૃતિ સાથે નથી. ફળત્યાગ સાંભળવામાં વધારે સરળ લાગે છે. કદાચ ગ્રામ્ય વાત પણ લાગતી હશે, પરંતુ જેટલા પ્રકારના યોગો છે એ બધા યોગોમાં કર્મફળત્યાગ નામનો યોગ બધાથી શ્રેષ્ઠ છે. કર્મફળ તરફ આપણી વૃત્તિ રહે છે. એમાંથી બંધન પેદા થાય છે. કર્મથી અપ્રિય પરિણામ આવ્યું તો એ અપ્રિયતાને ચિત્તે પકડી લીધી. કાંઈ પ્રિય પરિણામ આવ્યું તો પ્રિયતાને પકડી લીધી.આ પ્રિયતા-અપ્રિયતાને લઈને જીવવાનું થાય છે. કર્મ તો ચાલ્યા ગયાં. પ્રિયતા-અપ્રિયતાની ગ્રંથિ બની. એમાંથી પૂર્વગ્રહ આવ્યો. ફળનું સેવન કરવાથી ગ્રંથિ પેદા થાય છે. નવો કર્મબંધ પેદા થાય છે. કર્મ નિર્જરા માટે પ્રારબ્ધ ખપાવવા માટે કર્મ કરવાનું છે. નવા કર્મ બાંધવા માટે કર્મ કરવાનું નથી. ફળત્યાગથી નવા કર્મનું બીજ બનતું નથી. કેળનું વૃક્ષ છે એકવાર ફળ આપ્યા પછી બીજીવાર એ ફળ આપતું નથી. એ રીતે મનુષ્ય જન્મમાં આવ્યા તો કર્મ કરવાની શક્તિનું ફળ મળ્યું. કર્મ કર્યું અને એમાંથી મુક્ત થઈ ગયા. કરવામાં આ જ જન્મમાં તમે મૃત્યુનો સંભારોહ જોયો. પ્રાણપ્રયાણોત્સવ જોયો. આ ભવમાં નવું કર્મ બીજ પેદા નથી થતું એટલે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુક્તિ મળી જાય છે. એકવાર મનુષ્યદેહ મળ્યો છે એમાં જ મુક્તિ મળી ગઈ.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે અનેક જન્મો દેહાર્થે આત્મા ગાળ્યો છે, આ ભવે આત્માર્થે દેહ ગાળો. એમણે કહ્યું કે અનેક જન્મો તો આ જ પ્રપંચ કર્યો છે. આત્મશક્તિ આત્મજ્ઞાનનો ઉપયોગ સુખ-સુવિધા માટે કર્યો છે. આ ભવમાં, આ જન્મમાં દેહનો વિનિયોગ આત્મા માટે કરો.આત્મા માટે વિનિયોગ કરવાની કલા અહીં જ્ઞાનેશ્વર મહારાજ સમજાવી રહ્યા છે. ભક્તિ કેવી રીતે કરાય અને કેવી રીતે જિવાય એ પોતાની રીતે અનેક છટાઓથી અનેક રીતે આપણી સમક્ષ રજૂ કરી રહ્યા છે. આ શરીરથી જ શરીરનું આવાગમન સમાપ્ત થાય છે. આ દેહમાં ભક્તિ કરીને અત્યંત સમારોહપૂર્વક આવાગમનનું વિસર્જન કરી શકીએ. આ જ દેહમાં એવી રીતે જીવીએ કે પાછા શરીરમાં આવવાની જરૂરત પડે નહીં. આવાગમન સમાપ્ત થઈ જાય એટલી શક્તિ કર્મફળત્યાગમાં છે એટલે હે અર્જુન ! તું કર્મફળ ત્યાગરૂપ મારી ભક્તિ કર.

'આવાગમન વિસર્જન પ્રીત્યર્થે ભક્તિ.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૧૭-૧૨-૧૯૮૬

સવાર ૮-૩૦

'અભ્યાસયોગ' શબ્દની વ્યાખ્યા કરી રહ્યા છે. અભ્યાસયોગ વગર જ્ઞાન બોધમાં પરિણત થતું નથી. જ્યાં સુધી જ્ઞાનની પરિણતી બોધમાં થતી નથી ત્યાં સુધી એની સૌરભ શ્વાસોચ્છવાસમાં, વ્યવહારની પ્રત્યેક ક્ષણમાં અનુભવાતી નથી. ભક્તિયોગમાં આગળ ધપવું હોય તો એ અભ્યાસથી થાય છે. પરોક્ષજ્ઞાન પણ અભ્યાસ વગર થતું નથી. એક ક્ષણ પણ પ્રભુના ચિંતનમાં આત્માના અવલોકનમાં જાય તો બધી ગતિઓની પરે જે સ્થિતિ છે, બધા સંબંધોની પરે જે એકાંત છે (પવિત્ર એકાકીપણું) શબ્દ અને નાદની પરે જે મહાશૂન્ય છે એની પ્રતીતિ થાય છે. એ પ્રતીતિમાં ચિત્ત જ્યારે ભીંજાય છે ત્યારે એ ભીંજાયેલા ચિત્તને વિષયોના રસ પ્રિય ન લાગતાં ફીકા લાગે છે. એનાથી આપણા શરીરમાં જે નાડીતંત્ર અને રસાયણ પદ્ધતિ છે એમાં પરિવર્તન આવે છે. ભક્તિ Alchemy of Life છે. અભ્યાસ કરતાં કરતાં એક એક કદમ પર શરીરના ગુણધર્મ બદલાતા જાય છે. જો ગુણધર્મ બદલાતા ન હોય તો ભક્તિ કેવળ કલ્પનાનો વિલાસ રહી જશે. શબ્દોનો શૃંગાર બની જશે. જે ભક્તિ જીવી ગયા એમના શરીર-મન-બુદ્ધિના ગુણધર્મો બદલાઈ ગયા છે.

રોનાલ્ડ નિકસન નામનો અંગ્રેજ નવયુવક ૧૯૨૨માં ઈંગ્લેન્ડથી ભારત આવ્યો. લખનૌ યુનિવર્સિટીમાં લેકચરરનું કામ કરી રહ્યો હતો. યુનિવર્સિટીના ઉપકુલપતિના પત્ની (આગળ જતાં જે યશોદા મા કહેવાયા-મોટા ભક્ત હતા) પાસે રોનાલ્ડે અભ્યાસ શરૂ કર્યો. સંસ્કૃત, પાલી, બંગાળી અને હિન્દી ભાષાનું અધ્યયન કર્યું. આ રોનાલ્ડ ૧૯૨૮માં પોતાની ગુરુમા પાસે સન્યાસ લઈને આલ્મોડા ગયા. ત્યારે કોઈ બ્રિટિશ કે ભારતીય મનુષ્ય એમને ઓળખી નહોતા શક્યા કે જે ગોપાલદાના નામથી ઓળખાય છે એ અંગ્રેજ યુવક છે. ભારતીયોની તો શી વાત કરું ! એમનાં શરીર તથા મનોધર્મના પરિવર્તન જોયા છે. ન્યાયશાસ્ત્રના મહાન પંડિત આગળ જઈને ચૈતન્ય મહાપ્રભુ બન્યાં, ભક્તોની મજાક કરવાવાળા આગળ જઈને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તસમ્રાટ બન્યા, ચૈતન્ય સંકીર્તન-ચૈતન્ય સંપ્રદાય-ગૌડીય સંપ્રદાયના પ્રસ્થાપક બન્યા એટલે આ પરિવર્તન એ કવિકલ્પના નથી. આ જીવનનું તથ્ય છે. એટલે આ વાત તમારી સમક્ષ રાખું છું. કે જેથી અહી જે ભણેલા ગણેલા લોકો બેઠા હોય એમને ખબર પડે કે ભક્તિને કેવળ પરંપરાએ જે વિકૃત સ્વરૂપ આપ્યું એ અભિપ્રાય નથી. પરંપરામાં જે ગૌણ છે એને મહત્વ અપાય છે અને જે મૂળ તત્ત્વ છે એ ઢંકાઈ જાય છે. આપણે ભક્તિના મૂળતત્ત્વને ઢાંકતા જ ગયા છીએ.

જ્યારે અભ્યાસનાં ડગ ભરાય છે ત્યારે જ્ઞાનના દ્વાર પર આવવાનું થાય છે. પરોક્ષ જ્ઞાન કેવળ શાબ્દિક જ્ઞાન નથી. પરોક્ષ જ્ઞાનમાં સામર્થ્ય છે-શક્તિ છે જયારે પરોક્ષ જ્ઞાન અભ્યાસથી સિદ્ધ થાય છે ત્યારે માંડ ધ્યાનનો અધિકાર પ્રાપ્ત થાય છે અધિકારી કોણ છે એ બતાવવા માંગે છે. આત્મા અનાત્માનો વિવેક કર્યો જ નથી. મુમુક્ષા નથી અને આસન લગાવીને ધ્યાન કરવા બેસી ગયા. સાત દિવસમાં ધ્યાન લાગે છે. પંદર દિવસમાં ઈશ્વર સાક્ષાત્કાર થાય છે, એકવીસ દિવસમાં બ્રહ્મસમાધિ લાગે ! આવા સોદા ચાલે છે. અધ્યાત્મ નામનું જે વિજ્ઞાન છે એની ઠેકડી ઉડાવાઈ રહી છે. લોકોને થાય છે કે ઓછામાં ઓછા સમયમાં અમે અધ્યાત્મ સિધ્ધિ ઉપલબ્ધ કરી લઈશું. પરંતુ એ થતું નથી. જેવી રીતે માતાના ઉદરમાં બાળકનું શરીર વધે છે એમાં જીવ પ્રવેશ કરે છે અને હલનચલન શરૂ થાય છે એ રીતે અધ્યાત્મમાં પણ યમ, નિયમ, આસન, પ્રાણાયામ કરતાં કરતાં એક એક કદમ આંગળ ભરાય છે. સત્સંગ થાય છે તો અંદર ગુણધર્મો બદલાય છે ત્યારે 'ધ્યાન'નામની અવસ્થા નિષ્પન્ન થાય છે. 'ધ્યાન' ક્રિયા કે પ્રક્રિયા નથી. જ્ઞાન સિદ્ધ થયા પછી ધ્યાનની સાથે મુલાકાત થાય છે, ધ્યાન કરે છે એમ નથી કહ્યું. જ્ઞાનની સિદ્ધિથી ધ્યાનાવસ્થાનું આલિંગન નિષ્પન્ન થાય છે. હૃદયનાં બધાં જ ભાવો ધ્યાનાવસ્થાને આશ્લેષ આપે છે. જ્યારે બહિર્મુખતા વિસર્જિત છે, અંતર્મુખતામાં પ્રાપ્તિની આકાંક્ષા નથી કર્મના ફળનો ત્યાગ થઈ ચૂક્યો છે. એક પ્રકારની શાંતિ છે ભાવોના આવેગની ઊછળકૂદ નથી. ભાવનાઓ તથા ઈચ્છાઓના શમનની અવસ્થા છે. ત્યારે પ્રેમ નામનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાવ જાગ્રત થાય છે. ભાવનાઓના શમન વગર ભાવકાયાનું સર્જન સંભવ નથી. ભાવના, વાસના, ઈચ્છા - આકાંક્ષા - આ બધાં જ મનના ઉપરના સ્તર પર ઊઠનાર તરંગો છે. એ જ્યાં સુધી શાંત નથી થતા ત્યાં સુધી શાંતિ નથી. નિષ્પંદતા-નિસ્તરંગતા એ જ શાંતિનો અર્થ છે. જ્યાં સુધી ચિત્તની આવી અવસ્થા થતી નથી ત્યાં સુધી ધ્યાનાવસ્થાનો આશ્લેષ ભરાતો નથી. પ્રભુના પ્રેમનો ભાવ શેષ રહી જાય છે ત્યારે ધ્યાનાવસ્થા સિદ્ધ થાય છે.

અમારી પ્રતિજ્ઞા છે કે અમારી વાત અહીં નહીં કહીએ. જ્ઞાનેશ્વર મહારાજે આ ઓવીઓમાં જે કહ્યું છે એનો કેવળ શબ્દાર્થ જ તમારી સમક્ષ રાખીશ. જેટલીવાર જ્ઞાનેશ્વરી વાંચવાનું થાય છે એટલી વાર એમના દર્શનની જે ક્રાંતિકારિતા છે, અધ્યાત્મ દર્શનના વિષયનું જે ક્રાન્ત દર્શન છે એ જોઈને મુગ્ધ થઈ જવાય છે. જ્ઞાનેશ્વરી વાંચતાં વાંચતાં જીવનના પચાસ વર્ષો વીત્યાં છે. પ્રતિવર્ષ વાંચવાનું થાય છે અને દરેક વખતે અર્થની નવી છટા ધ્યાનમાં આવે છે.

દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને મધુર ભાવ-જેટલા ભાવો ઊઠે છે એ ભાવોની પરિણતિ ધ્યાનાવસ્થાના આશ્લેષમાં થાય છે. સાધના કરવા માટે કર્મોનો ત્યાગ કરવો જોઈએ કે નહીં એ વિવાદનો પ્રશ્ન છે. મહારાજ અહીં કહે છે કે કર્મ ઈશ્વરાર્પણ નથી થતાં તો કાંઈ નહી ફળનો ત્યાગ કરવાથી પણ ચિત્તમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાય છે.

'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાશ,
ભવે ખેદ પ્રાણીદયા તે કહીએ જિજ્ઞાસ'

ગુજરાતની ભૂમિ ઉપર સો વર્ષ પહેલાં શ્રીમદ્ રાજચંદ્ર નામના એક સિદ્ધ પુરુષ થઈ ગયા. એમણે આ ગાયું છે. પૌદગલિક કાયા છે. એમાં જેટલા પ્રકારના કષાય છે એનું નિર્મૂલન ન થાય તો કાંઈ નહીં પણ એનું ઉપશમન તો થવું જોઈએ. એના ઉપશમન વગર ભાવાવસ્થા નથી. ભાવસમાધિ નથી. ભાવસમાધિ પછી જ ધ્યાન-શુદ્ધસમાધિ આવે છે. એમાં કર્મ પોતાની મેળે જ ઝરી જાય છે એની વાત અહીં થઈ રહી છે. આવા સાધકના જીવનમાંથી કર્મ આપોઆપ દૂર રહેવા લાગે છે, આગ્રહપૂર્વક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પહેલેથી જ કર્મત્યાગ કરનારા પરમાર્થના નામથી કર્મપ્રપંચ ઊભો કરે છે. ભગવાન કહે છે કે તું કર્મ પહેલાં ન છોડીશ. જયારે અર્જુન કહે છે કે મારે લડવું નથી ત્યારે પ્રભુ કહે છે કે તારી પ્રકૃતિ ક્ષત્રિયની છે. તારા રક્તના કણકણમાં આવેશ-અભિનિવેશ પડ્યા છે. આજ સુધી તું લડતો આવ્યો છું. આ ક્ષણે તું મોહાવેશનો શિકાર બનીને હું નહી લડું એમ કહી રહ્યો છું એ થવાનું નથી. બીજી જ ક્ષણે તું લડવા લાગીશ. કર્મ છોડી શકાતું નથી. કર્મ છૂટી જાય છે. કષાયના ઉપશમન વગર, બધા જ પ્રકારની ભાવના અને ઈચ્છાઓના શમન વગર કર્મત્યાગ કરવો એ ભક્તિ માટે પણ વિહિત નથી, વાંછનીય નથી, વૈજ્ઞાનિક નથી. શરીરના ગુણધર્મ બદલાતાં કર્મ છૂટશે. સંસ્કાર જેને કારણે આવેગ ઉત્પન્ન થાય છે, એ સંસ્કારોની તદાત્મતા શાંત થયા વગર, સંસ્કારોની સાથે જે મમભાવ છે એના શાંત થયા વગર આવેગ શાંત થતા નથી. આવેગ શાંત થયા વગર કર્મ છૂટતા નથી. વિષય ઘણો ગહન છે.

હે સુભદ્રાપતિ, તારે માટે એક અભ્યાસ જ પ્રસ્તુત છે. કર્મના પ્રયોજનનું દૂર થવું . કર્મ માટે જેટલા કારણ હોઈ શકે એ કારણોનું નિરાકરણ થવું. આ નિરાકરણ ફળના ત્યાગથી જ સંભવિત છે. ફળત્યાગથી જ શાંતિનું જાગરણ સંભવિત છે. આનો તું અભ્યાસ કર.

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्ति रनन्तरम् ॥

અભ્યાસથી ગહન જ્ઞાન છે, જ્ઞાનથી ગહન ધ્યાન છે, ધ્યાનથી ગહન કર્મફળત્યાગ છે અને ત્યાગથી ગહન શાંતિ છે. શાંતિના સુખનો ઉપભોગ એ કર્મફળત્યાગ અને ધ્યાનથી પણ સૂક્ષ્મ અને ગહન છે. ઉત્તરોત્તર ગહનતાનું વર્ણન કતાં જાય છે. જયારે ભાવના-વાસના-આકાંક્ષા-ઈચ્છા બધાં જ શાંત થઈ જાય છે ત્યારે કર્મ કરવાનો સંકલ્પ ઊઠતો નથી. ત્યારે Activity પણ નથી અને Passivity પણ નથી. જીવન પરાઙમુખતા નથી, અભિમુખતા કાયમ છે, અભિક્રમ નથી.. આ બંનેનું અંતર જોઈ લેજો. આ બંનેનું અંતર અહીં જે કોઈ રસિક અભ્યાસી બેઠા હશે એ સમજી શકશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવન તત્પરતા, જીવન અભિમુખતા છે, પરંતુ અભિક્રમ નથી. (મારામાં આટલા ગુણ અને શક્તિ છે, મારી આટલી પરિપકવ બુદ્ધિ છે તો હું સમાજ માટે વિશ્વ માટે કાંઈક કરું - આમ સંકલ્પ પછી જ અભિનિવેશ ઊઠે છે. અભિનિવેશ પછી ઈન્દ્રિયો કામ કરવા લાગે છે) આ શાંતિનો આશય છે. પછી શાંતિ જીવનની પદ્ધતિ બની જાય છે, એક શૈલી બની જાય છે. 'અનારંભો નામ પ્રથમમ્ બુદ્ધિલક્ષણમ્' અનારંભ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે. 'બુદ્ધિ'ને બદલે હું 'પ્રજ્ઞા'નું પ્રથમ લક્ષણ કહું છું. બધા જ આગ્રહ છૂટી જાય છે. બધી જ આસક્તિ શાંત થઈ જાય છે. પરાંઙમુખતા અને અભિક્રમ બંને વચ્ચેની એક મધ્યસ્થ સ્થિતિ પોતાની અંદર પેદા થાય છે. અધ્યાત્મની વાત ચાલે છે તો એનો અર્થ બરાબર સમજી લેવો જોઈએ નહિ તો લોકો અધ્યાત્મને નામે જીવન પરાઙમુખ બને છે. Passive બની જાય છે. થાય છે કે અમારી અંદર કોઈ સંકલ્પ ઊઠતો નથી તો અમે જડ બની ગયા. એવું નથી., ઉદાસીન, વિરાગી કે જડ નથી બનતા. વેદાંતાભ્યાસી જડ નથી બનતા. ત્યાં કોઈ અભિક્રમ નથી. સંકલ્પ નથી આવી શાંતિની ગહન અવસ્થા છે. શાંતિના સુખનો ઉપભોગ કરવાની રસિકતા ગહનતમ છે. શમન અને શાંતિ બંને શબ્દોના અર્થ બરાબર સમજી લેવા જોઈએ. શાંતિમાં સંકલ્પ નથી, વિકલ્પ નથી. તો પણ ત્યાં જડતા નથી. શાંતિ સુખ માણનારા તત્પરતાના સ્પંદનોથી અભિભૂત છે. પરંતુ પોતાને એ કોઈ ઉપર લાદવા માંગતા નથી. ચિત્તમાં સંકલ્પ ઊઠશે અને તેનો આગ્રહ ચિત્તમાં આવશે તો પ્રભુની વિશ્વમયી કાયા પર મારા આગ્રહનું આક્રમણ થશે એવું એમને થાય છે.

આગ્રહમાંથી આક્રમણનો પ્રારંભ છે. આગ્રહ જ હિંસાની જનની છે. કોઈ પણ પ્રકારનો આગ્રહ નથી. પ્રતિસાદ વાળવાની તૈયારી, તત્પરતા છે. આ શાંતિનો અર્થ છે. ત્યાગીથી પણ શાંત મનુષ્યનો મહિમા જ્ઞાનેશ્વરની દૃષ્ટિએ અધિક છે. ત્યાગીના જીવનમાં 'મેં ત્યાગ કર્યો', 'મેં આ છોડ્યું', 'પેલું છોડ્યું' આવા ત્યાગમાં કર્મનો દર્પ છે તે ડુંગળીના દર્પ જેવો છે. ઘણો જ ઉગ્ર હોય છે. ભોગીના અહંકારથી ત્યાગીનો અહંકાર ઘણો તીખો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોય છે. બીજાને ખૂંચનારો હોય છે. ત્યાગ પછી જો ચિત્તમાં શાંતિ ન આવી, અભિક્રમ શૂન્ય, પ્રશાંત અવસ્થા ન થઈ તો પ્રશાંતિ વગર પ્રસાદ નથી. ત્યાગમાં પ્રસાદ નથી. વર્ષો સુધી મૌન રાખ્યું. પરંતુ સંકલ્પ-વિકલ્પ કાયમ રહ્યા, આગ્રહ-અભિનિવેશ પણ રહ્યા, તો એ તો મૌનનો ઉપહાસ છે મૌનનું અપમાન છે. આવી ગંભીર વાત આપણે અહીં શીખવાની છે. ધ્યાનને કારણે એ વ્યક્તિના જીવનમાં આત્માનો આહ્લાદ હશે. પોતાની ઉપસ્થિતિ હશે. પરંતુ આગ્રહ આક્રમણ નહીં હોય. કોઈના પર એ કાંઈ પણ થોપવા માંગતા નથી. જે જેવા હાય એવો જ એમનો સ્વીકાર કરવાની શક્તિ માનવીય સંબંધોમાંથી આવે છે. એ વ્યક્તિ અનાસક્ત અનાગ્રહી થઈ જાય છે.

આપણે તો પરિવારમાં આગ્રહના માર્યા મુશ્કેલી ઊભી કરી દઈએ છીએ. પતિ પત્નીને , પત્ની પતિને મુશ્કેલીમાં મૂકી દે છે. નાની નાની વાતોમાં આગ્રહ કરે છે. કપડાં કયાં પહેરવા, ભોજન કયું કરવું - એમાં આગ્રહ હોય છે. સંસ્થાઓ, સંગઠનોમાં તો આગ્રહના માર્યા ગુંગળાઈ જવાય છે.

પહેલા અધ્યાયમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા શું છે, એનુ ભાષ્ય એ કેમ કરી રહ્યા છે-એનું વિવેચન કરતાં મહારાજ કહે છે કે ભગવત્ ગીતા જીવન જીવવાનું શાસ્ત્ર શિખવાડે છે. આ કેવળ શબ્દ નથી. આત્માના અવતરણ મંત્ર છે.

આપણે અહીંથી અમદાવાદ તરફ જઈએ તો વલ્લભિપુર, ધંધુકા આવે છે. જેવી રીતે અમદાવાદ જતાં આ મુકામો આવે છે. તેવી જ રીતે આ માર્ગે મુકામોમાંથી પસાર થતાં શાંતિ સુધી પહોંચાય છે. અભ્યાસથી પરોક્ષ જ્ઞાન, પરોક્ષ જ્ઞાનથી ધ્યાનાવસ્થા એમાંથી અપરોક્ષ જ્ઞાન, એમાંથી કર્મફળ, ત્યાગ ત્યારબાદ શાંતિ લાધે છે. આપણા જીવનમાં અનુક્રમ છે કે નહીં એ લઈ લેજો. વાસુદેવને થાય છે કે અર્જુન ફરીથી શાંત વ્યક્તિના લક્ષણ પૂછશે. એટલે એ પૂછે એ પહેલાં જ બતાવી દે છે.

સૃષ્ટિમાં ઓતપ્રોત જે ચૈતન્ય છે. એમાં પોતાના પરાયાનો ભાવ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી, આ ચૈતન્ય ઘાસના તણખલામાં, અશ્વની કાયામાં, વનરાજ તથા વાઘની કાયામાં પણ છે. આ પરાત્પર સત્તા પાસે વૈષમ્ય કે નૈર્ઘૃણ્ય નથી. ચૈતન્ય રાગ દ્વેષ જાણતું નથી. જ્યારે એકના માટે રાગ રહે છે ત્યારે પ્રચ્છન્ન રૂપે બીજા માટે દ્વેષ રહેવાનો જ. આ ગાંઠ બાંધી લેવી જોઈએ. જ્યાં મમ્ ભાવ છે ત્યાં પરાયાપણું રહેવાનું. જેમના ચિત્તમાં શાંતિ પ્રતિષ્ઠિત થઈ ગઈ છે, જેમના ઉત્સંગમાં શાંતિ રમે છે. એમના જીવનનું એક લક્ષણ એ છે કે એમનામાં પોતાના પરાયાંનો ભાવ નથી.

એકવાર રાજસ્થાન સેવક સંઘનું સંમેલન ચાલી રહ્યું હતું. રાજસ્થાન સેવક સંઘે જયપ્રકાશને અધ્યક્ષ બનાવ્યા હતા. લોકો તો એવું માનતા હતા કે જયપ્રકાશ ધાર્મિક વ્યક્તિ નથી. એક નવયુવાન કાર્યકર્તાએ જયપ્રકાશને પૂછયું કે તમારી ધર્મની વ્યાખ્યા શું છે ? ધર્મને તમે શું સમજો છો ? વિનમ્રતા અને નિરહંકારિતાની મૂર્તિ - જયપ્રકાશજીએ કહ્યું કે હું તો ધર્મ શુંજાણું ? પરંતુ મને એવું લાગે છે કે જેના ચિત્તમાં પોતાના-પરાયાનો ભાવ નથી રહેતો એ જ વ્યક્તિ ધાર્મિક છે. પછી તો જયપ્રકાશજીના મોટા કેલેન્ડર છપાયા. એની નીચે આ વાક્ય ટાંક્યું. "જેના ચિત્તમાં પોતાના પરાયાનો ભાવ નથી એ વ્યક્તિના ચિત્તમાં ધર્મનો ઉદય છે" પછી એ ધર્મ માનવધર્મ બની જાય છે ત્યાં સાંપ્રદાયિકતા રહેતી નથી.

આત્મસિધ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્ રાજચંદ્રે કહ્યુ છે કે બંધનનું જે કારણ છે જો એનું નિરાકરણ કરો તો મુક્તિ સ્વંયસિધ્ધ છે. રાગ અને દ્વેષને એમણે બંધનના સ્રોત - કારણ બતાવ્યા છે. 'તું છો મોક્ષસ્વરૂપ'. મોક્ષની પ્રાપ્તિ કરવી પડતી નથી. 'સર્વ જીવ છે સિધ્ધસમ જે સમજે તે થાય' સમજવા માત્રથી સિધ્ધ થઈ જાય છે.

રાગ દ્વેષ બંધનોની જનની છે.

પહેલાં ચૈતન્યની ઉપમા આપી કે આત્મતત્ત્વ ભેદ જાણતું નથી. હવે આત્મતત્ત્વથી જે સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે, એ પૃથ્વીતત્ત્વ પર આવે છે. ધરતી જે પ્રકારે ઉત્તમને પણ પોતાના વક્ષ પર ચાલવા દે છે એ જ રીતે અધમને પણ પોતાના વક્ષ પર ચાલવાનો અવસર આપે છે. આ એનો સાક્ષીભાવ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. કરુણામાં સાક્ષીભાવ આવી જ જાય છે. પ્રેમ, કરુણા કે વાત્સલ્યમાં વ્યક્ત થાય છે. જેવી રીતે વસુધા ઉત્તમને આલિંગન નથી આપતી અને અધમનો તિરસ્કાર કરતી નથી, એ રીતે જેના ચિત્તમાં શાંતિ પ્રતિષ્ઠિત છે એનો વ્યવહાર બધાંની સાથે સમાન હોય છે.

ભક્તિ જીવવાની છે. કરવાની નથી. ભક્તિ ક્રિયા કે કર્મ નથી. ભક્તિ જીવન જીવવાની શૈલી-પધ્ધતિ છે. એનાથી નાની વાત જ્ઞાનેશ્વર કરશે નહીં, કારણ કે એમણે ભક્તિને પંચમ પુરુષાર્થ કહ્યો છે.ભક્તિમાં અદ્વૈત મધુર બની જાય છે. આ એમની વ્યાખ્યા છે

રાજાના દેહમાં હું હલનચલન કરીશ અને જે રંક છે એના દેહમાં હું નહીં કરું એવું ક્યારેય કૃપાળુ પ્રાણતત્વે કહ્યું છે કે ? પ્રાણતત્વ માટે કૃપાળુ વિશેષણ વાપર્યું છે. કૃપાળુ પ્રાણ એવું નથી કહેતો કે આ રંકની કાયા છે એમાં હું પ્રવેશ નહીં કરું. એવી રીતે જે શાંતિસિદ્ધ વ્યક્તિ છે એમનો જીવન વ્યવહાર બધાંની સાથે સમાન છે. જ્ઞાનેશ્વર ઉપમાઓના તો સ્વામી છે. એક પછી એક દૃષ્ટાંત આપતા જાય છે. કહે છે કે જળે ક્યારેય ભેદભાવ કર્યો છે કે ગાય ઘણી પવિત્ર છે એટલી એની તૃષાનું હું હરણ કરીશ અને વાઘ જો મારું સેવન કરશે તો એના માટે વિષ બની જઈશ. જે રીતે જળ ભેદભાવ નથી કરતું એ રીતે શાંતિ ઉપલબ્ધ વ્યક્તિ ભેદભાવ નથી કરતી.

અહીં યાદ કરો મહાત્મા ગાંધીને. જ્યાં બાપુ ઊતર્યા હતા ત્યાં જઈને જિન્હા વાતચીત કરવા માટે પણ તૈયાર નહોતા. ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે બંનેને વાતચીત કરવી છે એ ન આવે તો હું જઈશ. ગાંધીજીના સાથીઓને તો એવો ગુસ્સો ચઢ્યો કે જિન્હા અપમાન કરે છે તો અપમાન સહીને બાપુ ત્યાં શું કરવા જાય છે ? બાપુ એમના સામે નાના કેમ બને છે ? પરંતુ ગાંધીજીના ચિત્તમાં તો આ વાત જ નહોતી દેશનું કામ કરવાનું છે. એમની સાથે વાતચીત કરવાની છે. તો હું જઈશ. એમના ચિત્તમાં આ મહાદેવ છે અને આ જિન્હા છે. એક મારી સેવા કરે છે અને બીજો મારી સાથે લડવા આવે છે એ ભેદભાવ કયારેય નહોતો. બ્રિટિશરોએ કહ્યું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતું કે આ વ્યક્તિ સાથે લડવાનું ઘણું મુશ્કેલ છે. એમને ખરીદી શકાય, લાલચ આપી શકાય કે ડરાવી શકાય એમ નથી. બ્રિટિશ સલ્તનતને સમાપ્ત કરવાના સંકલ્પ સાથે એ અમારા પર એટલો પ્રેમ રાખે છે કે કોઈ પણ બ્રિટિશ મનુષ્ય ગાંધીજીના ખોળામાં માથું મૂકે તો નિર્વિઘ્નપણે નિશ્ચિંતતાથી સૂઈ શકે એવું છે. એક બાજુ અંગ્રેજો સાથે લડાઈ ચાલી રહી છે. બીજી બાજુ વાઈસરોય બાપુની ગોદમાં માથું રાખીને સૂવે તો એ રાષ્ટ્રપતિ ભવન કરતાં વધારે સુરક્ષિત છે. એ તો આપણી સામે જ જીવી ગયા એટલે એવું કહેશો નહીં કે આ વ્યવહારમાં થઈ શકે નહીં. આવું જીવનારા તો અનેક સંત-મહાત્મા થઈ ગયા, પરંતુ જે ઘોર રાજનીતિમાં કામ કરનારા હતા એ સંતનું દૃષ્ટાંત મેં તમારી સમક્ષ મૂક્યું. વ્યવહાર અને પરમાર્થ બંનેની સત્તાને જ્યાં સુધી અલગ માનવામાં આવશે, વ્યવહાર માટે કેટલાંક અલગ નિયમ અને એની આચાર સંહિતા અલગ રખાશે. પરમાર્થ માટે અલગ રખાશે ત્યાં સુધી ન તો ભક્તિ સિધ્ધ થશે કે ન તો જ્ઞાન સિદ્ધ થશે. બંને સત્તા અલગ નથી. એક જ છે, એટલે એક જ પ્રકારના જીવનમૂલ્યો રાખીને જીવવાનું છે. આવું જે નક્કી કરશે તે જ ભક્તિ જીવી શકશે. એ જ આત્મજ્ઞાનને જીવી શકશે. બાકી તો ભાવનાઓના વિલાસને ભક્તિ અને વિચારોના સંગ્રહને ભક્તિ માનશે એમને જીવનની સંધ્યા ટાણે હાથ કોરામોરા રાખીને જવાનું થશે. અહીં એક ગંભીર વાત મહારાજ કહી રહ્યા છે.

ભક્તિમાં શીલ બદલાય છે ગંગાસતીએ ગાયું છે 'શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ ! જેના બદલે નહીં વર્તમાન રે ! ' ભક્તિ કરનાર કુલીન શીલવાન બની જાય છે. આપણે પરમાર્થ કે અધ્યાત્મને સમજ્યા નથી એટલે ભટકીએ છીએ.

આવી વ્યક્તિની મૈત્રી ભૂતમાત્ર માટે એકસરખી હોય છે. 'તેમ સકળ પ્રાણીમાત્રે એક પણે જ મૈત્રી રાખે' 'એકપણે' એ શબ્દમાં શ્લેષ છે. કવિની કાવ્યશક્તિની ઓળખ 'એકપણે' શબ્દમાં છે. સામાન્ય જન શબ્દાર્થ લે તો પણ કલ્યાણ છે. પરંતુ એની સાથે એ બીજું કહેવા માગે છે 'આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિશ્વ નથી રે માયા આ વિશ્વ પ્રભુની કાયા' મહારાજની આ પ્રતિજ્ઞા છે. વિશ્વાધાર જ વિશ્વાકાર બન્યા છે. આ તોં અદ્વૈતનો ગ્રંથ છે. ગીતામાં તો વેદનો અર્થ આપ્યો છે.. ઉપનિષદોનું દોહન કરીને ગીતા આવી છે. એટલે અદ્વૈત સિવાયનો શબ્દ નીકળી શકતો નથી. ભૂતમાત્ર સાથે એમની મૈત્રી છે, કારણ કે એ જાણે છે કે અંદર તો બધામાં એકની જ સત્તા છે. અનેકતા એ એકતાનું પ્રસાધન છે- શૃંગાર છે. અનેકતાના શૃંગારમાં એ એકતાને ભૂલી જતા નથી. સજીધજીને પત્ની આવે તો શું પતિ પત્નીને નહીં ઓળખે કે ?જીવનની એકતાએ અનેકતાના અલંકાર ધારણ કર્યા છે. હવે ભક્તને અનેકતાની માયા ઠગી શકતી નથી. એટલે સર્વ ભૂતો માટે મૈત્રી છે. એમનું સમગ્ર જીવન કૃપામય-અનુગ્રહમય બની જાય છે. એ પોતે જ કૃપાના ધાતા બની જાય છે. એમને છોડીને કૃપા બીજે ક્યાંય જઈ શકતી નથી. ત્યાં 'અસ્મદ્- યુષ્મદ્' પ્રત્યય રહેતો નથી. The Person is physically flesh and bone grace of divinity.

જ્ઞાનેશ્વરીમાં પંચાવન સ્થાન એવા છે જ્યાં લાગે છે કે આદ્ય શંકરાચાર્યની વાણીનો અનુવાદ આવ્યો છે, ત્રીસ-પાંત્રીસ સ્થાન છે જ્યાં લાગે છે કે અહી રામાનુજનું અનુગમન થઈ રહ્યું છે.જ્ઞાનેશ્વર મહારાજે તો કહ્યું છે કે હું તો અબોધ બાળક છું. ભાષ્યકારોને રસ્તો પૂછતાં પૂછતાં હું ગીતાનો અર્થ કરવા બેઠો છું. આખી જ્ઞાનેશ્વરીનું અધ્યયન કરવામાં આવે તો ખબર પડે કે ક્યાં માધવાચાર્ય, ક્યાં વલ્લભાચાર્ય, ક્યાં નીમ્બાર્ક, ક્યાં રામાનુજ, ક્યાં શંકરાચાર્ય આવ્યા. આ ઓવીમાં સતત શંકરાચાર્યની યાદ આવે છે. કહે છે કે 'હું' અને 'તું'ની ભાષા અહીં ઊઠી શકતી નથી. પ્રત્યયમાંથી ભાષા અને શબ્દ ઊઠે છે. અહી તો 'હું કંઈક છું' એ પ્રત્યય જ નથી. વિશ્વથી પોતે પૃથક હોવાનો ભાવ જ નથી. 'આ મારું છે' એ શબ્દ એ કહી શકતા નથી. લોકોએ હવે એનો અપભ્રંશ કરી દીધો છે અને હવે એ યાંત્રિક પદ્ધતિ બની ગઈ છે પરંતુ સંતોના જીવન જુઓ તો એ એમ કહે છે કે 'બાબા કહે છે' કૃષ્ણમૂર્તિ પોતાને માટે હંમેશા કહેતા કે K. says, The Friend of Humanity Says in this way એમનાં જીવનના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંતિમ છ વર્ષમાં પોતાના માટે એ આ પ્રયોગ કરતા હતા, રામકૃષ્ણ દેવ કહેતા 'મા કરાવે છે' અનેક સંતો કહેતા કે 'અહીં આમ થાય' 'એને ખવડાવો, પીવડાવો'આ કેવળ એક પદ્ધતિ નથી. દંભ કે પાખંડ પણ નથી. 'હું કાંઈક છું' એ ભાવ નીકળી જાય છે. અહંકારના નિરાકરણ પછી 'There is sense of nobdiness nothingness' ગ્રંથિ ભેદન પછી ચેતનાની એવી અવસ્થા થાય છે કે એની વચ્ચે 'હું' કહેવાનું બિંદુ જ નથી રહેતું. કેન્દ્રમુક્ત ચેતનાની અવસ્થા એ કોઈ કપોલકલ્પિત વાત નથી. અનુભૂત સત્ય છે. અહીં એનું વિશ્લેષણ થઈ રહ્યું છે. 'મારું' છે એવું કહેવાની સંભાવના નથી એટલે સુખ-દુઃખ નથી. સંતજન અને સામાન્યજનોમાં શું ફરક છે એ જોઈ લેવું જોઈએ. ચેતનાની દૃષ્ટિએ એમની તથા આપણી કઈ કક્ષા છે એ પણ જોવું જોઈએ. પામરતા અને મહાનતામાં જે અંતર છે એને સમજી લેવું જોઈએ.

અમારા બે મિત્રો હતા, એમને ઝેન-બુદ્ધિઝમનો અભ્યાસ કરવો હતો. એટલે જાપાન ગયા.જાપાનમાં કોબોમાં એક ઝેન બુદ્ધિસ્ટ કેન્દ્ર છે ત્યાં રહ્યા. જેમની પાસે એમને અધ્યયન કરવાનું હતું તે ઝેનમાસ્ટરને જોઈને એ હેરાન થઈ ગયા. સવારના ઊઠવાનો ઘંટ વાગતો ત્યારે બધાની સાથે એમના માસ્ટર પણ ઊઠતા. આંગણુ વાળતા, વાસણ માંજવામાં મદદ કરતા, રસોઈ કરવામાં મદદ કરતા. એકદમ સામાન્ય વ્યક્તિ, ક્યાંય પણ અસામાન્યતા દેખાતી જ નહોતી, ન કપડામાં, ન બોલવા ચાલવામાં, સાવ સામાન્ય. બેત્રણ દિવસ બંને નવયુવક એમને નીરખતાં જ રહ્યા. પછી થયું કે આની પાસે આપણને શું શીખવા મળવાનું. જેવી રીતે આપણે ખાઈએ છીએ, કામ કરીએ છીએ એવી રીતે એ કરે છે. એમનામાં અને આપણામાં તો કોઈ અંતર દેખાતું નથી. પાંચમા દિવસે એમનાથી રહેવાયું નહી કહેવા લાગ્યા કે અમે તો તમારી પાસે શીખવા આવ્યા હતા. તમારામાં અને અમારામાં અમને તો કોઈ અંતર જણાતુ નથી. એમણે કહ્યું કે ઘણું મોટું અંતર છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

When you eat you do not eat, I eat. when you sleep. you do not sleep, I sleep. એમણે કહ્યું કે તમે જ્યારે ખાવા બેસો છો ત્યારે તમે પીરસેલી થાળીની સામે બેઠા છો.પરંતુ તમારુ મગજ તો ચારેબાજુ ભટકતું રહે છે. મ્હોમાં કોળિયો જાય છે, પરંતુ તમારું દિલ-દિમાગ ભટકે છે. હું જ્યારે ખાઉ છું ત્યારે ખાઉં છે, હું જ્યારે સૂઉ છુ ત્યારે સૂઉં છું. તમે તો સૂવા જાવ ત્યારે સૂતા પણ નથી.

મહારાષ્ટ્રમાં સંત એકનાથ થઈ ગયા. એમણે ભાગવત પર ટીકા લખી છે. 'એકનાથી ભાગવત.' ચાતુર્માસમાં મહારાષ્ટ્રના ખૂણે ખૂણે એ વંચાય છે. એમાં એકનાથ મહારાજ કહે છે કે અંતરમાં જે શાશ્વત સત્ય છે એને ઓળખી લીધા પછી એનો ઢંઢેરો પીટવો પડતો નથી કે હું સત્ય સમજી ગયો છું. એના માટે વેષાંતર, નામાંતર કે ગ્રામાંતર કરવું પડતું નથી. જનો સાથે જનો જેવો વ્યવહાર કરો. લોકોની વચ્ચે પોતાની અસામાન્યતા પ્રગટ ન કરશો. નવવધૂ પોતાના અંગોને સંકોરતી, પોતાની કાયાને ઢાંકતી સંભાળપૂર્વક ચાલે છે. એવી જ રીતે જે આત્મોપલબ્ધ વ્યક્તિ છે એ પાટિયું લગાડતો નથી. 'અહીં સિદ્ધ વ્યક્તિ રહે છે' એવું લખતો નથી. આવો વ્યાપાર એનાથી થઈ શકતો નથી. આ સમજવાની વાત છે. આપણે આવા પાટિયાની પાછળ દોડીએ છીએ.

સુખદુઃખની પ્રતીતિ નથી એ શાંત પુરુષને ઓળખવાનું લક્ષણ છે. કૃપાનું વર્ણન થઈ ગયું. હવે ક્ષમા આવે છે, એમનામાં જે ક્ષમાની શક્તિ છે એને તો પૃથ્વીની જ ઉપમા આપવી પડશે. પૃથ્વી જેવી રીતે ક્ષમાશાલિની છે, એ સજા કરવાનું જાણતી જ નથી. ક્ષમા જ કરે છે. એવી જ રીતે મારો ભક્ત ક્ષમાશીલ છે સંતોષ તો બાળક બનીને એમના ખોળામાં રમે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૧૭-૧૨-૧૯૮૬
બપોર ૪-૩૦

अद्वेष्टा सर्वभूतानां मैत्रःकरुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥

સંતોષને રહેવા માટે એમણે પોતાના ખોળામાં સ્થાન આપ્યું. વર્ષાઋતુમાં નદીનું સ્વરૂપ બદલાઈ જાય છે. વર્ષાઋતુમાં સાગરનું સ્વરૂપ કોઈએ બદલાયેલું જોયું છે ? સાગરમાં પૂર આવેલું જોયું છે ? પૂનમની રાત્રિ હોય, સોળ કળાએ ખીલેલો ચંદ્ર હોય તો ચંદ્રમાની તરફ હિલોળા લેતો સાગર દોડે છે. એવી ઉછળકૂદ જરૂર થાય છે. પરંતુ પૂર નથી આવતું. વર્ષા વગર પણ સાગર નિત્ય આત્મનિર્ભર છે. વર્ષાઋતુથી એનામાં કોઈ ફરક પડતો નથી. વર્ષાઋતુ તો જળનો અભિષેક કરે છે. વર્ષાઋતુના જળના ઉપચારથી સાગરના સ્વરૂપમાં કાંઈ ફરક પડતો નથી. એવી જ રીતે શાંત વ્યક્તિને બાહ્યોપચાર મળે કે ન મળે એમની ચિત્તવૃત્તિમાં કાંઈ ફરક પડતો નથી ત્યાં તો નિત્ય આત્મનિર્ભરતા- નિત્યપ્રસન્નતા- નિત્ય સંતોષ છે. એમના જીવનમાં સંતોષ ભર્યો ભર્યો રહે છે.

રોનાલ્ડ નિકસનની વાત મેં પહેલાં કહી હતી એ મીરતોલામાં રહેતા હતા ઉત્તર વૃંદાવનના નામે એમનો આશ્રમ ઓળખાતો હતો, ઠંડીના દિવસોમાં એ એક શીલા પર બેઠા હતા. કાશ્મીરના મહારાજા એમને માટે અત્યંત કીમતી પશ્મીનાની શાલ લઈને મળવા આવ્યા. ગુરુ માટે ઉત્તમમાં ઉત્તમ વસ્તુ લાવવી જોઈએ. એમણે એ શાલ કૃષ્ણપ્રેમને ઓઢાડી દીધી. ગોપાલદાએ પૂછયુ કે કાશ્મીરમાં બની છે ? ઘણી સુંદર છે. રાજાના તો હર્ષનો પાર નથી મેં કેવી સુંદર શાલ મારા ગુરુને ઓઢાડી ! એટલામાં એક ગરીબ કંગાળ સ્ત્રી નાના બાળકને કેડમાં બેસાડીને ઠંડીથી થરથરતી ગોપાલદા પાસે આવી ગોપાલદાએ એ શાલ ઉતારીને એ સ્ત્રીને ઓઢાડી દીધી, મહારાજના મુખમાંથી 'અરે ! અરે !' શબ્દ નીકળી ગયો. આટલા પ્રેમથી હું શાલ લાવ્યો અને પાંચ મિનિટમાં જ આ સ્ત્રીને આપી દીધી. ગોપાલદા હસીને કહેવા લાગ્યા કે આ વસ્ત્રની આવશ્યકતા મારા કરતાં એને વધારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે વસ્ત્રનું પ્રયોજન આવશ્યકતા અનુસાર છે. એવો અહોભાવ નહોતો કે હજારો રૂપિયાનું વસ્ત્ર છે તો હું જ એ ઓઢું, બીજાને ન આપું. ભક્તિ કેવી રીતે જિવાય છે એ અહીં દેખાય છે. રામકૃષ્ણ પરમહંસ પછી ભક્તિને જીવવાવાળો આવો કોઈ પુરુષ અમારા જોવામાં નથી આવ્યો.

આપણને લાગે છે કે સંતોને ઉપચારોથી સંતુષ્ટ કરીશું અરે ! એમના હૃદય તો સંતોષથી ભરેલાં છે ! તમે એમને સંતોષ શું આપશો ? તમે એમને શું ખુશ કરશો ? શું નારાજ કરશો ? કોઈપણ ઉપચાર વિના આત્મનિર્ભર સંતવ્યક્તિ નિત્ય સંતુષ્ટ છે. કોઈએ મોટર આપી, કોઈએ વિમાન આપ્યુ, કોઈએ સોનાનો મુગટ બનાવીને આપ્યો, એમાં જે સંતુષ્ટ, થાય છે ત્યાં ભક્તિનું રહસ્ય ઉપલબ્ધ નથી થતું. ત્યાં તો કાંઈ ન્યૂન રહી ગયું છે. સંત છે અને સંતુષ્ટ નથી-ભક્ત છે અને નિત્ય સંતુષ્ટ નથી તો ત્યાં સંત દશા-ભક્તિ નથી.

જો કોઈને જાણવું હોય કે નિશ્ચય એટલે શું તો જેણે શાંતિ ઉપલબ્ધ કરી છે એ વ્યક્તિનું જીવન જોવું જોઈએ. અંતઃકરણનો સંયમ એમનું શીલ બન્યો છે. અન્યથા વાણી એમના શબ્દોમાંથી નીકળતી નથી, એવી વ્યક્તિ પાસે સંકલ્પ સિદ્ધિ હોય છે. સાથે સાથે નિશ્ચય અને નિર્ણય સિદ્ધિ પણ હોય છે જ. ભક્તિયોગ સિદ્ધ થયો છે એવી વ્યક્તિના જીવનના લક્ષણ અહીં કહી રહ્યા છે.

ભક્તના જીવનમાં જીવદશા અને પરમાત્મદશા એક જ સિંહાસન પર વિરાજે છે. શરીર કે શરીર ધર્મોની ઉપેક્ષા નથી. શરીરને ખવડાવવાનું - પીવડાવવાનું કપડાં પહેરાવવાનું, પાલન યથોચિત રીતે જ એ વ્યક્તિના જીવનમાં છે. બ્રહ્મભાવ સિધ્ધ થઈ ગયો છે. પરમાત્મસત્તાની સાથે અખંડ અનુસંધાન છે એનો અર્થ એ નથી કે શરીરનો ધર્મ જે જીવભાવ દ્વારા પ્રગટ થતો દેખાય છે, એની ઉપેક્ષા કરવી. આપણે તો માની લીધુ છે કે ભકત તો કોઈપણ રીતે સંસારની ઉપેક્ષા કરે છે. એને ક્યારે ખાવું, કેમ ખાવું એની ખબર પડતી નથી.. એ એક પ્રકારની મસ્તીમાં અથવા તો ઉન્મત્ત દશામાં રહે છે. આ પ્રકારની આપણી ધારણા છે. જ્ઞાનેશ્વર મહારાજ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યોગેશ્વર હોવાને કારણે અને યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણના ઉપાસક હોવાને કારણે ભક્તના લક્ષણમાં પણ સંતુલનને કારણે આવવાવાળી સંવાદિતાનું સૂત્ર લક્ષણ ક્યાંય છૂટતું નથી. અધ્યાત્મમાં નિષેધ નથી. ખંડન નથી. કાંઈ છોડવાનું-પકડવાનું પણ નથી. સત્યને સમજવાનું છે અને સમજેલા સત્યની સાથે અનુસંધાન રાખીને જીવવાનું છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે બ્રહ્મભાવ સિધ્ધ થયા પછી સંસારનું ભાન રહેતું નથી. આ બેભાન-અભાન અવસ્થાનું કૌતુક આપણે ભક્તિને નામે કરીએ છીએ.અહીં તો ચિત્તનું સમત્વ અને ઈંદ્રિયોનું સંતુલન કાયમ રહે છે. એમના હૃદયભુવનનાં સિંહાસન પર જીવ અને શિવ બંને વિરાજે છે. બંનેમાં કોઈ વિરોધ કે સંઘર્ષ નથી. એક પ્રકારનો સંવાદ છે. આ રીતે યોગથી સમૃદ્ધ થયેલા ભક્તમાં જીવભાવ અને શિવભાવ વચ્ચે સંવાદ છે. સમન્વય છે આવું ઐશ્વર્ય એમના જીવનમાં છે. નિરંતર - નિરવિધ યોગાવસ્થાને ઉપલબ્ધ થયા પછી પણ અર્જુન મારી સત્તામાં પોતાના મન-બુધ્ધિ સમર્પિત કરી દે છે. પ્રેમલક્ષણા ભક્તિનું યોગીના જીવનમા શું મહત્ત્વ છે એનો સંકેત આ ઓવીમા મળે છે. કોઈએ ઓવી માટે મને પૂછયું હતું તો ઓવી એટલે સાડા ત્રણ માત્રાનો છંદ જ્ઞાનેશ્વર મરાઠી ભાષામાં લઈ આવ્યા અને એમાં જ સંપૂર્ણ જ્ઞાનેશ્વરી લખાઈ. કડીને ઓવી કહેવાય છે.

મારી સત્તામાં એ પોતાના મન-બુધ્ધિ આવશ્યકતા ના હોવા છતાં પણ સમર્પિત કરી દે છે. દેહ છે ત્યાં સુધી ખાવું-પીવું, પહેરવું-ઓઢવું પડે છે. એટલે વ્યવહાર સમાપ્ત થતો નથી. યોગાવસ્થા સિદ્ધ થયા પછી પણ એમનો જે વ્યવહાર છે એ મન-બુદ્ધિ મને સમર્પિત કર્યા પછીનો છે.

અંદર અને બહાર બંને તરફ યોગ છે. બહાર જે વિષયો દેખાય છે એ વિષયોમાં છૂપાયેલા નારાયણના દર્શન થાય છે. માટીનો ઘડો જુઓ છો તો ઘડામાં એવું કોઈ સ્થાન દેખાય છે, જ્યાં માટી નથી ? માટી જ ઘડાકાર બની છે. ચૈતન્યથી બનેલી આ સૃષ્ટિમાં એવું કોઈ સ્થાન મળી શકશે જ્યાં ચૈતન્ય ઓતપ્રોત ન હોય. ઘડામાં જેવી રીતે માટી ઓતપ્રોત છે. એવી જ રીતે અણુરેણુમાં પ્રભુની સત્તા વ્યાપ્ત છે. એટલે બહાર જ્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિષયોનું સેવન કરવું પડે છે. ત્યારે પણ એમની બુદ્ધિ હરિ ૐ તત્સત્ કહીને વિષયનું ગ્રહણ કરે છે એ પરમાત્માએ બનાવેલી વસ્તુ છે.

'ईशावास्यम् इदम् सर्वम् यत्किञ्च जगत्याम् जगत् ।
त्येन त्यक्तेन भुन्जीयाः मा गृधः कस्यस्विद् धनम् ॥

આ ઈશનો નિવાસ હોવાને કારણે વસુંધરા ભોગ્યા નથી, એ તો માતા છે એવી એમની દૃષ્ટિ થાય છે. એટલે બહાર વિષયોને સ્પર્શ કરે છે તો વિષયોમાં જે રસ છે એ પરમાત્માનો છે એવી પ્રતીતિ થાય છે. એટલે ત્યાં પણ યોગ હોય છે. વિષયસેવનમાં પ્રભુ સાથે યોગ સાધવાવાળા ભક્ત મહાવીર હોય છે. પ્રભુ સત્તાની સાથે બુદ્ધિનું અનુસંધાન છે એટલે ચિત્ત એ જ સત્તાનો રસ પામી રહ્યું છે. ઈન્દ્રિયો વિષયો પાસે જાય છે ત્યાં પણ પ્રભુસત્તાની પ્રતીતિ થાય છે. આ રીતે ભક્તનું તો અંદર-બહાર નિત્ય-નિરંતર પ્રક્ષાલન જ પ્રક્ષાલન છે, વિષયસેવનમાં પ્રક્ષાલન થાય છે એ કહેવાનું સાહસ તો કોઈ જ્ઞાનેશ્વર જ કરી શકે ! રાત દિવસ ઈન્દ્રિયોના સ્તર પર જેટલો બાહ્યાચાર છે ત્યાં વિષયોમાં છૂપાયેલા પરમાત્માનો સ્પર્શ પામવાને કારણે ઈન્દ્રિયોની મલિનતા દૂર થાય છે અને અંદર જે એકાદશ ઈન્દ્રિય મન છે એનો સંબંધ પ્રભુસત્તા સાથે થવાને કારણે એ સત્તાથી ભીંજાયેલું ચિત્ત છે. આમ એક એક ઈન્દ્રિય અને એક એક વૃત્તિનું સુંદર રીતે પ્રક્ષાલન થાય છે. આટલું હોવા છતાં પ્રેમલક્ષણા યોગાવસ્થા એમના વ્યક્તિત્વ તથા વ્યવહારમાંથી પ્રગટ થતી જ રહે છે. હે અર્જુન ! એમને હું ભક્ત કહું છું, એ જ યોગી અને એ જ મુક્ત છે, એટલું જ નહી એ ભક્ત મારી પ્રિયા છે. હું કાન્ત છું અને ભક્ત મારી કાન્તા છે, મધુર ભક્તિ અહી ઉલટી થઈ ગઈ છે. મધુરાભક્તિનો વિલક્ષણ પ્રકાર જ્ઞાનદેવના સંપૂર્ણ જ્ઞાનેશ્વરી ગ્રંથમાં જોવા મળે છે, શિવશક્તિ સમાવેશનના રૂપમાં અમૃતાનુભવના બીજા પ્રકરણમાં એની સુંદર, અત્યંત માર્મિક વિવેચના જોવા મળે છે.

અહીં બંને મિત્રોનો સંવાદ ચાલી રહ્યો છે, ભક્ત અને ભગવાનમાં કોઈ અંતર નથી. અહીં કોઈ શ્રેષ્ઠ કે કનિષ્ટ નથી, સખાભાવ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાની કાન્તા જેટલી કોઈને પ્રિય હોય તેટલો ભક્ત મને પ્રિય છે. એટલું જ નહી મારા પ્રાણ જેટલા મને પ્રિય છે એનાથી અધિક આ યોગી ભક્ત મને પ્રિય છે. આટલુ કહેવા છતા એ મને કેટલો પ્રિય છે એ કહી શકાતું નથી. એ પ્રેમ, એ પ્રિયતાનું શબ્દોમાં વર્ણન કરવું મારે માટે શક્ય નથી. આ પ્રેમાવતાર વાસુદેવ બોલી રહ્યા છે એ ભૂલશો નહીં.

જ્ઞાનેશ્વર મહારાજ મહારાષ્ટ્રના નેવાસા ક્ષેત્રમાં એક શિવાલયમાં જ્ઞાનેશ્વરીની કથા કરી રહ્યા છે. વિદ્વાનજનોની સભા છે. વાસુદેવની સાથે સાથે જ્ઞાનેશ્વર પણ શ્રીકૃષ્ણ-અર્જુનના પ્રેમમાં જાણે કે પોતાનું ભાન ભૂલી ગયા છે. હવે જ્ઞાનેશ્વર વાસુદેવના મુખથી શબ્દ કઢાવી રહ્યા છે. હે અર્જુન, મારો ભક્ત મને પત્ની જેવો, મારા પ્રાણ જેવો પ્રિય છે એ વાત કાંઈ કહેવા જેવી કે બોલવા જેવી છે ? પોતાની પ્રિયતમા-પ્રેમી કેટલા પ્રિય છે એનું કોઈ વર્ણન થઈ શકે કે ? આ બોલવાનો વિષય નથી, પરંતુ શું કરું તારી શ્રદ્ધા-ભક્તિ જોતાં જ મારાથી રહેવાતું નથી, બોલાઈ જાય છે. પોતાના વહાલાની કહાણી કહેતાં ભાન ભૂલી જવાય છે. પ્રેમનો અનુવાદ શબ્દોમાં થઈ શકતો નથી. પરંતુ પ્રાણપ્રિય અને પ્રિયાની ઉપમા મારાથી નીકળી ગઈ. આ વિષય તો શબ્દાતીત છે. હે અર્જુન ! હવે આ વાતો રહેવા દે! આ વાતોમાં હું વહી જઈશ તો જે વિષય તું સમજવા માંગે છે એ રહી જશે. પોતાના પ્રિયની વાત કહેવા બેસું અને પોતાને રોકવા જઉં તો દ્વિગુણિત બનીને એ પ્રેમ શબ્દોમાં ઊમટવા માંડે છે. વળી મારી સામે સંકટ તો એ છે કે જેની સાથે હું સંવાદ કરી રહ્યો છું એ પણ મારો જ પ્રેમી છે, આવી અવસ્થામાં પોતાના પ્રિયની વાત કરતા કોઈ થાકે કે ? કોઈ ઉબાય કે ? તું જ મારો પ્રિય અને તું જ મારો શ્રોતા છું. મારા જે પ્રિયતમ ભક્ત છે એની વાત પ્રસંગવશ આવી ગઈ છે, હું મને રોકવા માંગુ છું પરંતુ વાત રોકાતી જ નથી, વધતી જ જાય છે ! જ્ઞાનદેવ કહે છે કે આવું કહેતાં કહેતાં આનંદપૂર્વક ભગવાન ડોલતા ડોલતા કહેવા લાગ્યાં.

આપણે તો માનીએ છીએ કે ભગવાન ડરવા લાયક વ્યક્તિ છે. આપણે તો એમ સમજીએ છીએ કે એ એવી સત્તા છે જે ક્રુદ્ધ થઈ જશે અને ક્રોધ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરશે. ખબર નથી. ભગવાન વિષે આપણી શું શું ધારણાઓ છે, મધુરાદ્વૈત પંથના પ્રથમ પ્રવર્તક પ્રેમેશ્વર જ્ઞાનેશ્વર કહે છે કે પ્રભુથી ડરવા જેવું કાંઈ નથી. પ્રભુની પાસે પ્રેમ-કૃપા-અનુગ્રહ સિવાય બીજું કાંઈ છે જ નહીં.

પ્રભુ તો પોતાના ભક્તોના પ્રેમમાં ડોલવા લાગ્યા, પરંતુ તુરત પોતાને સંભાળીને અર્જુનને કહેવા લાગ્યા કે મારું અંતઃકરણ જેના માટે હું બિછાવું છું જે મારા પ્રિયતમ છે એવા ભક્તોના લક્ષણ, એની વાત હું તને કહીશ.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च य : ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रिय : ॥ १५ ॥

સાગરમાં પ્રચંડ તોફાન થાય છે કે આંધી ઊઠે છે એવા સમયે જે જળચર સાગરમાં રહે છે તે શું સાગરને છોડીને ભાગી જાય છે ? જળચરોને સાગર કે સાગરના તોફાનનો ભય લાગતો નથી. આટલા જળચર મારા પેટમાં જીવી રહ્યા છે. એનો સાગરને ક્યારેય ઉદ્વેગ થયો છે કે ? એવી જ રીતે જગત ભલે ને કેટલુંયે ઉન્મત્ત થઈ ગમે તેટલું અપમાન કરે, ઉપેક્ષા અવહેલના કરે તો પણ એનો ખેદ કે કોઈ પણ પ્રતિક્રિયા ભક્તના ચિત્તમાં ઊઠતી નથી. એમના અંગથી જે વ્યવહાર થાય છે એનાથી સમાજને કોઈ પ્રકારનો ઉદ્વેગ થતો નથી. આવા ભક્ત માટે હું મારું હૃદય બિછાવું છું, એમના માટે હું આસન બનાવું છું. સાગર અને જળચરોનું, ભક્તો અને ઉન્મત્ત જગતનું કેવું સરસ દૃષ્ટાંત જ્ઞાનેશ્વરે આપ્યું છે ! ભક્તોને જગત ઓળખી શકતું નથી. લોકોની મુલ્યાંકનની, જોવાની રીત જ અલગ છે. એ વ્યક્તના ઉપાસક છે એમાં જ આસક્ત છે.અવ્યક્તની ઉપસ્થિતિનું એમને ભાન નથી. એટલે એમની મારફતે ઉપેક્ષા જ થાય છે.આવી ઉપેક્ષા ન થાત તો નરસિંહ ભગત ક્યાંથી મળત ? ભાભીએ ઉપેક્ષા ન કરી હોત તો એ નવયુવક નીકળત નહીં. ગોપનાથના ક્ષેત્રમાં જાત નહીં. ભક્તિને પ્રવૃત્ત કરવા માટે જગતની ઉપેક્ષા ભક્ત માટે વરદાન બની જાય છે. ભક્તને પ્રતિકૂળ વાતાવરણમાં રાખીને પ્રભુ સાવધાન રાખે છે. એટલો પ્રતિકૂળ વાતાવરણનો-પ્રભુનો ઉપકાર છે. અનુકૂળ વાતાવરણમાં સાવધાનના રહેતી નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે પાર્થ, શરીરમાં આટલા અવયવો છે તો શરીરે ક્યારેય એવું કહ્યું છે કે આ અવયવો મને બોજ રૂપ છે ? ખબર છે કે શરીર એટલે અવયવોનો સમૂહ છે. ઈન્દ્રિયગ્રામ છે, એટલે શરીરને અવયવો પ્રત્યે અભાવ આવતો નથી કે એને બોજ માનતું નથી. એવી રીતે વ્યક્તિ ચેતનાએ સર્વાધાર સર્વાકાર એવી સત્તાનો સ્પર્શ કર્યો છે. જે સર્વત્ર-સર્વદા સર્વરૂપમાં વિરાજમાન છે એ પ્રભુના જ આ અવયવો, ઉન્મેષ છે એ ધ્યાનમાં આવવાને કારણે પોતાના પર પ્રહાર થાય તો પણ ભક્તના ચિત્તમાં એની કોઈ પ્રતિકૂળ પ્રતિક્રિયા ઉઠતી નથી. સમજવા માટે આ ઘણો દુષ્કર વિષય છે. જેને વૈશ્વિક ચેતનાનો સ્પર્શ થઈ જાય છે એની આંખમાં-દૃષ્ટિમાં મૂળભૂત પરિવર્તન આવી જાય છે. 'હું' અને 'મારું' એ ભાવ છૂટી જવાને કારણે કરુણા અને પ્રેમ સિવાય એની દૃષ્ટિમાં બીજું કાંઈ રહેતું જ નથી. જીવોની અનેકતા અને અનેકતાની જે વિચિત્રતા છે એનાથી એ કંટાળતો નથી. પોતાનો દેહ જેટલો પ્રિય છે એટલું જ સંપૂર્ણ વિશ્વ એને પ્રિય થઈ ગયું છે. વિશ્વ તો પ્રભુનું -પ્યારાનું નિવાસસ્થાન છે. વિશ્વ તો પ્રભુની કાયા છે. એટલે ચિત્તમાં પોતાના દેહ જેટલી જ પ્રિયતા જગત માટે છે.

બાળક ક્યારેક ઉંધી-ચત્તી વાત કરે છે, ગુસ્સો કરે છે, અપમાન કરે છે તો માબાપ એને ઘરમાંથી કાઢી મૂકતા નથી. બાળક તો એટલું પ્રિય છે કે આડોશી પાડોશી એનો દોષ દેખાડે તો મા કહે છે કે ના , એ એવો નથી. સમર્થન કરે છે, બચાવ કરે છે. દોડીને જાય છે અને ઘરમાં લઈ આવે છે, એ જ કારણે કે એ પોતાનું બાળક છે. સંતાન પ્રિય હોવાને કારણે આવો વ્યવહાર થાય છે તો જેને માટે વિશ્વ જ મારી કાયા છે એનાથી નાનું મારું કોઈ નિવાસસ્થાન નથી એવી જેની પ્રતીતિ થઈ ગઈ છે એ કોઈથી કેવી રીતે ઉબાય ? કોઈથી કેવી રીતે ઉદ્વેગ પામે ? એ બુદ્ધ બનતો નથી દુઃખને એ દુઃખ જ સમજે છે. અપમાનને એ માન નથી સમજતો. ભક્ત એટલે ભોટ નહીં . સરળ અને ભોળો જરૂર હશે ઘટનાઓ અને તથ્યને સમજવાની કુશાગ્ર બુદ્ધિ ત્યાં છે પરંતુ બુદ્ધિમાં જે નોંધ થાય છે. વાત સમજાય છે એની આગળ એક લક્ષ્મણ રેખા છે ત્યાં ઘાયલ થવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માટે અહંકાર બેઠો નથી, એટલે ત્યાં પ્રતિક્રિયા ઊઠતી નથી. પ્રતિસાદ પરિસ્થિતિ અનુસાર અપાય છે,

આ વાત મને જ્ઞાનેશ્વરીથી સમજાઈ. બાળપણમાં જ્ઞાનેશ્વરી વાંચતા વાંચતા જીવન જીવવાનું રહસ્ય લાધ્યું.

વિષયો-પદાર્થો-પ્રાણીઓમાંથી પણ પ્રિયતા-અપ્રિયતા ઊઠી જાય છે. પ્રાણીઓના વિષયમાં દ્વૈત રહે છે દ્વંદ નથી રહેતું. દ્વંદ તથ્ય નથી, દ્વૈત તથ્ય છે. દ્વૈતમાં તણાવ પેદા થાય છે, ત્યારે દ્વંદ ઊભું થાય છે. ભક્તના ચિત્તમાંથી પ્રિયતા -અપ્રિયતા નીકળી ગઈ છે તેથી દ્વૈતભાવ પેદા નથી થતો. સંપૂર્ણ વિશ્વ માટેની ભક્તની ધારણા બદલાઈ ગઈ છે એટલે દ્વિતીયનો ભાવ ઊઠતો નથી. એ ન ઊઠવાને કારણે હર્ષ-શોકની સંભાવના એમના જીવનમાં રહેતી નથી આવો એ દ્વંદ નિર્મુક્ત છે. દ્વૈતના તથ્યમાંથી દ્વંદને નિર્માણ કરવું કે ન કરવું એની સ્વાધીનતા મનુષ્ય જીવનમાં છે. એ ઈચ્છે તો દ્વૈતને વરદાન બનાવીને ભક્તિના રંગમાં પોતાને રંગી દે, નહિ તો દ્વૈતમાંથી દ્વંદ પેદા કરીને તણાવ તથા ભય પેદા કરે. દ્વંદનિર્મુક્ત હોવાને કારણે એમના જીવનમાં ભય કે ઉદ્વેગ રહ્યો નથી. આટલું હોવા છતાં મારા વિષયમાં પ્રેમ વ્યક્ત કરવાનું એ છોડતો નથી. જ્યાં જ્યાં હું પદાર્થોના રૂપમાં સગુણ-સાકાર બન્યો છું, નામ-રૂપ ધારણ કરીને સજીધજીને બેઠો છું એના પ્રત્યે એ પ્રેમ વ્યક્ત કરે છે. એ એમ નથી કહેતો કે 'બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા' 'જીવો બ્રહ્મૈવ ના પર', જગતને મિથ્યા કહીને એ વિશ્વંભરનું જરા પણ અપમાન થવા દેતો નથી. આ જ સત્ય છે એવું એ કહેતો નથી. આ પણ સત્ય છે અને પેલું પણ સત્ય છે એમ કહે છે. એક સાપેક્ષ અને બીજું નિરપેક્ષ સત્ય પરંતુ બંને સત્ય છે, મારા માટે એ વંદનીય પૂજનીય છે.

નિર્ગુણ-નિરાકાર સાથે અનુસંધાન પ્રગટ થઈ શકે છે, અનુરાગ કેવી રીતે પ્રગટે થાય ? પદાર્થ -પ્રાણી-વિવિધતા-વિચિત્રતા ન હોય તો પ્રેમ અનેક રૂપોમાં પ્રગટ કેવી રીતે થાય ? ક્યાંક પતિભાવથી, ક્યાંક પત્નીભાવથી, તો ક્યાંક વળી ભ્રાતૃભાવથી, ભગિનીભાવથી પ્રગટ થાય છે. વસ્તુઓ-વનસ્પતિ પ્રત્યે સન્માન ! પ્રાણીઓ પ્રતિ આદર, જે જે કાંઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એની આંખ સમક્ષ આવે છે એ બધા જ એના માટે આરાધ્ય વિષય બની જાય છે. મંદિરમાં બેસીને સાડા ત્રણ ઈંચની પ્રતિમા છે એ તો સર્વવ્યાપિણી સત્તાની પ્રતિનિધિ છે એમ કહીને એનું એ સન્માન કરે છે એટલું જ નહીં, પરંતુ જે સર્વાધાર છે એના પ્રત્યે અનુરાગ પ્રગટ કરે છે. એ ચાલે છે તો એના ચાલવામાં ધરતીનું સન્માન છે, પ્રાણીઓની સાથે એટલા જ વિનયથી વ્યવહાર કરે છે. કોઈ પ્રત્યે ઉદ્દંડતા કે ઉપેક્ષાભાવ નથી. ભક્તોના જીવનમાં તમે આ જોયું જ હશે. તમે એમના વિષે સાંભળ્યું હશે- વાંચ્યુ હશે. પ્રેમળદાસ પ્રીતમ દાસ દયારામ, ગીરધર કેશવ નરસિંહ મહેતા, જીવણ દાસી, ભાણ, મોરાર, ગુજરાતની ભૂમિ એમાં પણ સૌરાષ્ટ્રની ભૂમિ તો ભક્તોની-વીરોની ભૂમિ છે. ભક્તોના જીવનમાં ઋજુતા અને કોમળતા જોવામાં આવે છે. એ કુસુમથી પણ મૃદુ છે, અને સત્યને કારણે તીક્ષ્ણતા પણ છે. દ્વંદ નિર્મુક્ત ચિત્ત હોવા છતાં સગુણ પ્રત્યે વિનયભર્યો-પ્રેમભર્યો વ્યવહાર છૂટતો નથી. મંદિરોમાં આપણે નિર્માણ કરીને બેસાડ્યા છે, એ સગુણોની જ વાત નથી. જ્ઞાનેશ્વર પંઢરપુરના પ્રેમી હતા, ઉપાસક પણ હતા, પરંતુ સગુણનો એટલો મર્યાદિત અર્થ લેશો નહીં. સગુણ એટલે જે પદાર્થ બન્યા છે, વ્યક્ત થયા છે, નામ-રૂપ-દેશ-કાળના ચીપિયાની પકડમાં આવી ગયા છે એ સગુણ છે. 'સગુણ' શબ્દની વ્યાપ્તિ જરા જોઈ લેજો, સત્તા સાથે સંબંધ બાંધવો હોય તો રસિક વ્યક્તિ તો આ જ રીતે બાંધે ને? કેવળ જાણવાથી તો કૃતાર્થતા થતી નથી! એની સાથે જ્યારે ભાવસંબંધ બંધાય ત્યારે વિશેષ કૃતાર્થતા જણાય છે. એમના જીવનમાં સગુણ-સાકાર પ્રત્યે વિશેષ અનુરાગ વ્યક્ત થાય છે. સન્યાસીઓ-સાધુઓ-વૈરાગીઓના જીવનમાં જે વ્યક્ત નથી થતું એ અંતર અહીં દેખાડ્યું છે. આ ઘણી સૂક્ષ્મ વાત છે એટલે વારે વારે તમારી સમક્ષ રાખવાનું થાય છે.

અર્જુનની સમક્ષ કેફિયત દેતાં પ્રભુ કહે છે કે આવા ભક્તો પ્રત્યે હું મોહિત છું આવા ભક્તોને કારણે મને જીવન જીવવા જેવું લાગે છે. એ જ કારણે હું જીવિત છું. અહીં જ્ઞાનદેવે હદ કરી નાંખી છે. મારું જીવવાનું એમને કારણે કેમ કૃતાર્થ છે એનું કારણ આ ઓવીમાં છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હે પાર્થ ! આ ભક્ત જેને હું મારા ચિત્તનું આસન બનાવીને આપું છું, જેનું હું ધ્યાન કરું છું એ નિજરૂપ-નિજપદ પામ્યા છે અને એમાં એ સંતુષ્ટ છે. સ્થિતપ્રજ્ઞના લક્ષણોમાં બીજો શ્લોક છે કે પોતાના હોવાપણામાં જ એને પરિતૃપ્તિની અનુભૂતિ છે. ન તો એ સંસારની પાસે કંઈ માગે છે કે ન તો એ પ્રભુની પાસે કાંઈ માગે છે. આવો મારો ભક્ત મને પ્રિય છે. જે સો વર્ષનું જીવન મારામાં પણ કૃતાર્થ નથી થતું એ આ નિજાનંદમાં સંતૃપ્ત યોગીરાજ ભક્તરાજને જોઈને સંતુષ્ટ થઈ જાય છે. બાકી લોકોના દેહમાંથી આ 'આયુ'નામનું તત્વ પસાર થઈ જાય છે પણ એમાં એને કૃતાર્થતા નથી લાગતી, એને જ્યારે આવા ભક્તરાજના જીવનમાંથી પસાર થવાનો અવસર મળે છે ત્યારે આ આયુતત્વ પોતાને ધન્ય સમજે છે, કૃતાર્થતા અનુભવે છે.

હે પાર્થ, મુક્તિ જેનું વરણ કરે એવા તો લાખ્ખો નીકળે છે, જ્ઞાનદેવ વાસુદેવના મુખથી કહેવડાવે છે કે ધર્મ-અર્થ-કામ-મોક્ષને સિદ્ધ કરનારા તો લાખ્ખો લોકો નીકળશે, પરંતુ દરેક મુક્ત વ્યક્તિ પૂર્ણ વ્યક્તિ નથી હોતી. આ તો પૂર્ણયોગની વ્યાખ્યા છે. ભક્તિને એમણે પંચમ પુરુષાર્થ કહ્યો છે. પૂર્ણતા ઘણી દુઃખી થઈને હું કોનું વરણ કરું પાત્ર શોધતી ફરે છે મુક્તિના વરણ પાત્ર તો અનેક મળી જાય છે. જે નિજાનંદમાં રત છે એવા પાસે જઈને પૂર્ણતા વરમાળા પહેરાવે છે. કહે છે કે આ જ મારો વર છે. મનથી મુક્ત થયા એમાં જીવનની પૂર્ણતા નથી, સંસ્કારમુક્તિમાં પૂર્ણતા નથી, એના પછી પણ કાંઈક શેષ રહી જાય છે, અહીં એમણે પોતાના પૂર્ણયોગનો સંકેત નિર્દેશ્યો છે. મારી જે પૂર્ણતા છે એ ખૂણામાં ક્યાંક સંકોચાઈને પડી રહે છે. કોઈ એની પાસે પહોંચતું જ નથી. કોઈ દાનધર્મમાં સંતુષ્ટ છે, કોઈ અર્થમાં કોઈ કામમાં સંતુષ્ટ છે એમાંથી થોડાક નીકળ્યા તે મુક્તિ સુધી પહોંચે છે, ચાર પુરુષાર્થની સિદ્ધિ પોતાની અંજલિમાં લઈને જે ભક્તિપંથ પર નીકળી પડ્યા છે એ પૂર્ણતાના વલ્લભ બને છે. મારી પરિપૂર્ણતા - અવ્યંગતા કોનું વરણ કરે, તો એ આવા ભક્તોનું વરણ કરે છે.

એમનું ચિત્ત અપેક્ષાથી દૂષિત થતું નથી. એમનું અસ્તિત્વ સુખની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અભિવ્યક્તિ બની જાય છે. હવે 'સુખ'શબ્દને નાથપંથ અનુસાર જોઈએ. જ્ઞાનેશ્વર નાથપંથના હતા. એમના પૂર્વજોએ નાથપંથની સાધના કરી હતી, ગોરક્ષનાથ પાસે દીક્ષા લઈને એમના પૂર્વજોએ સાધના કરી હતી. એમના ગુરૂ નિવૃત્તિનાથે ગહિનીનાથ પાસે દીક્ષા લીધી હતી. નાથ પરંપરામાં એમનું નામ પણ જ્ઞાનનાથ છે. 'સુખ' શબ્દની એ વ્યાખ્યા કરે છે, 'ખ' એટલે આકાશ. પોતાના હૃદયાકાશમાં ભક્ત સુંદર રીતે પ્રતિષ્ઠિત થાય છે. એ ખેચર બને છે આકાશમાં જ એમનો નિવાસ અને વિહાર છે. એ પાર્થિવતાની ધરતી પર ઊતરતા નથી. (મેં આટલું કર્યુ એનું ફળ મને મળવું જોઈએ. બધા જ સંબંધોમાં આપણો વ્યવહાર અપેક્ષા વગર હોતો નથી.) મારા ભક્તમાં તો કર્તૃત્વભાવ ન હોવાને કારણે, ઈન્દ્રિયોના સ્વભાવ અને એના સંસ્કારોને કારણે જ આ ક્રિયા કર્મ ચાલી રહ્યા છે એવો ભાવ હોવાને કારણે અપેક્ષા આવતી જ નથી. જ્યાં અપેક્ષા છે, ત્યાં નિરાશા-આશા બંને આવે છે. અહીં તો નિરાશા પણ નથી, આશા પણ નથી, ભય પણ નથી. ઉદ્વેગ પણ નથી, એમનું સદેહ હોવાપણું સુખને માટે રહેવાનું સ્થાન બની ગયું છે. આકાશ સ્થિત થવાની દશા એ કોઈના પણ જીવનમાં સહેલાઈથી સિદ્ધ થતી નથી. પોતાના હૃદય આકાશમાં અત્યંત કષ્ટથી જ કોઈ પ્રવેશ કરે છે. આ એક જ વ્યક્તિ છે જે દેહમાં રહેવા છતા વિદેહી છે. એટલે કે દેહમાં ચીપકેલો નથી, દેહથી અલગ અંદર જે આકાશ છે, એમાં એનો નિવાસ છે. ત્યાંથી જ એનો વિહાર છે. ખેચરી મુદ્રા, આકાશમાં નિવાસ અને વિહારમાં આપણે ઊંડા નહી ઉતરીએ, કહેવાનું એટલું જ છે કે મહારાજ શબ્દોનો પ્રયોગ કરે છે એ પ્રયોગમાં ક્યારેક યોગિક પરંપરા જોડાયેલી રહે છે તો ક્યારેક કાશ્મીરી શૈવદર્શન જોડાયેલું રહે છે. એક એક ઓવીમાં એક એક શાસ્ત્રનો ઈશારો કરતા જાય છે.

અહીં તો એટલું જ કહ્યું છે કે અપેક્ષાને સ્થાન નથી એટલે એમની વૃત્તિ નિરાકાર આકાશમાં સ્થિત છે. પૃથ્વીતત્ત્વની સાથે વૃત્તિ ચીપકેલી નથી. એ પ્રવૃત્ત પણ નથી કે નિવૃત્ત પણ નથી. સ્વધામમાં સ્વસ્થ છે, આવી વ્યક્તિનું વર્ણન મહારાજ કરી રહ્યા છે. આપણને આ સાંભળતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાંભળતા તો લાગે છે કે આ ભક્તિનું વર્ણન છે કે કોઈ કલ્પનાની સૃષ્ટિ છે ! પરંતુ આ રીતે જ્ઞાનેશ્વર સ્વયમ્ જીવી ગયા છે. જેમણે જ્ઞાનેશ્વરનું જીવનચરિત્ર વાંચ્યુ હશે એમને આ વાતની ખબર હશે જ. બાવીસમે વર્ષે એમણે સદેહે જીવિત સમાધિ લીધી એવો ઈતિહાસ છે. આ પૌરાણિક કથા નથી, આવી એક અધિકારી વ્યક્તિનો પ્રમાણિત ગ્રંથ લઈને આપણે બેઠા છીએ.

ભક્ત, ભક્તિયોગ અને જ્ઞાન ત્રણેથી સમૃધ્ધ અંતર્બાહ્ય યોગનો જે પૂર્ણયોગ કહેવાય છે. એનો થોડો સંકેત અવતરિત કરવાનો પુરુષાર્થ જો આ યુગમાં કોઈએ કર્યો હોય તો તે મહર્ષિ અરવિંદે કર્યો છે. આવો ગ્રંથ વાંચવાનો સુઅવસર તમે આપો છો એ માટે આનંદ છે. .

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૧૮-૧૨-૧૯૮૬

સવાર ૮-૩૦

જે જ્ઞાનેશ્વરી ગ્રંથ આપણે અહીં વાંચી રહ્યા છીએ એ ભક્તિયોગનું વિજ્ઞાન છે. પાતંજલ યોગશાસ્ત્રમાં એકાદસ ઈન્દ્રિય મન અને એની હિલચાલ વિષે બહુ જ સૂક્ષ્મતાથી કેવળ ચિંતન જ નથી થયું પરંતુ પ્રયોગ પણ થયા છે. અહીં જે વાતો જ્ઞાનેશ્વર મહારાજ ભક્તના લક્ષણોના રૂપમાં પ્રસ્તુત કરી રહ્યા છે એની પાછળ યોગશાસ્ત્રપ્રણીત મનનો વિચાર, ચિત્તમાં ઊઠવાવાળી વૃત્તિઓના તરંગોનો વિચાર ઘણા જ ઊંડાણમાં જઈને કરવામાં આવ્યો છે.

આજે સમાજમાં સામાન્યતઃ એવું માનવામાં આવે છે કે ભક્તિ એટલે કેવળ ભાવનાવશ થઈને કરેલો વ્યવહાર. હઠયોગ માટે તો વૈજ્ઞાનિક અભિગમ અને અભિક્રમ અનિવાર્ય છે. જ્ઞાન વસ્તુનિષ્ઠ સાથે બુદ્ધિનિષ્ઠ હોવું જોઈએ એ પણ માનવામાં આવે છે. પરંતુ ભક્તિયોગને યોગની દૃષ્ટિથી-વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોવાનું ઓછું બને છે. જ્ઞાનેશ્વર અહીં એક એક છટા ખોલીને બતાવે છે. એ કેવળ કવિની પ્રકૃતિનું પરિણામ નથી. કેવળ સાહિત્યની દૃષ્ટિથી આ છટાઓનું ખીલવું-ખીલવવું નથી. આ તો ચિત્તની અનેક વૃત્તિઓમાં કેવી રીતે પરિવર્તન આવે છે અને એ પરિવર્તનનું પરિણામ ઈન્દ્રિયગત વ્યવહારમાં કેવી રીતે થાય છે એનું વર્ણન બહુ જ વિસ્તારથી મહારાજે કર્યું છે.

નવમા અધ્યાયમાં રાજયોગનું વર્ણન છે. જ્ઞાનની પરમાવધિ-પરાકાષ્ઠાનું વર્ણન પંદરમાં અધ્યાય-પુરુષોતમ યોગમાં કરે છે. અહીં બારમા અધ્યાયમાં જ્ઞાનેશ્વર મહારાજની ભક્તિની અવસ્થા સોળે કળાએ ખીલી છે.

કાશી ઉદાર છે. મોક્ષદાન આપે છે. પરંતુ મર્યા પછી આપે છે ત્યાં જઈને મરો, ત્યાં જઈને જીવનારાને મળશે એવું નથી. ત્યાં જઈને શરીર છોડવું પડે છે પરંતુ મારા જે ભક્ત છે. એના સત્સંગ-સાંનિધ્યમાં રહો. એની વાણીનું સેવન કરો. (શરીર સાથે શરીર જોડીને બેસવું તે સાંનિધ્યનો અહીં ઉલ્લેખ નથી)મારા ભક્તનું એમના સત્સંગનું સેવન કરશો તો શરીર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છોડ્યા વગર એ મુક્તિ આપશે. એટલા માટે કાશી નગરીથી પણ મારા પૂર્ણતાના વલ્લભ દ્વંદમુક્ત ભય-ઉદ્વેગરહિત ભક્તનો મહિમા અદકેરો છે. પ્રભુ પોતાના ભક્તોનો મહિમા કહેવા બેઠા છે. એ કાલે સાંભળીશું.

કેટલાક મહિના પહેલા અમે દક્ષિણ અમેરિકામાં હતા. દક્ષિણ અમેરિકામાં ચિલીના ઘણા જ મોટા 'ડીન ઓફ ફેકલ્ટી ઓફ બાયોલોજી' મળવા આવ્યા હતા. Science and Spritualityના પરિસંવાદમાં અધ્યાત્મના વિષયનો પ્રવેશ કરાવવા ઉમ્બ્રેટો સાહેબ આવ્યા હતા. એમણે Biology of Cognition નામનો ગ્રંથ લખ્યો છે. એ ગ્રંથની જ્યારે વાતો થવા લાગી ત્યારે મને જ્ઞાનેશ્વર મહારાજ ખૂબ યાદ આવ્યા. કોઈપણ વસ્તુ કે પદાર્થને યથાતથ્ય જાણવાનું જે કર્મ છે એની પાછળ સંસ્કારોની શું ભૂમિકા છે એનો વિચાર ઘણી જ સુંદર રીતે એમણે પોતાના ગ્રંથમાં મૂક્યો છે. એના માટે યુરોપિયન સાયન્સ એસોસીએશને એમને ઘણો મોટો એવોર્ડ આપ્યો હતો.હું એટલા માટે આ બધું પ્રસ્તાવનામાં કહી રહી છું કે મહારાજની ઉપમા, ઉત્પ્રેક્ષા, દૃષ્ટાંત આદિ અલંકારોમાં અને એમના કાવ્યમાં આપણે ખોવાઈ ન જઈએ. જે તથ્યો તેઓ બતાવવા માંગે છે એ તથ્ય તરફ આપણા બધાનું ધ્યાન રહે. ત્યારે આપણે જ્ઞાનેશ્વરીના પઠનથી આપણા જીવન માટે કાંઈક શીખી શકીશું.

કાશીક્ષેત્ર મોક્ષ આપવાના વિષયમાં બહુ જ ઉદાર છે. પરંતુ કાશી નગરી શરીરની કિંમત પર જ શરીર આપી દેવાય ત્યારે જ મુક્તિ આપે છે. પૃથ્વીના માનદંડના સ્વરૂપે ઉત્તર દિશામાં દેવાત્મા હિમાલય પ્રહરીની માફક ઊભો છે- જોવાની દૃષ્ટિ છે. કોઈને હિમાલયમાં કેવળ બરફ લાગે, કોઈને એમાં પ્રભુનું તેજ દેખાય છે. આપણા પૂર્વજો ઘણા રસિક હતાં. વિજ્ઞાન, ગણિત, વ્યાકરણ, નિરુક્ત, છંદાદિ બધું જ જાણવા છતાં જ્ઞાનને કારણે રસિકતાને આંચ નહોતી આવી. આજે એક બધિર સમાજ પેદા થયો છે. એમાં આ રસિકતા નથી. કેવળ જેમના સ્નાન કરવાથી ગંગામાં પાપ નિરાકરણની શક્તિ આવે છે એ સંતોની પાસે, સદેહ જ્ઞાનીની પાસે, સાચા આત્માનુભવીની પાસે, સાચા યોગીની પાસે કોઈ જાય તો શુચિત્વની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરાકાષ્ઠાનું વર્ણન કેવી રીતે કરાય. હિમાલય હિમવંત છે. ત્યાં જવાથી બધાં જ દોષોનો પરિહાર થાય છે એવું કહેવાય છે. પરંતુ ચઢતાં ચઢતાં જીવતર ખોવાની સંભાવના છે. કાશી તો શરીર લઈ જ લે છે, હિમાલય એકદમ શરીર લેતો નથી, પરંતુ શરીર જવાની ત્યાં સંભાવના છે. મારા જે ભક્તજન છે એમની શુચિતા એવી નથી કે ત્યાં જવાથી કોઈપણ પ્રકારનો ભય હોય, જે ભય હિમાલય તથા કાશીમાં છે. ભક્તનો, સંતનો સંગ, સંત સેવન કરવામાં કોઈપણ પ્રકારનું નુકશાન થવાનો ભય નથી. ગંગાનું જળ ઘણું મંગળ, પવિત્ર, શુદ્ધિદાયક છે. ત્યાં ત્રિવિધ તાપ અને ત્રિવિધ પાપોનું નિવારણ થાય છે. શરીર-મન-વાણીથી કરેલા જે પાપ છે તેનું નિરાકરણ થાય છે પરંતુ ત્યાં ડૂબવાનો ભય છે. હિમાલયમાં ચઢતા ચઢતા જીવના જોખમની સંભાવના છે અને અહીં સ્નાન કરવા જાઓ તો ડૂબવાનો ભય છે. જે રીતે સાગરના ઊંડાણનો કોઈ પાર પામી શક્યુ નથી એ રીતે મારા ભક્તના ગહન -ગંભીર ઊંડાણનો તાગ કોઈ પામી શક્યું નથી. એમના દેહમાં ભક્તિ સાગરનો કલ્લોલ ઉઠે છે. દશેન્દ્રિયોમાંથી ભક્તિ છલકતી જ રહે છે પરંતુ ત્યાં ડૂબવાનો ભય નથી, જીવનનું જોખમ નથી. આજે તો મહારાજની બહાર છે. પોતાના અદ્વૈતામૃતના મધુરાદ્વૈતનું નિવેદન કરવાનો આ અવસર જ એમની પાસે છે. ભક્તની પાસે ડૂબવાનો ડર નથી. કોઈપણ પ્રકારનું જોખમ નથી અને અહીં કંઈ ઉધાર નથી. અહીં તો માંગો નહીં તો પણ નગદ મુક્તિ તમને મળે છે. માંગવાથી મળે એ ઉદારતા કેવી ? મારા ભક્તની પાસે તો નગદ જ નગદ છે.મૃત્યુ વગર અને માંગ્યા વગર ત્યાં મોક્ષ મળી જાય છે.

ગંગાજળમાં બધાં જ પાપોનું નિરાકરણ થાય છે. હજારો વર્ષોથી સંતો-યોગીઓ-ભક્તોએ ગંગામાં સ્નાન કરીને પોતાનું શુચિત્વ ગંગાને પ્રદાન કર્યું છે. સંતોની કાયાના નિકટતમ સ્પર્શને કારણે ગંગામાં સ્નાન કરતા પાપોનું નિરાકરણ થાય છે. એવા સંતોના શુચિત્વનું શું વર્ણન કરું ? સંતો તો શુચિત્વની પરાકાષ્ઠા છે. આવા ભક્તની -સંતની પવિત્રતાથી તીર્થ, તીર્થ બન્યા છે. એ જ ભૂમિ એ જ જળ અને એ જ હવા છે જે અહીં છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અડસઠ તીર્થોમાં આ તીર્થત્વ ક્યાંથી આવ્યું ? તીર્થોને તીર્થત્વ આપવાવાળા જે સંત છે. એમનામાં આટલી પવિત્રતા ક્યાંથી આવી કે જે શુચિત્વ પણ સંક્રાન્ત કરી શકે ? ભક્તના મનમાં કોઈપણ પ્રકારનો મળ રહ્યો નથી. અજ્ઞાન એ મળ છે. અજ્ઞાનનો કંદ છે અહંકાર. આ કંદને એમણે નિર્મૂળ થવા દીધો છે. અહંકારને જીવનના એક ક્ષેત્રથી હટાવીને બીજા ક્ષેત્રમાં છૂપાવીને રાખવાની જરાપણ માયા-મમતા એમણે રાખી નથી. કાયા-વાચા-મનસા જીવનના જેટલા ક્ષેત્રો છે એ બધા જ ક્ષેત્રોમાંથી, દશેદિશાઓમાંથી એમણે અહંકારને હદપાર કરી દીધો છે. આ કહેવામાં જ્ઞાનેશ્વર મહારાજનો ગૂઢ સંકેત છે. આસપાસની જેટલી ક્ષિતિજો છે તેમાં પણ અજ્ઞાનને કારણે જેટલા મળ છે, મમત્વભાવ છે એ બંધન છે. એમણે તો અજ્ઞાનનો જે મૂળ મળ છે તેનું સંપૂર્ણ નિરાકરણ કર્યું છે. કોઈપણ દિશામાંથી ક્યાંય અજ્ઞાનનું આક્રમણ ક્યાંય અજ્ઞાનની અભિવ્યક્તિ તો નથી થતી ને ! એના માટે એ જાગૃત રહે છે. જ્યાં અહંભાવની અભિવ્યક્તિ દેખાય ત્યાં એ જ સમયે એની નિષ્કૃતિ એમણે કરી દીધી છે. આ પ્રકારથી એ સ્વયં શુચિ બની ગયાં છે. એમનો પાર્થિવ દેહ દિવ્ય બની ગયો છે. ઈન્દ્રિયોની કરામતની હિલચાલ એમણે જાણી લીધી છે. એ જાણ્યા પછી તો એ ક્યાંય ભૂલા પડતા નથી, ભટકતા નથી કે ક્યાંક અટકતા પણ નથી. 'ગોવિંદ ગોવિંદ મના લાગલા રે છંદ' મને ગોવિંદનો છંદ લાગ્યો છે. ઈન્દ્રિયોના જે સ્વામી છે એનો છંદ લાગ્યો છે. એનાથી અમારી કાયા ગોવિંદમય બની ગઈ છે. પરમ દિવ્ય બની ગઈ છે. આ કોઈ જ્ઞાનેશ્વર એકનાથ નથી બોલી રહ્યા. આ તો તુકારામ બોલી રહ્યાં છે. કોઈપણ પ્રકારનો અજ્ઞાનજન્ય દોષ સંતોએ-ભક્તોએ રાખ્યો નથી, જ્યાં નજર પડી ત્યાંથી હટાવ્યો છે. કોઈ ગૃહિણી કે ગૃહસ્થને પોતાના ઘર માટે પ્રેમ હોય તો કોઈપણ પ્રકારનો કચરો ઘરમાં રહેવા દેતા નથી. ખૂણે-ખાંચરેથી કાઢે છે. પોતે શુચિર્ભૂત થાય છે અને ઘરને પણ શુચિર્ભૂત કરે છે. આજકાલ કોઈને ઘર માટે પ્રેમ નથી. ધર્મશાળા અને ગૃહસ્થના ઘરમાં સ્વચ્છતા વિષે બહુ જ અંતર દેખાતું નથી. જ્યારે ભૂદાનના આંદોલનમાં યાત્રા ચાલતી ત્યારે શુચિર્ભૂત આંગણા જોયા છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગામની ગલીઓ જોઈ છે ત્યારે ગરીબનું ઘર હોય કે અમીરનું હોય બધે જ પ્રભુસ્મરણમાં આનંદ હતો. આત્મતત્વમાં શ્રદ્ધા હતી. અપ્રતિષ્ઠિત તર્ક નહોતો. આળસ-તંદ્રાની બીમારી નહોતી.

આજે સ્વચ્છતાનો કોઈને પ્રેમ નથી. અંદરનો મળ જાય છે તો બહારના મળના નિરાકરણની સહેજે ઈચ્છા થાય છે. મહારાજ અંદર-બહાર બંનેમાં સંતુલન રાખે છે. કારણ કે સહજ સંતુલન આત્માનો સ્વભાવ છે. આત્માનો પ્રસાદ છે. જે આત્માને પામ્યા છે. એમના જીવનમાં સંતુલનનો પ્રસાદ હશે જ. જે અંદર ખોવાઈ ગયા અને જે બહાર અટકી ગયા તે ભક્ત નથી. ભક્ત તો અંદર બહાર નિત્ય પ્રક્ષાલિત છે. સૂર્યના કિરણો જેવી એમની શુદ્ધિ છે. અહીં શ્લેષ છે. સૂર્યના રશ્મિ પોતે તો શુદ્ધ હોય છે જ, જ્યાં પ્રવેશ કરે છે. ત્યાં પ્રકાશ અને હૂંફથી સ્થળને પાવન કરે છે. સૂર્યના રશ્મિ ધરતીના કોઈપણ ખૂણામાં પડે છે ત્યાં શુદ્ધિ, ઉષ્મા, જીવન સંક્રાન્ત થાય છે. મૃત્યુ સમયે શરીર બરફ જેવું ઠંડુ પડે છે. મૃત્યુનુ આ લક્ષણ છે. જીવનનું લક્ષણ ઉષ્મા છે. જેવી રીતે સૂર્યના કિરણો સ્વયં પ્રકાશિત હોવાને કારણે પ્રકાશ સંક્રમિત કરે છે. એવી રીતે સંત જ્યાં પહોંચે છે ત્યાં એમની ઉપસ્થિતિથી શુદ્ધિ તથા જ્ઞાનનો પ્રકાશ સંક્રમિત થાય છે. ઈન્દ્રિયો, વાણી, મનના સ્તરે જેટલો મળ દેખાયો એનું તો એમણે નિરાકરણ કરી દીધું. અજ્ઞાન ભૂમિ જેમાંથી મળનો જન્મ થયો છે. એ વિષય 'અમૃતાનુભવ'ગ્રંથમાં 'અજ્ઞાન નિરાકરણ'ના પ્રકરણમાં વિશેષ આવે છે. એક જ્ઞાન નિરાકરણનું અને બીજું અજ્ઞાન ખંડનનું પ્રકરણ છે એટલું જ નહી એ તો ત્યાં સુધી પહોંચે છે કે વાણી માત્ર ભલેને એ પરાવાણી કેમ ન હોય એની મારફતે જે કાંઈ થાય છે એ અવિદ્યાનો શૃંગાર જ છે. એ અજ્ઞાનમૂલક પણ છે અને અજ્ઞાનજનક પણ છે એટલે શબ્દને બંધ કહ્યો છે. અહીં દેહને અજ્ઞાનજન્ય કહ્યો છે. 'દેહ ઘેણે લાગે વાસના ચે સંગે' વાસનાને કારણે દેહ ધારણ કરવો પડે છે એટલે દેહને અજ્ઞાનની ભૂમિ કહી છે.. **'तत्वार्थी चा पाया'** એવો સુંદર પ્રયોગ મહારાજે અહીં કર્યો છે. તત્ત્વ છે, પરમ શિવસત્તા. અજ્ઞાનની જે પૃથ્વી છે એને ખોદતાં જળ નીકળે છે. સુવર્ણ મેળવવા માટે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ પૃથ્વીને ખોદવી પડે છે. પૃથ્વીને ખોદતાં ખોદતાં વચ્ચે જે માટી આવે છે એને આપણે ફેંકી દઈએ છીએ.એની માયા-મમતા રાખતા નથી. એ પ્રકારે કેવળ અન્વય ભક્તિ કરવાથી સંતોનું કામ ચાલતું નથી, એ વ્યતિરેક પણ જાણે છે. એનો સંકેત મહારાજ અહીં કરવા માંગે છે.

અજ્ઞાનરૂપી પૃથ્વીમાં જે તત્ત્વરૂપી ધન છુપાયેલું છે એને સંતની નજર જોઈ લે છે એટલે ત્યાં પણ શોધનકાર્ય ચાલે છે. કેવળ શરીર,વાણી અને મનનાં સ્તર પર જ નહીં અહીં પણ શોધન ચાલે છે. અસત્યને ખોદી ખોદીને કાઢતા સત્ય પમાય છે. વિનોબાજી કહેતા 'બ્રહ્મ સત્યમ્ ! જગત્ સ્ફૂર્તિ ;' જગતે આવા મહાત્મા જોયા નહી હોય, પ્રચંડ પુરુષાર્થથી એ તત્ત્વાર્થ પામ્યા. એમના જીવનમાં પુરુષાર્થની પરિણતિ ભક્તિમાં થઈ. વિનોબાજીએ કહી દીધું કે 'જીવનમ્ સત્ય શોધનમ્' અહીં કશાનું ખંડન નથી. શોધન છે.

અહીં 'દેખણા' શબ્દ આવે છે. 'દેખણા' એટલે દેખાવડો. બીજો અર્થ છે. સૂક્ષ્મ જોવાની શક્તિ અને ક્ષમતા. 'દેખ' શબ્દ પર પણ શ્લેષ છે. દેખણા કેવળ 'પશ્યતિ' નથી 'પશ્યતિ ઈતિ પશુ : ! મનનાત્ મનુષ્ય : દેખણાનો પાર્થિવ અર્થ ન કરશો. ફળને જોતા એના છોતરાં અને એનું વજન જ જણાય છે. પણ છોતરાંની અંદર રસ પડ્યો છે એ જેણે જોયું એણે ફળને જોયું. અનેકતાના છોતરામાં એકતાનો રસ પડ્યો છે એ મારા ભક્તોએ જોઈ લીધું છે એટલે એ 'દેખણા' છે. અંતર્બાહ્ય પ્રક્ષાલિત થાય પછી અજ્ઞાનરૂપી અહંકારનો જે કંદ છે એના સૂજનમાં જે મળ છે એ મળનું નિરાકરણ કરનારો સંત છે. આપણે ભકિતને શું સમજીએ છીએ ? આપણી તો ઘણી સ્થૂળ દૃષ્ટિ છે, ભકિત અને ભકતની આપણને ઓળખ નથી. અહીં મહારાજ મધુરાદ્વૈતનું રહસ્ય બતાવી રહ્યા છે. ભકત કેમ શુચિર્ભૂત છે એ બતાવે છે. ભકત પાસે ગયા. એમના પગે પડયાં અને આપણે શુદ્ધ થઈ ગયા એ સમજાશે તો શુદ્ધિ સંક્રાન્ત થશે. એ સમજાશે નહીં તો કેવળ પ્રણામ કરીને ચાલ્યા આવશો. સદાચારી બનશો,સાત્વિક બનશો, પરંતુ ત્રિગુણાતીત-ભાવાતીત નહીં થાઓ. જ્યાં સંત- ભકત પહોંચ્યાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે.ત્યાં આ શરીરે તમે પણ પહોંચી શકો. બધાંનો એ અધિકાર છે. સંત પણ મનુષ્ય દેહમાં આવેલા જીવ છે. અંતર બાહ્ય શુદ્ધિ-પ્રક્ષાલન કરી લઈશું તો તત્વાર્થ દેખાશે. શુદ્ધિકરણમાં સિદ્ધિ છે એ અહીં કહેવા માગે છે.

अनपेक्षः शूचिर्दक्ष उदासीनो गतव्यथः
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ।१६।

સંત-મારો યોગી ભકત આકાશ જેવો વ્યાપક છે. પૃથ્વી પર એવું કોઇ સ્થાન નથી જ્યાં આકાશ ના હોય. આકાશ સર્વ વ્યાપી છે. આકાશ જેવો એ ઉદાસ છે. વર્ષા આવી સુખ થયું તો આકાશ વર્ષાને પકડી રાખતું નથી. ગ્રીષ્મની ઉષ્ણતા આકાશમાં જે સૂક્ષ્મ વાયુ છે એને પણ દઝાડવાવાળી છે. પરંતુ આકાશ એ ઉષ્ણતાથી વિમુખ થતું નથી. થીજી જવાય એવી ઠંડી હોય તોપણ એનાથી એ પોતાની કાયાને સંકોરી કે ખેંચી લેતું નથી. શીત ઉષ્ણ અને વર્ષાનો સમાન રીતે સ્વીકાર છે. કયાંય રાગ નથી કયાંય દ્વેષ નથી. ન તો કોઇને પકડવું છે, ન તો કોઇથી મોં ફેરવવું છે.આ ઉદાસીનતાનો અર્થ છે.છોડવાનું અને ત્યાગ કરવાનું કર્મ એ ઉદાસીનતા નથી.ત્યાગી પાસે ઉદાસીનતા કયાંથી આવશે ? ન તો ભોગીની પાસે એ ફરકે છે. ન તો ત્યાગીની પાસે એ જાય છે. મેં ત્યાગ કર્યો છે એવું જેને ભાન છે એ ત્યાગી છે. ભાન રાખવું અને વસ્તુઓને છોડી દેવી એ તો ઘણી સ્થૂળ ક્રિયા થઈ. જે વસ્તુઓને છોડે છે એમની અંદરથી વસ્તુ છૂટતી નથી. કારણકે છોડવાના અભિમાનમાં અને શું શું છોડયું એની યાદી બનાવવામાં એમની જિંદગી ચાલી જાય છે. આકાશમાં વ્યાપ્તિ છે. વ્યાપ્તિનો અર્થ એ છે કે કયાંય રાગ નથી. કયાંય દ્વેષ નથી આ વ્યાપ્તિ અને વ્યાપકતા ભૌતિક નથી. આકાશમાં એ સૂક્ષ્મરૂપે ભૌતિક છે. આકાશ સૂક્ષ્મતમ છે. એ આત્માનું આવરણ છે. " સત્ય જ્ઞાન અનન્ત ગગના ચે પ્રાવરણ" સત્ય જ્ઞાનમય જે અનંત છે એને ગગનનું પ્રાવરણ ધારણ કર્યું. છે. સંત નિવૃતિનાથ એમના અભંગમાં આ ગાઇ ગયા છે. આ જોવાની રસિકતા જોઇએ. રસિકતામાં જ તીક્ષ્ણતા છે. ભોગીમાં શિથિલતા છે. ત્યાગીમાં રસિકતા અવરુદ્ધ છે. એટલે તીક્ષ્ણતા પણ અવરુદ્ધ થઇ જાય છે સંયમાગ્નિમાં તાપ કરીને જેની રસિકતા નીખરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊઠી છે એ જ ગગનના પ્રાવરણને ધારણ કરનારા પરમાત્માને જોઇ શકે છે. વ્યાપ્તિને અનાસકત કે આસક્ત બેમાંથી એક પણ કહી શકાતી નથી. ઉપભોગ અને વિરકિત બન્નેના પ્રયોજન અહીં અસંગત થઇ ગયા છે એવી વ્યાપ્તિની વ્યાખ્યા મહારાજ સમજાવી રહ્યા છે.

જ્યારે જ્યારે જ્ઞાનેશ્વરી હાથમાં લેવાનું થાય છે અને બોલવાનું થાય છે, ત્યારે ડર લાગે છે કે શબ્દોને કયાંય અન્યાય ન કરી બેસું. અવ્યાપ્તિનો દોષ રહી જાય તો સહન કરી લેજો, પરંતુ શબ્દોની સાથે અન્યાય ન થવો જોઇએ. ચિત્તની વ્યાપ્તિ ભૌગોલિક કે ભૌતિક નથી. આકાશ માટે વ્યાપક રહેવાનું સહજ છે. મારી પ્રેમલક્ષણા ભકિત કરનારા યોગીના જીવનમાં શુદ્ધીકરણ અને જ્ઞાન સહજ પ્રાદુર્ભૂત છે. આવા યોગીના ચિત્તમાં બ્રહ્માકારવૃતિ હોવાને કારણે વૈશ્વિક દૃષ્ટિ અને વૃત્તિ છે. આટલો ગંભીરભાવ જ્ઞાનેશ્વરે અહીં સહજ રીતે રાખી દીધો છે.

બે કલાક બેસીને અધ્યાત્મની ચર્ચા કરતી વખતે વૃતિનું બ્રહ્માકાર રહેવું એ કાંઇ મુશ્કેલ નથી. ઘરમાં પોતાના ઓરડાના એકાંતમાં બેઠા છો. ભોજન કરી રહ્યા છો કોઇ નથી.ત્યારે તમને જો જો. બધાંની સાથે બેસતી વખતે તો બધાંની ઉપસ્થિતિને કારણે સંકોચવશ-ક્ષોભવશ થોડો સંયમ આવી જાય છે. ચોવીસ કલાક વૃતિ બ્રહ્માકાર,વ્યાપક ઉદાસ રહેતી નથી.

એક ક્ષેત્રથી આસકિતનું હટી જવું સંભવ છે. બધાં જ વિષયોમા બધાં જ ક્ષેત્રોમાં બધી જ ક્ષણોમાં આપણે કયાંક ને કયાંક અહંકારને રહેવા માટે થોડી જગ્યા રાખીએ છીએ. આપણા ચિત્તમાં ભ્રમ રહે છે કે આપણે નિરહંકારી બની ગયા છીએ.

દાદા ધર્માધિકારી અમારા પિતૃતુલ્ય હતાં. ૧૯૩૯થી ૧૯૪૬ સુધી વ્યકિતગત સત્યાગ્રહને કારણે દાદા કારાવાસમાં રહ્યાં. કહેતા હતાં કે 'બેટા જેલમાં ભલભલા માણસોને જોયા છે.ખાવાની ચીજોથી માંડીને કામ કરવા સુધીની એમના ચિત્તની ક્ષુદ્રતાની હું કયારેય કલ્પના કરી શકતો નહોતો, જેલમાં એ પ્રગટ થતી હતી. એક મરચાં માટે ઝઘડો થતો હતો. જયારે ભકત પર પરિસ્થિતિનો દબાવ તણાવ આવી જાય ત્યારે એ દબાવની સામે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રતિક્રિયા રૂપે પણ ક્ષુદ્રતા કે પામરતા એમના ચિત્તમાંથી પ્રગટ થતી નથી. પારધીના હાથમાંથી પક્ષી મુકત બનીને ઊડી જાય છે એવી રીતે સંસાર નામની વ્યથાથી એ છૂટી ગયા છે. સંસાર એટલે નિત્ય પરિવર્તનશીલ. જન્મમરણનું ચક્ર એ સંસાર છે. આપણે સામાન્ય રીતે સમાજમાં 'સંસાર' શબ્દનો લૌકિક અર્થમાં પ્રયોગ કરીએ છીએ એ અહીં અભિપ્રેત નથી. આ અધ્યાત્મ નામના જીવનવિજ્ઞાનનું ઉદ્‌ઘાટન કરનારો ગ્રંથ છે. આભાસ થાય છે કે એ લૌકિક છે, પણ અહીં લૌકિક અર્થનો પ્રયોગ નથી.

'જન્મ ઘેણે લાગે વાસના ચે સંગે' જે વાસનાને કારણે જન્મ લેવો પડે છે.. એ હરિરૂપ થઇ ગઇ છે. 'બીજ ભાજુનિ કેલી લાહી આમ્હાં જન્મ મરણ નાહી' વાસનાનું જે બીજ હતું તેને અમે જ્ઞાનના અગ્નિમાં શેકી નાંખ્યું છે. હવે અમારે જન્મ-મરણ નથી.તુકારામ ગાઇ ગયા છે. સંસારની વ્યથા એટલે સંસારમાં જે સુખ-દુઃખ આવે છે તે નહીં. વારેવારે જન્મવું, વારેવારે મરવું. આવી વ્યથામાંથી એ મુકત કરે છે. જેવી રીતે પક્ષી પોતાને પારધીના હાથમાંથી મુકત કરે છે. તેવી રીતે ભક્ત પોતાને આ વ્યથામાંથી મુક્ત કરે છે. સંસાર વ્યથાથી મુકત થયા છે એનું કોઇ લક્ષણ ખરું કે ? આપણું તો દર્શન જ Symptmetic નિદાન પણ લક્ષણ પર છે. જીવનનું નિદાન પણ લક્ષણો પરથી કરીએ છીએ.ઊંડાણમાં કોણ જાય? એમાં જવાનો સમય નથી આઠ કલાક પ્રત્યક્ષ કામ છે બાકીના આઠ કલાક અપ્રત્યક્ષ ચિંતન છે.એમાં કયાં ફુરસદ મળે ? ઊંઘવાના નામથી સ્વપ્ન જોઇએ છીએ. સમય કયાંથી મળે? આ તો કળિયુગ છે. જીવવા માટે જ સમય નથી મળતો. અહીં બધાથી ઉપેક્ષિત હોય તો તે જીવન છે. સંસાર વ્યથામાંથી મુકત થયો છે એનું લક્ષણ બતાવ્યા વગર જ્ઞાનેશ્વર આગળ વધવાના નથી. મન-બુદ્ધિ-ચિત્ત અહંકાર એ ચાર શબ્દનો પ્રયોગ આપણે ત્યાં થાય છે. આ સૂક્ષ્મ કાયા છે. આપણા વેદ-ઉપનષદો અને ષડ્‌દર્શનોની જ આ વાત નથી. તમે રશિયામાં જાવ. 'Research behind iron curtain' નામનો ગ્રંથ છે.એમાં ઉલ્લેખ છે કે શરીરની અંદર એક વિચાર કાયા છે એની એક સ્વતંત્ર ઊર્જા છે. એનું હલન-ચલન જોવા માટેના કેમેરા બનાવ્યા છે અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફોટા પણ લીધા છે.

જેની ચિત્તરૂપી કાયા પર નિરાશાનો અલંકાર છે એ નિત્ય પ્રસન્ન છે. આ 'નિરાશા' નો અર્થ Pessimist ના કરશો. તમે અંગ્રેજી શબ્દોના અનુવાદથી હિન્દી શબ્દોને પકડશો નહીં સંસ્કૃત ભાષામાંથી શબ્દ લેશો ત્યારે શબ્દનો અર્થ પકડાશે. જ્ઞાનેશ્વર મહારાજની જ્ઞાનેશ્વરીમાં તજ્જન્ય શબ્દો વધારે આવે છે. એની વ્યુત્પત્તિ જોવી જોઈએ. કઈ ધાતુથી એ બન્યા છે એ પણ જોવું પડે છે એ વ્યુત્પત્તિ-નિરુક્તના પ્રેમી છે.'નિરાશા ' શબ્દનો અર્થ નિર્ગતા આશા. જેના ચિત્તમાંથી આશાનો પાશ સંપૂર્ણ નીકળી ગયો છે એટલે કે ભૂતકાળ કે ભવિષ્યકાળ તરફ જેની નજર જતી નથી એવો વર્તમાનમાં શાશ્વતીને જોઈને જીવવાવાળો આ વીરપુરુષ છે.

"હરિનો મારગ છે શૂરાનો, નહી કાયરનું કાંમ જોને! "

ભકિત કરવી એ કાયરો કે ભીરુઓનું કામ નથી. વીરપુરૂષના શબ્દકોષમાં 'આવનારી કાલ' એ શબ્દ જ નથી અને 'વીતેલી કાલ' તરફ એમની નજર જતી નથી જે ગયું તે ગયું. આજ આ ક્ષણના અવગુંઠનમાં સજીધજીને આવેલી જીવનની નગદ શાશ્વતી -સનાતનતા છે, એમાં એ અનુરક્ત છે. એમાં એ જીવી રહ્યા છે. નૈરાશ્ય નામના અલંકારથી એમના ચિત્તની સૂક્ષ્મ કાયા શૃંગારિત છે. આવો શબ્દ પ્રયોગ કોઈ કરશે નહીં કારણ કે 'નિરાશ' શબ્દનો અર્થ આપણે નિરાશા કરીશું. ૧૮૪૨થી આપણને જે શિક્ષણ મેકોલે સાહેબે આપ્યું છે એના અનુસાર 'નિરાશ' એટલે Pessimist 'નિર્ગત' શબ્દમાં જે કાવ્ય છે એને કેવી રીતે સમજાવું ? 'ભક્ત તે ચિ જાણ જે દેહી ઉદાસ' જે દેહના વિશે ઉદાસ છે અને જેના ચિત્તમાં આશા નામનો પાશ નથી રહ્યો એ ભક્ત છે એ અખંડ પ્રસન્ન છે. સંસારની કોઈપણ ઘટના એની પ્રસન્નતામાં વિક્ષેપ કરી શકતી નથી.

પ્રસન્નતામાં ગંભીરતા છે. આકાશ પ્રસન્ન છે એટલે ત્યાં કોઈ વાદળ નથી. જે પાણી પર શેવાળ કે લીલ નથી, એ સરોવર પ્રસન્ન છે. આ વ્યક્તિ પ્રસન્ન છે એટલે સંસારની કોઈપણ ઘટનાના સુખદુઃખની સંવેદનાઓના વાદળ એના ચિત્ત પર આવતાં નથી. અહીં લજ્જા શબ્દ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવે છે 'નિર્લજ્જ' નો અર્થ આપણે 'નફફટ' કરીએ છીએ. 'નિર્ગતા લજ્જા' એવો અર્થ કરતા નથી. જે વ્યક્તિના શરીરમાંથી પ્રાણ ચાલ્યા ગયા એને આપણે મૃત કહીએ છીએ તો શબને લજ્જા કેવી ! શબને પોતાના પર વસ્ત્ર છે કે નહીં એનું ભાન હોતું નથી. એ તો અભાન અવસ્થામાં છે. સ્વસંવેદ્યતાની અવસ્થા ત્યાં નથી. ગતાયુષ્ય શબ પડયું છે. એને કોઈ જુએ છે કે નથી જોતું, પોતાના પર વસ્ત્ર છે કે વિવસ્ત્ર છે એનું ભાન નથી હોતું, ભાન નામના જ્ઞાનનું જે અંતિમ બંધન છે એ ત્યાં નથી હોતું. ત્યાં તો અભાન એટલે કે ભાન પહેલાંની અવસ્થા છે. મારા જે યોગી ભક્ત છે એ દેહાતીત થઈ ગયા છે. સભાનાતીત થઈ ગયા છે. આ વાત અમારી સમજમાં ત્યારે આવી જ્યારે પ્રાતઃ સ્મરણીય ગોપીનાથ કવિરાજના દર્શન થયાં. ત્યારે પ્રશ્ન ઉઠ્યો હતો કે નીતિશાસ્ત્ર કોના માટે બન્યું છે ? ગોપીનાથ કવિરાજ મહાન જ્ઞાની હતાં. જ્ઞાનની પરિણતિ, અપાર સરળતા અને કરુણામય વત્સલતામાં થઈ હતી. જેવી રીતે માના શરીરમાં રક્તનું દૂધ થાય છે તેવી રીતે સાચા જ્ઞાનીના દેહમાં જ્ઞાન કરુણા બની જાય છે. બાબુજીએ કહ્યું કે નીતિશાસ્ત્ર પશુ માટે નથી. કારણ કે ત્યાં સ્વસંવેદ્યતા નથી. જે મન-બુદ્ધિની પાર થઈ ગયા છે. એવી જેમની ચેતના છે એમના માટે પણ નથી. ત્રિગુણાતીત થઈ ગયા છે ત્યાં નીતિશાસ્ત્ર લાગુ પડતું નથી. આ બન્નેની વચ્ચે સ્વસંવેદ્યતાથી ઘેરાયેલી જેની ચેતના છે. એના માટે નીતિશાસ્ત્ર છે. નીતિશાસ્ત્ર ક્યાં લાગુ નથી પડતું અને ક્યાં સંગત બને છે. આ બંનેનું વિવરણ એમણે કર્યું હતું.

કર્મનો આરંભ કરવા માટે જે અહંકાર જોઈએ તે મારા ભક્ત પાસે નથી. જેમાં ઈંધન ના હોય એવો અગ્નિ સ્વયં શાંત થઈ જાય છે. એવી રીતે મારા ભક્તના ચિત્તમાં અહંકાર નામનું ઈંધન ન હોવાને કારણે કર્મ નામનો અગ્નિ પ્રજ્વલિત થતો નથી. અહંકાર નથી એટલે ત્યાં કોઈ સંકલ્પ નથી કે હું આ કરીશ અને આ નહીં કરું. સંકલ્પ-વિકલ્પથી એમનું ચિત્ત અતીત છે એટલે નિરહંકાર થવા માટે મારા ભક્તને કોઈ પ્રયાસ કરવો પડતો નથી. મહારાજ કહે છે કે કાયાનું દંડન કરશો નહીં ,મનનું દમન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરશો નહીં. હસતા ખેલતાં દ્વૈતનો સ્વીકાર કરીને, દ્વૈતનો ઉપયોગ અદ્વૈત તરફ જવા માટે કરો.

ભક્તના જીવનમાં એમની સમગ્રતામાં ઉપશમ-શાંતિ છે. શાંતિ જ મુક્તિનું દ્વાર છે. આવા ભક્તના શરીરમાં જેટલી કાયા છે. (આપણે ત્યાં પંચકોષનું વિધાન છે. અન્નમય કોષથી માંડીને આનંદમય કોષ સુધીની કાયા બતાવી છે.)એમાં ઉપશમ છે. શાંતિ છે. એમના સમગ્ર જીવનમાં - અસ્તિત્વમાં શાંતિ સિદ્ધ થવાને કારણે, વ્યક્ત થવાને કારણે દેહમાં રહેવા છતાં દ્વૈત એમના પરિવેશમાં પડ્યું છે. તો પણ દ્વૈતનો ઉપસર્ગ એમને થતો નથી. એ તો દ્વૈતની પેલે પાર નીકળી ગયા છે. જે દ્વૈતમાં અટકે છે એ જ દ્વૈતમાંથી દ્વંદ્વ પેદા કરે છે. જેને દ્વૈતમાં છુપાયેલ અદ્વૈત નજરે પડે છે. એ તો દ્વૈતમાંથી પસાર થઈ જાય છે. મારા ભક્તનો વ્યવહાર દ્વૈતમય દેખાય છે. અહીં અસલ મર્મ તો એ છે કે દ્વૈતની પેલે પાર એમનું ચિત્ત રહે છે એટલે શાંતિ એમને મુક્તિના નિવાસમાં લઈ ગઈ છે. અદ્યપિ એમનો દ્વૈતમાં સંચાર છે.

દ્વૈતની પાર ગયા પછી પણ એ તમારી ભક્તિ કરે છે એ વાત સમજાતી નથી. અર્જુનના મુખ પર ફરીથી આ પ્રશ્ન ઊઠ્યો.. મહાભારતમાં ગીતાના અઢાર અધ્યાય સાંભળવા માટે પ્રશ્નાર્થક બનીને અર્જુન ઊભો છે. પ્રભુએ એના મુખ ઉપર પ્રશ્ન જોયો હશે. અર્જુન કહે છે કે દ્વૈતની પેલે પાર ગયો તો દ્વૈતનું ભાન તો ત્યાં હશે જને ? નહીં તો હે કૃષ્ણ ! તમારી ભક્તિ એ કેવી રીતે કરે છે ? દસવાર તમે એની પ્રશંસા કરી છે કે મારો ભક્ત યોગી થાય પછી પણ મારી સગુણ ભક્તિ કરે છે. મારા સગુણ રૂપ માટે એને વિશેષ પ્રેમ છે. તો મને આ સમજાવો. એનો ઉત્તર આપતા વાસુદેવ કહે છે કે હે અર્જુન ! પોતાના સુખ માટે પોતાને જોવા માટે તમે શું કરો છો? જોવાની લાલસા માટે નિસ્તરંગ જળાશયની પાસે જઈને પોતાનું પ્રતિબિંબ તમે જુઓ છો. પ્રતિબિંબ જોઈને તમને સુખ થાય છે. નહી તો દર્પણ બનાવો છો અને દર્પણની સામે બેસીને પોતાનું પ્રતિબિંબ દિવસમાં દસવાર જુઓ છો કારણ કે એમાં પોતાને જોવાનું સુખ છે. મારા ભક્તને પણ સુખ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોઈએ છે, દેહનું પ્રારબ્ધ છે. કર્મ કરતા સો વર્ષ જીવવું છે, એક ક્ષણ પણ ઈન્દ્રિયો કર્મ કર્યા વગર રહી શકતી નથી. એટલે ઈન્દ્રિયોને કર્મ કરવાનો અવસર પણ આપવો છે. સાધન પણ એકઠા કરી આપવા છે. તો મારો ભક્ત કહે છે કે મને સંસારમાં મોકલ્યો છે. આટલા સાધન આપ્યાં છે, તો હું મારું સ્વ-સત્તાનું-નિજરૂપનું જે ભાન છે એના બે ભાગ બનાવીશ. એક બનશે દષ્ટા અને બીજું બનશે દશ્ય. એક બનશે ભોક્તા, બીજુ બનશે ભોગ્ય. આ ઈન્દ્રિયોથી મઢેલી જે કાયા છે. જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિય છે એનો ઉપયોગ કરવો જ પડશે. અનંત પ્રકારની ઊર્જાઓનો મહારાસ શરીરમાં ચાલે છે તો ચાલોને અહીં જ વૃંદાવન બનાવીને રાસ રમીએ. રાસ રમતાં, હરિને ભજતાં જ જિંદગી કેમ ન વીતાવીએ ! સંસારના કૂલાલચક્રમાં ગતિ પડી છે, એ ગતિને રોકી શકતા નથી. જ્ઞાન થઈ ગયું એટલે શું આત્મહત્યા કરવી ? જીવવું તો છે તો શા માટે સુખપૂર્વક ન જીવીએ ? મારો ભક્ત તો કુશળ છે. યોગી જેવો અરસિક નથી. જ્ઞાની જેવો લૂખો સૂકો પણ નથી. એ તો પ્રેમી છે ! પ્રેમી જીવન જીવવાની કળા જાણે છે.

જેવી રીતે દર્પણમાં તમે તમને પોતાને વિભાજિત કરો છો. ત્યાં બીજું કોઈ નથી કેવળ તમે જ છો. તમે જ જોવાવાળા અને તમે જ દશ્ય બન્યા છો. એવી રીતે ભક્તે યુક્તિ કરી; પોતાની સત્તાને બે ભાગમાં વિભાજિત કરી દીધી. એક ભાગને એણે ભગવાન કહ્યો અને બીજા ભાગને ભક્ત કહ્યો. 'ભગવાન' નામ આપીને એને લાડ લડાવવાનું શરૂ કરી દીધું. તમે તમારી કાયાને નવડાવો છો-ધોવડાવો છો. સારા સારાં વસ્ત્રો અને અલંકારો પહેરાવો છો. પોતાની જાતને તૈયાર કરીને જોવાનું સુખ છે. એ રીતે સ્વસત્તાને સજાવવાનું નામ ભક્તિ છે. પોતાની સત્તાને રસિકતાથી પ્રેમાસ્વાદ માટે વહેંચી. એક અંશને ભગવાન કહ્યો. બીજા અંશને ભક્ત કહ્યો. ભક્ત આ રીતે પોતાની સત્તાનું જ ભજન, પ્રસાધન કરીને સુખ લૂંટે છે. જ્ઞાની, હઠયોગી, જપી તપી પ્રેમાનંદ પ્રેમાસ્વાદ જાણતા નથી. એવા ભજનનો મહિમા ન જાણનારા યોગીને ભક્તિના સુખનો આનંદ કેવો હોય છે, એ દેખાડવા માટે આવું વિભાજન કરીને ભક્ત સંસારમાં જીવે છે. આવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યોગી, ભક્તો-પ્રેમી ભક્તોનું મને વ્યસન છે. વૈકુંઠમાં બેસીને કરું શું ? કંઈ કામધામ તો.જોઈએ ને ! એટલે હું મારા ભક્તોનું ધ્યાન કરું છું. પોતાની ચેતનાને મારી સાથે જોડનારા નિત્યયુક્ત અનન્ય યોગી ભક્ત મળે છે ત્યારે મને સમાધાન થાય છે. ચેતનાના મિલનથી મને સંતોષ થતો નથી એટલે રૂપ ધારણ કરીને હું ભૂતળ ઉપર આવું છું. "ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાંહી રે..." નરસિંહ ભગત ગાઈ ગયા છે બ્રહ્મલોકમાં ભક્તિ નામના પદાર્થ જેવો પદાર્થ નથી ! પ્રભુ કહે છે કે એ સુખને -એ પ્રેમને લૂંટવા માટે રૂપ ધારણ કરીને લાચાર બનીને અરૂપી હું સરૂપી બનીને આવું છું. આ મધુરાદ્વૈતના પ્રવર્તક બોલી રહ્યા છે. કેવળ વેદાંત નહીં. પરમાત્મા છે એવું લોકો કહે છે.મારા ભક્ત ન હોત તો મારી સર્વત્ર, સર્વરૂપમાં ઉપસ્થિતિ છે એ કોણ જાણત ? ભક્ત પોતાને વિભાજિત કરીને મારું જે સ્વરૂપ છે એની વાત ન કરત. એના ગુણ ન ગાત તો હું જગતમાં કેવી રીતે ઓળખાત ? હું તો વેચાઈ ગયો છું. મને અનામીને એ નામ આપે છે. મારા જેવા અરૂપીને એ રૂપ આપે છે. હું જે નિરાકાર-નિર્ગુણ છું એને સગુણ સાકાર બનાવે છે અને કહે છે કે પરમાત્મા છે. પ્રભુ છે એટલે એમના ઉપર હું મને ન્યોછાંવર કરી દઉ એટલા મને એ પ્રિય હોય એમાં કંઈ આશ્ચર્ય છે !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૧૮-૧૨-૮૬
બપોર ૪-૩૦

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांडक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रिय : ॥१७॥

જે પ્રેમલક્ષણા ભક્તિયુક્ત યોગી છે એની જીવનચર્યા કેવી રહે છે એ જ્ઞાનેશ્વર મહારાજ આ શ્લોકની વ્યાખ્યાથી સમજાવે છે. 'આત્મજ્ઞાન' શબ્દ જે અર્થ તરફ સંકેત કરે છે એ સંકેતને સમજવાથી આત્મબોધ થાય છે. આત્મબોધ જ્યારે ઈન્દ્રિયો દ્વારા જિવાય છે ત્યારે ત્યાં આત્માનંદ હોય છે. આત્મજ્ઞાન, આત્મબોધ, આત્મભાવ અને આત્માનંદ આવાં સોપાન છે. આત્મલાભમાં આત્માનંદની સ્થિતિનો નિર્દેશ છે. શબ્દોથી જાણી લીધું કે આત્મા અનાત્મા શું છે ? પરંતુ જીવનમાં એ વસ્તુનિષ્ઠ જ્ઞાનની જો ઓળખાણ થતી નથી તો વ્યક્તિ શાબ્દિક આત્મજ્ઞાનથી આગળ વધતી નથી. એટલે આત્મરતિ આત્માનંદ સુધી વ્યક્તિ પહોંચતી નથી. આ આત્માનંદની-આત્મભાવની અવસ્થાને આત્મલાભ કહ્યો છે. આત્મલાભ જેવી આ જીવનમાં બીજી કોઈ સર્વાંગ સુંદર ઉપલબ્ધિ નથી.

કોઈ પણ બાહ્ય સુખ સાધનોની પ્રાપ્તિથી ચિત્તમાં હર્ષ નામનું સંવેદન ઊઠતું જ નથી. મનુષ્યદેહમાં જ પ્રાપ્ત થઈ શકે એવો સૌથી મોટો લાભ આત્મોપલબ્ધિ થવાને કારણે ,વળી સર્વાંગ સુંદર હોવાને કારણે સર્વાંગોને સર્વ ઈન્દ્રિયોને સંતૃપ્તિ રહે છે આ સંતૃપ્તિને કારણે પ્રેમલક્ષણા ભક્તિયુક્ત યોગીને સંસારના કોઈ પણ ભોગ-ઉપચાર હર્ષ આપી શકતા નથી. હર્ષની છાયામાં વિષાદ-શોક ઉછરે છે. પ્રારબ્ધથી કાંઈ પ્રાપ્ત થઈ જાય તો એનો હર્ષ નથી અને પ્રારબ્ધ પ્રાપ્ત વસ્તુ કોઈ લઈ જાય તો એનો શોક નથી. જ્યાં દ્વૈતના એક બિંદુનો નિર્દેશ થાય છે ત્યાં બીજા બિંદુનો અધ્યાહાર સમજી લેવો જોઈએ. એટલે કોઈ પણ ભોગ વિશેષથી એમને હર્ષ શોક થતો નથી.

આખું વિશ્વ તે હું છું અથવા મારામાં જ વિશ્વ સમાયું છે. 'પિંડે સો બ્રહ્માંડે' 'બ્રહ્માંડે સો પિંડે' નાથ સંપ્રદાયનો આ સંકેત છે. એને લૌકિક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાષામાં જ્ઞાનદેવ મૂકી રહ્યા છે. આ વિશ્વ મારાથી પૃથક નથી. આવી પ્રતીતિ હોવાને કારણે કોઈપણ પ્રકારનો ભેદભાવ એમના ચિત્તમાં નથી એટલે દ્વેષ નામની ભાવનાનો સ્પર્શ એમના ચિત્તને થતો નથી. એમનામાંથી 'દ્વેષ' નામની ભાવનાની સંભાવના જ સમાપ્ત થઈ ગઈ છે ત્રિકાલાબાધિત સત્ય સ્વરૂપનું કાળ પણ હરણ કરી શકતો નથી. બધાથી મોટી સંપદા સ્વસ્વરૂપ છે, પ્રલય થઈ જાય તો પણ આપણું જે સ્વસ્વરૂપ છે એ આપણી પાસેથી છીનવી લેવાની શક્તિ કોઈમાં અરે ! મૃત્યુમાં પણ નથી એ કહેવાનો ઉદ્દેશ છે. એટલે એને વર્તમાન શું છે ભવિષ્યમાં શું થશે એ પ્રકારની ચિંતા કે શોક થતો નથી. પોતાના સ્વરૂપમાં જે નથી એનું ત્રૈલોક્યમાં ક્યાંય પણ અસ્તિત્વ નથી. પોતાના સ્વરૂપમાં જે છે એનાથી અન્યથા ત્રૈલોક્યમાં કાંઈ નથી. એ આ દૃઢપણે જાણે છે. તેથી એના ચિત્તમાં બીજા કોઈ પ્રકારની આકાંક્ષા નથી. આપણે ઈચ્છતા હોઈએ તે આપણી પાસે ન હોય ત્યારે એની પ્રાપ્તિ માટે આકાંક્ષા ઊઠે છે. પોતે જે કાંઈ નથી એ બનવાની ઈચ્છા હોય છે ત્યારે પણ બનવાની આકાંક્ષા ઊઠે છે. જે પોતાના સ્વરૂપમાં નથી એ બહાર ક્યાંય નથી એટલે પ્રાપ્તિની તો વાત જ ત્યાં ઉડી ગઈ. બીજું જીવનમાં જે વિવિધતા-વિલક્ષણતા દેખાય છે એ જે એકતાના સુત્રમાં ગુંથાયેલી છે એ એકતાનું સુત્ર હું છું એ પણ એ સમજી ચૂક્યા છે. આ પ્રતીતિ હોવાને કારણે હું 'કાંઈ' બનું, સિદ્ધ-બુદ્ધ બનું, આવી કોઈ જ મહત્વાકાંક્ષા ઊઠતી નથી.

લોકો કહે છે અત્યારે તો આકાંક્ષા-મહાત્વાકાંક્ષા વગર શીખવા માટે પ્રેરણા નથી. શીખવા માટે પ્રેરક તત્વ એ છે કે હું કાંઈક બનું, કાંઈક બનવા માટે કોઈ સાથે તુલના કરવી પડે છે. અહીં તો એ સ્વરૂપ ઓળખી ગયા છે કે મારી આત્મસત્તા પરમાત્માના રૂપમાં વ્યાપક છે. પરમાત્મસત્તા જ મારા દેહમાં ઓતપ્રોત છે. એ જાણે છે કે બનવા માટે અહીં કોઈ ગુંજાયશ નથી. અહી તો બધું જ પ્રાપ્ત છે. એકતાનો એ સ્ત્રોત છે. સરિતાનું ઉદ્‌ગમ સ્થાન છે. બધી જ વિવિધતાનો મૂળ સ્રોત હોવાને કારણે પ્રાપ્તિની આકાંક્ષા નથી. અને બધું જ સ્વયં હોવાને કારણે કોઈ જેવા બનવાની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આકાંક્ષા નથી. એમના ચિત્તમાં આકાંક્ષા કેમ ઊઠતી નથી એ ચારે બાજુથી તમે સમજી લેજો.

ભગવાન આદિત્ય નારાયણ, રાતદિવસ શું છે એ જાણતા નથી. રાત-દિવસની ભાષા તો તમારા મારા માટે છે. જ્યારે આપણી આંખો સૂર્યને જોઈ શકતી નથી ત્યારે આપણે સૂર્યાસ્ત થયો એમ કહીએ છીએ. સૂર્ય અસ્ત નથી થતો. ૧૯૭૪માં અમે ઉત્તરધ્રુવની યાત્રા કરવા ગયા હતા. ત્યાં બરાબર જોયું કે લોકો જેને સૂર્યાસ્ત કહે છે એ સૂર્યાસ્ત નથી, ક્ષિતિજને સ્પર્શ કરીને એ જ સૂર્ય ઉપર ઊઠે છે. સૂર્ય માટે ન અસ્ત છે ન ઉદય છે. ન રાત છે, ન દિવસ છે. યોગી-પ્રેમી- ભક્તના ચિત્તમાં આ સુંદર છે. આ અસુંદર છે. આ સારું છે, આ ખોટું છે. એવા પ્રકારની કોઈ ભાવના કે ભેદભાવ નથી. એને તો આખું વિશ્વ ચૈતન્યમય દેખાય છે. પ્રારબ્ધવશ જીવોની જે ગતિ છે એ પણ એને દેખાય છે. એટલે સજ્જન-દુર્જન માટે એમના ચિત્તમાં ભેદ ભાવ ઉઠતો નથી. આ સજ્જન છે તો એની પ્રશંસા કરું અને દુર્જનની ઉપેક્ષા કરું એવું નથી. દુર્જન માટે તો અધિક કરુણા અને અધિક પ્રેમ એમના હૃદયમાં ઉભરાઈ આવે છે. આ રીતે એ કેવળ બોધસ્વરૂપ બની ગયા છે એમની રગ રગમાં આત્મબોધ અને પરમાત્મ બોધ સિવાય બીજું કાંઈ શેષ નથી. એટલું શુદ્ધીકરણ થયું છે. બધાંજ પ્રકારની ભ્રાંતિઓ ચાલી ગઈ છે. બધા જ પ્રકારના મોહનું નિરસન થઈ ગયું છે. અપેક્ષા-આકાંક્ષાઓનો અસ્ત થઈ ચૂક્યો છે. ભેદભાવ ત્યાં પ્રવેશ કરી શકતો નથી. એવો નિષ્કલ બોધ થઈ ગયો છે. સકલ-અકલ-નિષ્કલ એ નાથ સંપ્રદાયની પરિભાષા છે. ચંદ્રમાની કલામાં વધઘટ થાય છે. જ્યાં કલા છે, ત્યાં વધઘટ થવાનો સંભવ રહે છે. કલાઓ હોય અને એમાં વધઘટ કે ઉતાર ચઢાવ ના હોય એ સંભવિત નથી. અહીં તો કલાની પ્રકૃતિ પણ વિસર્જિત થઈ છે એ નિષ્કલ છે, બોધમાં વધઘટ નથી. કિંતુ-પરંતુ નથી, એમાં વિક્ષેપ પ્રત્યવાયની કોઈ સંભાવના નથી. એવા બોધ સ્વરૂપ નિષ્કલ બની ગયા છે. એ બોધ પ્રગટ થવા માટે આતુર નથી. પોતાને છૂપાવવા માટે પણ એ તત્પર નથી. જેવો છે તેવો જ છે. શુદ્ધ સત્તાના સ્વરૂપમાં એ યોગીનું

Dr. Urmila Sharma Collection, Vadnagar

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવન છે. કલાઓનું સંપૂર્ણ સંવરણ છે. કલાસંપન્ન હોવા છતા કલાતીત એવી સત્તા છે બિંદુ. બિંદુમાંથી બનતી કલા, ત્યારબાદ કલાઓનો વિકાસ, પછી વિલાસ ત્યાર પછી અંગીકૃત કલાઓનું વિસર્જન કરીને કેવી રીતે નિષ્કલ બનાય છે, આ વિષયને જોવો હોય તો ગોરક્ષસંહિતાથી માંડીને જ્ઞાનદેવના અમૃતાનુભવ સુધીના ગ્રંથોનું અધ્યયન કરવા જેવું છે. અહીં જે નિષ્કલ અવસ્થા-કેવળ બોધસ્વરૂપ અવસ્થા છે એ ફરીથી બિંદુરૂપ બની ગઈ છે, કલામય રહી નથી. એવું બિંદુ છે જે કલારૂપથી પાછુ ખીલવાનું નથીં. આ રીતે યોગી પોતાના ચિત્તમાં નિષ્કલ બની ચૂક્યા છે.

આટલું હોવા છતાં મારા સગુણસ્વરૂપ વિશ્વની સાથે એમનો વ્યવહાર પ્રેમનો છે. મારા સગુણ સ્વરૂપનું એ ભજન તથા ભક્તિ કરે છે, ઉપાસના કરે છે, એટલે પ્રભુ અર્જુનના શપથ લઈને કહે છે કે હે અર્જુન ! તારા સમ, આવા ભક્ત જેટલું સંસારમાં મને બીજું કોઈ પ્રિય નથી. આખા વિશ્વમાં મારા કોઈ સગા વહાલા તથા સંબંધી હોય તો એ જ છે.

આ અધ્યાયનો જ્ઞાનકાંડ ચાલી રહ્યો છે. જ્ઞાનને અત્યંત મધુર બનાવીને જ્ઞાનદેવે આપણી સમક્ષ રાખ્યુ છે. હવે સમાજમાં કે જગતમાં બધાં જ લોકો સંત કે ભક્ત જેવા બન્યા નથી. ભક્ત પોતાના તરફથી અજાતશત્રુ બન્યા છે પરંતુ લોકોને એમનું સત્યાચરણ પણ ખૂંચવા લાગે છે. એ કોઈ પાસેથી કશું માંગતા નથી, કાંઈ લેતા નથી. તો પણ લોકોને ઈર્ષ્યા થાય છે કે અમારી વચ્ચે રહીને આ વ્યક્તિ આટલી આત્મનિર્ભર કેમ છે ? આ શ્લોકની વ્યાખ્યામાં લોકોની તરફથી થનારા વ્યવહારમાં ભક્ત કેવી રીતે જીવે છે. કેવી રીતે પ્રતિસાદ આપે છે એ વિષય આવશે. એમનું ચિત્ત તો નિષ્કલ છે- બોધસ્વરૂપ છે, પરંતુ સમાજ તો સમાજ છે. એ કોઈને છોડતો નથી. જ્ઞાનદેવના માતાપિતાને દેહાંત પ્રાયશ્ચિત આપ્યું હતું. જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ અને સોપાનદેવના યજ્ઞોપવિત માટે પંડિતો તૈયાર નહોતા એટલે એ સંસ્કાર થયો જ નહીં. એમનો ચરણ સ્પર્શ જરૂર કર્યો પણ વ્રતબંધ તો ન જ થયો! આખું જીવન જ્ઞાનેશ્વર ઝૂંપડી બનાવીને રહ્યા. ભિક્ષા માંગીને એમનો જીવનનિર્વાહ ચાલતો હતો. ક્યારેક તો ભિક્ષા પણ મળતી નહીં.એવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રસંગો એમના જીવનમાં આવ્યા છે જ્ઞાનેશ્વરની અગિયાર વર્ષની ઉંમર હતી. ભિક્ષા માંગવા ગયા હતા. કોઈએ ભિક્ષા આપી નહીં. જ્ઞાનેશ્વર રિસાઈ ગયા. ઘેર આવીને ઝૂંપડીનો દરવાજો બંધ કરી દીધો. દરવાજો ખોલતા નહોતા. તો જ્ઞાનેશ્વરની નાની બહેન કહે છે કે જ્ઞાનેશ્વર

વિશ્વ ઝાલે વહ્નિ, સંત ઝાલે પાણી, તાટી ઉઘડા જ્ઞાનેશ્વર

જ્યારે વિશ્વ અગ્નિરૂપ બનીને તમને દઝાડવા આવે ત્યારે સંતોએ તો જળરૂપ બનીને એ દ્વેષની આગને બુઝાવવી જોઈએ. તું અહીં રિસાઈને બેઠો છું !

ચૌદસો વર્ષના ચાંગદેવ શિષ્યભાવથી જ્ઞાનેશ્વર પાસે આવ્યા ત્યારે એમણે કહ્યું કે ઉપદેશ આપવાનો અધિકાર મારો નથી. તમને દીક્ષા અને ઉપદેશ તો મારી નાની બહેન આપી શકશે અને ચાંગદેવે મુક્તાનું શિષ્યત્વ ગ્રહણ કર્યું. જ્ઞાનેશ્વર, નિવૃત્તિ, સોપાન અને મુક્તાના જીવનમાં આ ઘણું રોમાંચક પર્વ છે. એ લોકો ભિક્ષા માંગવા જતા હતા ત્યારે એમની સાથે પણ વૈષમ્યનો વ્યવહાર થતો હતો. સમાજ તો એવો જ વ્યવહાર કરશે. નરસિંહ ભગતની હાંસી ઉડાડનારા હતા. મીરાંબાઈને ઝેર આપનારા હતા. રામાયણ કાળમાં, મહાભારત કાળમાં અને આજની વીસમી શતાબ્દીના અંતે સમાજ તો સમાજ જ છે.

હે પાર્થ ! ભક્તના ચિત્તમાં વૈષમ્ય આવતું નથી, એમની સાથે કોઈ મિત્રતાનો વ્યવહાર કરે, કોઈ શત્રુત્વનો વ્યવહાર કરે, બધા પ્રત્યે એ સમાન છે. સમાજમાં રહેવું છે ત્યાંથી હટવું તો નથી એ તો પહેલાં જ કહી દીધું છે કે સમાજ પરાઙમુખતા-જીવન પરાંઙમુખતામાં ભક્તિની સંભાવના નથી. એમાં ભક્તિ થઈ શકતી નથી. કોઈ બનીઠનીને આવીને કહે કે અમે તમારા દુશ્મન છીએ અને કોઈ મિત્ર બનીને પ્રશંસા કરવા આવે એમની સાથે પણ એક જ પ્રકારનો વ્યવહાર છે. એમાં જરા પણ વિષમતા નથી. કોઈએ પ્રશંસા કરી તો એ તો મારો નિકટવર્તી છે અને બીજાએ દુશ્મની કરી તો એ મારો અંતેવાસી બની શકે નહીં એવી વાત એમના ચિત્તમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊઠતી નથી.

ઘરમાં દીપક જલી રહ્યો છે. કોઈ બહારથી આવે છે એને દીપક શું એવું કહે છે કે જે ઘરમાં છે એને જ હું પ્રકાશ આપીશ, જે બહારના છે એમનાં માટે મારો પ્રકાશ નથી ? ઘરના માટે પ્રકાશ વેરે અને બહારના માટે અંધકાર કરવાનું દીપક જાણતો નથી. કોઈએ વૃક્ષારોપણ કર્યું. વૃક્ષ મોટુ થયું, તો જેણે વૃક્ષારોપણ કર્યું છે એને જ વૃક્ષ પોતાની છાયા આપે છે એવું નથી. કોઈ કુહાડી લઈને પ્રહાર કરીને એની શાખાને તોડી નાંખે છે પછી એની છાયામાં જ બેસે છે વૃક્ષે તો ક્યારેય એમ નથી કહ્યું કે મારી શાખાઓ તોડીને મારી જ છાયામાં બેસે છે ? વૃક્ષે ક્યારે જોયું કે કોને મારી રોપણી કરી અને કોણ મને તોડવા આવ્યું. આવું અંતર વૃક્ષ રાખતું નથી એવી જ રીતે મારા પ્રેમી ભક્તના ચિત્તમાં કોણ એને મદદ કરે છે, ઉપકાર કરે છે અને કોણ એના પર અપકાર કરે છે એ જોવાની ગુંજાયશ નથી. કોઈપણ પ્રકારનું વૈષમ્ય ત્યાં નથી એ ભાવાર્થ છે. મધુરાદ્વૈતની પરમાવધિ મહારાજ કરી રહ્યા છે.

શેરડીનો સાંઠો છે જેણે પાણી પીવડાવીને શેરડીની ખેતી કરી. તો શું શેરડી પોતાનું પાલનપોષણ કરનારાને મધુર રસ આપે છે અને જે શેરડી પીલે છે એના માટે પોતાના રસને કડવો બનાવે છે ? રસ કાઢવા માટે એને પીલનારને પણ એ તો મીઠો જ રસ આપે છે. આ શેરડીના સાંઠાથી શું મારો ભક્ત કાંઈ કમ છે ? એ તો ઈક્ષુદંડ જેવો શત્રુ-મિત્ર પ્રત્યે સમાન વ્યવહાર કરે છે. જે વેચાણ કરે છે વ્યાપાર કરે છે એમને તો ગ્રાહકોની સાથે મીઠી વાત કરવી પડે છે. અહીં બાહ્ય ઉપચારની વાત નથી અંતરના ઉન્મેષની વાત છે. અંદરથી જે ઉદ્‌ગાર નીકળે છે અને જે વ્યવહાર સ્ફુરે છે એની વાત છે. બાહ્યોપચારની લૌકિક વાતો અહીં થઈ શકતી નથી. આ તો શાસ્ત્રીય ગ્રંથ છે. અધ્યાત્મ પરનો ગ્રંથ છે.

શત્રુ અપમાન કરશે- મિત્ર સન્માન કરશે. બંનેનો વ્યવહાર જોવા સમજવા છતાં માંન-અપમાનની ક્ષણોમાં શત્રુ અને મિત્ર પ્રત્યે એમનો ભાવ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સમાન રહે છે. ત્રણે ઋતુઓમાં ગગન જેમ સમાન ભાવથી રહે છે. એવી રીતે માન-અપમાનમાં એમનું ચિત્ત સમાન રહે છે. શીતોષ્ણાદિ જે પ્રાકૃતિક દ્વન્દ્વ છે એ દ્વન્દોના સમયે એમના ચિત્તની સમાનતા ચલિત થતી નથી. દક્ષિણ અને ઉત્તર તરફથી વહેવાવાળા પવન પ્રત્યે મેરુ જેવો મધ્યસ્થ ભાવ ધારણ કરીને ઊભો છે. દક્ષિણ ઉત્તરના પવનથી એ વિચલિત થતો નથી. અનુકૂળ પ્રતિકૂળ ભાવ ઊઠતો નથી. એવી જ રીતે સુખદુઃખ પ્રાપ્ત થાય તો પણ એમનો મધ્યસ્થ ભાવ છૂટતો નથી.

સૃષ્ટિ નિરીક્ષણની જ્ઞાનેશ્વરની દૃષ્ટિ અદ્‌ભુત છે. એમાંથી એમની ઉપમાઓ તથા દૃષ્ટાંત ગંગાના પ્રવાહ જેવા વહેતાં વહેતાં ચાલ્યા આવે છે.

પૂનમની રાત્રિ હોય ,શરદઋતુનું સ્વચ્છ શીતળ ગગન હોય અને ચંદ્રમાની જ્યોત્સ્ના વરસતી હોય (જે રાત્રે ફરવા નીકળતા હોય અને એની જ્યોત્સ્નામાં સ્નાન કરતા હોય એ જ ચંદ્રની મધુરતાના સ્પર્શનું માધુર્ય જાણે) તો ચંદ્રમાની ચંદ્રિકા રાજા અને રંક માટે સમાન રૂપથી વરસે છે. ત્યાં કોઈ વૈષમ્ય ભાવ નથી એવી જ રીતે મારો ભક્ત સકળ ભૂતો માટે સમભાવી હોય છે. મનુષ્ય સમદર્શન સુધી તો જાય છે પરંતુ સમવર્તન નથી થતું. સામાન્ય સંસારી અને ભક્તમાં આ જ અંતર છે. જેનાથી કાંઈ પ્રાપ્ત થવાનું હોય, પૈસા મળવાના હોય , કોઈ સુવિધા-સુરક્ષા મળવાની હોય એની સાથે આપણો એક પ્રકારનો વ્યવહાર છે. આપણી વાતચીત - ઊઠવું- બેસવું , કેટલું મુખ ખોલીને હસવું આ બધું જ Investment છે. જેની પાસેથી કંઈ જ મળવાનું નથી. એની સાથે બીજા પ્રકારનો વ્યવહાર છે. તમે જરા અંતર જોઈ લેજો. કોની સામે કેવળ હાસ્ય જ કરવું છે. કોની સામે કેટલું વધારે હસવું આ બધાં જ હિસાબ થાય છે.

જિન ખોજા તીન પાઈયાઁ ગહરે પાની પૈઠ,
મૈં બોરી ઢૂંઢન ચલી રહી કિનારે બૈઠ !

આપણે જીવનના કિનારે બેસીને હિસાબ લગાવીએ છીએ કે આમ કરવાથી શું થશે ? આ ન કરવાથી શું થશે ? અહી તો જીવનારાની વાત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાલી રહી છે. જોનારાની નહીં. સકળ ભૂતો સાથે એમનો વ્યવહાર સમાન છે, એમનો જે સંગ વિવર્જિત સમવ્યવહાર છે. એનું પરિણામ શું થાય છે, તે કહે છે.

આખા જગત માટે પાણી સેવ્ય બની ગયું છે. આંખોમાં જાય તો પણ એ પ્રહાર નથી કરતું. ધીરે ધીરે એક એક બુંદ ટપકતું રહે તો પર્વતની શીલાઓને પણ તોડી નાંખે છે, પરંતુ પ્રહાર વગર તોડે છે. આખો સંસાર પાણી માટે તરસતો રહે છે. એ આક્રમક કે પ્રહારક નથી, સંજીવનકર્તા છે. -જીવન આપે છે, શીતળતા આપે છે. જેવી રીતે પાણી માટે વિશ્વ તરસે છે તેવી જ રીતે મારા ભક્ત માટે-એના સહવાસ-સાંનિધ્ય માટે લોકો તરસે છે. ત્રૈલોક્યમાં આકાંક્ષા રહે છે કે આવા સંતનો સંગ અમને મળે. ભક્તે અંતર્બાહ્ય સંગ છોડી દીધો છે. 'બાહ્ય' એટલે પદાર્થોનો સંગ છોડી દીધો છે 'સંગ' એટલે....

संगात् संजायते कामः कामात् क्रोधोभिजायते ।
क्रोधात् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रम : ॥

પોતાનું સ્વરૂપ શું છે તે જાણવાને કારણે, આત્મરૂપનો પરિચય થવાને કારણે એ વ્યક્તિના ચિત્તમાં સ્થૂળ પદાર્થોનો, પાંચમહાભૂતોનો, કોઈપણ વૃત્તિનો સંગ રહ્યો નથી. એ વાસ્તવિક રીતે એકાકી બની ગયો છે. હું જેવી રીતે એક છું અને મારી એકતામાં રમમાણ રહું છુ તેવી રીતે મારો ભક્ત અંતર્બાહ્ય સંગ છૂટી જવાને કારણે, પ્રવૃત્તિ નિવૃત્તિનો પણ સંગ છૂટી જવાને કારણે સંગરહિત બની ગયો છે. લોકોનો, પદાર્થોનો, સંગ છૂટવો એ તો સ્થૂળ વાત છે. સામાન્ય વ્યક્તિ પણ છોડી શકે છે. ઘરબાર-રાજપાટ તો છૂટી શકે છે પરંતુ વિચારો, પોતાના મૂલ્યો, વૃત્તિઓ,સ્મૃતિ, ભૂતકાળનો સંગ, 'જે નથી' એ ભવિષ્યનો સંગ છોડવો દુષ્કર છે. આપણાથી એકાકી થવાતું નથી અને એ એકાકી વિચરે છે.

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनामप्राप्य विमुह्यति ।
स्थित्वास्याम् अन्तकालेऽपि ब्रह्म निर्वाणमृच्छति ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અહીં બ્રાહ્મી દશાની વાત ચાલી રહી છે. બીજા અધ્યાયમાં આ દશાનાં લક્ષણ બતાવતાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે એ, વૃત્તિ-ઈન્દ્રિયો-આકાશથી પણ જોડાયેલો નથી. ગગનનું જે પ્રાવરણ છે એ પણ ત્યાં હટી ગયું છે. એવો નિતાન્ત એકાકી છે. જે પોતાની એકતામાં રમમાણ રહે છે. એ એકાકી 'Alone' શબ્દનો અર્થ સમજી લેજો, 'એકાકી' શબ્દનો અર્થ ઘણો ગંભીર છે. જ્યાં બીજાના સંગની, સહવાસની અપેક્ષા છે અને એ અપેક્ષા પૂરી નથી થતી ત્યાં એકલવાયાપણું ઉદ્‌ભવે છે. બીજાના સંગની ઈચ્છા આકાંક્ષા- ભાવનાઓ માટેની આવશ્યકતા જણાય ત્યારે મનુષ્ય એકલવાયાપણું સંવેદે છે. Loneliness અને Aloneness બંનેનો ફરક અહીં સમજવાનો છે. શરીરમાં આટલી ઈન્દ્રિયો વચ્ચે -સોળ હજાર એકસો આઠ વૃત્તિઓની વચ્ચે રહેતા એ એકાકી છે. હું પણ એકાકી છું અને એ પણ એકાકી છે એટલે એ મને પ્રિય છે. વિશ્વાકાર થવા છતાં મારું એકાકીપણું-એકતા ક્યાય ખંડિત થતી નથી. કારણે કાર્યરૂપ ધારણ કર્યા છતા કારણ અધિકૃત રહી ગયું છે. આ વેદાંતનો મૂળ સિદ્ધાંત છે. એને ઘણી ચતુરાઈથી મહારાજ અહીં મૂકે છે. કારણ કાર્ય બની ગયું એટલે એમાં કોઈને કોઈ વિકૃતિ આવી હશે, કોઈ વિસ્તાર થયો હશે પરંતુ કારણનો વિસ્તાર નથી. એકતા અનેકતા બનવા છતા એનું પ્રમાણ વધ્યું નથી. એનો આશય બદલાયો નથી. એ શબલ બ્રહ્મ પણ નથી બન્યું કે માયારૂપ પણ નથી થયું. જ્યાં જ્ઞાનદેવ ઊભા છે ત્યાં માયાવાદ -વિવર્તવાદની કોઈ પહોંચ નથી. પાંચમહાભૂતોનો જ નહી તન્માત્રાઓ સાથેનો સંગ પણ છુટી ગયો છે. ક્યાંય મમત્વ કે અહંભાવ નથી એટલે એ મારા જેવો નિતાંત એકાકી છે. The Divine Aloneness એમાં વ્યક્ત થવાની ગુંજાયશ રહી નથી. વ્યક્તિકરણ થાય છે એ દશા અલગ છે. અહી જે બિંદુ છે એ કોઈપણ કલાને ધારણ કરી શકે નહી એવી અવસ્થામાં એમનું ચિત્ત પહોંચી ગયું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અત્યંત સુંદર રીતે પોતાની જ કાયામાં પોતાના જ અસ્તિત્વમાં એ સમેટાઈ ગયો છે. લોકોને દેહ, ઈન્દ્રિય સાડા ત્રણ હાથની કાયા પોતાના જેવી જ દેખાય છે. બોલવાનું- ચાલવાનું પણ એવું જ લાગે છે પરંતુ અંદર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ સમેટાઈ ગયો છે. એ તો પોતાની આત્મસત્તામાં બેઠો છે.

વિનોબાજીની પાસે અનેક લોકો જતા હતા. પોતાની આદત અનુસાર એ વિનોબાજીને પૂછતા. તમે કોણ છો? બ્રાહ્મણ છો? ક્ષત્રિય છો? બ્રાહ્મણ છો તો કેવા બ્રાહ્મણ છો ? પૂછયુ કે તમે દેશસ્થ કે કોંકણસ્થ બ્રાહ્મણ છો? વિનોબાજી તો વિનોબાજી હતા. એમણે કહ્યું કે હું દેશસ્થ નથી. દેશમાં રહેવાવાળો નથી, કાયસ્થ નથી. કાયામાં રહેવાવાળો નથી. હું તો આત્મસ્થ છું ! આવી બ્રાહ્મણની જાતિ તો પૂછનાર ભાઈએ સાંભળી નહોતી બિહારના દરભંગા જિલ્લામાં પદયાત્રા ચાલી રહી ત્યારની આ વાત છે. વિનોબાજી વિલક્ષણ વિનોદી પુરુષ હતા. જેટલા ગંભીર એટલા વિનોદી! આંખમાં વિનોદી વૃત્તિની ચમક આવી અને અમારી તરફ જોઈને કહેવા લાગ્યા કે હું આત્મસ્થ છું. એ આત્મસ્થ હતા. એ ખુમારી પણ હતી એ જ રીતે જીવ્યા અને એ જ રીતે ખુમારીથી બ્રહ્મ નિર્વાણ શું છે એ આપણને દેખાડીને ગયા. શરીરને કેવી રીતે છોડાય છે મૃત્યુને કેવી રીતે મળાય છે એ એમણે દેખાડ્યું.

तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नर : ॥
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्धाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रिया : ॥

ભક્ત એકાકી હોવાને કારણે પોતાની જ સત્તામાં પોતાને સમેટીને બેઠો છે. આવો ભક્ત મને ઘણો પ્રિય છે. કોઈ નિંદા કરે છે તો એનો એ સ્વીકાર કરતો નથી. એક સંતની પાસે કોઈ મનુષ્ય ગયો હતો એણે સંતની ઘણી જ નિંદા કરી , સંતે બધુ જ સાંભળી લીધુ પછી ઘણી જ શાંતિથી પૂછયુ 'મહાશય તમે કોઈને કોઈ વસ્તુ આપો, એ વ્યક્તિને એ વસ્તુ લેવાની ઈચ્છા ના હોય તો એ વસ્તુ તમને પાછી આપી દે ને ? એ માણસે કહ્યું 'હા,ના લેવી હોય તો પાછી જ આપે ને ! " સંતે કહ્યું કે અર્ધા કલાક સુધી તમે જેટલી વાતો કરી છે એ બધી જ પાછી લઈ જાવ. નિંદાનો જ્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વીકાર કરો છો ત્યારે જ ચિત્તમાં કલેશ ઉઠે છે. નિંદાનો સ્વીકાર કરો અને પછી કહો કે એણે તો મને આટલું બધું કહ્યું એવો તો હું નથી તો પણ એણે એવું કેમ કહ્યું ? અહીં કલેશ પેદા કરવાની વાત છે. પ્રતિવાદ કરવા જાવ કે તમે જુઠુ કહી રહ્યા છો તો એટલો સમય એટલી શક્તિ શું કરવા ખર્ચ કરવી? મિથ્યાનો પ્રતિવાદ કરવામાં માલ શું છે ? સ્વીકાર ન કરો. સ્વીકાર ન કરવા જેવો કોઈ પ્રતિવાદ નથી. એના જેવો કોઈ પ્રતિકાર નથી. ભક્ત પાસે નિંદા કરનારો આવે, નિંદા કરે એ સાંભળી લેશે પરંતુ સ્વીકાર નહીં કરે. કોઈ સ્તુતિ કરે એવી ઈચ્છા પણ એ રાખતા નથી. જ્યારે એવી ઈચ્છા રહે છે ત્યારે જ નિંદાથી દુઃખ થાય છે. કોઈ આપણા વખાણ કરે, આપણને સારા કહે આપણને સ્વીકારે ,કેટકેટલી આકાંક્ષા આપણા ચિત્તમાં હોય છે! કોઈ સ્વીકાર ન કરે, કોઈ તમારું સારુ ન બોલે ભલેને એવું કરે. પ્રભુ તમારાથી પ્રસન્ન છે એટલે તો તમને જીવવા દે છે. પ્રભુની પ્રસન્નતા છે. પ્રભુએ સ્વીકાર કર્યો છે પ્રભુના સ્વીકારને કેમ મહત્વ આપતા નથી ? પરંતુ મનુષ્ય સ્તુતિની ઈચ્છા રાખે છે. નિંદાનો સ્વીકાર ન કરવાની તિતિક્ષા ચિત્તમાં નિર્માણ થવી અને સ્તુતિની ઈચ્છા ન રહેવી એ ભક્તિની મોટી ફળ શ્રુતિ છે.

આપણા જીવનમાં એ નથી તો આપણે પોતાને કમ સે કમ સાધક-જ્ઞાની-ભક્ત કહેવડાવવાનો ભ્રમ છોડી દઈએ. અધ્યાત્મ વિજ્ઞાન છે. એમાં બેમાં ત્રણ મેળવો અને પાંચ ન બને એ થઈ શકતું નથી. એવી રીતે જો અભ્યાસ હોય અને આ પ્રકારનો વૈરાગ્ય હોય તો આ નિષ્પત્તિ થવી જોઈએ. આ નિષ્પત્તિ ન થઈ તો સમજી લેવું જોઈએ કે ભક્તિના નામે આત્મછલના છે, આત્મ પ્રવંચના-જન પ્રવંચના છે. આકાશને કોઈપણ પ્રકારનો લેપ થઈ શકતો નથી. થાય કે ચાલો આકાશને તિલક કરીએ આકાશમાં -સઘનતા કે આકાર નથી એટલે એને લેપન થઈ શકતું નથી. એવી જ રીતે આકાશવૃત્તિમાં રહેનારાને નિંદા અને સ્તુતિનું લેપન કેવી રીતે થઈ શકે ? ચિત્ત આકાશસ્થ છે એટલે શૂન્યમાં મસ્ત છે, એકાકી છે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંતર્બાહ્ય સંગ છૂટી ગયો છે. શૂન્યાકાર વૃત્તિ છે એટલે નિંદા સ્તુતિનો સ્પર્શ એમને થતો નથી. આવો મારો પ્રેમી ભક્ત છે. નિંદા અને સ્તુતિને એણે એક જ પંક્તિમાં બેસાડી દીધા છે એટલે પ્રારબ્ધ અનુસાર ઘોર જનસંપર્કમાં રહેવાનું બને કે વિજનવાસમાં રહેવાનું બને એની નિષ્કલંક અવસ્થા અક્ષુણ્ણ રહે છે,

બધાને એકાતમાં, સુંદર વન -ઉપવનમાં, કુટીમાં રહેવાનું મળતું નથી. રમણ મહર્ષિને સ્થાન છોડવું પડ્યું નથી. આ ભાગ્ય બધાને નથી મળતું. દેહ પ્રારબ્ધ એક સ્વતંત્ર વસ્તુ છે દેહ પ્રારબ્ધને કારણે એ જનમાં કે વનમાં જેવી રીતે પ્રાણતત્ત્વ નિઃસંગ બનીને શુદ્ધ-અશુદ્ધ સ્થાનોમાં વિચરે છે એ રીતે આ વ્યક્તિ પોતાની શુદ્ધિને-ચિત્તની બોધરૂપ કેવળી અવસ્થાને, નિષ્કલ અવસ્થાને અક્ષુણ્ણ રાખીને જનમાં કે વનમાં વિચરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તા. ૧૯-૧૨-૮૬

સવાર ૮-૩૦

૧૪મીથી આપણે બધાં શ્રીમતી ભગવતી જ્ઞાનેશ્વરીનો સ્વાધ્યાય કરવા બેઠા છીએ.આ સામુદાયિક સ્વાધ્યાય છે. કથા નથી. કથા કરવાનો મારો વ્યવસાય નથી. અર્બુદાચલ પર કેટલાક ગંભીર જીવનસાધકો સાથે આ સ્વાધ્યાય વર્ષોથી ચાલતો આવ્યો છે. આબુથી બહાર સ્વાધ્યાય થયો હોય તો તે આઠ વર્ષ પહેલાં અમદાવાદ શહેરમાં થયો હતો. કલકત્તા શહેરમાં સ્વામી અખંડાનંદ સરસ્વતીજીની ઇચ્છાથી આ અધ્યાયનું પારાયણ થયું હતું અમારા આપ્ત શ્રી વસુભાઇ તથા એમના ધર્મપત્ની ચંદ્રાબહેન પારેખ સાથે ત્રીસ વર્ષથી સ્નેહસંબંધ છે. મુંબઇ હોય કે ભાવનગર હોય એમનું ઘર અમારું નિવાસસ્થાન બની ગયું છે. એમની ઇચ્છાને કારણે ભાવનગરીમાં આ સ્વાધ્યાય થયો. એનો કોઇ એવો અર્થ ન કરે કે સૌરાષ્ટ્રના નગર નગરમાં આ રીતે કયારેય સ્વાધ્યાય થશે. આ તો અપવાદરૂપ ગણાય. આ રીતે છબી રાખવી, વિધિવત્ પારાયણ કરવું વારકરી સંપ્રદાયની આરતીઓ ગાવી એ અમારી જીવનશૈલી નથી, પરંતુ એનો નિષેધ પણ અમારા ચિત્તમાં નથી. એટલે સ્વાધ્યાય નિમિત્તે જો આ કરવાનું રાખ્યું જ છે તો એનાં વિધિ-વિધાનને જેટલાં સંભાળી શકાય તેટલાં સંભાળીને એ કર્મ કરવામાં આવી રહ્યું છે. પહેલે દિવસે જે કહ્યું તે અંતિમ દિવસે પણ કહું છું. વિમલબહેનના જીવનમાંથી સમજથી કે સંસ્કારોમાંથી જ્ઞાનેશ્વરીમાં કહેવાયું છે એવું માનીને જોવાની ચેષ્ટા કોઈ કરશો નહીં. અહી જે પૌરાણિક ઉલ્લેખ આવે છે એ બધું જ બહેનને માન્ય છે એ સમજવાનો કે એવો ભ્રમ સેવવાની કોશિશ પણ કોઇ ન કરે. જ્ઞાનેશ્વરી એક સ્વતંત્ર વસ્તુ છે. આઠસો વર્ષ પહેલાં ચેતનાનો એક આયામ એક બાલયોગીની વાણીમાં નિર્દેશિત થયો. આ વારકરી સાંપ્રદાયિક ગ્રંથ નથી. એક ક્રાંતિકારી કવિનો, સાહિત્યકારનો અને યોગીભક્તનો આ ગ્રંથ છે. ભક્તિના નામથી એક નવી જ ચેતનાનો આયામ મહારાજે બતાવ્યો છે. જે ચેતનાના કેન્દ્રમાં અહં નામનું બિંદુ ન હોય. જેમની ચેતના આશાપાશથી સર્વથા મુક્ત થઈ છે જે ચેતનામાં અહંભાવનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બિંદુ રહ્યું નથી. એવી એક ચેતનાનો આયામ શબ્દબદ્ધ કરી આપણી સમક્ષ મુકવામાં આવ્યો. આધુનિકતમ વીસથી શતાબ્દીના અંતિમ ચરણમાં જ્યાં સુધી મનોવિજ્ઞાનના તજજ્ઞો આ સંસારમાં પહોંચ્યા છે. પદાર્થ વિજ્ઞાનવેત્તા આજે જ્યાં આવીને ઊભા છે એ બિંદુની વાત, આઠસો વર્ષો પહેલાં એ બાલયોગીએ લખી છે. એથી આ ગ્રંથનું આકર્ષણ અમારા ચિત્તમાં છે. Transcending Self Consciousness એ આજનો પડકાર છે. જેનો સામનો આજે પશ્ચિમના દેશોમાં શોધક લોકો કરી રહ્યા છે કેવળ આટલી જ ચેતનાના આયામની વાત હોત તો હું સ્વજનો કે જીવન સાધકોની સમક્ષ ન મૂકત. એની સાથે સાથે એ પણ છે કે સાધનાથી, અભ્યાસથી આ આયામ સિદ્ધ થયા પછી માનવીય સંબંધોમાં જે જીવનચર્યા જોવા મળે છે એમાં આ નવા આયામના સ્પંદન જોવા મળે છે, એનું પણ અત્યંત મનોજ્ઞ વર્ણન-વિવરણ રાખ્યું છે. ચેતનાનો આયામ અને આયામની ઉપલબ્ધિથી થનારા ગુણધર્મોનું પરિવર્તન અને એ પરિવર્તનની જીવનના સંબંધોમાં અભિવ્યકિત દેખાડી છે. માનવીય સંબંધોમાં જ ભક્તિ જીવી શકાય છે. સંબંધ મુક્તિને ઉપલબ્ધ કરવાના અવસર છે, સંબંધ આત્મજ્ઞાન અને આત્મબોધ પામવા માટેના અવસર છે. આ ક્રાંતિકારી વાત જ્ઞાનેશ્વર મહારાજે કહી છે. જે આપણને સંત એકનાથ અને તુકારામની વાણીમાં જોવા નથી મળી. આયામની સિદ્ધિના સંકેત ભલે એમની વાણીમાંથી મળતા હોય, પરંતુ સાધકો માટે માર્ગ અથવા સોપાનનો ત્યાં નિર્દેશ નથી. એ નિર્દેશ જ્ઞાનેશ્વરીમાં છે એટલે આ ગ્રંથ તમારી સામે જેટલી સમજ છે -શક્તિ છે. જીવનમાં જ્યાં પહોંચી છું એ બિંદુ પરથી કહી છે અને કહેવાશે. જ્ઞાનકાંડ અધ્યાયના ઉત્તરાર્ધમાં આવ્યો છે એના ઉપસંહારનો પ્રારંભ થશે અને બપોરે એની પૂર્તિ થશે...જ્ઞાનેશ્વરી સ્વાધ્યાય પાછળની દૃષ્ટિ સ્પષ્ટ કરી દઉં. વક્તા વારકરી સંપ્રદાયની વ્યક્તિ નથી. એના ગળામાં તુલસીની માળા તમે જોશો નહીં. મંદિરોમાં જતા પણ કોઈએ જોઈ નહીં હોય. મારી સાથે રહેનારા સાધકોને તમે જ્ઞાનેશ્વરી ગ્રંથ વાંચો, એમની છબી રાખો અને આરતી ઉતારો આવું કહેતા કોઈએ સાંભળ્યું નહી હોય. તો પણ આ ગ્રંથ વાંચવાનું થાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે-બહુજન સમાજને ભક્તિ શું છે એ સમજવાની નિતાન્ત આવશ્યકતા છે. ભક્તિનું સત્ત્વ ગળાની તુલસીની માળામાં નથી. લલાટના ચંદન તિલકમાં નથી, નાચવા કૂદવા-ગાવામાં નથી. એ સત્ત્વ ક્યાક બીજે જ છે. ચેતનાના આયામના પરિવર્તનનો વિષય ભક્તિ છે. કેવળ જ્ઞાન નહીં. જ્ઞાનથી પણ ગુણ-પરિવર્તન કે જીવનચર્યાનું પરિવર્તન નથી થતું. 'જ્ઞાન' શબ્દનો વિલાસ છે- આત્મવંચના છે. એવી જ રીતે ભક્તિ કેવળ ભાવનાઓનો વિલાસ-વિહાર નથી. એની પાછળ આત્મતત્વ અને પરમતત્વની ઓળખાણ છે. આ ઓળખાણને કારણે મનુષ્યમાં આવેલું પરિવર્તન એ ભક્તિ છે. જ્ઞાનેશ્વરની આ વાતને આપણે હૃદયમાં ધારણ કરીએ. છ દિવસ ભજન ધૂન જ્ઞાનેશ્વરની ઓવીઓ સાંભળવામાં આનંદ આવ્યો ત્યાં સુધી એ સીમિત ન રહે. પઠન પાઠન અને સ્વાધ્યાય દૈનિક જીવનમાં પોતાના કર્મની ગુણવત્તામાં ક્રાંતિ લાવવા માટે છે. જો સ્વાધ્યાય એ માટે કારણભૂત નહી થાય તો ચારસો-પાંચસો લોકોને એક મનોરંજન અને બુદ્ધિરંજનનો અવસર વિમલબેને આપ્યો એવી છીછરી વાત થઈ જશે. ત્યાં એને ન રાખતાં ઊંડાણમાં એને લઈ જાવ. આ પ્રાર્થના સાથે આજના વિષય પર આપણે જઈશું.

મારો યોગી ભક્ત છે એના ચિત્તમાં એવો આગ્રહ નથી કે જે સત્ય હું સમજ્યો છું એને બધાની સામે રાખું. સત્યને શબ્દ દ્વારા અભિવ્યક્ત કરવાનો આગ્રહ નથી. સંકલ્પની સિધ્ધિ હોવા છતાં યોગી અને ભક્તના સંકલ્પ કેવી રીતે સિદ્ધ થાય છે એનું જનતાની સામે પ્રદર્શન કરવાની ઈચ્છા ત્યાં નથી. મિથ્યાનો બોધ કેવી રીતે થયો છે એનું આગ્રહપૂર્વક પ્રતિપાદન કરવાની ત્યાં કોઈ ઈચ્છા નથી.

મૌનનો અર્થ કેવળ કાયિક-વાચિક મૌન નથી. કાયિક વાચિક મૌનનો અભ્યાસ તો કરવાનો જ હોય છે. વૈખરી વાણીનું મૌન ધારણ કરવું પડે છે. અરે ! એક બે દિવસ જ વૈખરી વાણીનું મૌન ધારણ કરો છો અને કાયાને એકાંતરૂપી મૌન આપો છો તો જીવ તરફડવા માંડે છે. શબ્દ સાંભળવાનું, શબ્દ બોલવાનું પોતાની અંદર ઊમટતી વૃત્તિઓને વ્યક્ત

Dr. Urmila Sharma Collection, Varanasi.

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવાનું વ્યસન છે. વાણીથી બોલાય નહીં તો આકુળતા-વ્યાકુળતા ઘેરી લે છે. રૂપ જોવાનું, શબ્દ સાંભળવાનું, ત્વચાથી સ્પર્શ કરવાનું, ક્રિયા-પ્રતિક્રિયાના આઘાત-પ્રત્યાઘાતનું એટલું જબરજસ્ત વ્યસન છે કે એના વગર રહી શકાતું નથી. ક્યારેક બાહ્ય મૌન સેવન, એકાંત સેવન કરીને જુઓ તો ખરા ! બાહ્યથી જ અંદર ગતિ થશે, અહીં મૌન એટલે કેવળ કાયિક વાચિક મૌન જ નહીં, એનાથી આગળની સ્થિતિની વાત છે. અહીં તો વેદપરક અર્થ છે. યોગી-ભક્તની સ્થિતિનો શબ્દોમાં સંકેત થઈ રહ્યો છે. સત્ય અને મિથ્યાના થયેલા બોધને શબ્દો, સંજ્ઞાઓ, અંગભંગી દ્વારા વ્યક્ત કરવાનો આગ્રહ નથી. નિવેદનનો જ આગ્રહ નથી તો પ્રતિપાદનનો તો ક્યાંથી જ હોય ? ક્યારેક પ્રસંગવશ સત્ય કથન કરવું પડે તો ઈન્દ્રિયો દ્વારા સત્ય કથન થઈ રહ્યું છે ત્યાં 'હું' કરી રહ્યો છું એ અભિનિવેશ નથી. અભિવ્યક્તિની, નિવેદનની, પ્રતિપાદનની ઈચ્છા નથી એ જ મૌનનો ગર્ભ છે. ચિત્તમાં સંકલ્પ-આગ્રહ-અભિનિવેશ નથી એવી મૌનાવસ્થામાં ચિત્ત પડ્યું છે પરંતુ પરિસ્થિતિવશ-પ્રસંગવશ જ્યારે સત્ય કહેવું પડે છે, મિથ્યાત્વનો બોધ કરાવવો પડે છે ત્યારે પણ એમાં પ્રતિપાદનનો અભિનિવેશ ન હોવાને કારણે, કર્તાભાવ ન હોવાને કારણે બોલીને પણ એમનું મૌન તૂટતું નથી. વૈખરી વાણીના દરવાજા પર આવીને ઊભા છે તો પણ મૌન સમાધિ તૂટતી નથી. સંકલ્પ વિકલ્પ મુક્ત વાણી ગંગાજળ જેવી અંતર્બાહ્ય નિર્મળ છે. બોલવા છતાં એ બોલતો નથી. એ તો મૌની થઈ ગયો છે ! 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું' (શ્રીમદ્ રાજચંદ્ર) જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં મુનિની અવસ્થા મૌનાવસ્થા છે. બાહ્ય મૌનથી પ્રારંભ કરો. પરંતુ બાહ્ય મૌન પર રોકાઈ ન જશો. એનાથી સંતુષ્ટ પણ ન થશો. વાણીનું મૌન લઈએ અને શરીરથી એટલા હાવભાવ કરીએ કે ઘરના લોકો એ જોઈને હેરાન પરેશાન થઈ જાય. અંદર બોલવાની ઊર્મિઓ ઊઠતી જ રહે ત્યાં મૌન નથી . પછી બહારનું મૌન એક તમાશો બની જાય છે. આગ્રહ બની જાય છે. મુનિ - મૌની કોને કહેવાય એ તરફ મહારાજ સંકેત કરી રહ્યાં છે. મૌન જેનું શીલ બની ગયું છે એ મુનિ છે. જેવી રીતે ગણિત અથવા પદાર્થવિજ્ઞાનમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુરેખતા, સ્પષ્ટતા, વિશદતા છે એ પ્રકારની અહીં નિશ્ચિત સુરેખતા છે. ત્રણમાં ચાર ઉમેરો તો સવા સાત નથી થતા સાત જ થાય છે. એવી જ રીતે અધ્યાત્મ વિજ્ઞાનમાં મૌનાવસ્થા ધારણ કર્યા પછી ચિત્તની સાથે, વૃત્તિઓની સાથે, વ્યવહારની બાબતમા શું થશે એનુ અત્યંત સુરેખ શબ્દાંકિત ચિત્ર આપણી સમક્ષ કવિરાજ જ્ઞાનેશ્વર રજૂ કરી રહ્યા છે.

સંકલ્પ-વિકલ્પરહિત અવસ્થામાં એક વિશેષ આનંદની ઉપલબ્ધિ છે. એમાં એ ડૂબેલો છે એ તો ઉન્મનીનો આનંદ છે. જાગ્રત-સ્વાન-સુષુપ્તિ ત્રણેને ઓળંગીને એ તૂર્યાવસ્થામાં પહોંચી ગયો છે. 'ઉન્મનિ ચે લાવણ્ય તૂર્યા ચે તારુણ્ય અનાદિ અગણ્ય તે પરમતત્વ' કર્તા, ભોક્તા, દૃષ્ટા ત્રણે ભાવોને ઓળંગીને એ ઉન્મનીમાં બેઠો છે. જ્ઞાનનાથ મહારાજે એક જગ્યાએ કહ્યું છે કે ઉન્મનીનું અપૂર્વ લાવણ્ય છે. તૂર્યાવસ્થાનું તારુણ્ય છે, એ ચિરષોડશી અવસ્થા કહેવાઈ છે, ત્રિપુરા રહસ્ય અને અષ્ટાવક્ર સંહિતાનું જેને અધ્યયન કર્યું હશે એને આ ત્રિપુરાશક્તિ એટલે કે ઉન્મની શક્તિ- જે ચિર ષોડશી છે એની ખબર હશે. ચિર ષોડશીની પૂજા એટલે સોળ વર્ષની તરુણીની પૂજા નહીં. એ તો ઘણું સ્થૂળ થઈ ગયું. જેને કોઈપણ પ્રકારના વિકારનો સ્પર્શ નથી. જાગ્રતિ-સ્વપ્ન-સુષુપ્તિનો પણ ત્યાં સ્પર્શ નથી, અનાદિ-અગણ્યના પરમસ્પર્શથી જે પૂનિત થઈ ચૂકી છે એવી ઉન્મનીની અવસ્થામાં મારો ભક્ત પડ્યો છે. ત્યાં સંકલ્પ વિકલ્પ ક્યાંથી ફરકે ?

પ્રેમવાલોને કબ વક્ત પૂછા, તેરી પૂજામેં અય મેરે ઉધો !
યહાં દમ દમ પે હોતી હૈ પૂજા, સર ઝુકાને કી ફુરસત નહી હૈ ।
યહ ભક્તિકી બાતે હૈ ઉધો, બંદગી તેરે બશકી નહી હૈ
યહાં સર દેકર હોતે હૈ સૌદે આશિકી ઈતની સસ્તી નહી હૈ ॥

અહીં તો શ્વાસનું લેવું અને શ્વાસનું વિસર્જન કરવું એ મહાપૂજા છે. તો મસ્તક નમાવવાની ફુરસદ અમે ક્યાંથી કાઢીએ ? આ રચના વૃંદાવનના મુસ્લિમ ભક્તની છે. ગોપીઓ ઉદ્ધવને કહી રહી છે, 'તમારા ચિત્તને વિદ્વતાનું લાંછન લાગ્યું છે, તમે શબ્દકોષમાં લખેલા શબ્દના અર્થને છોડી શકતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી. ભાવને તમે ધારણ કરી શકતા નથી. ભાવ જગતથી તમારી ઈન્દ્રિયોને તમે પ્રક્ષાલિત કરી શકતા નથી. હે ઉદ્ધવ ! તમે ભક્તિ શું જાણો ?'

સંકલ્પ -વિકલ્પ રહિત અવસ્થા ભક્તને બ્રાહ્મીદશામાં લઈ ગઈ છે. ઉન્મનીનો કેવળ લૌકિક અર્થ ન કરશો કે એમનું તો મન જ ઉન્મન થઈ ગયું છે ! પદાર્થનું ઊર્ધ્વારોહણ અને દિવ્યતાનું અવતરણ આ બંને એક જ છે. પ્રારબ્ધવશ કોઈ લાભ થયો તો એનો કોઈ વિશેષ હર્ષ નથી. લાભ નથી થયો તો કોઈ પ્રકારની ખિન્નતા નથી. વર્ષા ન થાય તો સમુદ્ર સૂકાતો નથી, એવી જ રીતે ભક્તને બહારથી કાંઈ ન મળે તો ખિન્નતા નથી, મારી પાસે આ નથી -પેલું નથી એમ અભાવનો ખ્યાલ આવે છે ત્યારે જ ખિન્નતા આવે છે. એમની પાસે લાભ અલાભની ભાષા જ નથી જે પરમધન છે.તે મળી ચૂક્યુ છે. 'રામરતન ધન એ મેળવી ચૂક્યો છે.' જેવી રીતે સમુદ્ર વર્ષાની પ્રતીક્ષા કરતો નથી, વર્ષા આવવાથી આનંદ પ્રગટ કરતો નથી તેવી જ રીતે મારા યોગી ભક્તનું ચિત્ત ઉન્મનીનો આનંદ લૂંટતાં થાકતું જ નથી, આવો મારો ભક્ત મને અત્યંત પ્રિય છે.

આકાશ વાયુનું નિવાસસ્થાન છે. આકાશથી સંકીર્ણ રહેવાનું સ્થાન વાયુએ બનાવ્યું છે કે ? આ મારું સ્થાન છે એવું વાયુએ ક્યારેય કહ્યું નથી. આ મારું રૂચિકર સ્થાન છે, અહીં પુષ્પોની સુગંધ છે, સૌરભ છે એટલે હું અહીં રોકાઈ જઉ એવું વાયુએ ક્યારેય કહ્યું નથી. સુગંધિત સ્થાન હોય કે દુર્ગંધિત સ્થાન હોય એ તો વહેતો જ રહે છે, 'વહેતું જળ ભલું અને ચલતા સાધુ ભલા' કહેવાય છે. 'અનિકેત' એટલે આ મારુ નિકેત છે એવી ભાવના જેના ચિત્તમાં નથી. એનો અર્થ એ નથી કે યોગીભક્ત હોય તે પોતાનું બિછાનું લઈને ફરતા જ રહે, આ મારુ નિકેતન છે, એવો ભાવ નથી. સંપૂર્ણ આકાશ વાયુનું સ્થાન છે એવી જ રીતે વિશ્વ-બ્રહ્માંડ એ મારો નિવાસ છે, (વિશ્વથી નાનો નિવાસ નથી.) નિવાસની ભાષા પણ બોલવી પડે છે. કારણ કે દેહમાં અવતરણ થયું છે. દેહને આશ્રય જોઈએ. માથા પર છાપરું, પહેરવા માટે વસ્ત્ર અને ખાવા માટે અન્ન જોઈએ, એટલે નિવાસની ભાષા આપદ્ધર્મને કારણે બોલવી પડે છે. એ સ્વધર્મ નથી,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમનું ચિત્ત કોઈપણ સ્થાન વિશેષ ,કાળ વિશેષ, દેશ વિશેષ માટે 'આ મારું' એવો ભાવ ધારણ કરતું નથી. વૃક્ષ જેવી રીતે પોતાને ધરતીમાં સ્થિર કરે છે એવી રીતે આ મારા સ્વજન છે પરિવાર છે કહીને પોતાને દેશ-કાળ-વ્યક્તિ-વિશેષમાં, પરિવેશ-વિશેષમાં ઢાળી દેતા નથી. આમાં ભક્તિ નથી, ભક્ત માટે તો અંદરથી બધા જ સમાન થઈ ગયા છે. બહારથી ભલેને પરિજનોથી પરિવેષ્ટિત હોય. પોતાના ઘરમાં રહેતા હોય, પરંતુ એમના માટે એ પોતાનું ઘર નથી. એમનું ઘર તો આ બ્રહ્માંડ થઈ ગયું છે. જ્યાં ચિત્ત છે ત્યાં નિવાસ છે, દેહ તો પ્રારબ્ધવશ છે, ક્યાંક જનવાસમાં તો ક્યાં વિજનવાસમાં. એની ચિંતા નથી. આશ્રય ચિત્ત ગ્રહણ કરે છે, આસક્ત ચિત્ત થાય છે. ચિત્તથી જેનું નિદિધ્યાસન થાય છે, એનો સંગ છે. એમાં જ આસક્તિ અને વિરક્તિની સંભાવના છે,. ભક્તનું ચિત્ત તો સર્વવ્યાપી સર્વાકાર સર્વત્ર વિરાજમાન પ્રભુની સાથે જોડાયેલું છે એટલે ચિત્તનો નિવાસ ત્યાં છે, વાયુનું નિવાસસ્થાન આકાશ છે એવી રીતે ભક્તનું નિવાસસ્થાન પોતાના હૃદયાકાશમાં છે, જ્ઞાનેશ્વર યોગની પરિભાષાને છોડતા નથી અને લૌકિક ભાષાનો ઉલ્લેખ કર્યા વગર રહેતા નથી. બંનેને એક સાથે રાખીને ચાલે છે. અહીં જગતને વિશ્રાંતિસ્થાન કહે છે. જગત નિરંતર ગતિશીલ છે. એક પળ માટે પણ આ અશ્વત્થ સંસાર સ્થિર નથી, નિત્ય પરિવર્તનશીલતામાં એમને વિશ્રાંતિની અનુભૂતિ થઈ. એ સંસારની ગતિમાં જ પોતાની ગતિ મેળવીને ચાલે છે અને ગતિમાં જ સ્થિરતાની પ્રતીતિ છે,

આપણા માટે તો જગત બંધનરૂપ છે.'શું કરીએ ભાઈ ! સંસારમાં પડ્યા છીએ ! શું કરીએ, સમાજ તો આવું કહે છે !' જગત -સંસારમાંથી બંધન આપણે પેદા કર્યા છે અને સંસારને બંધનાપાદક માન્યો છે. એને અહીં કહે છે કે એ તો વિશ્રામસ્થાન બની ગયું છે. આ જગત તથા એની ગતિઓ ન હોત તો સ્થિતિ અને સ્થિરતાનું મહત્વ જ શું હતું ? વિપત્તિ-આપદા ન હોત તો સંપન્નતાની સંપદાની કિંમત શું હોત ? ભય, ઉદ્વેગરહિત દ્વંદ્વ નિર્મુક્ત ચિત્ત હોવાને કારણે આ જગત જ વિશ્રાંતિ સ્થાન છે.The movement of relationship become the event of relaxation

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંબંધોની બહાર વિશ્રામના સ્થાન શોધવાની જરૂર નથી, સંબંધોમાં જ વિશ્રાંત ચિત્તની અભિવ્યક્તિ છે. પહેલા નિવાસસ્થાન બતાવ્યું. હવે વિશ્રાંતિસ્થાન બતાવે છે. ચાર દિવસ ક્યાંક મહેમાન બનીને રહેવાનું થાય છે અને પાંચમે દિવસે જ્યારે ઘેર જઈએ છીએ ત્યારે કહીએ છીએ કે હાશ ! ઘેર આવી ગયા. અહીં બહારથી જે લોકો આવ્યા હશે એ ઘેર જઈને કહેશે કે 'હાશ' થઈ ગયું, હવે ઘેર પહોંચી ગયા, સ્વધામ-સ્વસ્થાન-સ્વગેહ પહોંચવાની એક માનસિક અનુભૂતિ થાય છે. જ્યારે ઘેર પહોંચવાનું થાય છે ત્યારે રગરગમાં એક પ્રકારની વિશ્રાંતિ અનુભવાય છે. અત્યંત સાધન સગવડવાળા મકાનમાં રહેવાનું થાય છે પરંતુ ખબર હોય છે કે આ બીજાનું ઘર છે એટલે બધી જ માનસિક અને રાસાયણિક System સંરક્ષણ માટે સજ્જ રહે છે, આ તો આપણું ઘર નથી આપણે અતિથિ છીએ. ભક્તના ચિત્તમાં અતિથિ ભાવ નથી. ચાર દિવસ માટે હું ધર્મશાળામાં આવ્યો છું ક્યારે આમાંથી મુક્ત થઈશ એ ભાવ ત્યાં નથી. તુકારામ કહે છે કે હે ભગવાન ! જેટલી વાર તારે ગર્ભાવાસ આપવો હોય તેટલીવાર આપજે. હું ગર્ભવાસથી ડરતો નથી. એનાથી ગળે પણ આવી જવાનો નથી. હું તો ત્યાં પણ સ્વરૂપના આનંદને જ પામીશ. આ વીરોની રસિકોની વાત છે, કાયરોની નહીં. દૃષ્ટાંત-ઉપમાઓને છોડીને જ્ઞાનેશ્વર સીધી વાત પર આવી ગયા. આ વિશ્વ જ મારું ઘર છે એવી એમની મતિ સ્થિર થઈ છે એટલે સર્વ પ્રત્યે એમને આત્મૌપમ્ય ભાવ આવી ગયો છે.

આપણી તો મતિ જ સ્થિર થતી નથી. બુદ્ધિથી વાત સમજાય છે પરંતુ ધારણા શક્તિનો વિકાસ અભ્યાસ, સ્વશિક્ષણ અથવા સાધનાથી આપણે કર્યો નથી. ધૃતિશક્તિ સિવાય સ્થિર મતિ થવાનું સંભવ નથી. આ સમજી લેવું જોઈએ. લોકો કહે છે કે અભ્યાસની કોઈ જરૂર નથી, શબ્દ સાંભળી લીધો અને પરિવર્તન થઈ ગયું. એવા કોઈ ભાગ્યશાળી હશે કે વાત સમજાઈ અને તત્ક્ષણ સંપૂર્ણ પરિવર્તન થઈ ગયું. એ સંભવિત છે, અસંભવિત નથી, એના દૃષ્ટાંત સંસારમાં જોવા મળશે. પરંતુ તમે અને હું તો સામાન્ય વ્યક્તિ છીએ ને ? આપણી સામાન્યતામાં જ પરિવર્તનનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સોપાન આપણે બાંધવું પડશે. અભ્યાસ કરવાથી શુભ સંસ્કારોનું સિંચન થાય છે. જે અશુભ છે એના પર પ્રહાર કરવાથી અશુભનું નિરાકરણ થતું નથી. શુભના સંસ્કારમાં જ અશુભનું નિરાકરણ છે,અંતમાં તો સંસ્કારોનો આધાર પણ છોડવો પડે છે. અહીં સ્થિરમતિ શબ્દ અગત્યનો છે. જેના ચિત્તમાં આ પ્રશ્ન ઉઠતો હશે કે વાત સમજાય છે અને કેમ થઈ શકતું નથી તો ભાઈ ! જીવવા માટે કેવળ બુદ્ધિ પર્યાપ્ત નથી. બુદ્ધિથી વાત સમજાઈ, કેમ જીવી શકતા નથી ? એવો પ્રશ્ન ઊઠે તો તેનો જવાબ કે જીવવા માટે ઈન્દ્રિયો પર સંસ્કાર કરવા પડે છે. આહારવિહારમાં સંસ્કાર કરવા પડે છે. એ કર્યા નથી એટલે સમજ ધારણ થતી નથી. ચિત્તની વૃત્તિઓને પણ સંસ્કારિત કરી નથી. સુસંસ્કૃત બનાવી નથી એટલે મતિ સ્થિર થઈ શકતી નથી. મતિ સ્થિર નહી થાય તો 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ 'જેવી સ્થિતિ થશે, સત્ય સમજવાને કારણે લૌકિક સંસારમાંથી રસ ઊડી જશે અને જે નવું છે. એને જીવી શકાશે નહીં.

ઉત્તર અમેરિકામાં કેલિફોર્નિયામાં ઓહાઈ નામનું ગામ છે. પોતાના જીવનના અંતિમ દિવસો કૃષ્ણજીએ ત્યાં વીતાવ્યા. મૃત્યુની અંતિમ ક્ષણ સુધી એ જીવ્યા. મૃત્યની ક્ષણ પહેલાં એ મરવાથી ડર્યા નહોતા. કોઈકે પૂછયું કે તમારો અંતિમ સંદેશ શું છે ? એમણે જવાબ વાળ્યો કે જે સત્ય સમજાયું છે એને સર્વાંગથી જીવો નહી તો સમજમાં આવેલું સત્ય જ તમારા સર્વનાશનું કારણ બની જશે. if you do not get anchored in the truth you understand the very truth may be the cause of your destruction. સત્ય સમજાયા પછી સંસારમાં રસ લઈ શકતા નથી અને સત્યમાં આપણા મૂળ નંખાયા નથી. મહારાજની 'સ્થિર મતિ' માટેની જે વ્યાખ્યા છે એ જેવી સમજાઈ તેવી તમારી સમક્ષ રાખું છું, 'જ્ઞાનેશ્વરી' ગ્રંથ મને અત્યંત પ્રિય છે કારણ કે એના એક એક શબ્દમાં મૂળગામી ક્રાંતિના સંકેત પડ્યા છે.

હે પાર્થ ! ચર-અચરમાં પ્રભુ જ વિરાજમાન છે એ તથ્ય એમની પકડમાં આવ્યું છે. ચર-અચરમાં આત્માની સત્તા છે. એ જ મારી અંદર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ છે, એટલે ચરાચર પ્રત્યે આત્મૌપમ્ય ભાવ આવી ગયો છે. સમદર્શન થઈ ગયું છે એટલે ચર અચર સાથે સમવર્તન થાય છે. આટલી ઉચ્ચ સ્તરીય એમની ચેતના થઈ ગઈ છે. સર્વવ્યાપ્ત એવા મુજ સ્થાનને એમણે નિજધામ બનાવ્યું છે. આટલું હોવા છતાં પણ મારું જે સગુણ -વિશ્વાકાર સ્વરૂપ છે, એના પ્રત્યે વિશેષ આસ્થા- વિશેષ પ્રેમ પ્રગટ કરે છે તેની સેવા કરે છે હે અર્જુન ! ભક્તોનું સ્મરણ હું મારા મસ્તક પર મુગટને સ્થાને રાખું છું, કેમ કે તત્ત્વરૂપથી ચેતનાની કક્ષાએ મારામાં અને એમનામાં કાંઈ અંતર રહ્યું નથી તો પણ હું જે વિશ્વરૂપે સગુણ થઈ ગયો છું. એના અનુસંધાને એ મને ભગવાન કહે છે અને પોતાને ભક્ત કહેવડાવે છે. પોતાના કર્મો દ્વારા મારી પૂજા કરે છે. સર્વ દૃષ્ટિથી કર્મને સંપૂર્ણ બનાવવા માટે અભિરત રહે છે. જાણે કે કર્મ સિવાય એમના જીવનમાં બીજી કોઈ વાત જ નથી. જે વ્યક્તિ સામે આવે છે એના સિવાય બીજુ કોઈ આરાધ્ય નથી. તન-મન-ધનથી, કાયા-વાચા-મનસા મારા સગુણ-સાકાર રૂપ પ્રત્યે આસ્થા પ્રગટ કરે છે એવા ભક્તોનું સ્મરણ મારા મસ્તકનો મુગટ છે.

જે પોતાનાથી શ્રેષ્ઠ છે એમની સામે નમ્ર થવું એમાં તો કઈ મોટી વાત છે ? એ તો સહજ પરિસ્થિતિનો દબાવ છે. શ્રેષ્ઠતાનો પરિચય છે. એટલે એમની સામે મસ્તક નમાવો છો. હવે અહીં પૌરાણિક વાત આવે છે. પુરાણો અનુસાર વિષ્ણુના ગુરુ શિવ છે અને શિવના ગુરુ વિષ્ણુ છે. એક પારસ્પરિક્તા છે. પ્રેમ સિવાય આ વાત સમજી નહી શકાય. ગંગાજળ એ વિષ્ણુ ચરણોદક કહેવાય છે. તત્ત્વનો ભાવ આ ઓવીઓમાં થોડો અલગ રાખ્યો છે. ઉપસંહાર કરતાં કરતાં પ્રેમની વાતો કરવા જ્ઞાનેશ્વર તૈયાર થયા છે. અહીં મસ્તકને ઉત્તમાંગ કહ્યું છે. ચરણ ધરતી પર છે, એ નીચે છે (એના પર પણ શ્લેષ છે. શ્લેષ ન કરે તો એ કવિ કેવો !) પોતે ગુરુ હોવા છતા પણ શિષ્યનું ચરણોદક મસ્તક પર ધારણ કર્યું છે એવા શિવ જ ભક્તિનું રહસ્ય જાણે છે, શિવ તો વેદબાહ્ય દેવતા છે. એના માટે તમને ઇતિહાસમાં કોઈ આધાર મળતો નથી, આધાર દત્તાત્રયનો મળે છે, પરંતુ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આદિનાથ શિવ મનુષ્ય દેહ ધારણ કરીને ધરતીતલ પર જીવ્યા હોય એ માનવા માટે કોઈ આધાર નથી. પૌરાણિક કલ્પનાના રૂપમાં એનો સ્વીકાર કર્યો છે. ભારતીય જનતા ઘણી રસિક છે, કવિહૃદય છે એને સંકેત, સંજ્ઞા, પ્રતીક ઘણા પ્રિય છે એ Direct Method કરતા Indirect Methodમાં શ્રદ્ધા રાખતી હતી, એટલે ભારતીય જનતા સંકેતોની પૂજારી, સંજ્ઞાઓની આરાધક અને પ્રતીકોની ઉપાસક બની હતી. જ્ઞાનેશ્વર શ્રીકૃષ્ણના મુખથી કહેવડાવી રહ્યા છે કે હું ભક્તિ કરવાનું રહસ્ય શું જાણું ? કૃષ્ણ વિષ્ણુના અવતાર છે. આ પૌરાણિક વાતની પાર્શ્વભૂમિનું તમે પળવાર માટે સ્મરણ કરો. વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણ પાર્થને સમજાવી રહ્યા છે કે હે પાર્થ, હું એટલું જ કહી શકું કે ભક્ત મારા માથાના મુગટ છે. હે પાર્થ આ તો હું મારા ગુરુ શિવ પાસેથી શીખ્યો છું. શિવે મારું ચરણોદક પોતાના શિર પર ધારણ કર્યું તો મારા ચરણોમાં નમ્ર બનવાવાળા મારા જે ભક્તો છે એમને હું મારા મસ્તક પર ધારણ કરું છુ. હું મારા ભક્તોનું ધ્યાન કરું છું એવું મેં કેમ કહ્યું ? તો એનું કારણ કહું કે મારી પરંપરા જ એવી છે મારા ગુરુ પાસેથી જ હું શીખ્યો છું કે આપણાથી જે કનિષ્ઠ છે એને મસ્તક પર રાખો. શ્રેષ્ઠની સામે તો મસ્તક નમેલું જ છે. ત્યાં શું નમવાનું છે ? જે શ્રદ્ધેય છે તેનો આદર તો જરૂર કરવો, જે શ્રદ્ધેય નથી એનો પણ સમાનરૂપથી આદર કરવો. આ ભક્તિનું રહસ્ય છે, સદાશિવ જેવા ગુરુ મળે તો જ આ થઈ શકે, તો જ આ રહસ્ય સમજાય. સદાશિવનો મહિમા ગાઈને પોતે શું કરી રહ્યા છે એ કૃષ્ણના ધ્યાનમાં આવ્યું. એટલે કહે છે કે રહેવા દે. રહેવા દે! મહેશની પ્રશંસા કરતાં હું અપ્રત્યક્ષ રીતે મારી જ પ્રશંસા કરી રહ્યો છું એવો મારી વાણી પર દોષ આવશે. વાણીના સંચારમાં આત્મશ્લાઘાનો દોષ પ્રવેશ કરશે એટલે મારા ગુરુની વાત હું છોડી દઉ છુ. ગુરુ મારી પૂજા કરે છે એ વાત મારા મુખથી હું કેવી રીતે કહું ?

રમાનાથ કહી રહ્યા છે કે મારા ભક્તોને એમના નામને, એમની સ્મૃતિને હું મારા મસ્તકનો મુગટ બનાવીને ધારણ કરું છુ. મારા ભક્ત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુક્તિના અધિકારી તો છે જ, કૈવલ્યના પણ અધિકારી છે. ત્યાં કોઈ પણ પ્રકારનું કર્મ એમના માટે વિહિત નથી.

સંન્યાસોત્તર કર્મ શાસ્ત્રવિહિત નથી આ આદ્યશંકરાચાર્યે કહ્યું છે. સંન્યાસોત્તર કર્મનું પ્રયોજન નથી, આ શાસ્ત્ર ચર્ચા નો વિષય છે. જ્ઞાનેશ્વર કહે છે જ્ઞાનોત્તરકર્મ, સંન્યાસોત્તર કર્મ વિહિત છે. (જ્ઞાનોત્તર કર્મનું વિધાન નથી. એ તો સંન્યાસ ધારણ કરીને એક જગ્યાએ સ્થિર થઈ જાય છે.) જ્ઞાનોત્તર કર્મ વિહિત છે એ કહેવાવાળા લોકમાન્ય તિલક છે. એમણે 'કર્મયોગ રહસ્ય' નામે શ્રીમદ્ ભગવત ગીતાની ટીકા મંડાલાની જેલમાં લખી . કૌસાનીમાં મહાત્મા ગાંધીએ ગીતા પર ટીકા લખી . એને 'અનાસક્ત યોગ' કહ્યો. જ્ઞાનેશ્વર મહારાજ જ્ઞાનોત્તર કર્મ વિહિત છે એ કહેનારામાંના એક છે. સંન્યાસોત્તર કર્મનું વિધાન કરવાવાળા જ્ઞાનેશ્વર છે ધર્મ-અર્થ-કામ-મોક્ષ આ ચારે પુરુષાર્થ સિદ્ધ થઈ ચૂક્યા છે. એની સિદ્ધિ પોતાની અંજલિમાં લઈને (પોતાનું તો કોઈ કર્તવ્ય રહી નથી ગયું) ભક્તિના નામથી લોકમાં ઘૂમતાં-સમાજમાં વિચરતા ભક્ત મારા નામનો મહિમા ગાય છે (નામ એટલે તત્ત્વનો સંકેત) સગુણ નિર્ગુણના સંકેતોનો મહિમા ગાતા જે વિચરે છે એના માટે શું કહું ? ચાર પુરુષાર્થની સિદ્ધિ પોતાની અંજલિમાં લઈને જગતને અર્પણ કરતા કૈવલ્યના અધિકારી બનીને ઘૂમે છે. તુકારામ કહે છે કે મુક્તિને તો અમે 'વધૂ' બનાવીને ઘરમાં લાવ્યા છીએ. એ તો અમારી પરિણીતા છે. એ અમને છોડીને ક્યાં જશે ? રિધ્ધિ-સિધ્ધિને તો અમે પાણી ભરવા રાખી શકીએ એમ છીએ. એ તો ઘરમાં પડી છે એનો ઉપયોગ અમે નથી કરતા. ભક્તિનો પંચમ પુરુષાર્થ અમે કરી રહ્યા છીએ.

કૈવલ્ય અને મુક્તિના અધિકારી હોવા છતા જગતને પ્રેમ અને ભક્તિનું રહસ્ય શિખવાડતા જે ઘૂમી રહ્યા છે એમને હું નમસ્કાર કરું છું. એ મને લાત મારે તો એમની લાત મારવાથી જે આઘાત થાય છે, એ આઘાતને વક્ષસ્થલ પર કૌસ્તુભના મણિની જેમ ધારણ કરું છું. ભૃગુ ગુસ્સે થઈને આવ્યા હતા. એમણે વિષ્ણુના વક્ષ પર લાત મારી હતી. પ્રભુ કહે છે કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમની પાનિના પ્રહારને મેં કૌસ્તુભ જેવો અંલકાર માનીને એ ચિહ્નને ધારણ કર્યું છે. એમના ગુણોનું અમારી વાણીથી વર્ણન કરવું એ ચાર વાચાઓનું આભૂષણ છે.

શંખ-ચક્ર-ગદા પદ્મ લઈને વિષ્ણુ ઊભા છે અને એ કહી રહ્યા છે કે મેં મારા હાથમાં ક્રીડા કરવા કમળ લીધું નથી. કમળ તો મેં એટલા માટે ધારણ કર્યું છે કે ભક્ત મળે તો એની પૂજા કરું ! પૂજા કરવા માટે મારે પુષ્પ શોધવા જવું ન પડે એટલે કમળ ધારણ કર્યું છે. મને અચક્ષુ કહે છે. પરંતુ મેં ચક્ષુ ધારણ કર્યા છે. ચક્ષુ ધારણ ન કરું તો ભક્તોને હું કેવી રીતે જોઈ શકું ? વાણી ધારણ ના કરું તો મારા ભક્તોના ગુણ હું કેવી રીતે ગાઉં ? જે હમણાં હું ગાઈ રહ્યો છું. એમના ગુણોનું શ્રવણ કરવા માટે મેં શ્રુતિનો અધ્યાસ સહી લીધો છે.

જ્ઞાનેશ્વર મહારાજે કહ્યું હતું કે શૃંગાર રસોનો રાજા છે. એવું સાહિત્યિકો કહે છે પરંતુ હું શાંત રસથી શૃંગાર રસને જીતી લઈશ. શૃંગારનો નિષેધ નથી. ભગવાન અને ભક્તની વચ્ચે જે પ્રણય છે. એની મુગ્ધતા એમના એક એક શબ્દમાં નાચતી થનગનતી-રસળતી-ગાતી વિહાર કરે છે એ અમે જોયું છે.

એ ભક્ત માટે આટલું જ નથી કરતા કહે છે કે હે પાર્થ ! ભક્ત મારી સામે આવશે તો એને આશ્લેષ કેવી રીતે આપીશ ? બાથ કેવી રીતે ભરીશ ? બે હાથથી આલિંગન આપવામાં મને સમાધાન નથી ભક્તના સર્વાંગને આલિંગન અપાય એટલે ચાર હાથ લઈને આવ્યો છું.

જે નિર્ગુણ-નિરાકાર છે એ અવતારો કેમ ધારણ કરે છે ? અવતારોની ભાષા આપણને પુરાણોમાં સાંભળવા મળે છે. એનું ઘણું જ રમ્ય અને હૃદયને હલાવી દે એવું કારણ મહારાજે અહીં મૂક્યું છે. જોવાની પોતપોતાની દૃષ્ટિ છે. ભગવાન કહે છે કે એમ તો હું વિદેહી છું. દેહાતીત, નામાતીત, રૂપાતીત સર્વવ્યાપી છું તો પણ મેં એકદેશીય બનવાનું આરોપણ સહન કરી લીધું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'અવજાનાન્તિ મામ મૂઢાઃ માનુષી તનુમાશ્રિતમ્'

હું મનુષ્યરૂપ લઈને ધરતી પર આવું છું જો શરીર ધારણ ન કરું તો ભક્તોને આલિંગન કેવી રીતે આપી શકું ? એમનો સંગ કેવી રીતે મળે? એમના સત્સંગની ઉત્કટ ઈચ્છા હોવાને કારણે હું નિર્ગુણ નિરાકાર-દેહાતીત મનુષ્યદેહનો આશ્રય લઈને ધરતીતલ પર આવું છું. માનવોચિત બધો જ વ્યવહાર કરું છું ક્યારેક રઘુકુલના રામચંદ્ર બનીને આવું છું દેહનું લાંછન સહન કરું છું. ભક્તોના સંગમાં જે શુચિર્ભૂતતા છે એ મારા વૈકુંઠમાં નથી. ભક્તોના સત્સંગની એટલી અનુપમતા છે !

તા. ૧૯-૧૨-૮૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બપોર ૪-૩૦

એ યોગી ભકત સાથે અમારા ચિત્તમાં મૈત્રીભાવ છે એમાં કોઈ આશ્ચર્યની વાત નથી એ ભક્તના ચરિત્ર જે ગાય છે અને સાંભળે છે એ અમને પ્રાણપ્રિય છે. ભક્ત ચરિત્રોની પ્રશંસા કરનારા છે.એમનાથી મને આ સંસારમાં કશું જ વિશેષ પ્રિય નથી. આ ભગવાન કહી રહ્યા છે.

આ વિશ્વનો પસારો પોતાના આનંદ માટે પોતાનામાંથી જ પેદા કરીને રાખ્યો છે. એમાં જો કંઈ આનંદદાયક હોય તો એ ભક્ત ચરિત્ર છે. 'સંત ચરિત રે પરમ પવિત રે' સંત એકનાથ એક ભજનમાં ગાય છે કે સંત ચરિત્ર તો પરમ પવિત્ર છે. એ જે રોજ ગાય છે એ પ્રભુના પ્યારા બને છે.

હે અર્જુન ! અથ થી ઈતિ સુધી અનેક રીતે હું તને સમજાવી રહ્યો છું આ ભક્તિયોગ છે. આ યોગશાસ્ત્ર છે એટલું તું ધ્યાનમાં રાખજે. 'બ્રહ્મવિદ્યાયામ્ યોગશાસ્ત્રે શ્રી કૃષ્ણાર્જુન સંવાદે'

આપણા દેશમાં 'પોતાને જાણવું' તે 'જ્ઞાન' કહેવાય છે. પદાર્થને જાણવો તે અજ્ઞાન કહેવાય છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે કે જે પદાર્થવિજ્ઞાનની ઉપાસના કરે છે તે તો ઘન અંધકારમાં પ્રવેશ કરે છે જ પરંતુ જે આત્મવિદ્યાની ઉપાસના કરે છે અને પદાર્થ વિજ્ઞાનને છોડી દે છે. એ તો એનાથી અધિક ગહનતમ અંધકારમા પ્રવેશ કરે છે. પરમાત્માના સ્વરૂપમાં પદ પણ છે અને અર્થ પણ છે, પદાર્થવિજ્ઞાન તથા અત્મવિજ્ઞાનનું મહત્ત્વ ત્યાં એક સરખું છે. સગુણ અને નિર્ગુણ સાથે ગુણાતીતને ઓળખવા એ અધ્યાત્મ વિદ્યાનું પ્રયોજન છે. આજે વિજ્ઞાનના યુગમાં અધ્યાત્મ વિદ્યાનું અધિષ્ઠાન નહીં હોય તો ખબર નથી કે આપણે ક્યાં ભટકીશું (હાલ તુરત ભટકી તો રહ્યા જ છીએ.)

આ ભક્તિયોગ છે એનાથી અંતર્બાહ્ય યોગાવસ્થા સિધ્ધ થાય છે. અત્યંત મધુર રીતથી સરળ શૈલીમાં વેદાંતના ગહનતમ તત્ત્વોને દ્વૈતના ક્ષેત્રમાં કેવી રીતે જિવાય, અદ્વૈતની અભિવ્યક્તિ દ્વૈતમાં કેવી રીતે કરાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ વિદ્યા મેં તારી સમક્ષ રાખી છે. સાયુજ્યતામાં, પહોંચાડે એ યોગ છે. આ ભગવત્ ગીતા રમ્ય ગોષ્ઠી છે. 'ગોષ્ઠી' ના બે અર્થ છે. મરાઠી ભાષામાં એક અર્થ વાર્તા છે. બીજો અર્થ બે દોસ્તો વચ્ચે-બે પ્રિયજન વચ્ચેનો સંવાદ છે. અહીં શ્રીકૃષ્ણ-અર્જુનનો સંવાદ સંજય ધૃતરાષ્ટ્રને વાર્તાના રુપે સંભળાવી રહ્યા છે સંજય જુવે છે, ધૃતરાષ્ટ્ર જોઈ શક્તા નથી એટલે શ્રીકૃષ્ણે શું કહ્યું, અર્જુને શું પુછયું ? એ વાર્તા રૂપે કહે છે. એટલે ગોષ્ઠી શબ્દ પ્રયુક્ત થયો છે. આ ગોષ્ઠી રમ્ય અમૃતધારા જેવી છે. અમૃતમાં એક ગુણ તો એ છે કે એ મધુર છે. એની મધુરતા ક્યારેય બગડતી નથી. બીજું એમાં સંજીવક શક્તિ છે. જે મૃતપ્રાય થઈ ગયા છે. એમને અમૃતનું એક બિંદુ મળી જાય તો સંજીવની પ્રાપ્ત કરે છે. એટલે આ ભગવત્ ગીતા અમૃતધારા છે. સંસારના ત્રિવિધ તાપથી જેના ચિત્ત મૃતપ્રાય થઈ ગયા છે એમના માટે સંજીવનીનું કામ કરવાવાળી છે અમૃતતુલ્ય મધુરતા તો એમાં છે જ. દેહેન્દ્રિય-મનપ્રાણોની ધારણા થઈ શકે એવું ધર્મનું તત્ત્વ અમૃતધારામાં નિહિત છે. અમૃતના બુંદમાં શાશ્વત-સનાતન ધર્મનું રહસ્ય છે. ગીતા જીવન જીવવાનું શાસ્ત્ર છે. આત્માના અવતરણના મંત્ર છે. એ તો પહેલાં કહેવાઈ ચૂક્યું છે. જીવન જીવવા જેવું તત્ત્વ એમાં નિહિત છે. એવી આ અમૃતધારા છે. એ કેવળ રોચક નથી એ તમને જિવાડશે, એટલુ જ નહીં. જીવનની ધારણા કરવાની કળા પણ તમને બતાવશે. આ તો ભક્તિયોગનો ઉપસંહાર ચાલી રહ્યો છે. એટલે એક એક શબ્દ અર્થગંભીર છે. જેટલો મધુર છે એટલો જ સારગર્ભિત અર્થસભર છે. અમૃતધારાને જોઈ લીધી એનાથી જ એનું શ્રવણ કરે છે. કેવળ મનોરંજન કે બુધ્ધિરંજન માટે નહીં. - સમય છે કશું કામ નથી, એટલે ચાલો એક સારું મનોરંજન છે. એટલે ગયા, કથા છે તો ભગવાનનું નામ સાંભળવાથી પુણ્ય મળે છે, તો ચાલો, પુણ્ય કમાવા જઈએ એવાઓનું આ કામ નથી - શ્રવણની સાથે સાથે જ્યારે વ્યક્તિ સંકલ્પ કરે છે કે એની પ્રતીતિ હું મારા જીવનમાં ઉપલબ્ધ કરીશ ત્યારે સેવન થાય છે. આ સુરમ્ય અમૃતધારાનું સેવન શ્રવણ માટે નહીં, પ્રતીતિ માટે કરે છે. શ્રવણ પણ એક મોટી કળા છે. શ્રવણમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્થગ્રહણ, ભાવધારણ અને તત્ત્વસેવન છે. શ્રવણના ઘણા પ્રકાર છે. શ્રવણના પથ પર ચાલીને પ્રતીતિના ભવનમાં એમને જવું છે.

એ પથ કેવો કે જેના પર ચાલીને મુકામ સુધી ન પહોંચાય ? એ રાહ કેવો જે ધામ સુધી ન પહોંચાડે ? જે ધામ સુધી નથી પહોંચાડતા, એ પંથ કે રાહ કહેવાતા નથી. શ્રવણના કર્મને પથ બનાવીને આ ગોષ્ઠીમાં જે તત્ત્વ બતાવ્યું છે એની પ્રતીતિ માટે જે સંકલ્પબદ્ધ બને છે એના માટે આ અમૃતધારા છે, ધર્મ્ય છે. જે પોતાના પાંચ પ્રાણોથી દૈનિક જીવનમાં એનું અનુષ્ઠાન કરે છે એ પ્રતીતિના ધામ સુધી પહોંચે છે. વટવૃક્ષના બીજે પોતાનામાં પુષ્પ, ફળ સહિત, વૃક્ષ ધારણ કર્યું છે નાના બીજમાં આ છૂપાયેલું છે. કહે છે કે શ્રવણ દ્વારા એનું વિસ્તરણ થાય છે, એના અર્થનો વિસ્તાર આંખો-વાણી-કૃતિમાંથી થાય છે. જીવભાવમાં રહેનારા જે કોઈ પાંચ પ્રાણોથી પોતાનાં જીવનમાં અનુષ્ઠાન કરે છે, એમના જીવનમાં પ્રતીતિ સુધી પહોંચવાનું ભાગ્ય ઉપલબ્ધ થાય છે. બીજ વાવવું છે તો ક્ષેત્ર તૈયાર જોઈએ. મનની સ્થિતિ બીજ વાવવા લાયક હોવી જોઈએ. જ્યારે ધરતી તૈયાર હોય છે ત્યારે ખેડૂત બીજ વાવે છે. પહેલા તો ધરતી પર હળ ચલાવીને ખેડે છે. એમાં ખાતર નાંખે છે, ત્યારબાદ બીજ વાવે છે. શમદમાદિ ષટ્ સંપત્તિથી, મુમુક્ષા-વૈરાગ્યથી જેણે પોતાના મનનું શુદ્ધિકરણ કરી લીધું છે અને પછી આ કથા સાંભળે છે તો મનસ નામના સુક્ષેત્રમાં બીજ વવાય છે વણખેડાયેલું ખેતર હોય, જરા પણ સાફ કર્યું ન હોય, એમાં જો બીજ પડે તો થોડાક ઊગે થોડા ન પણ ઊગે. જેણે પોતાના મનને મુમુક્ષા-વૈરાગ્યથી સ્વચ્છ કરી લીધું છે, શોધન કરી લીધું છે એ મન નામની પૃથ્વીમાં આ બીજ પડે તો એનો વિસ્તાર થાય છે, નહી તો આ બીજ વાવવાની ક્રિયા વ્યર્થ જાય છે. જે અશ્રદ્ધાળુ ને અધીર છે, અપ્રતિષ્ઠિત તર્ક કરે છે એને આ ન આપવું એવું અનુપાન દરેક અધ્યાયમાં બતાવે છે. એનું પ્રયોજન છે બીજ વાવવા માટે ક્ષેત્ર તો જોઈએ. જો મન ચંચળ હોય તો એ બીજને એ ધારણ નહી કરી શકે. બીજ ધારણ કર્યું. સંદેહ તર્ક ઊઠ્યો અને ઊખાડીને ફેંકી દીધું ? ત્યાં બીજ વાવવાની ક્રિયા વ્યર્થ છે. શ્રદ્ધાથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બીજ વવાય છે તો સુંદર વ્યવસ્થિત સુક્ષેત્રમાં પાક અવશ્ય ઊતરે છે. આવી બીજ વાવનારી વ્યક્તિના જીવનમાં પ્રભુકૃપાની વર્ષા, પરિસ્થિતિની અને અનુકૂળ સંયોગોની વર્ષા થતી જ રહે છે, સુક્ષેત્ર ન હોય તો ત્યાં સુધી પહોંચવું શક્ય નથી. જીવનની પરમ સત્તા, જીવનનું ચરમ સત્ય, જીવનની એકતા અખંડિતા એ મારુ ચરમ સત્વ છે. એ પરમ શ્રેષ્ઠ છે. એને સર્વસ્વ માનીને જે જીવન જીવવા ઈચ્છે છે એમના ચિત્તમાં સુક્ષેત્ર બને છે. અહીં પ્રાધાન્ય અને સમર્પણ પર ભાર મૂક્યો છે. અનેક ઈચ્છાઓમાંથી એક ઈચ્છા અધ્યાત્મ જીવવાની છે, જીવીશું તો સારુ થશે, એટલાથી કામ નથી થતું અનેક ઈચ્છાઓમાંથી એક ઈચ્છા હોવી એમાં અગ્રિમતા નથી ,એમાં સમર્પણ નથી. જે સત્ય સમજાયું એ જીવવાનું સાહસ નહીં હોય તો બીજ તો પડ્યા રહેશે, ઊગશે નહી, એનો વિસ્તાર નહીં થાય, અર્થબીજને ગ્રહણ કરીને 'હું ચરમ સત્ય છું' એને પોતાના જીવનનું લક્ષ્ય સર્વસ્વ માનીને એના પ્રત્યે પ્રેમ રાખીને જે બીજ લે છે એમના જીવનમાં વિસ્તાર સહજ થાય છે, ગ્રહણ પછી એને કાંઈ કરવું પડતું નથી. ગ્રહણ કરતા પહેલા કાયા-વાચા-મનસા શોધન કરવાનો પુરુષાર્થ છે, એ શોધન જેણે કર્યું છે એમાં પાક ઊતરે છે.

હે અર્જુન ! જગતમાં એ જ ભક્ત એ જ યોગી છે. એને મળવાની મને અખંડ ઉત્કંઠા છે, સત્વ-રજ-તમથી ભરેલા આ સંસારમાં જે નિત્ય સ્વસ્થ નિર્દ્વન્દ્વ થઈ ગયા છે, જે નૈસ્ત્રૈગુણ્ય થઈ ગયા છે એવા ભક્ત આ જગતમાં તીર્થરૂપ, તીર્થક્ષેત્ર છે, એ પવિત્ર છે, એમનું હું ધ્યાન ધરું છું, એમની સેવા કરવી એ જ મારુ દેવતાર્ચન છે-પૂજા છે. એમના સિવાય બીજું કાંઈ સર્વાંગસુંદર નથી.

જેવી રીતે ચંદ્રમા પર નાનું શું કલંક હોય છે એવી રીતે આ અધ્યાયમાં દ્વિરુક્તિનું કલંક લાગ્યુ છે. ભક્તની વાત ફરી ફરીને કરે છે. ભગવાન કહે છે કે મારી પાસે નામ-રૂપ-ગુણ-આકાર કાંઈ નથી, મારી પાસે બીજા કોઈ નિધિનિધાન નથી મને રૂપ પહેરાવનારા મને ગુણ ચઢાવનારા ભક્ત જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારું સાચું નિધાન છે હું તો કંગાળ છું, સર્વવ્યાપી હોવાને કારણે મારો કોઈ આકાર નથી એટલું જ નહીં તને સાચી વાત કહું તો લક્ષ્મીને મળવાથી પણ મને જેટલો આનંદ નથી થતો એટલો ભક્ત માટે થાય છે. ભક્તોને મળવાનું મને વ્યસન છે. હે નારદ જ્યાં ભક્ત મારા ગુણ ગાય છે, સંકીર્તન કરે છે ત્યાં હું ઊભો ઊભો સાંભળું છું, પ્રભુને વૈકુંઠમાં ક્યાં ચેન પડે છે ? એટલે તો ગાયું છે ને કે 'મને વ્રજ વહાલું, વૈકુંઠ નહી રે આવું' વૈકુંઠમાં સંકીર્તન ક્યાં મળશે? વ્રજ કેવળ ગોપીઓ અને ભક્તોને પ્રિય છે એવું નથી ભગવાનને પણ પ્રિય છે. કહે છે કે જ્યાં સુધી મને ભક્ત મળતા નથી જ્યાં સુધી નામ સંકીર્તન થતું નથી ત્યાં સુધી મને સમાધાન નથી. ભક્તોના સંતોના ચરિત્ર ગવાતા નથી, ભાવોલ્લાસ નથી, આત્મોલ્લાસના કલ્લોલ જ્યાં ઊઠતાં નથી ત્યાં મને સમાધાન નથી. ભક્ત મળ્યે સમાધાન તો થાય છે પરંતુ ભક્ત પોતાનો મહિમા તો ગાશે નહી એ તો નિરહંકાર થઈ ગયા છે, એમની પાસે કર્તૃત્વ-ભોક્તૃત્વ-સાક્ષીત્વ ભાવ નથી એ તો ભાવાતીત થઈ ગયા છે. જે લોકો મારા પ્રેમી ભક્તોના ચરિત્રનો શબ્દોમાં અનુવાદ કરે છે એમને હું પરમ દેવતા માનું છું, કારણ કે ભક્ત પોતાની કથા કહેતા જ નથી,મારી કથા કહે છે, મારા ગુણ ગાય છે એ મારા ભક્તોના ગુણ ગાય છે એ મારા પરમ આરાધ્ય છે. ભક્ત તો ભગવાનના સખા છે. એને કમળ પણ ચઢાવશે, આલિંગન પણ આપશે પરંતુ પ્રભુ કહે છે કે જ્યાં સુધી મારા ભક્તોના ચરિત્ર ગાનારા- મારા પ્રેમીઓના પ્રેમનું વર્ણન કરનારા મારા પરમ આરાધ્ય મળતા નથી ત્યાં સુધી મને ચેન નથી.

અહીં 'નિજ જન' શબ્દ આવે છે. એના વધારે અર્થ ઘટાવી શકાય એમ છે પણ ત્રણ રીતે જ અર્થ ઘટાવીશું, નિજજનોને આનંદ આપનારા છે, નિજજન જે જેનો આનંદ છે, નિજજનો માટે જે આંનદ સ્વરૂપ છે, એવા શ્રીકૃષ્ણ, આવું સંજય કહે છે.

મહારાજ તો સાહિત્યિકોના સમ્રાટ, કવિઓના ચક્રવર્તી, જ્ઞાનીઓના મુગટમણિ અને યોગીઓના સાર્વભૌમ રાજા છે. આવા જ્ઞાનેશ્વરની આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાણી છે. કહે છે કે જે પોતાના નિજત્વને ઓળખે છે. પોતાનું નિજત્વ અને પ્રભુનું નિજત્વ એક જ છે એ ઓળખનારા નિજજન થયા. વાસુદેવ એ જગતના આદિ કંદ છે, સચ્ચિદાનંદ આનંદઘન છે, જગત - જે ગતિશીલ છે જ્યાં અનંત ગતિઓનો મહારાસ ચાલે છે એ જગત પદાર્થમય છે,પાંચ ભૌતિક છે. આ જગતમાં ઊર્જાની ગતિ છે, પ્રભુ એ ઊર્જાના મૂળકંદ છે, શ્રીકૃષ્ણ અર્જુન સંવાદ અહીં સમાપ્ત થાય છે. સંજય કહે છે કે હે રાજા આવું જગદાદિકંદે કહ્યું. હવે સંજય ધૃતરાષ્ટ્રને કહે છે મહાભારતમાં ધર્મપુરુષ વાસુદેવ છે. ધર્માચરણને નાતે એમની કીર્તિ ધવલ છે, ધર્માચરણની કીર્તિ જ એમનો ધ્વજ છે. એટલી સરળતા છે કે એને કારણે અગાધ દાતૃત્વ છે કેવળ આપવાનું જ જાણે છે, લેવાનું જાણતા નથી. કંસવધ પછી રાજય સિંહાસન પર ન બેઠા, દ્વારિકામાં પણ રાજગાદી પર ન બેઠા. આખું મહાભારત વાંચી જાવ, ભગવાન વાસુદેવ જેવો જીવન રસિક સંન્યાસી મળશે નહીં. સંપૂર્ણ માનવીય ઇતિહાસમાં એમનું આદિથી અંત સુધીનું જીવન દાતૃત્વની ગાથા છે. એ પોતાના માટે જીવ્યા જ નથી. એવા વાસુદેવમાં વક્રતા ક્યાંથી આવે ?

સરળતાની હાનિ, ઋજુતાનો ભંગ તો જ્યાં લેવાની વાંછા છે ત્યાં છે. જ્યાં 'લેવું' જ નથી, કેવળ 'આપવું જ આપવું' છે ત્યાં દાતૃત્વની ગંગા સરળતાથી વહે છે. રામકૃષ્ણ પરમહંસ કહેતા 'જપ તપથી બધું જ મળી શકે, સિદ્ધિ પણ મળે મુક્તિ પણ મળે, હૃદયની સરળતા નથી મળતી. જેનો અંત પાર પામી શકાતો નથી એવું અગાધ દાતૃત્વ છે. જે પોતાને જ આપી દે છે એના જેવો દાતા બીજો કોણ હોઈ શકે ? પરમાત્મા તો લુંટાવવા જ બેઠા છે. ભક્તો પર પોતાને લુંટાવવાની વાત તો આપણે સાંભળી જ રહ્યા છીએ. એ એવા શરણ્ય છે કે એમનાં પ્રત્યે શરણાગત થવાનો ભાવ જ પૂરતો છે ! એમને કાંઈ આપવું પડતું નથી કારણ કે એ લેવાનું જાણતા નથી. ભાવગ્રાહી જનાર્દન, રસગ્રાહી જનાર્દન, પત્ર-પુષ્પ-ફળ-જળ એનાથી આગળ વધીએ તો ભાવથી જ એ સંતુષ્ટ છે. ભાવથી -

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૌરભથી મુગ્ધ થવાની રસિકતા એમનામાં છે. રસેશ્વર વાસુદેવ વિષે રસિકવર જ્ઞાનદેવ કહી રહ્યા છે. જેની તુલના કોઈ બળ સાથે થઈ શકે નહી એવા અતુલ બળશાળી હોવા છતાં જે બલિના શરણમાં આનંદથી ચાલ્યા ગયા છે એવા મારા શરણ્ય છે. સંજય વર્ણન કરી રહ્યા છે એ તો ભૂલી જ ગયા છે કે ધૃતરાષ્ટ્રને સમજાવવાનો કોઈ અર્થ નથી. ધૃતરાષ્ટ્ર તો જાણવા માંગતા હતા કે પાંડવો અને કૌરવો વચ્ચે શું થયું ? એમના પુત્રો શું કરી રહ્યા છે ? એમને સંજય આ બધું સંભળાવી રહ્યો છે. દેવી-દેવતાઓની સહાય કરવી એ એમનું શીલ છે, લોકનું લાલન કરવું એ જેની લીલા છે. (અહી માયાવાદ-વિવર્તવાદ નથી. બ્રહ્મ સત્ય જગત મિથ્યાની વાત પણ નથી.) વિશ્વરૂપ બનવામાં બ્રહ્મ શબલ નથી બનતું, આચ્છાદિત નથી થતું. આવૃત્ત નથી બનતું. જગદાકાર બનવા છતાં અનાવૃત નથી, નિત્ય શુદ્ધ-પ્રબુદ્ધ છે. કણકણમાં અણું-રેણુમાં વ્યાપ્ત થવા છતા અવિકૃત રહ્યા છે. વેદાંતની પરિભાષા પર મહારાજે મધુરતાની મહોર લગાવી દીધી છે. એ કહે છે કે જે સપ્તલોક છે એનું લાલન કરવું એ જ એમની લીલા છે લીલામાં આયાસ-પ્રયાસ નથી. એ સહજ છે. સહજતાની કોઈ ગાથા હોય તો સહજતાનું મહાકાવ્ય વાસુદેવના જીવનમાં જોવા મળે છે. સરળતા દાતૃત્વ તો છે જ, પરંતુ સહજતાનું મહાકાવ્ય પણ છે. ત્યાં પરિશ્રમ કે કર્તૃત્વનો ભાવ પણ નથી. વૃંદાવનમાં-ગોકુળમાં લીલા શરૂ થયા પછી અંતે દ્વારિકા નષ્ટ થવાની છે. યાદવકુળ પોતાની મૂર્ખતાથી પોતાનો સંહાર કરવાનું છે એ જાણ્યા પછી પણ લીલા ને લીલા જ રહી એ તમે સૌ જાણો છો.

એ ભક્તજનો પ્રત્યે વત્સલ છે. જે ભક્ત તમે સ્વામી છો-હું દાસ છું, તમે શ્રેષ્ઠ છો હું હીન છું એવું અંતર રાખીને ભક્તિ કરે છે એમના પ્રત્યે તો પ્રભુ વત્સલતા રાખે છે. ભક્ત એમને જ્યાં સુધી લઈ જાય ત્યાં સુધી એ જાય છે. દરવાજો ખોલે છે તો અંદર જાય છે દરવાજો ન ખોલે તો બહાર ઊભા રહે છે વત્સલતા છે ત્યાં કારુણ્ય છે, પરંતુ જે પ્રેમી છે (જ્યાં પ્રેમ ત્યાં નેમ નહી) જ્યાં એમને પ્રેમીજન મળે છે ત્યાં તો એ પ્રાંજલ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રાંજલતા તો એવી છે કે વિદુરને ઘેર ગયા. વિદુરપત્નીને ખ્યાલ પણ નથી કે તે પોતે કેવી અવસ્થામાં છે અને શ્રીકૃષ્ણને શું ખવડાવી રહ્યા છે ! છાલ ખવડાવે છે અને કેળા બહાર ફેંકે છે ! પ્રભુ ખાઈ ગયા ! શું પ્રભુ જાણતા નહોતા કે આ છોડા છે, પરંતુ પ્રેમીજનનો પ્રેમ મેળવવો હતો. છોડા તો નિમિત્ત હતા પ્રેમીજન પ્રત્યે એ પારદર્શી પ્રાંજલતા રાખે છે. સત્ય સુધી પહોંચાડવાવાળો એ સરળ સેતુ છે. જ્ઞાનદેવે ભાગવાનને સત્યસેતુનું વિશેષણ આપ્યું છે. સત્ય સુધી પહોંચાડનારો ઋજુતમ સેતુ વાસુદેવ છે. પૂર્ણાવતાર ભગવાન વાસુદેવને સત્ય સેતુ કહ્યા. સગુણ -સાકારને નિરાકાર સત્યસેતુ સુધી પહોંચાડનારો સેતુ કહ્યો, પ્રતીક-પ્રતિનિધિ કહ્યા, વૈકુંઠમાં નિવાસ કરનારો જે કૃષ્ણ છે એ પોતાના જનો માટે સાર્વભૌમ ચક્રવર્તી છે.

જ્ઞાનદેવની વાણીમાં ક્યારેક ક્યારેક આપણને સંશય થાય છે કે જ્ઞાનદેવને અર્જુનની મીઠી ઈર્ષ્યા થતી હશે ! અર્જુનને સાક્ષાત્ વાસુદેવનો સંવાદ સાંભળવા મળ્યો, સંવાદ કરવાનું ભાગ્ય એને સાંપડ્યું, અમે તો કળિયુગમાં જન્મ્યા છીએ, અમારે તો આ બધું લખવું પડે છે. એ ભાગ્યશાળીને સાંભળવાનો આનંદ મળ્યો. એ તો કેવો પરમ ભાગ્યશાળી!

વૈકુંઠના શ્રીકૃષ્ણ જે નિજજનોના ચક્રવર્તી છે એમના વિષેની સંજયની વાત પૂરી થઈ, હવે જ્ઞાનદેવ કહે છે કે સંજય ધૃતરાષ્ટ્રને જે રસમયી કથા સંભળાવી રહ્યા છે એ હું મરાઠી ભાષામાં મૂકી રહ્યો છું. જ્ઞાનદેવ કહે છે કે અધ્યાત્મ ગ્રંથનું નિરૂપણ પ્રાકૃત ભાષામાં ન થઈ શકે એ તમે શું કહી રહ્યા છો ? પ્રાકૃત શું ચોરોએ નિર્માણ કરી છે ? આ પણ દેવભાષા છે. મરાઠી ભાષામાં સંસ્કૃત ભાષાનો પ્રતિપથ-સમાંતર પથ હું નિર્માણ કરી રહ્યો છું. વેદ-ઉપનિષદ-ષડ્દર્શનનો-શાસ્ત્રોના અર્થ સંસ્કૃત ભાષામાં લખાયા છે. સંસ્કૃત ભાષાનો પંથ વિદ્વાન માણસો માટે છે બહુજન સમાજ માટે નથી એટલે મરાઠી ભાષાના પ્રતિપથથી વેદોનો સાર લાવું છું. હે ભક્તજનો! કૃપા કરીને તમે અવરધારજો !

તુકારામ કહે છે કે અમે જે ભક્તજન છીએ તે જ વેદોનો અર્થ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાણીએ છીએ. વિદ્વાનજનો પોતાની સ્મૃતિમાં કેવળ શબ્દસંગ્રહ- વ્યાકરણ જ્યોતિષ-નિરુક્ત ગણિત રાખે છે. અનંત વેદો જે બોલ્યા છે એનો અર્થ એટલો જ છે. 'રામ કૃષ્ણ હરિ' બોલો. એમાં જ વેદોનો સાર આવી જાય છે. હૃદયમાં રમવાવાળાને રામ કહો. જે ચિત્તનું આકર્ષણ કરવાવાળા છે એને કૃષ્ણ કહો. જે પ્રાણનું હરણ કરે છે એને હરિ કહો. અર્થ સમજીને બોલો નહિ તો રામ-કૃષ્ણ-હરિ વાણીની કસરત બની જશે.

મહારાજ હંમેશા કહે છે 'તમે અવધાન આપો' સાવધાન બનો, બધી જ ઈન્દ્રિયોથી શ્રવણ કરીને મારી વાત સાંભળો. જ્ઞાનદેવ કહે છે કે સ્વામી નિવૃત્તિનાથ અમારા ગુરુ છે, એમનો આદેશ છે કે સંતોના ચરણોમાં બેસીને સ્વાધ્યાય કરો જે ભાવાર્થ દીપિકા લખવાની છે તે સ્વાધ્યાય સમજીને લખાય. ઉપદેશ કરવા માટે નહીં. તમે જોયું જ હશે કે આખા અધ્યાયમાં આદેશ કે ઉપદેશનો કોઈ દાવો નથી અધ્યાત્મ ગ્રંથના નિરૂપણમાં આવી ઋજુવાણી જોવા નહી મળે.

અધ્યાયની સમાપ્તિમાં એ સાંભળવાનું કહે છે, અવધાન રાખવાનું કહે છે એનું કારણ છે. એવી એક પરંપરા છે કે અધ્યાયના વિસર્જનમાં કથાનો અંત આવતો નથી, અધ્યાયનું વિસર્જન કરીને જે નવો અધ્યાય શરૂ કરવાનો છે એનો પ્રારંભ શ્રોતાજનોના મનમાં કરી દે છે પછી પોતાની કથાને સમાપ્ત કરે છે એટલે અહીં કહે છે કે તમે અવધાન આપીને સાંભળો હું આગળના અધ્યાયમાં જે વેદોનો સાર છે. એ તમારી સામે રાખીને તમારી સેવા કરીશ.

ॐ तत्सदिति श्रीमद्भतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुन संवादे भक्तियोगो नाम द्वादशोडध्याय : ॥१२॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરિસ્થિતિની અનુકૂળતાને પ્રભુનો અનુગ્રહ માનવાની જો વિનમ્રતા હોય તો ભક્તનો ઉદ્ધાર કરનારો, મુશ્કેલીઓમાં રસ્તો બતાવનારો, પ્રત્યવાયોને દૂર કરવામાં મદદ કરનારો, અનુકૂળતામાં અહંકાર પેદા ન થાય એવી જાગૃતિ આપનારો પ્રભુ આગળપાછળ દોડે છે. અંત:કરણના અવાજ રૂપે ધીરે ધીરે હસતાં હસતાં પ્રભુ અંદર બેસીને કહે છે કે, 'આ બરોબર કરો છો. આ ખોટું કરી રહ્યા છો. આ જૂઠું બોલી રહ્યા છો. અનિષ્ટ તરફ જઈ રહ્યા છો.' પ્રભુ તો અંદર બહાર બધે જ છે. ચૈતન્યથી સૃષ્ટિ બની છે તો આ સૃષ્ટિમાં જે કોઈ પદાર્થ છે. એ પ્રભુનિર્મિત છે એટલે પવિત્ર છે. એટલું જો ચિત્તમાં આવી જાય તો જીવન જીવવાની શૈલી બદલાઈ જાય છે. દૃષ્ટિ બદલાય તો દર્શન બદલાય છે, વૃત્તિ બદલાય તો વર્તન બદલાય છે. દૃષ્ટિ અને વૃત્તિમાં પરિવર્તન એ જ તો ભક્તિ છે.

– વિમલા